# શ્રી જિનભક્તિ કલ્પતરુ



લે. શતાવધાની પંડિત શ્રી ધીરજલાલ શાહ

શતાવધાની પંડિત શ્રી ધીરજલાલ ટોકરશી શાહ
અમૃત-મહોત્સવ ગ્રંથમાલા-પુષ્પ છટ્ઠું

# શ્રી જિનભક્તિ-કલ્પતરુ

: લેખક :

ભારતજ્યોતિ, ગૂર્જરમણિ, અધ્યાત્મવિશારદ,
વિદ્યાભૂષણ, મંત્રમનીષી, શતાવધાની પંડિત

**શ્રી ધીરજલાલ ટોકરશી શાહ**

**નરેન્દ્રપ્રકાશન : મુંબઈ-૯**

પ્રકાશક :

**નરેન્દ્રકુમાર ડી. શાહ**

વ્યવસ્થાપક

નરેન્દ્રપ્રકાશન

લધાભાઈ ગણપત બીલ્ડીંગ,

૧૧૩–૧૫ કેશવજી નાયક રોડ (ચીંચબંદર),

મુંબઇ–૪૦૦૦૦૯.

પહેલી આવૃત્તિ

વિ. સં. ૨૦૩૮ : સને ૧૯૮૨

**મૂલ્ય : રૂપિયા પંદર**

આ ગ્રંથના સર્વ હક્ક પ્રકાશકને સ્વાધીન છે.

મુદ્રક :

જયંતિલાલ મણિલાલ શાહ

પૂજા પ્રિન્ટર્સ એન્ડ ટ્રેડર્સ

મહેંદીકુવા ચારરસ્તા, શાહપુર.

અમદાવાદ–૩૮૦ ૦૦૧.

# પ્રકાશકીય

શતાવધાની પંડિત **શ્રી ધીરજલાલ ટોકરશી શાહનું** રચેલું ધાર્મિક–આધ્યાત્મિક સાહિત્ય લોકોના હાથમાં પહોંચતું રહે અને તેમના જીવન અજવાળતું રહે, તે માટે અનેક મુરબ્બીઓ અને મિત્રોના સહૃદયતાભર્યા સહકારથી ચાલુ વર્ષે **'નરેન્દ્રપ્રકાશન'**ની યોજના અમલમાં આવી છે. :

અમને જણાવતાં આનંદ થાય છે કે આ યોજનામાં માત્ર ૭ માસના ગાળામાં જ અમે નીચેનાં ૫ પુષ્પો–પુસ્તકો પ્રસિદ્ધ કરવાને શક્તિમાન બન્યા છીએ :

(૧) **મહા પ્રાભાવિક ઉવસગ્ગહરં સ્તોત્ર યાને જૈન મંત્રવાદની જયગાથા** – ત્રીજી આવૃત્તિ.

(૨) **મંત્રદિવાકર** – ત્રીજી આવૃત્તિ.

(૩) **ૐકાર–ઉપાસના** – ત્રીજી આવૃત્તિ.

(૪) **હ્રીઁકાર–ઉપાસના** – ત્રીજી આવૃત્તિ.

(૫) **જૈનચરિત્ર–કથામાલા** – પહેલી શ્રેણી

અને હવે **'શ્રી જિનભક્તિ–કલ્પતરુ'** નામના છઠ્ઠા પુષ્પને પ્રસિદ્ધિ આપી રહ્યા છીએ.

આ ગ્રંથ પંડિતશ્રીએ પોતાના દીર્ઘ અનુભવના પરિપાકરૂપે તૈયાર કર્યો છે. તેમાં જિનભક્તિનાં વિધવિધ અંગો પર વિસ્તૃત અને વિશદ પ્રકાશ પાડવામાં આવ્યો છે તથા અનેક જાણવા જેવી હકીકતો પ્રકાશમાં લાવવામાં આવી છે, તેથી તે પ્રત્યેક જૈન માટે અવશ્ય પઠનીય બન્યો છે.

પંડિતશ્રીએ ઘણાં વર્ષો પૂર્વે **'જિનોપાસના'** નામનો એક દળદાર ગ્રંથ રચ્યો હતો અને તે સારો એવો લોકાદર પામ્યો હતો.

પરંતુ માત્ર બે જ વર્ષના ગાળામાં તેની બધી પ્રતિઓ ખપી જતાં તે અપ્રાપ્ય બન્યો હતો અને હાલ પણ અપ્રાપ્ય છે. તેની ગેરહાજરીમાં આ ગ્રંથ વિશેષ ઉપાદેય બનશે, એમ અમે માનીએ છીએ.

આ ગ્રંથનું સમર્પણ સ્વીકારવા માટે અમે પ. પૂ. પરમ શાસનપ્રભાવક **આચાર્યદેવ શ્રી પદ્મસાગરસૂરીશ્વરજી** મહારાજને પુનઃ પુનઃ વંદના કરીએ છીએ.

આ ગ્રંથનું પ્રકાશન શ્રીમાન્ દીપચંદ એસ. ગાર્ડી, શ્રી ચિત્તરંજન ડી. શાહ, શ્રી સોભાગચંદ ઝવેરચંદ શાહ (લંડન), શ્રી અમુભાઈ શાહ (દારેસ્લામ), શ્રી વસનજી લખમશી આદિ સજ્જનોની સહૃદયતાભરી સહાયથી થઈ શક્યું છે, તે માટે તે બધાનો ખાસ આભાર માનીએ છીએ.

શ્રીમાન્ વસ્તુપાલ અમૃતલાલ વોરાએ આ ગ્રંથના પ્રકાશન–સમર્પણ સમારોહમાં સુંદર સેવા આપી છે, તે માટે તેમનો પણ આભાર માનીએ છીએ.

આ ગ્રંથના પ્રચારથી જૈન ધર્મના પ્રચારને આગો એવો વેગ મળે એમ છે, તેથી જૈન સંઘો, સંસ્થાઓ તથા શ્રીમાનોને તેના પ્રચારમાં ખાસ રસ લેવા વિનંતિ છે.

—પ્રકાશક



પ. પૂ. પરમ શાસન્ પ્રભાવક
આચાર્ય શ્રીમદ્ ૧૦૦૮
**શ્રીપદ્મસાગરસૂરીશ્વરજી મહારાજ**

# સમર્પણ



જેમણે
દર્શન – જ્ઞાન – ચારિત્રની
ઉત્કૃષ્ટ સાધના વડે
ભારતીય સંતોની ઉજ્જવલ પરંપરામાં
અગ્રસ્થાન પ્રાપ્ત કર્યું છે,
તે
પ. પૂ. પરમ શાસનપ્રભાવક
આચાર્ય શ્રીમદ્ ૧૦૦૮
શ્રી પદ્મસાગરસૂરીશ્વરજી મહારાજને
આ ગ્રંથ
સાદર સમર્પિત.

卐

વિનીત
ધીરજલાલ ટોકરશી શાહ

## પરમ પૂજ્ય પરમ શાસનપ્રભાવક
## આચાર્ય શ્રીમદ્‌ ૧૦૦૮
## શ્રી પદ્મસાગરસૂરીશ્વરજી મહારાજની
# સંક્ષિપ્ત જીવનરેખા

માનવજીવનને સફલ કરનાર મહાપુરુષોની સુમંગલ શ્રેણીમાં જેમનું નામ અનેરી આભાથી દીપે છે અને જેઓ વર્તમાન જૈન શાસનની એક મોટી આશા છે, એવા સ્વનામધન્ય આચાર્ય શ્રીમદ્‌ ૧૦૦૮ શ્રી પદ્મસાગર સૂરીશ્વરજી મહારાજની સંક્ષિપ્ત જીવનરેખા રજૂ કરતાં અમે અભિનવ આનંદનો અનુભવ કરી રહ્યા છીએ.

પશ્ચિમ બંગાલમાં આજીમગંજ શહેર ઐતિહાસિક ખ્યાતિ ભોગવે છે. ખાસ કરીને તેના કલામય જૈન મંદિરોને લીધે જૈન સંઘનું તેના પ્રત્યે ભારે આકર્ષણ છે. ત્યાંના બાબુઓએ સાધર્મિકવાત્સલ્યનાં સુવર્ણપૃષ્ઠો રચીને જૈન સમાજ માટે એક ઉમદા ઉદાહરણ પૂરું પાડેલ છે.

આ આજીમગંજ શહેરમાં તા. ૧૦–૯–૩૫ ના વહેલી પરોઢમાં એક બાળકનો જન્મ થયો. તેનું મલકાતું મુખ જોઇને પિતા રામસ્વરૂપ તથા માતા ભવાની-દેવી અત્યંત હર્ષ પામ્યા. આ બાળકનું નામ પ્રેમચંદ પાડવામાં આવ્યું. બધાં નામો ગુણનિષ્પન્ન હોતાં નથી, પણ આ નામ તો ખરેખર ગુણનિષ્પન્ન નીવડ્યું. તેણે પ્રથમ માતાપિતા તથા અન્ય કુટુંબીજનોનો પ્રેમ જીતી

લીધો, પછી સારાયે જૈન સમાજનો પ્રેમ જીતી લીધો અને છેવટે ભારતવર્ષના લાખો લોકોનો પ્રેમ જીતી-લઈ વિશ્વવત્સલ મહાત્માની ખ્યાતિ પ્રાપ્ત કરી.

માતાપિતાની સ્નેહભરી શીળી છાયામાં પ્રેમચંદનો ઉછેર થવા લાગ્યો. ઉપમાથી કહીએ તો તે બીજના ચંદ્રમાની જેમ વૃદ્ધિ પામવા લાગ્યો. પરંતુ એવામાં કાલદેવનો ક્રૂર પંજો તેના પિતા પર પડ્યો અને વિષમ પરિસ્થિતિ ઊભી થવા પામી. પરંતુ માતા ધર્મપરાયણ હતા અને ગમે તેવા વિષમ સંયોગોમાં પણ મનને સ્થિર રાખી પોતાનું કર્તવ્ય બજાવવાની તાલીમ પામેલા હતા, એટલે તેમણે પરિસ્થિતિ સંભાળી લીધી અને માતા તથા પિતા બંનેનું કર્તવ્ય અદા કર્યું.

આજીમગંજની સ્થાનિક શાળામાં પ્રાથમિક શિક્ષણ લીધા પછી તેઓ કલકત્તા ગયા અને ત્યાં બાબુ નિર્મલ-કુમાર નવલખાના કુટુંબમાં રહેવા લાગ્યા કે જે કુટુંબ તેના ધર્મપ્રેમ, ઔદાર્ય તથા સંસ્કારી વાતાવરણ માટે જાણીતું હતું. 'સંગ તેવો રંગ' એ ન્યાયે પ્રેમચંદને અહીંથી ઘણી સંસ્કારસામગ્રી સાંપડી.

અહીં રહેતા અશ્વિની બાબુ નામના એક બંગાલી મહાશયનો પરિચય થયો. તેણે પ્રેમચંદને સ્વામી વિવેકા-નંદના સાહિત્યનો અનેરો રસ લગાડ્યો. એ સાહિત્યનું અધ્યયન કરતાં પ્રેમચંદને થયું કે હું પણ તેમના જેવો એક મહાન યોગી–સંન્યાસી–સાધુ કેમ ન થાઉં?

'યાદૃશી ભાવના યસ્ય, સિદ્ધિર્ભવતિ તાદૃશી-જેની જે પ્રકારની ભાવના હોય છે, તેને તે પ્રકારની સિદ્ધિ થાય છે.' આ એક સનાતનસૂત્ર છે, એટલે આ ભાવનાને આધીન પ્રેમચંદના જીવનમાં સાધુતાની ભવ્ય ભૂમિકા રચાવા માંડી.

આ વખતે ગ્વાલિયર રાજ્યના શિવપુરીમાં વીર-તત્ત્વ પ્રકાશક મંડળ તરફથી ગુરુકુળની ઢબે ચાલતા વિદ્યાલયની એક ધાર્મિક શિક્ષણસંસ્થા તરીકે ઘણી ખ્યાતિ હતી, એટલે પ્રેમચંદે તેનો લાભ લેવાનો વિચાર કર્યો.

આ વિદ્યાલયમાં ૩ વર્ષ અભ્યાસ કરતાં પ્રેમચંદે આવશ્યકસૂત્રો, જીવવિચાર, નવતત્ત્વ, ત્રણભાષ્ય આદિ જૈન ધર્મના પાયાના સૂત્રોનું વિશિષ્ટ જ્ઞાન સંપાદન કર્યું અને આત્મવિકાસના માર્ગે આગળ વધવામાં ઉપયોગી થાય એવું બીજું પણ કેટલુંક જ્ઞાન મેળવી લીધું. આ વિદ્યાલયના સંચાલક શ્રીમાન્ સત્યનારાયણ પંડ્યા આદર્શ વ્યક્તિત્વ ધરાવતા હતા, તેમણે પ્રેમચંદ પ્રત્યે ખૂબ જ સહૃદયતા દાખવી અને તેનું જીવનઘડતર ઉત્તમ કોટિનું થાય, તે માટે કાળજીભર્યા પ્રયત્નો પણ કર્યા. પરિણામે પ્રેમચંદના જીવનમાં અધ્યાત્મની આભા ઝળકી ઉઠી. હીરો હતો અને તેને પહેલ પડયા, પછી તેના તેજરાશિનું કહેવું જ શું ?

સને ૧૯૫૩ માં પ્રેમચંદે શ્રી સિદ્ધાચલતીર્થની યાત્રા અપૂર્વ ભાવોલ્લાસપૂર્વક કરી, ત્યારે પાલીતાણા યાત્રા કર્યા પછી પ. પૂ. આચાર્ય શ્રીમદ્ કૈલાસસાગર-સૂરીશ્વરજી મહારાજના સાણંદમાં દર્શન–સમાગમનો લાભ

મળ્યો. તેમનાં પ્રથમ દર્શને જ પ્રેમચંદ પ્રભાવિત થયો. ખાસ કરીને તેમની શાંત અને ભવ્ય મુખમુદ્રાએ તેનું દિલ જીતી લીધું. જ્યારે તેણે જાણ્યું કે આ આચાર્ય ભગવાન્ સ્વ. યોગનિષ્ઠ બુદ્ધિસાગરસૂરીશ્વરજી મહારાજના પ્રશિષ્ય છે, ત્યારે તેના આનંદનો પાર રહ્યો નહિ, કારણ કે તેણે આ યોગનિષ્ઠ મહાત્મા વિષે ઘણું ઘણું સાંભળ્યું હતું.

ભવ્યાત્મા પ્રેમચંદના અંતરમાં વૈરાગ્યની વેલડી બરાબર પાંગરી હતી, તેને હવે સંસાર-વ્યવહારમાં જરાયે રસ રહ્યો ન હતો. તેની એક માત્ર ઇચ્છા પૂજ્ય ગુરુદેવના ચરણે બેસી સંયમસાધના કરવાની હતી, એટલે સને ૧૯૫૪ના નવેમ્બર માસની ૧૩મી તારીખે પ. પૂ. આચાર્યદેવ શ્રી કૈલાસસાગર સૂરીશ્વરજીએ સાણંદ મુકામે તેને ભાગવતી દીક્ષાનું દાન કર્યું અને તેને મુનિશ્રી પદ્મસાગરના નામથી મુનિશ્રી કલ્યાણસાગરના શિષ્ય કર્યા કે જેઓ આગળ જતાં પ. પૂ. આચાર્ય શ્રી કલ્યાણસાગર સૂરિના નામથી વિખ્યાત થયેલા છે.

સંયમી જીવન શ્રુતધર્મ અને ચારિત્રધર્મના પાલનથી શોભે છે અને વિકાસ પામે છે, તેથી મુનિશ્રી પદ્મસાગરજીએ સંયમદીક્ષા ધારણ કર્યા પછી જૈન શ્રુતનો-શાસ્ત્રોનો અભ્યાસ કરવા માંડયો અને પોતાના સંસ્કૃત-પ્રાકૃત ભાષાના જ્ઞાનને વિશાલ બનાવ્યું. તે સાથે વ્યાકરણ આદિ સાહિત્યનું અધ્યયન પણ શરુ કર્યું અને તેમાં ઝડપી વિકાસ સાધ્યો.

પંડિત પરમેશ્વર મિશ્ર તેમને આ બાબતમાં ખૂબ સહાયક થયા હતા.

શ્રુતજ્ઞાનની વૃદ્ધિ સાથે મુનિશ્રીએ ચારિત્રધર્મમાં પણ સુંદર પ્રગતિ કરી હતી અને તેને અનુરૂપ તપ–જપ આદિમાં સવિશેષ પ્રયત્ન કર્યો હતો. તે સાથે વક્તૃત્વ શક્તિનો નોંધપાત્ર વિકાસ સાધ્યો હતો. તેઓ હવે ધાર્મિક–આધ્યાત્મિક સુંદર પ્રવચનો આપી શકતા હતા અને વધારે સ્પષ્ટ કહીએ તો તેઓ હજારોની મેદનીના દિલ ડોલાવી શકતા હતા. રાજસ્થાન, ગુજરાત, મહારાષ્ટ્ર, કર્ણાટક તથા તામિલનાડુ–આંધ્રના વિહાર દરમિયાન તેમણે જે પ્રવચનો આપ્યાં હતાં, તેણે લોકોના મિથ્યાત્વ, અજ્ઞાન તથા પ્રમાદનો પરિહાર કરીને નવી જ આધ્યાત્મિક ચેતના આણી હતી. શ્રી મોરારજી દેસાઈ જેવા પીઢ લોકનેતાએ તેમની આ બાબતમાં ભારોભાર પ્રશંસા કરી હતી.

શિષ્યની ચડતી કલા જોઈને ગુરુદેવો અતિ પ્રસન્ન થયા હતા અને તેમને સને ૧૯૭૫ માં ‘ જ્ઞાનિવર્ય ’ ની પદવી આપી હતી. ત્યારબાદ સને ૧૯૭૭ ના ફેબ્રુઆરીની ૨૫ મી તારીખે જામનગર શહેરમાં ચતુર્વિધ શ્રીસંઘ સમક્ષ પંન્યાસપદ અર્પણ કરવામાં આવ્યું હતું.

પ. પૂ. આચાર્યશ્રી કૈલાસસાગરસૂરિજી મહારાજને પં. શ્રી પદ્મસાગરજીની શક્તિઓ વિષે ઘણું માન હતું, એટલે તેમણે પોતાના જીવનની એક ભાવના મૂર્તિમંત કરવાનું કાર્ય તેમને સોંપ્યું. આ કાર્ય હતું. મહેસાણામાં

શ્રી સીમંધર સ્વામીનું એક ભવ્ય મંદિર નિર્માણ કરવાનું. પંન્યાસજીએ આ કાર્યનો પૂર્ણ આદરથી સહર્ષ સ્વીકાર કર્યો અને તે માટે પોતાની શક્તિઓનાં દ્વાર ખુલ્લાં મૂકી દીધાં. પરિણામે થોડાં જ વર્ષોમાં મ્હેસાણામાં ૧૦૮ ફૂટ ઊંચાઈના શિખરવાળું શ્રી સીમંધર સ્વામીનું ભવ્ય મંદિર નિર્માણ થયું અને તેમાં ૧૨ ફૂટ ઊંચાઈની અદ્વિતીય કહી શકાય એવી પ્રતિમાની પ્રતિષ્ઠા કરવામાં આવી. આ મંદિરની સાથે વિશાળ ધર્મશાળા, સુંદર ભોજનશાળા આદિ જોડાયેલા છે અને દર્શનાર્થીઓ માટે બીજી પણ અદ્યતન સગવડો રાખેલી છે, તેથી ભારતભરના જૈનો ત્યાં દર્શને આવે છે અને પોતાના સમ્યક્ત્વને નિર્મલ કરે છે.

પંન્યાસજીની અત્યાર સુધીની ધાર્મિક–આધ્યાત્મિક પ્રવૃત્તિઓથી એક વિશાલ ભક્તસમુદાય નિર્માણ થઈ ચૂક્યો હતો અને તે એમનો પડ્યો બોલ ઝીલવાને તત્પર રહેતો હતો. આ ભક્તસમુદાયે પૂજ્ય ગુરુવર્યોને વિનંતિ કરી કે હવે પંન્યાસજીને પંચપરમેષ્ઠીના તૃતીય પદે વિભૂષિત કરવા કૃપા કરો. ગુરુએ એ વિનંતિનો સ્વીકાર કરી સને ૧૯૭૭ ના ડીસેમ્બર માસની ૨૮ મી તારીખે મ્હેસાણા (ઉ. ગુ.) સીમંધર સ્વામી જિનાલયના વિશાળ પટાંગણમાં ભવ્ય મહોત્સવપૂર્વક તેમને આચાર્યપદવી આપી. ત્યારથી તેઓ શ્રી પદ્મસાગરસૂરિ તરીકે વિખ્યાત થયા.

પ્રભાવશાલી પ્રવચનો, પરોપકારપરાયણતા અને ઉદારદૃષ્ટિને લીધે આ આચાર્યશ્રી અત્યંત લોકપ્રિય થયા

અને તેમનું નામ ભારતના એક છેડાથી બીજા છેડા સુધી ગાજતું થયું.

સને ૧૯૭૮ માં મુંબઈ–વાલકેશ્વરના ચાતુર્માસ પ્રસંગે ભારતના રાષ્ટ્રપતિ શ્રી નીલમ સંજીવ રેડ્ડીની અધ્યક્ષતામાં તેમનું જાહેર સન્માન કરવામાં આવ્યું હતું. આ વખતે રાષ્ટ્રપતિએ તેમને શાલ ઓઢાડી હતી અને વાસક્ષેપ લીધો હતો.

સને ૧૯૭૭ પછી તેમણે દક્ષિણ દેશનો વિહાર શરૂ કર્યો. એ તો એક વિજયયાત્રા જેવો બની ગયો. હુબલી, બેંગલોર, મદ્રાસ આદિ દરેક શહેરનાં ચાતુર્માસ અત્યંત પ્રભાવક નીવડયાં અને હજારો મનુષ્યની જીવનસુધારણામાં નિમિત્ત બન્યાં. જીવદયાનું પાલન, સદ્‌વિચાર અને સદાચારનું સેવન, વ્યસનોનો ત્યાગ, દાન–શીલ–તપ–ભાવની યથાશક્તિ આચરણા તથા ભક્તિ–યોગ આદિ વિષયો પૂજ્ય આચાર્યશ્રીના પ્રવચનોમાં પ્રધાનતા ભોગવે છે અને તેની જનતા પર બહુ ભારે અસર પડે છે.

સૂરિજી પ્રસિદ્ધ વક્તા છે, તેમ એક કુશલ લેખક પણ છે. તેમની પ્રાસાદિક કલમે ગુજરાતી ભાષામાં (૧) ચિંતનની કેડી, (૨) પ્રેરણા, (૩) પાથેય, (૪) જીવનનો અરુણોદય ૪ ભાગ તથા હિંદીમાં (૧) પ્રવચન–પરાગ અને (૨) પદ્મ–પરિમલ આદિ ગ્રંથો આકાર પામ્યા છે અને તે હજારો હૈયાને આનંદ સાથે ઊર્ધ્વગામી જીવનની પ્રશસ્ત પ્રેરણા કરી રહ્યા છે.

સૂરિજીનો સમાગમ એ જીવનની એક દિવ્ય અનુભૂતિ ગણાય છે, તેથી મોટા મોટા દેશનેતાઓ પણ તેમના દર્શન-સમાગમ માટે આવતા રહે છે. ભારતના આજના વડાપ્રધાન શ્રી ઇન્દિરા ગાંધીએ સને ૧૯૮૦ માં બેલગામ મુકામે તેમનાં દર્શન કરી કૃતાર્થતા અનુભવી હતી. વર્તમાન રાષ્ટ્રપતિ શ્રી ઝૈલસિંહ મદ્રાસ-ચાતુર્માસ વખતે તેમના દર્શને આવ્યા હતા.

સૂરિજીનું શિષ્યમંડલ-પરિવાર ૧૪ ઠાણા પણ તેજસ્વી છે અને તે જુદા જુદા વિષયો પર પ્રભુત્વ ધરાવે છે.

સૂરિજીના આવા સમુજ્જવલ પરોપકારી જીવનથી પ્રભાવિત થઈને અમે આ '**શ્રી જિનભક્તિ-કલ્પતરુ**' નામનો ગ્રંથ તેમને સમર્પિત કરવાને પ્રેરાયા છીએ.

**ધીરજલાલ ટોકરશી શાહ**



સ્વ. શ્રી સામત રાજા રણમલ શાહ (દોઢિયા)

મુ. નવાગામ (ભારત)

જન્મ: સને ૧૮૮૪ સ્વર્ગવાસ: સને ૧૯૬૫

મોશી–ટાન્ઝાનિયા



**શ્રીમાન્ ઝવેરચંદ શામજી શાહ**

જેઓ

જૈન ધર્મના સિદ્ધાંતોમાં અનન્ય
શ્રદ્ધા ધરાવે છે અને એક પ્રામાણિક
વ્યાપારીની ભારે પ્રતિષ્ઠા મેળવી શકયા છે.

મોશી-ટાન્ઝાનિયા



**શ્રીમતી મણિબહેન ઝવેરચંદ શાહ**

જેઓ

અધ્યાત્મના અનન્ય પ્રેમી છે

તથા શાસ્ત્રસ્વાધ્યાયમાં ઊંડો

રસ લઈ રહ્યા છે.

મોશી–ટાન્ઝાનિયા



પરોપકારપરાયણ દાનવીર

**શ્રીમાન્ દીપચંદ એસ. ગાર્ડી**

( બાર–એટ–લૉ )

જેઓ

જૈન શ્વે. કોન્ફરન્સના પ્રમુખ છે અને
અમારા સાહિત્યના અનન્ય પ્રેમી
તથા પ્રોત્સાહક છે.



શ્રીમતી રુક્મિણીબહેન ડી. ગાર્ડી

જેઓ

લોકસેવાના દરેક કાર્યમાં
પતિને સુંદર સાથ આપી પોતાના
જીવનને કૃતાર્થ કરી રહ્યા છે.



શ્રીમાન્ હેમન્ત ડી. શાહ

જેઓ


જૈન ધર્મ અને જૈન સંસ્કૃતિના
અનન્ય પ્રેમી છે તથા સામાજિક
ક્ષેત્રે વિવિધ પ્રકારની સેવાઓ આપી
રહેલા છે.



**શ્રીમતી કોકિલાબહેન એચ. શાહ**

જેઓ

સાંસ્કારિક પ્રવૃત્તિઓમાં ઊંડો
રસ દાખવી રહ્યા છે તથા ભક્તિ
અને યોગના વિષયમાં ઊંડી
દિલચસ્પી ધરાવે છે.



**શ્રીમાન્ દેવશી સામત શાહ**

જેઓ

સ્વાશ્રયથી આગળ વધી સામાજિક

કલ્યાણની વિધવિધ પ્રવૃત્તિઓમાં

પોતાનો વિનમ્ર ફાળો આપી

રહેલા છે.

વેલિનબરો–યુ. કે.

# પીઠિકા

મોક્ષ કે પરમપદના અદ્વિતીય કારણભૂત સમ્યગ્ દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ ચારિત્રને નિકટ લાવવામાં જિનભક્તિ, જિનારાધના કે જિનોપાસના મુખ્ય છે, તેથી દરેક ભવભીરુ ભવ્યાત્માએ તેનો આશ્રય લેવો જોઇએ અને તેમાં મગ્ન થવું જોઇએ.

જૈન શાસ્ત્રોના અનન્ય અભ્યાસી ઉપાધ્યાયશ્રી યશોવિજયજી મહારાજે શ્રી આદીશ્વર પ્રભુની સ્તવના કરતાં કહ્યું છે કે—

મુક્તિથી અધિક તુજ ભક્તિ મુજ મન વસી,
જેહશું સબળ પ્રતિબંધ લાગો;
ચમક પાષાણ જિમ લોહને ખેંચશે,
મુક્તિને સહજ તુજ ભક્તિરાગો.

'હે પ્રભો ! મારા મનમાં મુક્તિ કરતાં પણ તારી ભક્તિ ઘણી વસેલી છે. તેમાં મને દૃઢ મમત્વ ઉત્પન્ન થયું છે. જેમ ચકમકનો પત્થર ( લોહચુંબક ) લોઢાના ટુકડાને પોતાના ભણી ખેંચે છે, તેમ તારી ભક્તિનો દૃઢ અનુરાગ મુક્તિને સરલતાથી મારા ભણી ખેંચશે.'

ધન્ય તે કાય જેણે પાય તુજ પ્રણમિયે,
તુજ થુણે જેહ ધન્ય ધન્ય જીહા;
ધન્ય તે હૃદય જેણે તુજ સદા સમરતાં,
ધન્ય તે રાત ને ધન્ય દીહા.

'હે પ્રભો ! તે કાયાને ધન્ય છે કે જેના વડે તારા પાયને પ્રણમાય છે; તે જિહ્વાને ધન્ય છે કે જેના વડે તારા ગુણોની સ્તુતિ–સ્તવના થાય છે; તે હૃદયને ધન્ય છે કે જેના વડે તારા અચિંત્ય માહાત્મ્યનું સ્મરણ કરવામાં આવે છે, અરે ! હું તો તે રાત્રિ અને દિવસને પણ ધન્ય માનું છું કે જ્યાં તારી આ પ્રમાણે ભક્તિ–આરાધના–ઉપાસના થાય છે.'

જૈન નામ ધારણ કરવા છતાં જિનભક્તિનું માહાત્મ્ય ન જાણીએ, તેનાં ભિન્ન ભિન્ન સ્વરૂપનો સ્પષ્ટ બોધ ન ધરાવીએ કે તેના મંગલમય વિધિ–વિધાનથી પરિચિત ન હોઈએ, તો આપણા જેવા દુર્ભાગી કોણ ?

આપણે બુદ્ધિશાળી ખરા, પણ મોટા ભાગે સાંસારિક વ્યવહારમાં. આપણે શાણા ખરા, પણ મોટા ભાગે વ્યાપાર –ધંધામાં. હાલ તો ધાર્મિક અને આધ્યાત્મિક ક્ષેત્રમાં આપણી બુદ્ધિનો કોઈ ચમકાર જણાતો નથી કે આપણા શાણપણનો કંઈ પ્રભાવ નજરે પડતો નથી. શું જીવનનો રથ માત્ર સાંસારિક વ્યવહારના એક પૈડે જ ચલાવવો છે ? તેનું પરિણામ કેવું–કેટલું ગંભીર આવશે, એ પુનઃ પુનઃ વિચારવાની જરૂર છે.

જિનભક્તિ અવશ્ય કરવા જેવી છે, એમ માન્યા પછી પણ તે અંગે આપણા દિલમાં તાલાવેલી કેટલી ? તલસાટ કેટલો ? ઉમંગનું પ્રમાણ કેટલું ? એ માટે થોડો વધારે

સમય કાઢવો હોય તો પણ આપણું દિલ સંકોચ પામે છે. શું આ એક ઝટપટ પતાવી દેવા જેવી સામાન્ય, સાધારણ કે મામુલી ક્રિયા છે ? જેનાથી જીવનને સફલ બનાવવું છે, મોક્ષ કે પરમપદના સાધનોને નિકટ આણવાં છે, તે માટે જો આપણો ખ્યાલ ખરેખર આવો જ હોય તો માનવું પડશે કે આપણી બુદ્ધિને લકવાની ગંભીર બિમારી લાગુ પડી ચૂકી છે.

આજે કેટલાક મહાનુભાવો તો ઉઠીને શ્રી અરિહંત પરમાત્માનું નામ પણ લેતા નથી. ચાહ દેવીનું સ્મરણ કરી તેનું આરાધન કરે છે! જ્યારે ચાહદેવી ઠીક ઠીક ઉષ્ણતા ધારણ કરીને તેમના ઉદરપ્રદેશમાં પહોંચે છે, ત્યારે તેમના અંગોમાં સ્ફુર્તિ આવે છે અને તેઓ પથારી નીચે પગ મૂકે છે.

વધારે દિલગીરીની વાત તો એ છે કે ત્યાર પછી પણ તેમને શ્રીઅરિહંત પરમાત્માનું સ્મરણ થતું નથી કે નજીકમાં જિનમંદિર હોવા છતાં દર્શન-પૂજન કરવાની ભાવના જાગતી નથી. તેઓ દંતધાવન, શૌચ, સ્નાન તથા નાસ્તો કરી વર્તમાનપત્રોનાં પાનાં ઉથલાવે છે અને સીધા કામે લાગી જાય છે અથવા કોઈ વ્યાવહારિક કાર્ય ઉત્પન્ન થયું હોય તો તે પતાવે છે. આ રીતે તેમનો આખો દિવસ ધંધા-ધાપામાં કે વ્યાવહારિક કાર્યોમાં પૂરો થાય છે. તેમાં જિનભક્તિને કંઈ સ્થાન હોતું નથી.

આવા મહાનુભાવો તો કોઈ મોટા પર્વ કે તહેવારના દિવસે જ ધર્મસ્થાનકોમાં આવે છે અને ગતાનુગતિકતાથી કેટલીક ક્રિયાઓ કરીને સંતોષ પામે છે. કોઈ એમ માનતું હોય કે આવા મહાનુભાવોની સંખ્યા મામુલી હશે, તો એ મંતવ્ય સાચું નથી. આવા મહાનુભાવોની સંખ્યા ઘણી મોટી છે અને સમાજ–હિતૈષીઓને ભારે ચિંતા ઉપજાવી રહેલ છે; પરંતુ તેનો ખરો અને અમોઘ ઉપાય તો એક જ છે કે તેમને જિનભક્તિનું વાસ્તવિક મહત્ત્વ સમજાવવું અને તેમાં રસ લેતા કરવા.

આપણી ઉગતી પ્રજા અને આપણા યુવાનોની સ્થિતિ પણ જરા ય ઉત્સાહપ્રેરક નથી. તેમને નાટક, સીનેમા, મીટીંગ, મેળાવડા, પાર્ટી–પીકનીક, ક્રિકેટ–ફુટબોલ તથા બીજી એવી વસ્તુઓ ગમે છે, પણ જિનભક્તિ માટે ખાસ ઉર્મિ ઉઠતી નથી. કદાચ માતા–પિતાના દબાણથી તેઓ જિન-ભક્તિમાં જોડાય તો અનેક જાતના પ્રશ્નો પૂછે છે અને તે દરેકનો સંતોષકારક ખુલાસો આપવાનું કામ ઘણું કઠિન હોય છે. જો તેઓ આ પ્રકારના ગ્રંથો વાંચે–વિચારે તો ઘણો લાભ થવા સંભવ છે.

આપણા ભક્તકવિઓએ ગાયું છે કે—

કવણ નર કનક–મણિ છોડી તૃણ સંગ્રહે,
કવણ કુંજર તજી કરહ લેવે ?
કવણ બેસે તજી કલ્પતરુ બાઉલે,
તુજ તજી અવર સુર કોણ સેવે ?

'એવો કોણ મનુષ્ય હોય કે જે સુવર્ણ અને મણિ જેવા મહા મૂલ્યવાન પદાર્થોને છોડીને તૃણ જેવી તુચ્છ વસ્તુનો સંગ્રહ કરે? વળી એવો કોણ મનુષ્ય હોય કે જે ગુણિયલ ગજરાજને છોડી અઢારેય અંગે વાંકા એવા ઊંટને ગ્રહણ કરે? વળી એવો કોણ મનુષ્ય હોય કે જે સર્વ મનોરથોની સિદ્ધિ કરનાર કલ્પતરુનો આશ્રય છોડીને કંટકમય બાવળની નીચે બેસવાનું પસંદ કરે? તેજ પ્રમાણે એવો પણ કોણ મનુષ્ય હોય કે હે પ્રભો! તારા જેવા આદર્શ દેવને છોડી બીજાની સેવા કરે?'

આમ છતાં કેટલોક વર્ગ મિથ્યાત્વી દેવ–દેવીઓની ઉપાસના કરે છે અને તેનાથી પોતાની મનોકામના પૂર્ણ કરવાનો મનોરથ સેવે છે. અને કોઈ ભવિતવ્યતાના અથવા પૂર્વસંચિત પ્રારબ્ધના કારણે એ મનોરથ અમુક અંશે પણ પૂર્ણ થયો હોય તો તેઓ એનાં વખાણ કરવા લાગી જાય છે અને 'આંધળો આંધળાને ખેંચે' એ ન્યાયે બીજાઓને પણ એ રસ્તે ખેંચી જાય છે. જો આ પરિસ્થિતિ અટકાવવી હોય તો જિનભક્તિનો વ્યાપક પ્રચાર કરવો જોઈએ અને તે અંગે જરૂરી સાહિત્ય ભિન્ન ભિન્ન ભાષામાં ભિન્ન ભિન્ન પ્રકારે પ્રકટ કરવું જોઈએ. તે માટે ચોવીશ પ્રકરણો અને એક પરિશિષ્ટથી શોભતા આ મનનીય ગ્રંથનો આધાર રૂપે ઉપયોગ કરવા જેવો છે.

શતાવધાની પંડિત શ્રી ધીરજલાલભાઈનું વિષય-

નિરૂપણ એટલું સચોટ હોય છે કે તે ગમે તેવા મનુષ્યને પ્રભાવિત કરી શકે. વળી તેમાં યથાસ્થાને દૃષ્ટાંતોની યોજના તથા તાર્કિક દલીલો પણ હોય છે અને ભાષાની સરલતા —મધુરતા તો તેમની આગવી વિશેષતા છે. એટલે સહુ કોઈએ આ ગ્રંથ ધ્યાનથી પુનઃ પુનઃ વાંચવા–વિચારવા જેવો છે અને અન્ય ભાષાઓના અનુવાદ માટે પણ તેનો જ ઉપયોગ કરવા જેવો છે.

'જિનભક્ત'



સ્વ. શ્રીમાન્ ભાયચંદ ભગવાન શાહ
ભંડારિયાવાળા
જેમણે
મન-વચન-કાયાથી જિનભક્તિ કરવામાં
જીવનની સાર્થકતા માની હતી.



શ્રીમાન્ હસમુખભાઇ દીપચંદ ગારડી
સોલીસીટર્સ
જેઓ
માનવજીવનના ઉત્કર્ષ માટે ચાલી
રહેલી વિવિધ પ્રવૃત્તિઓમાં
ઊંડી દિલચસ્પી દાખવી રહ્યા છે.
લંડન–યુ. કે.




**શ્રીમતી સુરેખાબહેન હસમુખભાઈ ગારડી**

બી. એ.

જેઓ જૈન ધર્મમાં પૂર્ણ શ્રદ્ધાન્વિત થઈને
માનવસેવાનાં સોનેરી સ્વપ્નો સાકાર
કરી રહ્યા છે.

લંડન–યુ. કે.



અખીલ ભારતીય
જૈન શ્વેતામ્બર અચલગચ્છના પ્રમુખ
**શ્રીમાન્ વસનજી લખમશી શાહ**
જેમની પરોપકાર–પ્રવૃત્તિઓ ખૂબ
વિસ્તર પામી છે.



**શ્રીમતી કાન્તાબહેન વસનજી શાહ**

જેઓ મહિલા-સમાજની ઉત્કર્ષ-
પ્રવૃત્તિઓમાં ભારે રસ દાખવી રહ્યા
છે અને અમારા સાહિત્યના અનન્ય પ્રેમી છે.



સ્વ. શ્રી જીવરાજ દેવરાજ શાહ

[ મોમ્બાસા–કેનિયા ]


જેમણે

જૈન ધર્મના આદર્શોને મૂર્તિમંત

કરવા સબલ પ્રયાસો કર્યા હતા.



સ્વ. શ્રી દેવશી દેવરાજ શાહ
[ મોમ્બાસા–કેનિયા નિવાસ ]
જેઓ સ્વાશ્રયથી આગળ વધ્યા હતા
અને ધર્માભિમુખ જીવન જીવતા હતા



સ્વ. શ્રી વાઘજી દેવરાજ શાહ
રાસંગપુર–હાલાર–સૌરાષ્ટ્ર
જેમણે સદ્‌વિચાર અને સદાચારનું
સતત સેવન કર્યું હતું.



સ્વ. શ્રી રામજી દેવરાજ શાહ
રાસંગપુર–હાલાર–સૌરાષ્ટ્ર
જેમણે શ્રમ અને સત્યપરાયણતાના
આલંબને જીવનને સફલ બનાવ્યું હતું.



ગ્રંથલેખક
ભારતજ્યોતિ ગૂર્જરમણિ શતાવધાની
**પંડિત શ્રી ધીરજલાલ ટોકરશી શાહ**
જેઓ
જિનભક્તિના અનન્ય રંગે રંગાએલા છે
અને સમાજ કલ્યાણની વિવિધ પ્રવૃત્તિઓ
કરી રહ્યા છે.



શ્રીમતી ચંપાબહેન ધીરજલાલ શાહ

જેમણે

દાન, શીલ, તપ અને ભાવની અનન્ય

આરાધના વડે પોતાના જીવનને

સાર્થક કર્યું છે.



નરેન્દ્ર પ્રકાશનના વ્યવસ્થાપક

**શ્રી નરેન્દ્રકુમાર ધીરજલાલ શાહ**

તથા

**અ. સૌ. રંજનબાલા [illegible]**

# બત્રીશ વંદના

## ( જે પ્રતિદિન કરવા યોગ્ય છે. )

૧. અનંત કાલથી આત્માની શક્તિને આવરી રહેલ કર્મકંટક સાથે આકરું યુદ્ધ ખેલીને જવલંત જય મેળવનારા હે જિન ભગવંત! તમને અમારી કોટિ કોટિ વંદના હો.

૨. રાગાદિ અઢાર દૂષણોને દૂર કરી પવિત્રતાની પરમ જ્યોતિ પ્રકટાવનારા હે પુરુષોત્તમ! તમને અમારી કોટિ કોટિ વંદના હો.

૩. ભોગમાર્ગનો ત્યાગ કરી મુક્તિસાધક મહાયોગનું અદ્વિતીય અવલંબન ધારણ કરનારા હે વીતરાગ પ્રભો! તમને અમારી કોટિ કોટિ વંદના હો.

૪. વિવિધ પ્રકારની બાહ્ય-અભ્યંતર તપશ્ચર્યા વડે આત્માનું સંપૂર્ણ શોધન કરનારા હે મહાન તપસ્વી! તમને અમારી કોટિ કોટિ વંદના હો.

૫. પૌદ્ગલિક ભાવોના પ્રવાહથી પર થઈને આત્મ-રમણતાની અનેરી મોજ માણનારા હે આનંદઘન! તમને અમારી કોટિ કોટિ વંદના હો.

૬. ધર્મચક્રના પ્રવર્તન વડે સમસ્ત જગત પર ઉપ-કારની અસાધારણ વર્ષા કરનારા હે તીર્થંકર ભગવંત! તમને અમારી કોટિ કોટિ વંદના હો.

૭. ભવ્ય જીવોને સિદ્ધિસદન પ્રત્યે લઈ જનાર મોક્ષ-

માર્ગનું યથાર્થ વિધાન કરનારા હે બ્રહ્મન્ ! તમને અમારી કોટિ કોટિ વંદના હો.

૮. પુરુષાર્થના પરમ યોગે નરમાંથી નારાયણ બનનારા તથા વામનમાંથી વિરાટ થનારા હે વિષ્ણો ! તમને અમારી કોટિ કોટિ વંદના હો.

૯. શુકલ ધ્યાનરૂપી કૈલાસગિરિમાં વાસ કરનારા તથા ત્રિપદીરૂપ ત્રિશૂલને ધારણ કરનારા હે મહાદેવ ! તમને અમારી કોટિ કોટિ વંદના હો.

૧૦. જન્મ, જરા અને મૃત્યુની ભીષણ શ્રૃંખલા ભેદીને અક્ષય અમરપદે આરૂઢ થનારા હે જગન્નાથ ! તમને અમારી કોટિ કોટિ વંદના હો.

૧૧. અજ્ઞાનના ઘેરા પટલો ભેદી અનન્ય અપ્રતિહત જ્ઞાનનો પ્રકાશ પ્રકટાવનારા હે જ્ઞાનમાર્તંડ ! તમને અમારી કોટિ કોટિ વંદના હો.

૧૨. શમરસરૂપી જ્યોત્સ્નાનો સર્વત્ર છંટકાવ કરનારા નિષ્કલંક અને સદોદિત એવા હે જિનચંદ્ર ! તમને અમારી કોટિ કોટિ વંદના હો.

૧૩. સમસ્ત લોકાલોકના ભૂત, વર્તમાન અને ભવિષ્ય-કાલીન સર્વ ભાવોને યથાર્થપણે પ્રકાશનારા હે સર્વજ્ઞ દેવાધિદેવ ! તમને અમારી કોટિ કોટિ વંદના હો.

૧૪. મેઘધારા સમ ગંભીર સ્વરે મધુર વાક્યોના

પ્રયોગપૂર્વક ધર્મની દિવ્ય દેશના દેનારા હે વાગ્વિભો ! તમને અમારી કોટિ કોટિ વંદના હો.

૧૫. 'જીવો અને જીવવા દો'ની અમર ઘોષણા વડે ચૌદ રાજલોકના જીવોને અભયદાન આપનારા હે કરુણાસિંધો ! તમને અમારી કોટિ કોટિ વંદના હો.

૧૬. સન્માર્ગના અનુસરણપૂર્વક વિરતિના વિમલ પંથે વિચારવાની પ્રબળ પ્રેરણા કરનારા હે જગદ્ગુરો ! તમને અમારી કોટિ કોટિ વંદના હો.

૧૭. સ્યાદ્વાદ–સપ્તભંગીની પ્રરૂપણા કરીને સાપેક્ષતા, તુલના અને સમન્વયની એક નવી જ દૃષ્ટિ આપનારા હે બ્રહ્મર્ષિ ! તમને અમારી કોટિ કોટિ વંદના હો.

૧૮. જીવનપથને જ્યોતિર્મય બનાવવા માટે ધર્મનો અખંડ દીપક પ્રકટાવનાર હે પ્રદ્યોતકર ! તમને અમારી કોટિ કોટિ વંદના હો.

૧૯. મિથ્યાત્વના મહારોગને હણવા સમ્યક્ત્વસુધાનું સતત વર્ષણ કરનારા હે મુનિપતિ ! તમને અમારી કોટિ કોટિ વંદના હો.

૨૦. નવતત્ત્વોની પ્રરૂપણા વડે ચેતનની ચીનગારીમાં સમ્યગ્જ્ઞાનનો પવિત્ર પ્રકાશ પૂરનારા હે તત્ત્વસ્રષ્ટા ! તમને અમારી કોટિ કોટિ વંદના હો.

૨૧. આત્મશુદ્ધિના અપૂર્વ અનુષ્ઠાનો યોજીને મુમુક્ષુ-

ઓનું મહાકલ્યાણ કરનારા હે પરમાત્મન્! તમને અમારી કોટિ કોટિ વંદના હો.

૨૨. અહિંસાની અપૂર્વ સિદ્ધિ વડે વૈરવૃત્તિના વિષમ તરંગોનું સ્નેહ અને સદ્ભાવમાં પરિવર્તન કરનાર હે અલબેલા યોગી! તમને અમારી કોટિ કોટિ વંદના હો.

૨૩. સુર, અસુર અને માનવોના સ્વામીઓ વડે ભક્તિભાવપૂર્વક નિરંતર પૂજાતા હે અર્હત્! તમને અમારી કોટિ કોટિ વંદના હો.

૨૪. અદ્ભુત સ્વર–તાલ–યુક્ત વિબુધગણની સંગીતમય સ્તવના વડે પુનઃ પુનઃ પ્રશંસાતા હે ત્રિભુવનતારક! તમને અમારી કોટિ કોટિ વંદના હો.

૨૫. અશોકવૃક્ષ, સુરપુષ્પવૃષ્ટિ, દિવ્યધ્વનિ આદિ અષ્ટમહાપ્રાતિહાર્યની પૂજા પામી રહેલ હે લોકોત્તમ! તમને અમારી કોટિ કોટિ વંદના હો.

૨૬. નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ વડે ત્રણે જગતના લોકોને પવિત્ર કરનાર હે પરમેશ્વર! તમને અમારી કોટિ કોટિ વંદના હો.

૨૭. અદ્ભુત અતિશય વડે સર્વ ઇતિ–ભીતિઓનો નાશ કરીને મંગલમાલાનો વિસ્તાર કરનારા હે સંતશિરોમણિ! તમને અમારી કોટિ કોટિ વંદના હો.

૨૮. મરણુના ભયથી હતાશ થયેલા અને શોક–

સંતાપથી રીબાતા જગતના પ્રાણીઓને અનન્ય શરણ આપનાર હે લોકનાથ! તમને અમારી કોટિ કોટિ વંદના હો.

૨૯. ભવારણ્યમાં ભટકી રહેલાં પ્રાણિઓને મુક્તિનગરે સહીસલામત લઈ જનારા હે મહાસાર્થવાહ! તમને અમારી કોટિ કોટિ વંદના હો.

૩૦. સ્મરણમાત્રથી વિવિધ વિપત્તિઓને વિદારનારા તથા દુઃખદારિદ્રનો નાશ કરનારા હે અચિન્ત્ય માહાત્મ્ય-નિધિ! તમને અમારી કોટિ કોટિ વંદના હો.

૩૧. દર્શનમાત્રથી પાપના પ્રગાઢ પુંજને પ્રજાળી નાખનારા તથા સંવેગરંગને ઉછાળનારા હે સદાશિવ! તમને અમારી કોટિ કોટિ વંદના હો.

૩૨. ચોત્રીશ અતિશયોથી સમૃદ્ધ બનેલા, વિશ્વમૈત્રીનું પવિત્ર ઝરણું વહાવનારા હે આધ્યાત્મિક મૂર્તિમાન્ તેજઃપુંજ તારકદેવ! તમને અમારી કોટિ કોટિ વંદના હો.

# વિષયાનુક્રમ


| | પૃષ્ઠ |
|---|---|
| ૧ આપણું પ્રથમ કર્તવ્ય | ૩ |
| ૨ જિનભક્તિનો મંગલ મહિમા–૧ | ૯ |
| ૩ જિનભક્તિનો મંગલ મહિમા–૨ | ૨૩ |
| ૪ જિનભક્તિનો મંગલ મહિમા–૩ | ૩૭ |
| ૫ જિનભક્તિની ભવ્ય ભૂમિકા | ૫૧ |
| ૬ ઉપાસ્યદેવની ઓળખાણ | ૬૩ |
| ૭ ચોત્રીશ અતિશયો | ૭૩ |
| ૮ અષ્ટમહાપ્રાતિહાર્ય આદિ | ૮૨ |
| ૯ નામસ્મરણ | ૯૦ |
| ૧૦ નમસ્કાર | ૯૮ |
| ૧૧ મૂર્તિનું આલંબન | ૧૦૯ |
| ૧૨ મંદિર અંગે કિંચિત્ | ૧૨૪ |
| ૧૩ દેવદર્શન | ૧૩૨ |
| ૧૪ પૂજનની આવશ્યકતા | ૧૪૩ |
| ૧૫ સાત પ્રકારની શુદ્ધિ | ૧૫૧ |

| | | |
|---|---|---|
| ૧૬ | અંગપૂજા | ૧૭૪ |
| ૧૭ | અગ્રપૂજા | ૨૦૦ |
| ૧૮ | ભાવપૂજા | ૨૧૭ |
| ૧૯ | સ્નાત્રપૂજા | ૨૩૩ |
| ૨૦ | રથયાત્રાદિ | ૨૫૦ |
| ૨૧ | તીર્થયાત્રા | ૨૬૧ |
| ૨૨ | અર્હં મંત્રનો જપ | ૨૮૫ |
| ૨૩ | ધ્યાન | ૩૦૫ |
| ૨૪ | બોધક પ્રશ્નોત્તરી | ૩૨૮ |

## પરિશિષ્ટ

પડધરીમાં અપૂર્વ પ્રતિષ્ઠામહોત્સવ ૩૩૭



શ્રીમાન્ ડૉ. સી. વી. જૈન

જેઓ

રાજસ્થાન જૈન સમાજના એક સુપ્રસિદ્ધ કાર્યકર્તા છે
તથા જિન-મંદિરો નિર્માણ કરવામાં અનન્ય
ઉત્સાહ ધરાવે છે.



સ્વ. મોહનલાલ જગજીવનદાસ શાહ

મૂલ વતન–ધોરાજી ( સૌરાષ્ટ્ર )

જેઓ

સ્વાશ્રયથી આગળ વધી

ધર્મ–નીતિપરાયણ જીવન જીવ્યા હતા.

જન્મ : સને ૧૮૯૪ સ્વર્ગવાસ : સને ૧૯૮૦



ડૉ. વિરલ સી. શાહ તથા શ્રીમતી પારુલ વિ. શાહ
જેઓ જિનભક્તિમાં અનન્ય શ્રદ્ધા ધરાવે છે.

# મંત્રમનીષી વિદ્યાભૂષણ શતાવધાની પંડિત શ્રી ધીરજલાલ ટોકરશી શાહે પ્રતિષ્ઠિત કરેલા યંત્રોની સૂચિ

મંત્રોની જેમ યંત્રો પણ કાર્યસિદ્ધિનું સાધન મનાયેલું છે અને તે અંગે ખાસ વિધિ–વિધાનો નક્કી થયેલાં છે. શતાવધાની પંડિત શ્રી ધીરજલાલ ટોકરશી શાહે આ વિધિવિધાનોનો ઊંડો અભ્યાસ કર્યા પછી છેલ્લા દશ-બાર વર્ષથી યંત્રપ્રતિષ્ઠાનું કાર્ય કરી રહેલ છે. સંપૂર્ણ ક્રિયાશુદ્ધિને લીધે તેમણે પ્રતિષ્ઠિત કરેલા યંત્રો ઘણા અકસીર નીવડેલા છે અને આજ સુધીમાં હજારો ભાઈ–બહેનોએ તેનો લાભ લીધેલો છે.

આ યંત્રો ત્રાંબાની જાડી પ્લેટ પર બનાવવામાં આવે છે અને જરૂર પ્રમાણે તેને ચાંદી કે સોનાનો ઢોળ પણ ચઢાવવામાં આવે છે. તેનું મૂલ્ય યંત્રોના છાપેલા ભાવ કરતાં વધારે સમજવું.

જે યંત્રો પર કોઈ વિધિ–વિધાન થયેલું નથી, તેને 'સાદા' ગણવામાં આવે છે, જેના પર પ્રતિષ્ઠાનો વિધિ થયેલો છે, તેને 'અભિમંત્રિત' ગણવામાં આવે છે અને જેના પર પ્રતિષ્ઠાવિધિ થયા પછી વિશેષ પુષ્પપૂજન આદિ કરવામાં આવે છે, તેને 'સ્પેશ્યલ' ગણવામાં આવે છે.

આ યંત્ર પ્રતિષ્ઠિત થયા પછી તેને લાલ વસ્ત્રથી બાંધી દેવામાં આવે છે, જેથી તેની શક્તિ સંઘરાઇ રહે છે.

આ યંત્રોને દેવતુલ્ય સમજી સારા સ્થાનમાં રાખવા જોઇએ અને તેને રોજ ઘીનો દીવો તથા અગરબત્તીનો ધૂપ કરવો જોઇએ.

ભક્તામરના ૪૮ યંત્રો, તેમજ શ્રી સિદ્ધચક્ર મહાયંત્ર, શ્રી ઋષિમંડલ મહાયંત્ર, શ્રી ચિંતામણિ મહાયંત્ર આદિ યંત્રો ઓર્ડર પ્રમાણે મોટા કદનાં બનાવી આપવામાં આવે છે. યંત્ર-પૂજનનો વિશિષ્ટ વિધિ યંત્ર ખરીદતી વખતે અપાય છે.

## પુરુષાદાનીય શ્રી પાર્શ્વનાથ ભગવાનના યંત્રો

(૧) **શ્રી ચિંતામણિમહાયંત્ર** :–આપત્તિનિવારણ તથા અભીષ્ટ કાર્યસિદ્ધિ માટે અકસીર.
$3\frac{1}{2}$" × $3\frac{1}{2}$" સાદો રૂા. ૧૦૦, અભિ. રૂા. ૧૫૦, સ્પે. રૂા. ૩૦૦

(૨) **શ્રી કલિકુંડપાર્શ્વયંત્ર** :–શત્રુનિગ્રહ માટે અકસીર.
$3\frac{1}{2}$" × $3\frac{1}{2}$" સાદો રૂા. ૧૦૦, અભિ. રૂા. ૧૫૦, સ્પે. રૂા. ૩૦૦

(૩) **શ્રી વ્યાપાર-વૃદ્ધિ યંત્ર** :–વ્યાપાર-વૃદ્ધિ તથા લાભ કરનાર.
$3\frac{1}{2}$" × $3\frac{1}{2}$" સાદો રૂા. ૧૦૦, અભિ. ૧૫૦, સ્પે. રૂા. ૩૦૦

(૪) **શ્રી ઉવસગ્ગહરં નવપદાત્મક યંત્રઃ–વિઘ્નનિવારણ** તથા ઈષ્ટ કાર્યની સિદ્ધિ માટે અકસીર.
૭" × ૭" તાંબાની પ્લેટ, સોનેરી ઢાળ. સ્પે. રૂા. ૮૦૦

## મહાદેવી શ્રી પદ્માવતીના યંત્રો

(૫) **શ્રી પદ્માવતી સૌભાગ્યકર યંત્ર** :–ઇષ્ટ પતિ તથા પત્નીની પ્રાપ્તિ માટે તથા પતિ–પત્નીના તૂટેલા સંબંધો બાંધવા માટે અકસીર.

૩½ × ૩½" સાદો રૂા. ૧૦૦, અભિ. રૂા. ૧૫૦, સ્પે. રૂ, ૩૦૦

(૬) **શ્રી પદ્માવતી સર્વભયનિવારણયંત્ર** :–સર્વ પ્રકારના ભયોનું નિવારણ કરવા માટે અકસીર.

૩½" × ૩½" સાદો રૂ. ૧૫૦, અભિ. રૂા. ૧૫૦, સ્પે. રૂ. ૩૦૦.

(૭) **શ્રી પદ્માવતી સર્વ રોગનિવારણ યંત્ર** :–સર્વ પ્રકારના રોગ મટાડવા માટે અકસીર, ૩½ × ૩½ સાદો રૂા. ૧૦૦, અભિ. રૂા. ૧૫૦, સ્પે. રૂા. ૩૦૦

(૮) **શ્રી પદ્માવતી ઋદ્ધિસિદ્ધિ જયકરયંત્ર** :– કોઈપણ કાર્યમાં જય મેળવવા માટે તથા ઋદ્ધિસિદ્ધિની પ્રાપ્તિ માટે અકસીર.

૩½" × ૩½" સાદો રૂા. ૧૦૦, અભિ. રૂા. ૧૫૦, સ્પે. રૂા. ૩૦૦

(૯) **શ્રી મહાલક્ષ્મી–પદ્માવતી યંત્ર** :– ધનપ્રાપ્તિ માટે અકસીર, સોનેરી.

૩½" × ૩½ અભિ. રૂા. ૩૦૦, સ્પે. રૂા. ૫૦૦

## અન્ય યંત્રો

(૧૦) **શ્રી સિદ્ધચક્ર મહાયંત્ર :**– શાંતિ, તુષ્ટિ, પુષ્ટિ માટે અકસીર.
૫$\frac{૧}{૪}$" × ૪" સાદો રૂા. ૧૨૦, અભિ. ૧૭૫

(૧૧) **શ્રી ઋષિમંડલ મહાયંત્ર :**– શાંતિ, તુષ્ટિ, પુષ્ટિ માટે અકસીર.
૫$\frac{૧}{૪}$" × ૪" સાદો રૂા. ૧૨૦, અભિ. રૂા. ૧૭૫

(૧૨) **શ્રી મહાલક્ષ્મી યંત્ર :**– લક્ષ્મીની સ્થિરતા તથા વૃદ્ધિ માટે અકસીર.
૩$\frac{૧}{૨}$" × ૩$\frac{૧}{૨}$" સાદો રૂા. ૧૦૦, અભિ. રૂા. ૧૫૦, સ્પે. રૂા. ૩૦૦

(૧૩) **હ્રીઁકારપટ :**–સૌભાગ્યની વૃદ્ધિ કરનાર.
૩$\frac{૧}{૨}$" × ૩$\frac{૧}{૨}$" સાદો રૂા. ૧૦૦, અભિ. રૂા. ૧૫૦, સ્પે. રૂા. ૩૦૦

(૧૪) **અર્હંયંત્ર :**–અર્હં મંત્રની ઉપાસના માટે અકસીર.
૩$\frac{૧}{૨}$" × ૩$\frac{૧}{૨}$" સાદો રૂા. ૧૦૦, અભિ. રૂા. ૧૫૦; સ્પે. રૂા. ૩૦૦

**નોંધ :** અભિમંત્રિત કરેલા જમણા શંખ–દક્ષિણાવર્ત શંખ રૂા. ૨૫૦ થી ૧૫૦૦ સુધીની કિંમતના મળી શકશે. એકાક્ષી નાળિયેર પણ મળી શકશે.

: પ્રાપ્તિસ્થાન :

# નરેન્દ્રકુમાર ડી. શાહ

લધાભાઈ ગણપત બીલ્ડીંગ, બીજે માળે, ૧૧૩–૧૧૫
કેશવજી નાયક રોડ, (ચીંચ બંદર) મુંબઈ–૪૦૦૦૦૯

નવપ્રભાત પ્રિન્ટીંગ પ્રેસ, ઘીકાંટા રોડ–અમદાવાદ.



મુંબઈ–ચેમ્બુર જૈનમંદિરના મૂલનાયક
યુગાદિદેવશ્રી આદિનાથ ભગવાન

# શ્રી જિનભક્તિ-

## કલ્પતરુ

॥ ॐ ह्रीँ अर्हँ नमः ॥

[ १ ]

## આપણું પ્રથમ કર્તવ્ય

માનવજીવનને સફલ કરવા માટે મહાપુરુષોએ જે સાધનો બતાવ્યાં છે, તેમાં ભક્તિ, યોગ અને મંત્રોપાસનાની મુખ્યતા છે. આ ત્રણ સાધનોમાં પણ ભક્તિનું સ્થાન પહેલું છે, કારણ કે તેનું આલંબન લીધા વિના યોગનું બીજ વવાતું નથી કે તેમાં આગળ વધી શકાતું નથી. અને મંત્રોપાસના તો એક પ્રકારની યોગસાધના જ છે. યોગના ચાર પ્રકારોમાં તેનો નિર્દેશ થયેલો છે. તેની સિદ્ધિ માટે જે સોળ અંગોનું નિરૂપણ થયેલું છે, * તેમાં પહેલું અંગ ભક્તિ છે.

સર્વ સાધનોમાં ભક્તિ એ સરસ–સુંદર–સચોટ સાધન હોવાથી–જગતના સર્વ ધર્મો અને સર્વ સંપ્રદાયોએ તેને અપનાવેલ છે. જૈન ધર્મ તેમાં અપવાદરૂપ નથી, અર્થાત્ તેણે પણ ભક્તિનો એક સાધન તરીકે સ્વીકાર કરેલ છે અને તેને સર્વ ધર્મક્રિયાઓમાં અગ્રસ્થાન આપેલું છે. જૈન શાસ્ત્રોમાં કહ્યું છે કે–

---

* આ સોળ અંગોની માહિતી અમારા રચેલા મંત્રદિવાકરના ત્રીજા પ્રકરણમાં આપેલી છે.

**देवपूजा गुरूपास्ति, स्वाध्यायः संयमस्तपः ।**
**दानश्चेति गृहस्थानां, षट्कर्माणि दिने दिने ॥**

'દેવપૂજા, ગુરુની ઉપાસના, સ્વાધ્યાય, સંયમ, તપ અને દાન, એ ગૃહસ્થનાં ષટ્કર્મો છે.'

હઠયોગીઓ માટે ષટ્કર્મો નિયત થએલાં છે; તાંત્રિકો માટે પણ ષટ્કર્મો નિયત થયેલાં છે; બ્રાહ્મણો માટે પણ ષટ્કર્મો નિયત થયેલાં છે; તેમ જૈન ગૃહસ્થો માટે પણ ષટ્કર્મો નિયત થયેલાં છે. ષટ્કર્મો એટલે છ પ્રકારનાં કર્તવ્યો. તેમાં પહેલું સ્થાન દેવપૂજાનું છે.

અહીં દેવ શબ્દથી જૈન ધર્મના ઉપાસ્ય દેવ **શ્રી જિન ભગવંત, શ્રી અરિહંત દેવ કે તીર્થંકર પરમાત્મા** સમજવાના છે. અને પૂજા શબ્દથી તેમની સેવા-ભક્તિ-આરાધના-ઉપાસના ગ્રહણ કરવાની છે, એટલે અહીં દેવપૂજાનો અર્થ જિનભક્તિ કે જિનોપાસના છે.

જૈન ધર્મમાં દેવ પછીનું સ્થાન ગુરુને પ્રાપ્ત થયેલું છે અને તેમની યથાશક્તિ સેવા-પૂજા-ભક્તિ-ઉપાસના કરવાનો આદેશ અપાયેલો છે, તેથી બીજો નિર્દેશ ગુરુ-ઉપાસનાનો કરાયો છે. અહીં ગુરુ શબ્દથી પંચમહાવ્રતધારી, કંચનકામિનીના ત્યાગી, શમ-દમના ધારક, એવા જૈન શ્રમણો અને શ્રમણીઓ સમજવાના છે.

સ્વાધ્યાયનો એક અર્થ છે: મોક્ષમાર્ગનું પ્રતિપાદન કરનારાં શાસ્ત્રોનું અધ્યયન; એટલે જૈન ગૃહસ્થોએ પોતાના

અધિકાર મુજબ રોજ જૈન શાસ્ત્રોનું પઠન-પાઠન કરવું જોઇએ. સ્વાધ્યાયનો બીજો અર્થ છે: ઇષ્ટમંત્રનો જપ. તે માટે નમસ્કાર મહામંત્ર, અર્હં મંત્ર આદિ મંત્રોનું વિધાન થયેલું છે. જેઓ શાસ્ત્રનો સ્વાધ્યાય કરી શકે તેમ ન હોય, તેમના માટે મંત્રજપ ઉત્તમ છે.

સંયમ એટલે મનનો સંયમ, વચનનો સંયમ અને કાયાનો સંયમ. તેમાં દુષ્ટ કે નિરર્થક વિચારો કરવા નહિ, એ મનનો સંયમ છે; દુષ્ટ કે નિરર્થક વચન-વ્યવહાર કરવો નહિ, એ વચનનો સંયમ છે; અને દુષ્ટ કે નિરર્થક કાયાની પ્રવૃત્તિ કરવી નહિ, એ કાયાનો સંયમ છે. સામાયિક કરવાથી આ ત્રણેય પ્રકારના સંયમનું પાલન થાય છે. સંયમનો અર્થ વ્રત-નિયમોની ધારણા પણ થાય છે, એટલે જૈન ગૃહસ્થે શકય એટલા વ્રત-નિયમોની ધારણા વડે પોતાના જીવનને શોભાવવાનું છે

સંયમની જેમ તપની તાલીમ પણ જૈન ગૃહસ્થો માટે આવશ્યક છે. તે માટે તેણે પોતાના ખાન-પાન પર પૂરેપૂરો કાબૂ રાખવાનો છે. અભક્ષ્યનું ભક્ષણ કરવું નહિ; ભક્ષ્યમાં પણ બહુ તીખાં તમતમતાં પદાર્થો વાપરવા નહિ કે બને તેટલા ઓછા વાપરવા; મીઠાઇઓનો વિશેષ ઉપયોગ કરવો નહિ; શકય એટલો ત્યાગ કરવો ભૂખ કરતાં થોડું ઓછું જમવું, ઘણા પ્રકારની વાનીઓ વાપરવાનો મોહ છોડી દેવો, થોડી પણ સાત્ત્વિક વાનીઓ વાપરવી. પર્વ દિવસે

ઉપવાસ કરવો અને તે શક્ય ન હોય તો આયંબિલ, એકાસણું કે બેઆસણું કરવું. રાત્રિએ ભોજન કરવું નહિ.

કેટલાક મનુષ્યો ઊઠે છે, ત્યારથી પોતાનું મોઢું ખોલે છે અને તેમાં એક યા બીજા પ્રકારના પદાર્થો પધરાવ્યા કરે છે. તેમનો આ વ્યવહાર મોડી રાત્રિ સુધી ચાલે છે. જૈન દૃષ્ટિએ આ વ્યવહાર પશુ જેવો છે. તે કોઈ પણ સંસ્કારી મનુષ્યને શોભતો નથી, પછી જૈનને તો શોભે જ શાનો ?

તપનો વિસ્તાર શાસ્ત્રોમાં ઘણા પ્રકારે દર્શાવેલો છે, પણ અમે તો તેના સારરૂપે અહીં આટલું જણાવેલું છે.

દાન દેવું-યથાશક્તિ દાન દેવું, એ પણ જૈન ગૃહસ્થનું એક કર્તવ્ય છે. વધારે સ્પષ્ટ કહીએ તો ભૂખ્યાને અન્ન આપવું, તરસ્યાને પાણી પાવું, વસ્ત્રહીનને વસ્ત્ર આપવાં, દરદીને ઔષધ આપવું કે ઉપચાર માટે અન્ય વ્યવસ્થા કરી આપવી, સાધુ-સંતનો સત્કાર કરવો અને તેમને આહાર-પાણી વહોરાવવાં, સાધનહીન વિદ્યાર્થીઓને વિદ્યાર્જન માટે જોઈતી સહાય આપવી, અકસ્માત્ આદિ કારણે એકાએક આફતમાં આવી પડેલા મનુષ્યો તથા પ્રાણીઓ પ્રત્યે દયા દર્શાવી તેમની સહાય માટે ફંડ-ફાળામાં નાણાં ભરવાં, એ દાન ધર્મનું પાલન છે.

જૈન શાસ્ત્રોમાં અન્યત્ર કહેવાયું છે કે—

**जिनपूजन विवेकः सत्यं शौचं सुपात्रदानं च ।**
**महिम क्रीडागारः श्रृंगारः श्रावकत्वस्य ॥**

'જિનપૂજન, વિવેક, સત્ય, શૌચ અને સુપાત્રદાન, એ મહિમાને ક્રીડા કરવાના આગાર જેવો શ્રાવકપણાનો શ્રૃંગાર છે.' તાત્પર્ય કે શ્રાવકપણું જિન પૂજન, વિવેક, સત્ય, શૌચ અને સુપાત્રદાનથી શોભે છે અને મહિમાશાલી બને છે.

જિનપૂજનનો અર્થ ઉપર આવી ગયો છે. વિવેક એટલે પુણ્ય-પાપનો વિવેક, કર્તવ્યાકર્તવ્યનો વિવેક, હિતાહિતનો વિવેક. સત્ય એટલે સત્ય બોલવું અને સત્ય આચરવું. શૌચ એટલે બાહ્ય-અભ્યંતર પવિત્રતા. સુપાત્રદાન એટલે જૈન સાધુ-સાધ્વીઓને સૂઝતાં આહારપાણી વહોરાવવાં તથા આવશ્યકતા અનુસાર વસતિ, ઉપધિ, ઔષધ આદિનું દાન દેવું.

અહીં પણ જિનપૂજનને-જિનભક્તિને પ્રથમ સ્થાન અપાયેલું છે, તેની પાઠકમિત્રોએ નોંધ લેવી.

જૈન શાસ્ત્રોમાં નીચેનાં વચનો પણ દૃષ્ટિગોચર થાય છે :

**वर पूजया जिनानां, धर्मश्रवणेन सुगुरुसेवनया ।**
**शासनभासनयोगैः, सृजन्ति सफलं निजं जन्म ॥**

'જિનેશ્વરોની શ્રેષ્ઠ પૂજા વડે, ધર્મશ્રવણ વડે, સદ્-ગુરુની સેવા વડે તથા શાસનની પ્રભાવના થાય તેવાં કાર્યો વડે, મનુષ્યો પોતાના જીવનને સફલ કરે છે.'

આપણને પ્રાપ્ત થયેલા મોંઘેરા માનવજન્મને સફલ કેમ કરવો ? એ એક મોટી સમસ્યા છે. તે માટે સહુ પોતાની સૂઝ-સમજ પ્રમાણે નિર્ણયો કરે છે અને તેને અમલમાં મૂકવા માટે વિવિધ પ્રકારના પ્રયાસો-પ્રયત્નો કરે છે,

પણ આખર સમયે તેમને ખ્યાલ આવે છે કે આ તો સરવાળે શૂન્ય આવ્યું, અને તેમના પસ્તાવાનો પાર રહેતો નથી.

આપણા જીવનનો આવો કરુણ રકાસ ન થાય, તે માટે અનુભવી પ્રાજ્ઞ પુરુષોએ ઉપરનાં વચનો ઉચ્ચારેલાં છે. તેનું તાત્પર્ય એ છે કે મનુષ્યે પોતાના જન્મને ખરે-ખર સફલ કરવો હોય, તો તેણે પ્રથમ આલંબન જિન-ભક્તિનું લેવું. તે સાથે સદ્ગુરુની સેવા પણ કરવી અને તેમના મુખેથી ધર્મનું શ્રવણ કરવું. વળી એ ધર્મ-શ્રવણના ફળરૂપે શાસનની-જિનશાસનની પ્રભાવના થાય, તેવાં કાર્યો પણ કરવાં.

આ સમગ્ર વિવેચનનો સાર એ છે કે આપણું પ્રથમ કર્તવ્ય જિનભક્તિ છે, તેથી તે અંગે બને તેટલી જાણકારી મેળવી લેવી જોઈએ અને તે દિશામાં વિના વિલંબે આગળ વધવું જોઈએ. તેમાં યોગ્ય માર્ગદર્શન મળી રહે તે માટે અમે '**શ્રીજિનભક્તિ-કલ્પતરુ**' નામના આ ગ્રંથની પરિશ્રમપૂર્વક રચના કરેલી છે.

અહીં એટલી સ્પષ્ટતા કરી દઈએ કે જિનભક્તિનો મહિમા તો કલ્પતરુ કરતાં અનેકગણો વધારે છે, પણ સર્વ સામાન્ય જનોને તેના મહિમાનો ખ્યાલ આવે, તે માટે જ અહીં તેને કલ્પતરુની ઉપમા આપેલી છે.

હવે પાઠકમિત્રો નામ તેવા ગુણવાળા આ ગ્રંથને શાંત-સ્વસ્થ ચિત્તે વાંચે-વિચારે એ જ અભ્યર્થના.

[ ૨ ]

## જિનભક્તિનો મંગલ મહિમા–૧

જિનભક્તિ અંગે કંઈ પણ વર્ણન–વિવેચન કરીએ તે પહેલાં અમે પાઠકમિત્રોને તેના મંગલ મહિમાથી પરિચિત કરવા ઇચ્છીએ છીએ. જે વસ્તુનો મહિમા આપણે જાણ્યો હોય, તેના તરફ આપણું સ્વાભાવિક આકર્ષણ થાય છે. શત્રુંજય, ગિરનાર કે સમેતશિખરનો મહિમા જાણ્યા પછી તેની યાત્રા કરવાની કેવી તાલાવેલી આપણા અંતરમાં જાગે છે, તેનું વર્ણન કરવાની જરૂર છે ખરી?

જિનો–અર્હતો–તીર્થંકરો આ જગતની અત્યંત મહિમાશાલી વિભૂતિઓ છે, એટલે તેમની ભક્તિ પણ અત્યંત મહિમાશાળી હોય, એ દેખીતું છે. જૈન શાસ્ત્રોમાં તેના અનેક સ્થલે અનેક પ્રકારનાં વર્ણનો થયેલાં છે. તેના સારરૂપે અહીં થોડી વાનગી રજૂ કરીશું.

જૈન શાસ્ત્રોમાં એક સ્થલે કહ્યું છે કે—

**उपसर्गाः क्षयं यान्ति, छिद्यन्ते विघ्नवल्लयः ।**
**मनः प्रसन्नतामेति, पूज्यमाने जिनेश्वरे ॥**

'શ્રીજિનેશ્વર દેવોની પૂજા-સેવા-ભક્તિ કરવાથી ઉપસર્ગો ક્ષય પામે છે, વિઘ્નોરૂપી વેલડીઓ છેદાઈ જાય છે અને મન પ્રસન્નતાને પામે છે.'

અમને આ ત્રણે ય વસ્તુઓનો અનુભવ થયેલો છે, એટલે અમે આ વચનોને ટંકશાળી માનીએ છીએ અને તેમાં પૂરેપૂરા શ્રદ્ધાન્વિત છીએ.

કેટલાક ઉપસર્ગો મનુષ્યકૃત હોય છે, એટલે કે તે આપણા શત્રુઓ તરફથી, રાજા કે રાજ્યાધિકારીઓ તરફથી અથવા તો ચોર-લૂંટારા-મવાલી-ગુંડાઓ તરફથી થયેલા હોય છે. એ ઉપસર્ગો જિનભક્તિનું આલંબન લેવાથી શમી જાય છે, દૂર થાય છે, નાશ પામે છે. તે અંગે પ્રચલિત પ્રથા ઉવસગ્ગહરં સ્તોત્રની પ્રતિદિન ૧૦૮ ગણના કરવાની છે.× તેમાં જિનભક્તિની જ મુખ્યતા છે. તેના અર્થ-ભાવ-રહસ્યથી પરિચિત થવા માટે અમારો રચેલો '**મહાપ્રાભાવિક ઉવસગ્ગહરં સ્તોત્ર યાને જૈન મંત્રવાદની જયગાથા**' નામનો ગ્રંથ અવશ્ય અવલોકવો.+

કેટલાક ઉપસર્ગો દેવતાકૃત હોય છે, એટલે કે તે કોઈ દેવ-દેવી અથવા ભૂત-પ્રેત-વ્યંતર-રાક્ષસ-પિશાચ

---

× તે અંગે ઉત્તર દિશા, લીલું ગરમ આસન તથા મરગજની માલા વિશેષ કાર્યસાધક છે.

+ આ ગ્રંથની ત્રીજી આવૃત્તિ તાજેતરમાં જ બહાર પડેલી છે, એટલે તે સહેલાઈથી મળે એમ છે.

કે યક્ષાદિ દ્વારા થયેલા હોય છે અને તે મનુષ્યને તોબાહ. પોકારાવે છે, પણ જિનભક્તિનું આલંબન લેતાં તેમાંથી છૂટકારો મળે છે. અમારા ખ્યાલ મુજબ રોજ ૪૦ કે તેથી પણ અધિક સંખ્યામાં '**લોગસ્સ મહાસૂત્ર**'નો પાઠ કરતાં તેનું ધાર્યું પરિણામ આવે છે. તે અંગે અમારો કેટલોક અનુભવ અમે '**લોગસ્સ મહાસૂત્ર**'ના પ્રથમ-પ્રકરણમાં વર્ણવેલો છે.*

વિશેષમાં પુરુષાદાનીય શ્રી પાર્શ્વનાથ ભગવાનનો ચિંતામણિ મંત્ર પણ આ બાબતમાં અકસીર પુરવાર થયેલો છે. આ મંત્રથી અભિમંત્રિત કરેલો વાસક્ષેપ કે જેને અમે ચિંતામણિ વાસક્ષેપનું નામ આપેલું છે, તેનાથી ભૂત-પ્રેત-વ્યંતરાદિ વળગાડના ઘણા કેસો સારા થયેલા છે. આ મંત્રનો પૂરો પાઠ તથા તેને લગતો એક કલ્પ અમે ઉપર જણાવેલા અમારા ઉવસગ્ગહરં સ્તોત્રવિષયક ગ્રંથમાં આપેલો છે.

નાડૂલ નગરમાં શાકિનીકૃત ઉપસર્ગથી મહામારીનો રોગ ફેલાયો, તેનું શમન શ્રીમાનદેવસૂરિએ રચેલ શાન્તિ સ્તવના પાઠથી તથા તેના વડે અભિમંત્રિત કરેલા જલનો છંટકાવ કરવાથી થયું હતું, એ ઇતિહાસપ્રસિદ્ધ હકીકત છે. આ શાન્તિ-સ્તવ આજે લઘુશાન્તિના નામથી પ્રસિદ્ધ છે અને તેની નિયમિત ગણના કરવાથી અનેક પ્રકારના ઉપદ્રવો

---

* આ ગ્રંથ હાલ અલભ્ય છે, પણ પુસ્તકાલયોમાંથી મળી શકે તેમ છે.

શમી જાય છે. અમે આ સ્તવ પર વિશદ વિવેચન કરેલું છે કે જે '**શ્રીપ્રતિક્રમણસૂત્ર-પ્રબોધટીકાના બીજા ભાગ**'માં પ્રસિદ્ધ થયેલું છે.

કેટલાક ઉપસર્ગો તિર્યંચકૃત હોય છે, એટલે કે સિંહ, વાઘ, રીંછ, ચિત્તા આદિ શિકારી પ્રાણીઓ દ્વારા, જંગલી કે મદમસ્ત હાથીઓ દ્વારા અથવા તો સાપ-અજગર આદિ ઉરપરિસર્પો દ્વારા થયેલા હોય છે. તેમાં પણ જિનભક્તિ પોતાની જ્વલંત કામગીરી દર્શાવે છે, અર્થાત્ તેનું શીઘ્ર શમન કરે છે. જૈન શાસ્ત્રોમાં એવા અનેક દાખલાઓ નોંધાયેલા છે કે જ્યારે જૈન શ્રમણો જંગલમાંથી પસાર થતા હતા ત્યારે સિંહ કે વાઘ સામે આવતા દેખાયા, પણ તેમણે મનમાં જિનેશ્વર ભગવંતનું સ્મરણ ચાલુ કરતાં, એ સિંહ કે વાઘ બીજા માર્ગે ચાલ્યા ગયા. વર્તમાનકાળે શ્રી મોહન-લાલજી મહારાજના જીવનમાં પણ આવી ઘટના બનેલી છે. આ વસ્તુ આખરે તો શ્રદ્ધાની છે, એટલે શ્રદ્ધાળુ આત્માઓને તેનો વિશેષ અનુભવ થાય છે.

આટલા વિવેચન પરથી 'उपसर्गाः क्षयं यान्ति' એ વિધાનનું મહત્ત્વ સમજાયું હશે.

મનુષ્યો અનેકવિધ મનોરથો સેવે છે અને અનેક પ્રકારની યોજનાઓ ઘડે છે, પણ તેમાં ઓચિંતાં વિઘ્નો ટપકી પડે છે અને તે સિદ્ધિ-સફલતા કે જય-વિજયના માર્ગમાં કંટકરૂપ થઈ પડે છે. આ વખતે મનુષ્યના ખેદનો

પાર રહેતો નથી. ઘણા તો તેથી હાંફળા-ફાંફળા બની જાય છે અને જે તે ઉપાયો અજમાવવા મચી પડે છે, પણ તેમાંનો કોઈ ઉપાય જિનભક્તિ જેવો અકસીર નથી. તાત્પર્ય કે જિનભક્તિનું અનન્ય આલંબન લેવાથી આ વિઘ્નોરૂપી વેલડીઓ છેદાઈ જાય છે અને કાર્યસિદ્ધિનો માર્ગ મોકળો બને છે.

અમદાવાદના અમારા એક પુસ્તક-પ્રકાશન-સમારોહની આ વાત છે. આ સમારોહ માટે અમારો ઉત્સાહ ઘણો હતો અને તેને શાનદાર બનાવવા માટે અમે તે વખતના ગુજરાતના રાજ્યપાલ શ્રીમાન્ કાનુનગોની પ્રમુખ તરીકે પસંદગી કરી હતી અને તેનો તેમણે સ્વીકાર કર્યો હતો. એ સમારોહના અતિથિવિશેષ તરીકે અમે શ્રીવજુભાઈ શાહને પસંદ કર્યા હતા કે જેઓ એ વખતના ગુજરાત રાજ્યના પ્રધાનમંડળમાં સ્થાન પામેલા હતા.

તે માટે મિત્રો અને કાર્યકર્તાઓએ સારી એવી તૈયારી કરી હતી, પણ સમારોહના થોડા દિવસ પહેલાં જ શ્રી-કાનુનગોને તેમના અંગત કારણોસર ઓરીસા જવાનું થયું અને શ્રી વજુભાઇ તેમની પુરાણી દમની વ્યાધિમાં પટકાઇ પડયા. શ્રીકાનુનગો ઓરીસાથી પાછા કયારે ફરશે, તે કોઇ નિશ્ચિતપણે કહી શકતું ન હતું અને શ્રીવજુભાઇ એટલા સમયમાં સાજા-સારા થઈ સમારોહમાં પધારશે કે કેમ ? એ પૂરેપૂરું શંકાસ્પદ હતું.

મિત્રો અને કાર્યકર્તાઓ કહેવા લાગ્યા કે 'આ તો મોટું વિઘ્ન આવ્યું. આ સંયોગોમાં સમારોહ થઈ શકે એવી કોઈ શકયતા નથી, માટે તે બંધ રાખવાની જાહેરાત કરી દેવી જોઈએ.' અમે કહ્યું : 'મોટું વિઘ્ન આવ્યું એ વાત સાચી, પણ તેથી આપણો સમારોહ બંધ રાખ-વાની જરૂર નથી. તે નિર્ધારિત સમયે અવશ્ય થશે.' અમારો આ ઉત્તર સાંભળીને મિત્રો તથા કાર્યકર્તાઓ હસવા લાગ્યા. તેમાંના એકે તો એમ પણ કહ્યું કે 'આ વાત અમારી બુદ્ધિમાં ઉતરતી નથી. તમે શાથી કહો છો કે સમારોહ નિર્ધારિત સમયે અવશ્ય થશે ?' અમે કહ્યું : 'એ તો અમે પણ જાણીએ છીએ કે આ વાત તમારી અક્કલમાં ઉતરે તેવી નથી, પણ અમે પ્રતિદિન ઇષ્ટદેવનું સ્મરણ કરીએ છીએ, તેમની ભક્તિ કરીએ છીએ, તેમાં અમને આ પ્રકારનો ઈસારો થયેલો છે, એટલે તમને આ પ્રમાણે જણાવીએ છીએ.' મિત્રો અને કાર્યકર્તાઓએ કહ્યું : 'જો વસ્તુસ્થિતિ આ જ પ્રકારની હોય તો અમારે કંઈ કહેવું નથી. પણ આપણી ફજેતી ન થાય, તેનો ખ્યાલ રાખશો.' અમે કહ્યું : 'જેમણે અમને અનેકવાર અપયશમાંથી બચાવ્યા છે, તે આ વખતે શું અમારી ફજેતી થવા દેશે ? એ કદી બને જ નહિ, બને જ નહિ, બને જ નહિ.'

એમ કરતાં સમારોહને પાંચ જ દિવસ બાકી રહ્યા અને અમે શાહીબાગ–રાજ્યપાલની ઓફિસમાં જઈ તપાસ કરી તો તેઓ સવારમાં જ આવી ગયા હતા. તેમના મંત્રીએ

સંદેશો કહેવડાવતાં અમારી તેમની સાથે મુલાકાત થઈ. તેમણે કહ્યું : 'ભાઈ શાહ! મારી હાલની પરિસ્થિતિ એવી છે કે હું કોઈ પણ જાહેર સમારંભમાં ભાગ લઈ શકું નહિ, પણ તમને અગાઉથી સમય આપી ચૂકયો છું, એટલે સમારોહમાં સમયસર જરૂર આવી જઈશ. ત્યાં બહુ ધામધૂમ કરશો નહિ.' અમે તેમનો અંતઃકરણથી આભાર માન્યો અને ત્યાંથી સીધા શ્રીવજુભાઈ શાહને મળવા ગયા. તેમણે અમારો યથોચિત સત્કાર કર્યા પછી જણાવ્યું કે 'કાલ રાત્રિથી તબિયત ઠીક લાગે છે અને મને વિશ્વાસ છે કે બે-ત્રણ દિવસમાં તો હું બરાબર થઈ જઈશ. તમે મારી ચિંતા ન કરશો. હું અને જયા સમયસર આવી જઈશું.' અમે તેમનો પણ આભાર માન્યો અને અમારા ઉતારે પાછા ફર્યા.

આ વિઘ્નનિવારણ નિમિત્તે નમસ્કાર મહામંત્ર અને ઉવસગ્ગહરં સ્તોત્રનો જપ છેલ્લા કેટલાક દિવસથી ચાલુ હતો અને તે છેક સુધી ચાલુ રહ્યો. કહેવાની ભાગ્યે જ જરૂર છે કે અમારો એ સમારોહ નિર્ધારિત સમયે અવશ્ય થયો અને તે અમારા મસ્તક પર યશકલગી પહેરાવતો ગયો.

મુંબઈના એક પુસ્તક-પ્રકાશન-સમારોહ વખતે એવું બન્યું કે અમને બીજી તારીખો અનુકૂલ ન આવતાં જુલાઈની પહેલી તારીખ નક્કી કરી અને તે માટે પાટકર હોલ પણ નોંધાવી દીધો. ત્યાર પછી મિત્રો અને કાર્ય-

કર્તાઓની મીટીંગ ભરવામાં આવી, તો બધાએ એકી અવાજે જણાવ્યું કે 'આ તારીખે તો વરસાદ પુષ્કળ હોય, એટલે સમારોહ થઈ શકે જ નહિ. તમે આ બાબતના અનુભવી છતાં કેમ ભૂલ્યા ?' અમે થોડી વાર વિચાર કરીને કહ્યું : 'તમારું કહેવું સાચું છે કે આ તારીખે સમારોહ રખાય જ નહિ, પણ હવે હું નિર્ણય કરી ચૂકયો છું અને તે બદલવાનું ઠીક લાગતું નથી.'

અમારો આ ઉત્તર સાંભળીને એક મિત્રે કહ્યું : 'તો ઘણો કડવો અનુભવ થશે.' અમે કહ્યું : 'જોયું જશે. હવે આપણે બધાએ આ જ કામે લાગવાનું છે.'

ત્યાર પછી અમે જિનભક્તિનું ખાસ આલંબન લીધું અને રોજ સવારમાં બે કલાક તેમાં ગાળવા માંડયા. આ બાજુ નિમંત્રણો નીકળ્યાં અને વરસાદની થોડી મુશ્કેલી નડવા છતાં મનોરંજન કાર્યક્રમની પણ સારી એવી તૈયારી કરી. અનુક્રમે ૩૦ મી જુનનો દિવસ આવી પહોંચ્યો અને વરસાદ મુશલધારે વરસવા લાગ્યો. તેણે રાત્રે પણ વિસામો લીધો નહિ, એટલે મિત્રોના ફોન આવવા લાગ્યા : 'અમારે શું કરવાનું છે ?' અમે ઉત્તર આપ્યો : 'તમને જે કામ સોંપાયું છે, તે બરાબર કરવાનું છે.' સામેથી પ્રશ્ન પૂછાયો 'પણ વરસાદ આવો ને આવો ચાલુ હશે તો હોલ પર આવશે કોણ ?' અમે કહ્યું ! 'આપણો કાર્યક્રમ તો સવારના નવ વાગતાં યોજાએલો છે. ત્યાં સુધીમાં બધું ઠીક થઈ જશે.' અને તેમણે 'ઉફ !' કહીને નીચે ફોન મુકવા માંડયા.

વરસાદ આખી રાત્રિ ચાલુ રહ્યો, પણ સવારના છ વાગતાં બંધ પડયો અને આકાશ સ્વચ્છ થવા માંડયું. પછી પાટકર હોલે પહોંચવામાં કંઈ મુશ્કેલી હતી જ નહિ. સહુ સમયસર આવી ગયા અને સમારોહ શાનદાર થયો. પરંતુ એ વખતે નોંધપાત્ર ઘટના એ બની કે બધા પ્રેક્ષકો તથા કાર્યકર્તાઓ ઘરે પહોંચ્યા પછી વરસાદ પાછો શરૂ થયો અને તેણે ત્રણ દિવસ-રાતની ભારે હેલી જમાવી દીધી!

આ બધા અનુભવો પરથી જ 'छिद्यन्ते विघ्नवल्लयः' એ વચનો પર અમારો પૂર્ણ વિશ્વાસ જામેલો છે.

પરંતુ સહુથી મોટી અને મહત્ત્વની વાત તો એ છે કે જિનભક્તિનું અનન્ય આલંબન લેતાં આપણા મનમાં રહેલો સઘળો વિષાદ દૂર થાય છે અને પરમ પ્રસન્નતાનો અનુભવ થવા લાગે છે. મહાત્મા આનંદઘનજીએ 'ચિત્ત પ્રસન્ને રે પૂજનફલ કહ્યું' એ શબ્દો વડે આ વસ્તુનું સમર્થન કરેલું છે.

આપણી સામાન્ય સમજ-સામાન્ય માન્યતા એવી છે કે આપણી પાસે વધારે ધન-દોલત હોય, ઘણો પૈસો હોય, મોટું બેન્કબેલન્સ હોય તો આપણે સારા સ્થાનમાં રહી શકીએ, સુખ-સગવડનાં અનેક સાધનો વસાવી શકીએ અને આનંદપૂર્વક-પ્રસન્નતાપૂર્વક આપણું જીવન વ્યતીત કરી શકીએ, પણ અનુભવે આ સમજ-આ માન્યતા ખોટી પુરવાર થઇ છે.

અમે મલબાર હીલના આલિશાન ફ્લેટમાં એરકન્ડીશન્ડ રૂમમાં રહેતા એવા અનેક મનુષ્યોને જોયા છે કે જેઓ અંતરથી દુ:ખી છે, તેમના મનને ચેન નથી, અંતરને કરાર નથી. તેમને કોઈને કોઈ પ્રકારની ચિંતા સતાવી રહી છે, તેમને કોઈને કોઈ પ્રકારનો ભય સંતાપ ઉપજાવી રહ્યો છે, અને તેમને કોઈને કોઈ પ્રકારનો અસંતોષ દિલ પર ડામ દઈ રહ્યો છે. વળી તેમના આરોગ્યમાં મોટાં પંકચરો પડેલાં છે. એક રોગ જાય છે, તો બીજો તેનું સ્થાન લેવા તૈયાર જ ઊભો હોય છે.

ઘરમાં અનેક પ્રકારની વાનગીઓ તૈયાર થઈ હોય, છતાં તેમને તો મોસંબીના રસ અને છાસના ગ્લાસ પર જ જીવવાનું હોય છે. આવી કથની તો બીજી પણ ઘણી છે. શું આને તમે આનંદપૂર્વકનું-પ્રસન્નતાપૂર્વકનું જીવન કહેશો ખરા ?

ત્રણ ભાઈઓ મુંબઈમાં આવ્યા. મહેનત-મજૂરી કરી ધંધે લાગ્યા. ધંધાએ તેમને યારી આપી અને તેમનું બૅન્ક બેલન્સ સાત આંકડાનું બની ગયું. તેમણે માટુંગામાં મોટો ફ્લેટ લીધો. ત્રણ મોટરો ખરીદી. ઘરમાં રસોઈયો, ઘરઘાટી અને બીજા નોકરો કામ કરવા લાગ્યા. રોજ અનેક માણસોએ તેમને સલામ ભરવાની શરુ કરી.

તેઓ અમારા પરિચિત હતા, એટલે એક વાર અમે તેમને મળવા ગયા. ત્યાં મોટા ભાઈને પૂછ્યું કે 'બધું

કેમ ચાલે છે?’ તેણે કહ્યું : ‘આમ તો બધું ઠીક છે, પણ હમણાં ઈન્કમટેક્ષવાળા અને સેલ્સટેક્ષવાળા જીવ ખાય છે. વળી કોર્ટમાં એક મોટો કેસ ચાલી રહ્યો છે, તેની પણ કેટલીક ચિંતા થાય છે.’ અમે કહ્યું : ‘પણ તમારું શરીર પહેલાં જેવું લાગતું નથી’ તેણે કહ્યું : ‘આ બધી ચિંતાઓમાં થોડું લેવાઈ ગયું છે, પણ એ તો ઠીક થઈ જશે.’ પછી બીજા ભાઈને પૂછયું. ‘કેમ આનંદમાં છો ને? ‘તેણે કહ્યું : ‘આનંદ તો એવો જ. ધીમે ધીમે ડાયાબીટીસનું પ્રમાણ વધી ગયું છે અને હમણાં તો પ્રેશર પણ હાઈ રહે છે, એટલે મજા આવતી નથી. ‘અમે કહ્યું : ‘તેના ઉપચાર તો કરતા હશોને!’ તેણે કહ્યું : ‘ઉપચાર તો કરીએ છીએ, પણ ડોકટરો કહે છે, તેવી પરેજી પળાતી નથી! ખાંડ ન ખાઓ, બટાટા ન ખાઓ, ભાત પણ છોડો! ત્યારે ખાવું શું?’ અમે તેનો જવાબ વાળવાને બદલે નવો પ્રશ્ન પૂછયો : ‘અમારાં બહેન કેમ છે?’ તેણે કહ્યું : ‘એની હાલત તો મારા કરતાં પણ ખરાબ છે. રોજ ડોકટરોના બાટલા ભરે છે અને નવી નવી ફરિયાદો કરતી જ હોય છે! આમાં તે છોકરાઓની સારસંભાળ શું કરે? પણ આપના પ્રતાપે બધું ચાલ્યા કરે છે.’

પછી ત્રીજા ભાઈને મળ્યા. તેમને પૂછયું : ‘કેમ છો?’ તેણે કહ્યું : ‘આનંદમાં તો નથી જ!’ અમે પૂછયું : ‘કેમ ભલા!’ તો તેણે કહ્યું : ‘કારખાનામાં હડતાલ પડી છે અને તેનું સમાધાન થાય, તેવાં કોઈ ચિહ્ન દેખાતાં નથી.

વળી હમણાં તો તોફાનો પણ શરૂ થયાં છે અને ખૂનની ધમકી પણ મળી ચૂકી છે. કહો, આમાં આનંદ ક્યાંથી હોય?' અમે કહ્યું : 'ભગવાનની ભક્તિ કરો, બધાં સારાં વાનાં થશે.' પછી ત્યાં કોફી અને નાસ્તાને ન્યાય આપી પાછા ફર્યા. રસ્તામાં એક જ વિચાર આવ્યા કર્યો કે જ્યારે આ ભાઈઓ મહેનત-મજૂરી કરીને પોતાનું જીવન નભાવતા હતા, ત્યારે કેવા તંદુરસ્ત હતા! કેવા સુખી હતા! અને આજે ધનવાન ગણાય છે, ત્યારે બિચારાઓની તેમની સ્થિતિ કેવી છે?

એક વાર દક્ષિણના પ્રવાસમાં એક અમેરિકન ગૃહસ્થનો ભેટો થયો. તે મોટા રસાલા સાથે પ્રવાસ કરી રહ્યો હતો. અમે પૂછ્યું : 'ક્યાં જઈ રહ્યા છો?' તેણે કહ્યું : 'દક્ષિણનાં કેટલાંક સ્થાનોની મુલાકાત લીધા પછી હું હરદ્વાર જઈ રહ્યો છું.' અમે પૂછ્યું : 'ત્યાં જવાનું ખાસ પ્રયોજન?' તેણે કહ્યું : 'મારે ચિત્તની શાંતિ જોઈએ છીએ-ચિત્તની પ્રસન્નતા જોઈએ છીએ, તે ત્યાં મળી જશે, એવી મારી ધારણા છે. અમેરિકામાં મારી પાસે ધનનો તોટો નથી, ભોગસામગ્રી પણ અપાર છે, પરંતુ તેનો ઉપભોગ કરતાં મનને શાંતિ મળતી નથી, મન પ્રસન્ન રહેતું નથી. મેં સાંભળ્યું છે કે ભારતમાં એવા યોગીઓ અને સાધુસંતો રહે છે કે જે તરત જ આપણને મનની શાંતિનો-મનની પ્રસન્નતાનો અનુભવ કરાવી શકે. તેમાંના કોઈ હરદ્વારમાં મળવા સંભવ છે.' અમે કહ્યું : 'તમારો પ્રવાસ સફલ હો.'

આટલા વિવેચન પરથી પાઠકમિત્રો ચિત્તની પ્રસન્નતાનું ખરું મૂલ્ય–વાસ્તવિક મહત્ત્વ સમજી શકયા હશે. ચિત્તની જે પ્રસન્નતા અનેકવિધ ઉપાયો કે યોજનાઓ કરવા છતાં પ્રાપ્ત થતી નથી, તે જિનભક્તિનું અનન્ય આલંબન લેતાં અવશ્ય પ્રાપ્ત થાય છે, એ તેનો કેવો–કેટલો મોટો મહિમા !

મહર્ષિ નંદિષેણે **'અજિત–શાન્તિ–સ્તવ'** માં કહ્યું છે કે–

**अजियजिण ! सुहप्पवत्तणं, तव पुरिसुत्तम नामकित्तणं ।**
**तह य धिइमइ-प्पवत्तणं, तव य जिणुत्तम ! संति कित्तणं ॥**

'હે પુરુષોત્તમ અજિતનાથ ! તમારું નામ–કીર્તન શુભને પ્રવર્તાવનારું છે, તેમજ ધૃતિ અને મતિને આપનારું છે. હે જિનોત્તમ શાંતિનાથ ! તમારું નામ–કીર્તન પણ એવું જ છે.'

અહીં શ્રી અજિતનાથ અને શ્રી શાંતિનાથ ભગવાનની સ્તુતિ ચાલી રહી છે, એટલે તેમનો નામ–નિર્દેશ થયેલો છે, પણ આ વસ્તુ બધા જિનેશ્વરોને સરખી લાગુ પડે છે, એટલે કે તેમનાં નામ–કીર્તનથી પણ આવું જ પરિણામ આવે છે.

શુભનું પ્રવર્તન ત્યારે જ થાય છે કે જ્યારે અશુભનું નિવારણ થાય, એટલે અહીં અશુભનું નિવારણ અને શુભનું પ્રવર્તન એ બંને વસ્તુ સમજી લેવાની છે.

જ્યાં નામકીર્તનનો મહિમા આવો હોય, ત્યાં પૂજા–

સેવા-ભક્તિનો મહિમા કેવો હોય? તે પાઠકો સ્વયં વિચારી શકે છે.

અહીં ધૃતિ શબ્દથી ધૈર્ય અને મતિ શબ્દથી સન્મતિ અભિપ્રેત છે.

તાત્પર્ય કે જિનભક્તિનું આલંબન લેતાં સર્વ અશુભોનું નિવારણ થાય છે, સર્વ શુભોનું પ્રવર્તન થાય છે, ધૈર્યની પ્રાપ્તિ થાય છે અને સન્મતિ સાંપડે છે.

ભારતની વિચિત્ર સ્થિતિ નિહાળ્યા પછી મહાત્મા ગાંધીએ 'સબકો સન્મતિ દે ભગવાન!' એ શબ્દો ઉચ્ચાર્યા હતા અને અમે પણ મહાદેવી શ્રી પદ્માવતીની નિત્ય-પ્રાર્થનામાં સન્મતિની જ માગણી કરીએ છીએ, કારણ કે સન્મતિ હશે તો જ સઘળો વ્યવહાર સારી નીતે ચાલશે અને જીવનના છેલ્લા શ્વાસ સુધી ન્યાય-નીતિ-ધર્મની ભાવના ટકી રહેશે.

જિનભક્તિના મંગલ મહિમાનું વિશેષ વર્ણન હવે પછીના પ્રકરણમાં જોઈ શકાશે.

[ ૩ ]

# જિનભક્તિનો મંગલ મહિમા–૨

જિનભક્તિનો મહિમા કેવો અદ્ભુત છે, કેવો મંગલમય છે, કેવો કલ્યાણકારી છે, તેનો કેટલોક ખ્યાલ પાઠકમિત્રોને પૂર્વપ્રકરણ પરથી આવી ગયો હશે. અમે ઇચ્છીએ છીએ કે તેઓ જિનભક્તિના આ અદ્ભુત–મંગલમય–કલ્યાણકારી મહિમા પરત્વે ઊંડો વિચાર કરી જિનભક્તિને પોતાના જીવનમાં વિશિષ્ટ સ્થાન આપે અને એ રીતે શ્રેયસ્–સિદ્ધિની દિશામાં એક પ્રશસ્ત પગલું ભરે.

'પછી વાત' એ પ્રમાદનો સૂર છે, આળસનો ઉદ્ગાર છે અને વધારે સ્પષ્ટ કહીએ તો આપણને કર્તવ્ય માર્ગમાંથી પીછેહઠ કરાવનારી ચાર અક્ષરની–ચંડાળ ચોકડી છે. આજ આપણી છે, કાલ આપણી નથી, એટલું તો જાણો ! જેણે કાલનો ભરોસો રાખ્યો, તે આ જગતમાંથી વિલા મોઢે વિદાય થયા ! 'ઘડપણમાં ગોવિંદના ગુણ ગાઈશું" એમ કહેનારાના અને માનનારાના આખરે કેવા હાલ થયા, તે તમે નથી જાણતા શું ?

જો જિનભક્તિ કરવા જેવી છે, અવશ્ય કરવા જેવી

છે, તો આજથી જ તેનું આલંબન લો. તેને કાલ પર મુલતવી રાખશો નહિ. કાલ કોણ જાણે કેવી ઉગશે અને તમારા મનનાં પરિણામો કેવાં હશે, તે કહેવું મુશ્કેલ છે.

એક ગૃહસ્થ મળવા આવ્યા. તેમણે કહ્યું : 'હવે સારા માર્ગે ધન વાપરવું છે, તેની કોઈ સુંદર યોજના બતાવો.' અને અમે તે અંગે કેટલીક ચર્ચા-વિચારણા કરી, પણ તે અંગે આખરી નિર્ણય કરવાનું કામ કાલ પર રાખ્યું. સવારે તે ગૃહસ્થનું હાર્ટફેઈલથી મરણ થયું અને યોજનાઓ યોજનાઓના ઠેકાણે રહી ! માટે જ કાલનો ભરોસો રાખવો નકામો છે.

આ બધું જાણવા છતાં મનુષ્યો પોતાનો ચાલુ ચીલો છોડતા નથી અને કર્તવ્યનો રાહ અપનાવતા નથી, એ કેટલું આશ્ચર્યજનક છે ! કેટલું ખેદજનક છે ! પાઠકમિત્રો આ પ્રકારની મૂર્ખાઈમાં ન સંડોવાય, એટલું ઇચ્છી અમે પ્રસ્તુત વિષયમાં આગળ વધીશું.

જૈન શાસ્ત્રોમાં કહ્યું છે કે—

भत्तीइ जिणवराणं, परमाए खीण-पिज्ज-दोसाण ।
आरुग्ग-बोहिलाभं, समाहिमरणं च पावेंति ॥

'રાગ અને દ્વેષનો ક્ષય કરનાર જિનેશ્વરોની પરમ ભક્તિ કરવાથી મનુષ્યો આરોગ્ય, બોધિલાભ અને સમાધિમરણ પામે છે.'

અહીં આરોગ્યથી રોગરહિત અવસ્થા અભિપ્રેત છે કે જેને માટે આપણે 'શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય' એવો શબ્દપ્રયોગ કરી શકીએ. રોગ શરીરનો પણ હોય છે અને મનનો પણ હોય છે. જ્યારે આ બેમાંથી કોઈ પ્રકારનો રોગ ન હોય, ત્યારે શરીર અને મનની સ્વસ્થતા બરાબર જળવાઈ રહે છે અને તે જિનભક્તિ તથા તપ-જપ-સંયમની સાધના કરવામાં અતિ ઉપયોગી થઈ પડે છે. એ તો આપણો રોજિંદો અનુભવ છે કે જ્યારે આપણું શરીર સ્વસ્થ ન હોય કે મન સ્વસ્થ ન હોય, ત્યારે આપણે જિનભક્તિ યથાર્થપણે કરી શકતા નથી; તપ કરવાનું બનતાં સુધી માંડી વાળીએ છીએ અને જપ કરવા માટે કદી હાથમાં માળા પકડીએ તો જેમ તેમ ગણીને તેને છોડી દઈએ છીએ. આ સ્થિતિમાં ત્રણ-ચારથી વધારે માળા તો ગણી શકાતી જ નથી. સંયમ સાધના તો આપણા જીવનમાં પહેલેથી જ ઓછી છે, એટલે તે આવા પ્રસંગમાં સહેજે છૂટી જાય છે. તાત્પર્ય કે શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય વિના કોઈ પણ પ્રકારની સાધના-આરાધના-ઉપાસના યથાર્થ સ્વરૂપે થઈ શકતી નથી, તેથી પહેલી જરૂર શારીરિક અને માનસિક સ્વાસ્થ્યની છે. 'शरीर-माद्यं खलु धर्मसाधनम्'-શરીર એ ધર્મનું પ્રથમ સાધન છે' એ મનુસ્મૃતિનાં વચનો આ વિચારનું સમર્થન કરે છે.

કેટલાક કહે છે કે 'અમને શરીરની પડી નથી. અમારા શરીરનું ગમે તે થાય, પણ અમે ધાર્યો ધર્મ કરવાના.' પરંતુ આ વચનો બાલીશ છે. જેમાં કંઈ તથ્ય ન હોય, એવાં

વચનોનું મૂલ્ય શું? આવાં વચનો ઉચ્ચારનારા એક નાની સરખી માંદગી આવે છે, ત્યાં ગભરાઈ જાય છે અને ડોક્ટર–વૈદ્ય–હકીમને બોલાવવા માટે દોડાદોડી કરી મૂકે છે, પછી ધાર્યો ધર્મ કરવાની વાત તો રહી જ કયાં? આથી સુજ્ઞજનોએ શરીર પ્રત્યે બેદરકારી બતાવવા કરતાં તેનું સ્વાસ્થ્ય કેમ જળવાઈ રહે, તેની પૂરી કાળજી રાખવી જોઈએ.

અહીં એટલી સ્પષ્ટતા આવશ્યક છે કે શરીરને જેમ બિમાર પડતાં અટકાવવું જોઈએ, તેમ તે ફીટી ન જાય, એટલે કે ઇન્દ્રિયોના ઉન્માદને વશ થઈ ન જાય, તે પણ જોવું જોઇએ. અહીં ઇન્દ્રિયોના ઉન્માદથી તીવ્ર સ્પર્શલાલસા, તીવ્ર રસલાલસા, તીવ્ર ગંધલાલસા, તીવ્ર રૂપલાલસા અને તીવ્ર શબ્દલાલસા સમજવાની છે. તાત્પર્ય કે ઇન્દ્રિયોના વિષયની બાબતમાં સુજ્ઞ મનુષ્યે સંયમથી વર્તવાની જરૂર છે અને તે ત્યારે જ બની શકે છે કે જ્યારે આપણને શરીરનું લાલન–પાલન કરવામાં પૂરતો વિવેક જાળવ્યો હોય. યથાશક્તિ તપશ્ચર્યાનું આલંબન આમાં ઘણી મદદ કરી શકે છે.

'પહેલું સુખ તે જાતે નર્યા' 'Health is waelth' વગેરે કહેવતો પણ આરોગ્યનું મહત્ત્વ પ્રદર્શિત કરે છે. મનુષ્ય પાસે અન્ય સાધનસામગ્રી ભલે ન હોય, પણ તેનું શરીર નીરોગી હોય તો તે પોતાનો જીવનવ્યવહાર ચલાવી શકે છે અને આનંદમાં દિવસો પસાર કરી શકે છે. દિવસ ભર મહેનત–મજૂરી કરીને રોજી-રોટી રળનારા અનેક મનુષ્યોને

અમે રાતના સમયે સ્નેહીજનો તથા મિત્રો સાથે આનંદ-કિલ્લોલ કરતા જોયા છે. તેથી આરોગ્યને શ્રેષ્ઠ સંપત્તિ માનીને આપણે ચાલવું જોઇએ.

અમે અમારા સિત્તોતેર વર્ષના જીવનમાં ઘણું કામ કરી શક્યા, એનું મુખ્ય કારણ અમારી નીરોગી અવસ્થા છે. અહીં એ સ્પષ્ટતા પણ કરી દઇએ કે વચ્ચે વચ્ચે અમે પણ બિમાર તો પડયા છીએ, પણ થોડા વખતમાં જ સાજા થઈ પાછા કામે લાગ્યા છીએ. એકંદર અમારું શરીર નીરોગી રહ્યું છે, એકંદર અમારા શરીર અને મનનું સ્વાસ્થ્ય બરાબર જળવાઈ રહ્યું છે, તેનું ખરું કારણ જિનભક્તિનું અનન્ય આલંબન છે.

કેટલાક કહે છે કે 'આરોગ્યનું મહત્ત્વ તો અમે પણ સ્વીકારીએ છીએ, પણ તે જિનભક્તિથી શી રીતે પ્રાપ્ત થાય? તે અમને સમજાતું નથી. અમારો ખ્યાલ તો એવો જ છે કે યોગ્ય આહાર-વિહાર, વ્યાયામ અને આસનાદિનું આલંબન લેવાથી આરોગ્યની પ્રાપ્તિ થાય છે. આ બાબતમાં આપને શું કહેવાનું છે?'

આવો ખ્યાલ બીજા ઘણાનો પણ છે, એટલે અમે આ પ્રશ્નનો વિસ્તારથી જવાબ આપવા ઇચ્છીએ છીએ. યોગ્ય આહાર-વિહારથી આરોગ્ય જળવાય છે, એમાં કોઇ શંકા નથી. આયુર્વેદે તેની સ્પષ્ટ જાહેરાત કરેલી છે અને આપણો રોજિંદો અનુભવ તેની સાક્ષી પૂરે છે. આરોગ્યની જાળવણી માટે વ્યાયામ પણ જરૂરી છે, તેથી આપણી શાળા-

મહાશાળાઓમાં તેને સ્થાન અપાયેલું છે. અને સ્વતંત્ર વ્યાયામશાળાઓ પણ આ દિશામાં પોતાનો ફાળો આપી રહેલી છે. આસન એટલે યોગાસનો. તેનો પ્રચાર પણ આજે જગદ્વ્યાપી છે. પરંતુ આપણા લોકો વ્યાયામ કે યોગાસનના અભ્યાસમાં વિશેષ રસ લેતા નથી. કદાચ ટકો-બે ટકા લોકો તેમાં ભાગ લેતા હોય તો એ સંખ્યા ગણનાપાત્ર નથી. આ બધા આરોગ્યને લગતા સામાન્ય નિયમો છે અને તેનું પાલન કરવાથી અમુક લાભ તો જરૂર થાય છે, એટલે અમે તેના વિવાદમાં ઉતરવા ઇચ્છતા નથી, પરંતુ અહીં એટલું જણાવવા તો જરૂર ઇચ્છીએ છીએ કે મનુષ્યના આરોગ્યમાં બીજી પણ ઘણી વસ્તુઓ ભાગ ભજવે છે. તેમાંની એક વસ્તુ જિનભક્તિ છે.

જિનની-જિનેશ્વરદેવની પરમ ભક્તિ કરનારો આત્મા સારા પ્રમાણમાં સંયમી બને છે, તેથી તેના શરીરમાં રોગને દાખલ થવાનો અવકાશ રહેતો નથી. કદાચ કર્મસંયોગે તેના શરીરમાં રોગનાં બીજ વવાયાં હોય, તો તે ચિત્તશુદ્ધિના કારણે નાશ પામે છે. ચિત્તમાં શાંતિ અને શુદ્ધિનું પ્રમાણ જેટલું વધારે, તેટલું આરોગ્યનું પ્રમાણ વધારે, એ એક માન્ય સિદ્ધાંત છે અને તે આજના મનોવૈજ્ઞાનિકોએ પણ કબૂલ રાખેલો છે.

વિશેષમાં અમે અમારી નજરે એવા કિસ્સાઓ જોયા છે કે જેમાં અનેક પ્રકારના ઉપચારો કરવા છતાં રોગ-નિવારણ થયું ન હોય અને જિનભક્તિનું આલંબન લેતાં તેનો એકાએક અંત આવી ગયો હોય.

અમદાવાદના એક શ્રીમંત જૈન ગૃહસ્થને ડાબા હાથની કોણીના નીચેના ભાગમાં લકવો લાગુ પડયો. તે અંગે પ્રથમ ડોકટરી ઉપચારો શરૂ થયા, પણ તેણે કંઈ કારી કરી નહિ. પછી આયુર્વેદિક ઉપાયો અજમાવવામાં આવ્યા, તે પણ નિષ્ફલ ગયા. એટલે તે ગૃહસ્થે લંડન અને વિયેનાના નિષ્ણાત ડોકટરોની મુલાકાત લીધી અને આ બાબતમાં તેમની સલાહ માગી. તેમણે અમુક પ્રકારની સલાહ આપી, પણ તે પ્રમાણે ઉપચાર કરતાં કંઈ પરિણામ આવ્યું નહિ. તેઓ અમદાવાદ પાછા ફર્યા અને હતાશ હૈયે પોતાનો સમય પસાર કરવા લાગ્યા.

એવામાં એક જૈન મુનિરાજનો ભેટો થયો. પેલા ગૃહસ્થે પોતાની બધી હકીકત તેમની આગળ રજૂ કરી. તે સાંભળી મુનિરાજે કહ્યું : 'તમારે હતાશ થવાની જરૂર નથી. તમે ત્રણ મહિના સુધી રોજ નવસ્મરણનો પાઠ કરો અને તમે આ રોગમાંથી જરૂર મુક્ત થશો.' પેલા ગૃહસ્થે તેમનું વચન માન્ય કર્યું અને તેમના કહ્યા મુજબ ત્રણ માસ સુધી રોજ નવસ્મરણનો પાઠ કર્યો કે તેઓ એ રોગમાંથી મુક્ત થઇ ગયા. આમાં કઇ વસ્તુએ શું કામ કર્યું ? તેનો નિર્ણય પાઠકો પોતે જ કરે.

આપણે બધી વસ્તુના બુદ્ધિગમ્ય ખુલાસા ઇચ્છીએ છીએ, પણ તે શકય નથી. આ જગતમાં એવું ઘણું બને છે કે જેનો કોઇ બુદ્ધિગમ્ય ખુલાસો થઇ શકતો જ નથી.

આજથી લગભગ ત્રણ વર્ષ પહેલાં અમારા જમણા અને ડાબા હાથની ચોથી અને પાંચમી આંગળીએ ખૂબ ખાલી ચડવા લાગી અને તે કચરાઈ રહી હોય, એવો અનુભવ થવા લાગ્યો. એ લકવો ન હતો, પણ બીજી જ કોઈ બિમારી હતી. પછી કુટુંબીજનોની ઇચ્છા મુજબ તેનો ડૉક્ટરી ઇલાજ શરૂ કર્યો, એ ઇલાજ લગભગ બે માસ ચાલ્યો, પણ તેનું કંઇ જ પરિણામ ન આવ્યું. વધારે સ્પષ્ટ કહીએ તો લાગુ પડેલી બિમારીએ એક કદમ આગળ ભર્યું અને તેની નીચેનો હથેળીનો ભાગ પણ કઠણ થવા લાગ્યો. ત્યાર પછી બીજા ડૉક્ટર, ત્રીજા ડૉક્ટર, ચોથા ડૉક્ટરના આશ્રયે ગયા, પણ તે દરેક પોતપોતાની રીતે તેનું નિદાન કરવા લાગ્યા. વાસ્તવમાં તેમાંના કોઈ પણ સત્ય નિદાન સુધી પહોંચી શક્યા નહિ.

ત્યાર પછી અમારે દેવલાલી–કાનજી ખેતશી આરોગ્ય-ધામમાં જવાનું થયું. ત્યાં અમે અમારો ઉપાય અજમાવવાનો નિર્ણય કર્યો. એ ઉપાય હતો–જિનભક્તિનું અનન્ય આલંબન લેવાનો. તે માટે અમે રોજના પૂજાપાઠ પછી ઉત્તરાભિમુખ બનીને શ્રી ચિંતામણિ પાર્શ્વનાથની શ્વેતપુષ્પોથી પૂજા કરવા લાગ્યા અને ચિંતામણિ મંત્રના દશ હજારથી પણ અધિક જપ કરવા લાગ્યા. એ રીતે અગિયાર દિવસમાં સવા લાખ જપ કરતાં અમારી બીમારી અદૃશ્ય થઇ અને અમારી આંગળીઓ પૂર્વવત્ બની ગઈ, જે આજે પણ એ જ અવસ્થામાં છે.

જ્યારે અમારા ડૉક્ટર મિત્રોએ જાણ્યું કે અમે આધ્યાત્મિક ઉપાયથી આ રોગમાંથી મુક્તિ મેળવી છે, ત્યારે તેમના આશ્ચર્યનો પાર રહ્યો નહિ.

ચાલુ વર્ષે અમારા ધર્મપત્નીને અગ્નિમાંદ્યનો રોગ લાગુ પડયો અને તેમાંથી અરુચિ ઉત્પન્ન થઈ. તેમને કોઈ ખોરાક ભાવે નહિ. આખા દિવસમાં માંડ માંડ ચાર-પાંચ તોલા જેટલો ખોરાક તેમના પેટમાં જાય. ખોરાકના અભાવે તેઓ દુબળા પડતા ગયા અને છેવટે પથારીવશ થયા. પથારીમાંથી બેઠા થવું હોય કે દશ ડગલાં દૂર જવું હોય તો પણ ભારે પડે. ડૉક્ટરોએ પોતાની બધી વિદ્યા અજમાવી, પણ બિમારીએ મચક આપી નહિ. તેમના કહ્યા મુજબ ઝાડો, પેશાબ, લોહી તપાસરાવ્યા, તો તેમાં બધું 'નોર્મલ' આવ્યું. પછી અન્નનળી, જઠર, આંતરડાં વગેરેના ફોટા લેવડાવ્યા તો તેનું પરિણામ પણ 'નોર્મલ' જ આવ્યું. કાર્ડિયોગ્રામમાં હૃદયની સ્થિતિ પણ 'નોર્મલ' જ આવી. તાત્પર્ય કે તેમાંથી ડૉક્ટરોને કોઈ પણ રોગનો સંકેત મળ્યો નહિ


અમે અમારા ધર્મપત્નીને કહ્યું : 'હવે તો અમને અમારો ઉપાય અજમાવવા દો.' તેણે એમાં સંમતિ આપી, એટલે અમે ત્રણ દિવસ સુધી તેમને શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ અને મહાદેવી શ્રી પદ્માવતીની ૫૦૦, ૫૦૦ મોગરાનાં પુષ્પોથી પૂજા કરાવી અને અમે પોતે એ ત્રણ દિવસોમાં

૧૨૫૦૦ ચિંતામણિ મંત્રનો જપ કર્યો. તેનું ધાર્યું પરિણામ આવી ગયું. તેમણે પથારી છોડી દીધી અને જાણે નવી શક્તિનો સંચાર થયો હોય, તેમ ઘરમાં હરવા-ફરવા માંડયું. તે દિવસથી ખોરાક પણ ઠીક ઠીક પ્રમાણમાં લેવા માંડયો અને સાતેક દિવસમાં તો તેમણે પોતાની પૂર્વાવસ્થા પ્રાપ્ત કરી લીધી.

લંડનમાં એક જૈન બહેનનો ડાબો હાથ રહી ગયો હતો અને તેનાં હાડકાઓમાં દુઃખાવો થતો હતો. લંડનના સારામાં સાર ડૉકટરોનો આશ્રય લેવા છતાં તેમાં કંઈ ફાયદો થયો નહિ. પરંતુ તે મુંબઈ આવતાં આઠ દિવસના જિન ભક્તિ-અનુષ્ઠાનનો કાર્યક્રમ ગોઠવાયો. તેમણે તથા તેમના પતિએ તેમાં શ્રદ્ધાપૂર્વક ભાગ લીધો અને અનુષ્ઠાનના અંતે એ બહેન રોગમાંથી મુક્ત થઈ ગયા.

તાત્પર્ય કે જિનભક્તિ એક એવું સબલ સાધન છે કે જેની અજમાયશ થતાં કષ્ટસાધ્ય કે અસાધ્ય રોગો પણ મટી જાય છે અને આરોગ્યની પુનઃ પ્રાપ્તિ થાય છે.

જિનભક્તિનું અનન્ય આલંબન લેતાં બીજા પણ ઘણા લાભો થાય છે. તેમાં 'બોધિલાભ'ની મુખ્યતા છે. આ 'બોધિલાભ' શબ્દ ઘણો અર્થગંભીર છે અને તે જૈનત્વની પ્રાપ્તિથી માંડીને ધાર્મિક-આધ્યાત્મિક ઉચ્ચ કોટિની ભૂમિકાઓને આવરી લે છે. તે થોડા વિવેચનથી પાઠકમિત્રોને સ્પષ્ટ સમજાઈ જશે.



ચોવીશ તીર્થંકરોનો જયપુરી પટ
જેની ગ્રંથલેખક છેલ્લાં ત્રીસ વર્ષથી
એકધારી ઉપાસના કરી રહેલા છે.



દેલવાડાનાં દહેરાનું એક દૃશ્ય
જે જિનમંદિરોની ભવ્યતાનો ખ્યાલ આપે છે.

પ્રથમ તો જિનભક્તિના અનન્ય આલંબનથી જૈનધર્મ પ્રાપ્તિરૂપ બોધિલાભ કેવી રીતે થાય છે, તે જોઈ લઈએ. જિનભક્તિનું અનન્ય આલંબન લેતાં જૈન સંસ્કૃતિ અને જૈનધર્મ પ્રત્યે પ્રેમ જાગે છે, જૈનધર્મના આચાર અને વિચારનું આકર્ષણ થાય છે અને તેને જીવનમાં ઉતારવાનો નિષ્ઠાભર્યો પ્રયાસ શરુ થાય છે. આ જ છે જૈનધર્મની પ્રાપ્તિ. અહીં એ પણ જણાવી દઈએ કે જૈનકુલમાં જન્મ્યા, એટલે જૈનધર્મની પ્રાપ્તિ થઈ ગઈ એમ સમજવાનું નથી. જ્યારે આપણામાં જૈનત્વ પાંગરે અને જૈનધર્મોપદિષ્ટ આચાર–વિચારનું સેવન થવા લાગે, ત્યારે જ આપણને જૈનધર્મની પ્રાપ્તિ થઈ છે, એમ સમજવાનું છે.

જિનભક્તિનું અનન્ય આલંબન લેતાં સમ્યક્ત્વની સ્પર્શનારૂપ બોધિલાભની પણ પ્રાપ્તિ થાય છે. ધાર્મિક–આધ્યાત્મિક વિકાસના ક્રમમાં આ એક ઘણી અગત્યની વસ્તુ છે, એટલે શાસ્ત્રકારોએ તેની ભૂરિ ભૂરિ પ્રશંસા કરી છે. તેઓ કહે છે :

सम्यक्त्वरत्नान्न परं हि रत्नं,
सम्यक्त्वमित्रान्न परं हि मित्रम् ।
सम्यक्त्वबन्धोर्न परो हि बन्धुः,
सम्यक्त्वलाभान्न परो हि लाभः ॥

'સમ્યક્ત્વરત્નથી કોઈ શ્રેષ્ઠ રત્ન નથી; સમ્યક્ત્વમિત્રથી

કોઈ શ્રેષ્ઠ મિત્ર નથી; સમ્યક્ત્વબંધુથી કોઈ શ્રેષ્ઠબંધુ નથી અને સમ્યક્ત્વલાભથી કોઈ શ્રેષ્ઠ લાભ નથી.'

दानानि शीलानि तपांसि पूजा,
सत्तीर्थयात्रा प्रवरा दया च ।
सुश्रावकत्वं व्रतपालनं च,
सम्यक्त्वमूलानि महाफलानि ॥

'વિવિધ પ્રકારનાં દાનો, વિવિધ પ્રકારનાં શીલો, વિવિધ પ્રકારનાં તપો, પ્રભુપૂજા, મહાન તીર્થોની યાત્રા, ઉત્તમ દયા, સુશ્રાવકપણું અને વ્રતપાલન સમ્યક્ત્વપૂર્વક હોય તો જ મહાફલને આપનારાં થાય છે.' અન્યથા નહિ, એ અહીં અધ્યાહારથી સમજી લેવાનું છે.

આપણો આત્મા અનાદિ કાલથી આ સંસારમાં પરિભ્રમણ કરી રહ્યો છે, તેનું એક સબલ કારણ મિથ્યાત્વ છે. જ્યાં સુધી આપણો આત્મા મિથ્યાત્વથી ઘેરાયેલો છે, ત્યાં સુધી તે સાચાને ખોટું સમજવાનો, ખોટાને સાચું સમજવાનો અથવા તો સાચા અને ખોટા બંનેને સમાન માનીને પોતાનો વ્યવહાર ચલાવવાનો. આ સ્થિતિમાં તેને ઘેરૂં કર્મબંધન થાય, એ સ્વાભાવિક છે. હવે આ આત્માને પુણ્યના પ્રબલ યોગે જ્યારે જિનભક્તિનું આલંબન મળે છે, ત્યારે આ મિથ્યાત્વરૂપ અંધકાર દૂર થવા માંડે છે અને એમ કરતાં જ્યારે તે પૂરેપૂરો દૂર થઈ જાય છે, ત્યારે તેને સમ્યક્ત્વની સ્પર્શના થાય છે, અર્થાત્ તે સમ્યગ્ દર્શન પામે છે.

ઉત્તરાધ્યયનસૂત્રમાં એક સ્થળે કહ્યું છે કે 'જ્યાં સુધી સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થતી નથી, ત્યાં સુધી સમ્યગ્જ્ઞાનની પ્રાપ્તિ થતી નથી, જ્યાં સુધી સમ્યગ્ જ્ઞાનની પ્રાપ્તિ થતી નથી, ત્યાં સુધી સમ્યક્ચારિત્રની પ્રાપ્તિ થતી નથી; જ્યાં સુધી સમ્યક્ચારિત્રની પ્રાપ્તિ થતી નથી, ત્યાં સુધી કર્મનો ક્ષય થતો નથી; અને જ્યાં સુધી કર્મનો ક્ષય થતો નથી, ત્યાં સુધી મોક્ષ કે નિર્વાણની પ્રાપ્તિ થતી નથી.' તાત્પર્ય કે સમ્યગ્દર્શન એ મોક્ષ-માર્ગનો પ્રથમ ઉપાય છે, તેથી સુજ્ઞજનોએ તેની પ્રાપ્તિ માટે પ્રયત્નશીલ બનવું જોઈએ, તે માટે પૂરેપૂરો પુરુષાર્થ અજમાવવો જોઈએ.

અહીં અમે એટલી સ્પષ્ટતા કરીએ તો ઉચિત જ લેખાશે કે સમ્યક્ત્વની સ્પર્શના માટે–સમ્યગ્દર્શનની પ્રાપ્તિ માટે અન્ય કોઈ ઉપાય કરતાં જિનભક્તિનું આલંબન એ જ શ્રેષ્ઠ ઉપાય છે અને તે આપણે સરલતાથી અજમાવી શકીએ તેમ છીએ.

જિનભક્તિનું અનન્ય આલંબન લેતાં રત્નત્રયીની પ્રાપ્તિ થાય છે. આને પણ આપણે એક પ્રકારનો બોધિ-લાભ સમજવાનો છે. રત્નત્રયી એટલે ત્રણ રત્નોનો સમૂહ. તે અહીં સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર જાણવા. અહીં રત્નની ઉપમા શ્રેષ્ઠતા સૂચવવા માટે અપાયેલી છે. તાત્પર્ય કે જિનભક્તિનું અનન્ય આલંબન લેતાં મોક્ષમાર્ગના ઉપાયો સમીપ આવે છે અને એ રીતે

આપણું મોક્ષ મહાલય કે સિદ્ધિસદન પ્રત્યેનું પ્રયાણ ઝડપી બને છે. અહીં અમને શ્રીમદ્ યશોવિજયજી ઉપાધ્યાયનાં નિમ્ન વચનો યાદ આવે છે.

મુક્તિથી અધિક તુજ ભક્તિ મુજ મન વસી,
જેહ શું સબળ પ્રતિબંધ લાગો;
ચકમક પાષણ જેમ લોહને ખેંચશે,
મુક્તિને સહજ તુજ ભક્તિરાગો.

'હે પ્રભો' ! મારા મનમાં મુક્તિ કરતાં પણ તારી ભકિત ઘણી વસેલી છે. તેમાં મને દૃઢ મમત્વ ઉત્પન્ન થયું છે. જેમ ચકમકનો પાષાણ લોઢાના ટૂકડાને પોતાના ભણી ખેંચે છે, તેમ તારી ભક્તિનો દૃઢ અનુરાગ મુક્તિને મારા ભણી ખેંચશે.'

આટલા વિવેચન પરથી બોધિલાભનું મહત્ત્વ ખ્યાલમાં આવશે.

જિનભક્તિનું અનન્ય આલંબન લેતાં સમાધિમરણનો પણ લાભ થાય છે, પણ તે અંગે વિશેષ વિચારણા આગામી પ્રકરણમાં કરીશું.

[ ૪ ]

## જિનભક્તિનો મંગલ મહિમા–૩

જિનભક્તિનું અનન્ય આલંબન લેતાં આપણને કેવા લાભો થાય છે, તે આપણે ગત બે પ્રકરણમાં વિચારી ગયા. હજી તેના એક મોટા લાભ અંગે વિચારણા કરવાની છે, તે આ પ્રકરણમાં કરીશું.

જિનભકિતનો મહિમા ખરેખર અપૂર્વ છે, અદ્ભુત છે! તેનું જેટલું વર્ણન–વિવેચન કરવા ધારીએ, તેટલું થઈ શકે એમ છે, પણ આપણે હજી જિનભક્તિ અંગે ઘણી મહત્ત્વની બાબતો વિચારવાની છે, એટલે પ્રસ્તુત પ્રકરણમાં જ તેની સમાપ્તિ કરીશું.

જિનભક્તિનું અનન્ય આલંબન લેતાં આપણને શારીરિક અને માનસિક સ્વસ્થતા પ્રાપ્ત થાય છે, તેને પહેલો મહાન લાભ સમજવાનો છે. જિનભક્તિનું અનન્ય આલંબન લેતાં આપણું જૈનત્વ પાંગરે છે, સમ્યક્ત્વની સ્પર્શના થાય છે અને મોક્ષમાર્ગના ઉપાયરૂપ રત્નત્રયીની પ્રાપ્તિ થાય છે, તેને બીજો મહાન લાભ સમજવાનો છે. તેજ રીતે જિનભક્તિનું અનન્ય આલંબન લેતાં આપણને સમાધિ–

મરણની પ્રાપ્તિ થાય છે. તેને ત્રીજો મહાન લાભ સમજવાનો છે.

અહીં એક પાઠકમિત્ર પ્રશ્ન કરે છે કે 'શું આપણામાં સમાધિ લઈને મરવાની પ્રથા પ્રચલિત છે કે?' તેનો ઉત્તર એ છે કે 'અહીં સમાધિમરણનો અર્થ સમાધિ લઈને મરવાનો નથી, પણ સમાધિપૂર્વકનું મરણ છે. ચિત્તની સમાહિત-શાંત અવસ્થાને સમાધિ કહેવામાં આવે છે.'

બીજા એક પાઠકમિત્રનો પ્રશ્ન એ છે કે 'આપણે જીવન સંબંધી-જીવનની ઉન્નતિ-પ્રગતિ સંબંધી વિચાર કરીએ એ ઠીક છે, પણ મરણ સંબંધી વિચાર શા માટે કરવો ? એ તો એક યા બીજા પ્રકારે આવવાનું જ છે અને આપણે આ જગતમાંથી વિદાય થવાનું છે.' તેનો ઉત્તર એ છે કે 'જન્મ અને મરણ એ જીવનરૂપી લાકડીના બે છેડા છે, એટલે તેની વિચારણા સિવાય જીવનની વિચારણા પૂરી થતી નથી. વળી આપણી મરણસમયની સ્થિતિને આગામી ભવ સાથે ઘણો સંબંધ છે, તેથી પણ મરણસંબંધી વિચારણા પ્રસ્તુત બને છે. તેજ રીતે આપણા જીવનની સફલતા-નિષ્ફલતાનું વાસ્તવિક મૂલ્યાંકન કરવા માટે મરણ એક મોટું સાધન છે, એટલે તેની વિશિષ્ટ વિચારણા કરવી આવશ્યક છે.

આપણા માટે મરણ નિશ્ચિત છે, એમાં તો કોઈ શંકા જ નથી. જે જન્મ્યો, તે અવશ્ય મરવાનો. પરંતુ મરવા-મરવાની રીતમાં ફેર હોય છે. પોતાનું મરણ ભૂંડા

હાલે થાય, એવું કોઈ ઈચ્છતું નથી; સહુ સારા મરણની ઈચ્છા રાખે છે અને તે જ કારણે શાસ્ત્રોમાં મરણ સંબંધી ઊંડી વિચારણા થયેલી છે. તેનાથી આપણે પરિચિત થઈએ એ જરૂરનું છે.

અહીં ત્રીજો પ્રશ્ન પણ ઉપસ્થિત થઇ રહ્યો છે: 'જે વસ્તુ પર આપણો કોઈ કાબૂ ન હોય, તે સંબંધી વિચારણા કરવાથી શો લાભ?' તેનો ઉત્તર એ છે કે 'મૃત્યુ અથવા મરણની બાબતમાં છેક એવું નથી. જો આપણે ધારીએ તો તેના પર અમુક અંશે કાબૂ મેળવી શકીએ છીએ, એટલે તેની વિચારણા લાભપ્રદ છે. જો મરણ એ ઉપેક્ષા–પાત્ર વસ્તુ હોત તો આપણા ઋષિમુનિઓએ, આપણા તંત્રવિશારદોએ અને આપણા રસસંપ્રદાયવાળાઓએ તે સંબંધી વર્ષો સુધી જે જહેમતભરી વિચારણા કરેલી છે, તે ન જ કરી હોત.'

મનુષ્યનું મરણ અનેક રીતે થાય છે, પણ જૈન શાસ્ત્રકારોએ તેની અવસ્થાવિશેષને લક્ષ્યમાં રાખીને તેના બે પ્રકારો પાડેલા છે : એક બાલમરણ, બીજું પંડિતમરણ.

બાલમરણમાં બાલ શબ્દ અજ્ઞાનનો–અજ્ઞાનદશાનો સૂચક છે, એટલે જે મરણ અજ્ઞાનદશાને લીધે આર્તધ્યાન રૌદ્રધ્યાનમાં થાય, અર્થાત્ દુઃખ, નિસાસા, આક્રંદ, રડાકૂટ કે વૈરના બદલાના વાતાવરણમાં થાય, તેને બાલમરણ સમજવું. આ પ્રકારના મરણથી મનુષ્યની અંતસમયની

લેશ્યા અર્થાત્ અધ્યવસાયની ધારા બગડે છે અને તે દુર્ગતિનો અધિકારી થાય છે, એટલે કે મરણ બાદ નરક અથવા તિર્યંચગતિમાં ઉત્પન્ન થાય છે, તેથી બાલમરણ ઈચ્છવા યોગ્ય નથી.

આજની પરિસ્થિતિ તો એવી છે કે મનુષ્યનો મૃત્યુ-સમય નજીક જણાતાં તેને કોઈ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવે છે, જ્યાં દવાના ડોઝ, ઈંજેકશનો કે ઓકિસજન લેતાં લેતાં તેના પ્રાણ નીકળી જાય છે. આ વખતે તેને જીવવાની લાલસા હોય છે, એટલે તેના અંતરમાં આર્ત-ધ્યાન ચાલી રહ્યું હોય છે અને તે અંતસમયની આરાધના પણ પામી શકતો નથી, તેથી આવા મરણને આપણે બાલમરણ સમજવું.

અંતસમય એટલે મૃત્યુનો-મરણનો સમય નજીક આવતાં ધર્મની જે વિશિષ્ટ આરાધના કરવી, તેને અંત-સમયની આરાધના કહેવાય છે. તેમાં મુખ્યત્વે નમસ્કાર મહામંત્રનાં નવ પદોનો જપ કરવાનો હોય છે અથવા અન્યના મુખેથી એ પદો સાંભળવાનાં હોય છે અને અરિ-હંત, સિદ્ધ, સાધુ તથા કેવલી ભગવંતોએ કહેલો ધર્મ એ ચારનું શરણ અંગીકાર કરવાનું હોય છે. આ આરાધનાના પ્રતાપે જીવની મતિ બગડતી નથી, તેની લેશ્યા શુભ રહે છે અને તેના પરિણામે તે સદ્ગતિનો અધિકારી થાય છે, તેથી અંતસમયે આ આરાધના આવશ્યક મનાયેલી છે.

અહીં એટલી સ્પષ્ટતા જરૂરી છે કે રોગોત્પન્ન ભારે અશક્તિને કારણે જો મનુષ્ય નમસ્કાર મહામંત્રનાં નવ પદોનું સ્મરણ કરી શકે નહિ તો તેના પાંચ પ્રથમાક્ષરો અ સિ આ ઉ સા નું જ સ્મરણ કરે, અને જ્યારે તે પણ શક્ય ન રહે, ત્યારે એ પાંચ અક્ષરોથી બનેલા ૐકાર મંત્રનું સ્મરણ કરે. *

મનુષ્યનું મરણ સુધારી લેવાની આ કેવી ભવ્ય યોજના! પણ આજે તો તેના પર પાણી ફરી વળ્યું છે. માત્ર ગણ્યા-ગાંઠ્યા મનુષ્યો જ તેનો લાભ લે છે. બાકી તો આર્તધ્યાન-રૌદ્રધ્યાનના સપાટે ચડી કે બેહોશ બની બાલમરણના ભોગ જ બને છે.

અહીં અમને એક ઇતિહાસપ્રસિદ્ધ દાખલો યાદ આવે છે. મહમ્મદ ગીઝનીએ ભારત પર સાત વાર સવારી કરીને સોના-રૂપાનો ગંજ એકઠો કર્યો હતો તથા મૂલ્યવાન રત્નોની એક મોટી પેટી ભરી હતી, પણ જ્યારે તેને ભાન થયું કે હવે મારો અંત સમય નજીક છે, ત્યારે એ સોના રૂપાના ગંજની સમક્ષ રત્નની પેટી પર બેસીને પોકે ને પોકે રોયો હતો કે 'શું આ બધું છોડીને મારે જવું પડશે?'

અહીં ધનપાલ શેઠની કથા પણ વિચારવા યોગ્ય છે.

---

* ૐકારનું સ્વરૂપ તથા તેની ઉપાસના-આરાધના સમજવા માટે અમારો રચેલો ૐકાર-ઉપાસના નામનો ગ્રંથ જુઓ.

## ધનપાલ શેઠની કથા

એક નગરમાં ધનપાલ નામે શેઠ હતા. તે પૈસે-ટકે સુખી હતા અને ચાર પુત્રોના પિતા હતા. તેઓ પોતાના સમયનો મોટો ભાગ વ્યાપાર-વણજ અને વ્યવહારમાં જ પસાર કરતા. સાધુ સંતનો સમાગમ તેમને ગમતો નહિ. તેઓ એવું માનતા કે સાધુસંતના સમાગમમાં આવીએ તો તેઓ દાનધર્મનો ઉપદેશ આપે અને આપણું ધન ઓછું કરાવે, તેથી તેમના સમાગમમાં ન આવવું એ જ સારું છે.

હવે સાધુસંતના સમાગમ વિના મનુષ્યમાં ધર્મની ભાવના પાંગરતી નથી, ધર્મપરાયણતા આવતી નથી, એટલે આ શેઠ ધર્મકરણીથી-ધાર્મિક પ્રવૃત્તિઓથી વિમુખ જ રહ્યા. કાળક્રમે તેઓ બિમાર પડયા અને તેમની બિમારી વધતી ચાલી. તેમના પુત્રોને લાગ્યું કે 'હવે બાપાજી ઝાઝો સમય નહિ કાઢે, પરંતુ તેઓ આવી ધર્મવિહીન અવસ્થામાં મરણ પામે, એ ઠીક નહિ. એથી તો એમની ગતિ બગડશે અને ભવભ્રમણ વધી જશે.' એટલે તેઓ એક મુનિરાજને પોતાને ત્યાં બોલાવી લાવ્યા અને પોતાના પિતાને ધર્મનો ઉપદેશ આપવાની વિનંતિ કરી. મુનિરાજ તેનો સ્વીકાર કરી શેઠના ઓરડામાં દાખલ થયા અને ધર્મલાભ કહીને ઊભા રહ્યા. આ શબ્દો સાંભળતાં જ ધનપાલ શેઠે પોતાનું મોઢું ફેરવી લીધું. મુનિરાજ સમજી ગયા કે તેમને મારો ધર્મોપદેશ સાંભળવાની ઇચ્છા નથી, એટલે તેઓ ત્યાંથી ચાલ્યા ગયા.

પુત્રો હોશિયાર હતા, એટલું જ નહિ કર્તવ્યપરાયણ પણ હતા, એટલે તેઓ આ પ્રસંગથી નિરાશ ન થતાં ફરી તેમને ધર્મ સંભળાવવાની વેતરણમાં પડ્યા અને બીજા મુનિરાજને બોલાવી લાવ્યા, પરંતુ તેનું પરિણામ પણ પહેલા જેવું જ આવ્યું.

બે-ત્રણ વાર આવું બન્યા પછી તેઓ એક એવા મુનિરાજને પોતાને ત્યાં બોલાવી લાવ્યા કે જેમની ધર્મોપદેશક તરીકે બહુ મોટી ખ્યાતિ હતી. તેઓ ગમે તેવા વક્ર અને જડને પણ ધર્મ પમાડી શકતા. પુત્રોએ તેમની યોગ્ય ભક્તિ કર્યા પછી તેઓ શેઠના ઓરડે પધાર્યા. અને શેઠની પાસે જઈને કહ્યું : 'હું તમને કોઈ પ્રકારનો ઉપદેશ આપવા આવ્યો નથી. મારે તો એક નાનકડું કામ છે, તેને ચીંધવા આવ્યો છું.' મુનિરાજના આ શબ્દો સાંભળતાં શેઠને ધરપત થઈ અને તેઓ બોલ્યા : 'મારા સરખું જે કંઈ કામ હોય તે ખુશીથી જણાવો.'

મુનિરાજે કહ્યું : 'મારો એક ખાસ ભક્ત હમણાં જ સ્વર્ગમાં સીધાવ્યો છે. તેને મારે એક સોય મોકલવાની છે. તે તમે સ્વર્ગમાં પધારો, ત્યારે સાથે લઈ જજો અને તેને આપી દેજો.'

શેઠે કહ્યું : 'એ તો કેમ બને ?'

મુનિરાજે કહ્યું : 'એમાં અશક્ય જેવું શું છે ? જ્યારે તમે સ્વર્ગમાં જતી વખતે હીરા-મોતી-માણેક તથા સોનાના

ઠગ સાથે લઈ જવાના છો, ત્યારે આ નાનકડી સોય નહિ લઈ જઈ શકો શું ?'

શેઠ ચતુર હતા, હજી તેમની સાન ઠેકાણે હતી, એટલે મુનિરાજનો કટાક્ષ સમજી ગયા અને તેજ વખતે બે હાથ જોડીને બોલ્યા : 'કૃપાળુ ! મારી ભૂલ થઈ છે, મેં ઘણી ભૂલ કરી છે. આજ સુધી ધર્મનું કંઈ પણ આરાધના કર્યું નથી, હવે મારું શું થશે ?'

મુનિરાજ કહે, 'હજી તમારું ત્રણ દિવસનું આયુષ્ય બાકી છે, તેમાં બને તેટલું દાન-પુણ્ય કરી લો, એટલે દુર્ગતિ દૂર થશે અને તમે સદ્ગતિના ભાજન થશો.'

તે જ દિવસથી શેઠે દાન-પુણ્ય શરુ કરી દીધું અને ત્રણ દિવસમાં તો પોતાની લગભગ અર્ધી મિલકત તેમાં ખરચી નાખી. આ રીતે દાનધર્મનું પાલન કરતાં તેમને અનેક દીન-દુઃખીઓના આશીર્વાદ સાંપડયા, પરિણામે તેઓ બિમારીમાંથી મુક્ત થયા અને બીજા આઠ વર્ષ જીવ્યા, પણ તેમનું એ જીવન ધર્માભિમુખ હતું. ધર્મપરાયણ હતું.

આપણામાંના ઘણાખરાની દશા આ ધનપાલ શેઠ જેવી જ છે. તેમણે વ્યવસાય અને વ્યવહારને વહાલો કર્યો છે અને ધર્મને ધક્કો માર્યો છે. કદાચ ધક્કો ન માર્યો હોય તો પણ તેને પોતાના જીવનમાં જેવું અને જેટલું આદરભર્યું-માનભર્યું સ્થાન આપવું જોઈએ, તે આપેલું નથી. 'અર્થ' અને 'કામ' પહેલા, 'ધર્મ' પછી, એ તેમની

નીતિ છે અને તેમનો વ્યવહાર એ રીતે જ ચાલે છે, પછી તેમના જીવનમાં ધર્માભિમુખતા કે ધર્મપરાયણતા પ્રગટે શી રીતે ?

શાસ્ત્રકારોએ માનવજીવનના ચાર પુરુષાર્થનું વર્ણન કરતાં ધર્મને પહેલું સ્થાન આપ્યું છે, અર્થ અને કામને પછી મૂકયા છે અને છેવટે મોક્ષનો નિર્દેશ કરેલો છે. આનો અર્થ એ છે કે મનુષ્યે પ્રથમ પુરુષાર્થ ધર્મ અંગે–ધર્મારાધન અંગે કરવાનો છે. તે પછી અર્થ અને કામ પર ધ્યાન આપવાનું છે અને છેવટે મોક્ષભણી દૃષ્ટિ રાખીને તે માટે પ્રયત્નશીલ બનવાનું છે. પરંતુ આપણે તો એ ક્રમ ઉથલાવી નાખ્યો છે અને અર્થ, કામ, ધર્મ, તથા મોક્ષ એ ક્રમને પસંદગી આપી છે. તેનું જ એ પરિણામ છે કે આજે આપણા જીવનમાં ધર્મ છેક ગૌણ બની ગયો છે અને મોક્ષ તો માત્ર કહેવા પૂરતો જ રહી ગયો છે. આ સ્થિતિમાં આપણે બાલમરણના ભોગ બનીએ, એમાં આશ્ચર્ય શું ?

હવે પંડિતમરણ પર આવીએ. પંડિતમરણ એટલે સમજણપૂર્વકનું મરણ, શાંતિપૂર્વકનું મરણ. સંસારનું સાચું સ્વરૂપ સમજી તેની મોહ–માયા છોડવી અને મૃત્યુને અનિવાર્ય જાણીને તેને અંતસમયની આરાધના પૂર્વક શાંતિથી ભેટવું, એ પંડિતમરણનો સાચો અર્થ છે. આ પ્રકારના મરણમાં અંતસમયે મનની સ્થિતિ

સમાહિત એટલે ખૂબ શાંત હોય છે, તેથી તેને સમાધિ-મરણ પણ કહેવામાં આવે છે.

સમાધિમરણનું પરિણામ સદ્‌ગતિમાં આવે છે, એટલે સમાધિમરણ પામનાર દેવલોકમાં ઉત્પન્ન થાય છે, અથવા તો પુનઃ મનુષ્યનો અવતાર પામે છે. તત્ત્વજ્ઞ પુરુષો તો દેવગતિ કરતાં પણ મનુષ્યગતિને વિશેષ પસંદ કરે છે, કારણ કે દેવગતિમાં માત્ર ભૌતિક સુખોનો ભોગ જ કરવાનો હોય છે અને તે પૂરો થયા પછી પાછું સંસારમાં પરિભ્રમણ કરવું પડે છે, જ્યારે મનુષ્યગતિમાં શ્રેયસ્સાધનાની સર્વ તકો રહેલી છે અને તેનો યોગ્ય ઉપયોગ થાય તો ભવસાગર જરૂર પાર કરી શકાય છે. તાત્પર્ય કે પંડિતમરણ —સમાધિમરણ ઇચ્છવા યોગ્ય છે, તેથી સર્વ સુજ્ઞજનોએ તેની ઇચ્છા રાખવી જોઈએ અને તેની નિશ્ચિત પ્રાપ્તિ થાય, તે માટે નિત્ય-નિરંતર જિનભક્તિનું અનન્ય આલંબન લેવું જોઈએ.

અહીં એટલી સ્પષ્ટતા ઉચિત છે કે મરણ એ જીવન-નો સરવાળો છે, એટલે જેણે જે જાતનું જીવન પસાર કર્યું હોય, તેને તે પ્રકારનું મરણ પ્રાપ્ત થાય છે. વધારે સ્પષ્ટ કહીએ તો જેણે જીવનમાં અનેક પ્રકારનાં કાળાં-ધોળાં કર્યાં હોય અને છેવટ સુધી એ જ જાતની પ્રવૃત્તિઓ ચાલુ રાખી હોય, તેને બાલમરણ જ પ્રાપ્ત થાય છે. જ્યારે જિન ભક્તિના રંગે રંગાનારા, ધાર્મિક-આધ્યાત્મિક પ્રવૃત્તિઓ કરનારા અને કોઈનું પણ ભલું કરી છૂટનારાઓ પંડિત

કે સમાધિમરણ પામે છે. તાત્પર્ય કે પાપીઓને પંડિત-મરણ પ્રાપ્ત થાય અને ધર્મપરાયણ વ્યક્તિઓને બાલમરણ પ્રાપ્ત થાય એ શક્ય નથી, એટલે હિતાવહ એ છે કે પંડિતમરણ યાને સમાધિમરણને ઈચ્છનારાઓએ પોતાના જીવનને પ્રારંભથી જ ધર્મપરાયણ બનાવવું જોઈએ અને તેને ભક્તિમાર્ગમાં જોડવું જોઈએ.

એક વાર જાહેર પ્રવચનમાં અમે કહ્યું હતું કે 'આપણને જીવતાં પણ આવડતું નથી અને મરતાં પણ આવડતું નથી. આપણે મનુષ્યદેહધારી હોવા છતાં પશુનું જીવન જીવીએ છીએ. અને કેટલીક વાર તો પશુ કરતાંયે બદતર જીવનનું પ્રદર્શન કરીએ છીએ. આપણને અન્ય પ્રાણીઓ કરતાં વિશિષ્ટ વિચારશક્તિ મળી છે, પણ તેનો ઉપયોગ ભલાં કામો કરતાં બૂરાં કામોમાં વધારે કરીએ છીએ. વડીલોનો વિનય, ગુરુજનોની પૂજા, સંતસેવા, કર્તવ્યનિષ્ઠા, દયાની લાગણી, પરોપકારવૃત્તિ, સદાચારમાં પ્રીતિ, સરલતા, નિખાલસતા, સૌજન્ય અને વચનપાલન જાણે અદૃશ્ય જ થઈ ગયાં છે. છીછરી મનોવૃત્તિ, મોજમઝાહ અને ધનપ્રાપ્તિ માટે આંધળી દોટ એ જાણે આપણાં જીવન-સૂત્ર થઈ પડયાં છે. આમાં ભક્તિની ભાવના જાગે ક્યાંથી ? ધર્મનો રંગ લાગે ક્યાંથી ? દંભ, દેખાવ અને દૂષિત દૃષ્ટિએ આપણા જીવનનો કબજો લઈ લીધો છે, તેથી જ અમે કહીએ છીએ કે આપણને જીવતાં આવડતું નથી.

મરણ સંબંધી આપણે ગંભીર વિચાર કરતા નથી, કદી સ્મશાનમાં જવાનો પ્રસંગ આવે, ત્યારે મરણનો

વિચાર આપણને સ્પર્શી જાય છે, પણ તે રેતીમાં દોરાયેલી રેખાની જેમ ઘડીકમાં ભૂંસાઈ જાય છે અને આપણા જીવનના રંગ-ઢંગ એવા ને એવા જ રહે છે. આપણા અંતરમાં ઊંડે ઊંડે તો એમ જ હોય છે કે બીજા ભલે મૃત્યુ પામ્યા, પણ હું હાલ મરવાનો નથી. રે મનુષ્ય! આ તારી કેવી મૂઢ દશા! આ ભ્રમમાં પડીને તું પરલોકના પ્રવાસની તૈયારી કરી શકતો નથી અને થોડા જ વખતમાં કાલદેવના કરાલ પંજામાં ઊંઘતો ઝડપાઈ જાય છે! જો તેં મૃત્યુ સંબંધી ગંભીર વિચાર કર્યો હોત અને બાલમરણથી બચવાનો નિર્ણય કર્યો હોત તો તારા જીવનની કાર્યવાહી જુદા જ પ્રકારની હોત અને તું સમાધિમરણ અવશ્ય પામી શક્યો હોત! પણ........?"

ભગવાનની સાચા દિલે નિરંતર ભક્તિ કરવાથી મનુષ્ય ધન્ય મૃત્યુને ભેટી શકે છે, એવી માન્યતા જૈનેતરોમાં પ્રસિદ્ધ છે. તે અર્થ-ભાવથી તો આપણા સમાધિમરણના સિદ્ધાંતને પુષ્ટ કરનારી છે.

સવા ભગત જાતના હરિજન હતા, પણ ભગવાનની નિરંતર ભક્તિ કરતા હતા. તેઓ કદી જૂઠું બોલતા નહિ કે કૂડકપટ કરતા નહિ. તેમને એમ કરવાનું કંઈ પ્રયોજન જ ન હતું. ટૂંકમાં તેઓ સાદું-સાત્ત્વિક-પવિત્ર જીવન ગાળતા હતા. તેમના ધર્મપત્ની પણ ભગવાનની ભક્તિમાં ભારે રસ લેતા હતા. એક રીતે તો આ એક એવી જુગલ જોડી હતી કે જેનો જોટો શોધ્યો ન જડે.

આવા ભક્તિપરાયણ પવિત્ર જીવનને લીધે તેમને પોતાના મૃત્યુની આગાહી થઇ, એટલે તેમણે આ વાત પોતાના પત્નીને જણાવી. પત્નીએ કહ્યું : 'જો તમે કાલે મધ્યાહ્નકાલે વૈકુંઠવાસી થવાના હો તો મને પણ સાથે લેતા જાઓ.' ભગત કહે, 'બહુ સારું. તું પણ તૈયારી કર.' પછી તેમણે નાતીલા-જાતીલાઓને ભેગા કરીને જણાવ્યું કે 'અમે તો કાલે મધ્યાહ્નકાલે વૈકુંઠવાસી થવાના છીએ, માટે ભજન-કીર્તન શરૂ કરો.' નાતીલા-જાતીલાઓને આ વાતમાં વિશ્વાસ ન આવ્યો, કારણ કે ભગત અને તેમનાં પત્ની બંને સંપૂર્ણ તંદુરસ્ત હાલતમાં હતાં. છતાં તેમણે ભગતનું વચન માન્ય કરીને ભજન-કીર્તન શરૂ કરી દીધાં. ભગત અને તેમના પત્ની હાથમાં શ્રીફળ લઈને એ બધાની વચ્ચે બેઠાં અને ભજન-કીર્તનનું શ્રવણ કરવામાં એકરસ બની ગયાં.

ભજન-કીર્તન ચાલુ જ રહ્યા. એમ કરતાં બીજા દિવસનો મધ્યાહ્નકાલ આવી પહોંચ્યો. નાતીલા-જાતીલાઓના કુતૂહલનો પાર ન હતો, 'હવે શું બને છે ? તેની તેઓ આતુરતાપૂર્વક પ્રતીક્ષા કરવા લાગ્યા.

અહીં મધ્યાહ્ન થતાં જ ભગતે આંખો ઉઘાડી, બધાની સામે પ્રેમભરી દૃષ્ટિ ફેંકી અને તેઓ મોટેથી ૐકારનો ઉચ્ચાર કરવા લાગ્યા. તેમના પત્ની પણ તેમની આ પ્રવૃત્તિમાં સાથે જ હતા.

ૐકારનો ઉચ્ચાર બારની સંખ્યાએ પહોંચ્યો, ત્યાં ભગતની તથા તેમના પત્નીની આંખો ઢળવા લાગી અને એ ઉચ્ચારે સોળની સંખ્યાને સ્પર્શ કર્યો કે તેમના આત્માઓ આ નશ્વર કાયા છોડીને બ્રહ્મરંધ્ર મારફત બહાર નીકળી ગયા. તે વૈકુંઠમાં જ પહોંચ્યા હશે, એમ માનવામાં કંઈ હરકત નથી.

આવું ધન્ય મૃત્યુ આપણામાંથી કેટલા પામી શકે એમ છે, તે અહીં વિચારવાનું છે.

જિનભક્તિનું અનન્ય આલંબન લેતાં જે ત્રણ મહાન લાભો થાય છે, તેનું વર્ણન-વિવેચન અહીં પૂરું થયું. પણ એ બધાના સારરૂપ એક વસ્તુ હજી કહેવાની છે, તે એ કે—

**'भत्तीइ जिणवराणं खिज्जंति पुव्वसंचिया कम्मा ।'**

'શ્રી જિનેશ્વરદેવોની અનન્ય ભાવે ભક્તિ કરતાં પૂર્વે સંચિત થયેલાં સર્વ કર્મોનો ક્ષય થાય છે.'

જ્યાં કર્મનો ક્ષય થાય છે, સકલ કર્મનો ક્ષય થાય છે, ત્યાં મોક્ષની પ્રાપ્તિ અવશ્ય થાય છે, એટલે જિનભક્તિનું અંતિમ ફલ મુક્તિ, મોક્ષ કે નિર્વાણની પ્રાપ્તિ છે.

અહો જિનભક્તિનો મહિમા !

[ ૫ ]

# જિનભક્તિની ભવ્ય ભૂમિકા

જિનભક્તિ આપણું પ્રથમ કર્તવ્ય છે, એ વસ્તુ પ્રારંભમાં જ જાણી ગયા. તેનું અનન્ય આલંબન લેતાં અનેક પ્રકારના લાભો થાય છે અથવા તો સમસ્ત જીવન સુધરી જાય છે અને આપણે એક 'સફલ માનવી' તરીકેની કારકીર્દિ પ્રાપ્ત કરી શકીએ છીએ, તેનાથી પણ વાકેફ થયા. હવે જિનભક્તિની ભવ્ય ભૂમિકા શી રીતે રચવી ? એ જાણી લઈએ, જેથી જિનભક્તિના ક્ષેત્રમાં આપણું સત્વર પદાર્પણ થાય.

જૈન શાસ્ત્રો કહે છે કે કોઈ પણ ક્રિયાની ભૂમિકા જ્ઞાન વડે રચાય છે અને જો એ જ્ઞાન વિશદ-વિપુલ હોય તો એ ઉક્ત ભૂમિકાને ભવ્ય બનાવે છે. આપણે તો જિન-ભક્તિની ભવ્ય ભૂમિકા જ રચવી છે, એટલે તે અંગે વિશદ-વિપુલ જ્ઞાન મેળવી લઈએ. પરંતુ 'ટીપે ટીપે સરોવર ભરાય છે' અને 'કાંકરે કાંકરે પાળ બંધાય છે' તેમ વિશદ-વિપુલ જ્ઞાનનો સંચય ધીમે ધીમે થાય છે, ક્રમે ક્રમે થાય છે, એટલે તેના ક્રમને અનુસરવો જ રહ્યો.

અમારી દૃષ્ટિએ તો જિનભક્તિની ભવ્ય ભૂમિકા રચવા

માટે આપણને જે જ્ઞાનની જરૂર છે, તેમાં 'જિન' 'અર્હત્' અને 'તીર્થંકર' એ ત્રણ શબ્દની અર્થમીમાંસા પ્રથમ કક્ષાએ આવે છે, એટલે તેનાથી જ પ્રારંભ કરીએ તો ઉચિત ગણાશે.

## જિનનો અર્થ

જે જિતે, જય પામે, વિજયી થાય, તે જિન કહેવાય. વિશેષતાથી કહીએ તો જે રાગ-દ્વેષાદિ અંતરંગ શત્રુઓ સામે લડીને તેમાં જિત મેળવે, જય પામે, વિજયી થાય, તે જિન કહેવાય.

બાહ્ય શત્રુઓ એટલે મનુષ્યો, પશુ વગેરે સામે લડીને વિજયી થવું, એ સહેલું છે, પણ અંતરંગ શત્રુઓ સામે લડીને વિજયી થવું, એ ઘણું કઠિન છે. લડાઈના મેદાનમાં એક પછી એક સેંકડો સુભટો સામે લડનારો અને તેમને મહાત કરીને યશઃપુંજ પ્રાપ્ત કરનારો રાગદ્વેષાદિ અંતરંગ શત્રુઓ આગળ ઝૂકી પડે છે અને તેનો તાબેદાર સેવક બની જાય છે, એ કોણે નથી જોયું ?

બાહ્ય શત્રુઓ સામે લડવામાં મુખ્યત્વે શારીરિક બલ અને ઝનુનની જરૂર પડે છે, જ્યારે અંતરંગ શત્રુઓ સામે લડવામાં ઉચ્ચ-પ્રકારની સમજ સાથે વૈરાગ્ય-ત્યાગ આદિ મહાન ગુણોની અપેક્ષા રહે છે, એટલે અંતરંગ શત્રુઓને જિતનારનું સ્થાન ઘણું ઊંચું મનાયેલું છે.

ભગવાન મહાવીરે શ્રીમુખે કહ્યું છે કે–

जो सहस्सं सहस्साणं, संगामे दुज्जए जिए ।
एगं जिणेज्ज अप्पाणं, एस से परमो जओ ॥
अप्पाणमेव जुज्झाहि, किं ते जुज्झेण बज्झओ ।
अप्पाणमेव अप्पाणं, जइत्ता सुहमेहए ॥

'એક મનુષ્ય દુર્જય સંગ્રામમાં દશ લાખ શત્રુઓને જિતે, તે કરતાં તે પોતાના આત્માને જિતે, એ શ્રેષ્ઠ વિજય છે. હે પુરુષ! તું આત્માની સાથે જ યુદ્ધ કર. બહારના શત્રુઓ સાથે શા માટે લડે છે? આત્મા વડે આત્માને જિતવાથી સાચું સુખ મળે છે.'

જે મહાપુરુષો આ જાતની સમજ કેળવીને સંયમ–સાધના કે યોગસાધનાનો સ્વીકાર કરતા અને કામક્રોધાદિ પર જય મેળવીને જ્ઞાનની વિશિષ્ટ ભૂમિકાએ પહોંચતા, તે બધાને માટે જૈન શાસ્ત્રોમાં 'જિન' શબ્દનો પ્રયોગ થયેલો છે. અર્હત્‌કેવલી માટે આ શબ્દનો વિશેષ પ્રયોગ થતાં તે અર્હત્‌ના અર્થમાં રૂઢ બનેલો છે.

વૈદિક સાહિત્યમાં વિષ્ણુને જિન કહેવામાં આવ્યા છે અને બૌદ્ધ સાહિત્યમાં બુદ્ધને જિન કહેવામાં આવ્યા છે, પણ અમારી સમજ પ્રમાણે જૈનધર્મમાં જિન શબ્દ અતિ માનવંતો બન્યો, ત્યાર પછી તેના અનુકરણરૂપે ત્યાં, એ શબ્દપ્રયોગ થયેલો છે.

એક કાલે સમસ્ત આર્યસંસ્કૃતિમાં જિન શબ્દ કેટલો

ગૌરવવંતો હતો, તેનો ખ્યાલ **યોગવાશિષ્ઠના** વૈરાગ્ય પ્રક-રણમાં આવતા નીચેના શ્લોક પરથી આવી શકશે :

**नाहं रामो न मे वाञ्छा, भावेषु च न मे मनः ।**
**शान्त आसितुमिच्छामि, स्वात्मन्येव जिनो यथा ॥**

'હું રામ નથી, મને કોઈ પ્રકારની ઇચ્છા નથી, ભાવો એટલે વિષયોમાં મારું મન ચોંટતું નથી. હું તો જિનની માફક મારા આત્મામાં જ શાંતિથી રહેવા ઇચ્છું છું.

## અર્હત્‌નો અર્થ

જેનામાં યોગ્યતા પ્રકટે, તે અર્હત્ કહેવાય. વિશેષતાથી કહીએ તો જેનામાં મહામાનવ કે પુરુષોત્તમ–Superman ની યોગ્યતા પ્રકટે, સિદ્ધિગમનની યોગ્યતા પ્રકટે, તથા દેવાદિના વંદન-પૂજન-સન્માનની યોગ્યતા પ્રકટે, તે અર્હત્ કહેવાય.

આ જગતમાં આજે ચાર-સવા ચાર અબજ મનુષ્યોની વસ્તી છે, તેમાં મહામાનવ કેટલા? એ વિચારવાનું છે. એક મનુષ્ય શરીરે કદાવર હોય, છ-સાત ફુટ ઊંચાઈ ધરાવતો હોય કે કોઈ રાજ્યના પ્રમુખની ખુરશી પર આરૂઢ થયેલો હોય, તેથી તે મહામાનવ બની શકતો નથી. તે માટે તો તેણે અનેકવિધ ગુણો ખીલવવાના હોય છે, પોતાના હૃદયની અસાધારણ વિશાલતાનો પરિચય આપવાનો હોય છે અને અનેક પ્રકારની સિદ્ધિઓના સ્વામી બનવાનું

હોય છે. જે માનવમાં આમાંનું કશું હોતું નથી, એ મહામાનવ શાનો ?

જે પુરુષવર્ગમાં ઉત્તમ હોય, શ્રેષ્ઠ હોય, તે પુરુષોત્તમ કહેવાય, પણ આ ઉત્તમતા કે શ્રેષ્ઠતા અસાધારણ કોટિની હોવી જોઈએ. અન્યથા આ ભૂતલ પર પુરુષોત્તમોનો પાર રહે નહિ !

મહામાનવ કે પુરુષોત્તમનાં દર્શન તો આ જગતમાં ક્યારેક જ થાય છે અને તે કાલબલ પૂરેપૂરું પાક્યું હોય ત્યારે જ થાય છે.

સિદ્ધિગમનની યોગ્યતા પ્રાપ્ત કરવાનું કામ સહેલું નથી. તે માટે અનેક ભવોની તૈયારી જોઈએ છે, યુગયુગની સાધના જોઈએ છે. એમ કરતાં જ્યારે કર્મોની અતિ કઠિન શ્રૃંખલાને સર્વથા તોડી નાખવાની તાકાત આવે છે, ત્યારે જ સિદ્ધિગમન શક્ય બને છે. સિદ્ધિગમન એટલે મોક્ષની પ્રાપ્તિ.

આજે તો સદ્‌ગતિના ફાંફાં છે, ત્યાં સિદ્ધિગમનની વાત શી કરવી ? એમ કહેવાય છે કે શ્રી જંબૂસ્વામીએ સિદ્ધિસદનમાં પ્રવેશ કર્યા પછી તેનાં બારણાં બંધ કરી દીધાં છે ! ઘડીભર માની લઈએ કે તેમ જ બન્યું છે, પણ આપણે એ બારણાં ઉઘાડી નાખવાની મર્દાઈ બતાવોને ! આજે નહિ તો કાલે, કાલે નહિ તો પરમ દિવસે, પરમ દિવસે નહિ તો પક્ષના અંતે, માસના અંતે, વર્ષના અંતે, શતાબ્દીના અંતે,

સહસ્રાબ્દીના અંતે, પણ એ બારણાં ઉઘાડયે જ છૂટકો છે. જો ભવભ્રમણ વહાલું હોય અને સંસારમાં અનંતકાલ સુધી ભમ્યા જ કરવું હોય તો વાત જુદી છે.

દેવાદિના વંદન-પૂજન-સત્કાર-સન્માનની યોગ્યતા પણ ઘણી મોટી વસ્તુ છે. અહીં દેવાદિથી દેવ, દાનવ અને માનવ એ ત્રણેય સમજવા. તાત્પર્ય કે જ્યારે દેવો, દાનવો અને માનવો તેમના નાયકો સહિત સામે આવીને પ્રણામ કરે, પાય પૂજે, માનભર્યા શબ્દોથી સત્કાર કરે અને ગરવા ગીતગુંજન વડે સન્માન કરે, ત્યારે આ યોગ્યતા પ્રાપ્ત થઈ ગણાય છે.

અર્હત્પદ કેવી યોગ્યતાનું સૂચન કરે છે, તે આ વિવેચન પરથી સમજી શકાશે.

વૈદિક અને બૌદ્ધ સાહિત્યમાં પણ અર્હત્ શબ્દનો પ્રયોગ થયેલો છે, પણ તે આપણી કસોટીમાંથી પાર ઉતરે એવો નથી.

અહીં એ જાણવું રસપ્રદ થઈ પડશે કે સંસ્કૃત ભાષાનો અર્હત્ શબ્દ પુરાણી પ્રાકૃત ભાષાના છ શબ્દોનું યોગ્ય પ્રતિનિધિત્વ કરે છે. પાઠકમિત્રોને આ છ શબ્દો જાણવાની ઇંતેજારી થાય, એ સ્વાભાવિક છે, તેથી અહીં તેની રજૂઆત કરીએ છીએ.

(१) अरहा, (२) अरिहा, (३) अरहत, (४) अरहंत, अरिहंत અને (६) अरुहंत.

આમાંનો 'અરિહંત' શબ્દ આપણી ગુજરાતી ભાષામાં તત્સમ તરીકે ઉતરી આવેલો છે અને તે આપણા સહુના હોઠે ચડી ચૂકયો છે. જો આ અરિહંત શબ્દ આપણા હૈયડે વસે તો જિનભક્તિમાં જુવાળ આવે અને આપણું કામ પાકી જાય, પણ એ શબ્દ આપણા હૈયડે વસે શી રીતે? ત્યાં તો પાંચ ઇન્દ્રિયોના ત્રેવીશ વિષયો અડ્ડો નાખીને પડ્યા છે! ત્યાં તો ક્રોધ, માન, માયા અને લોભ એ ચાર કષાયોએ પોતાના સર્વ સુભટો સાથે છાવણી નાખેલી છે! અને ત્યાં તો પેલો કામરાજ કે જે જિનભગવંતનો–અરિહંતદેવનો કટ્ટો દુશ્મન છે અને તેમનાથી પોતાનું મુખ છૂપાવતો ફરે છે, તે સીફતથી ભરાઈ પેઠો છે! ખરેખર! ત્યાં અરિહંત શબ્દને માટે કોઇ સ્થાન જ નથી.

અરિહંત શબ્દનો મૂલ અર્થ 'અર્હંત્' જ છે કે જેની અર્થમીમાંસા આપણે ઉપર કરી ગયા છીએ. પરંતુ નિર્યુક્તિકારોએ અરિહંત શબ્દનો અર્થપ્રકાશ કરવા માટે તેની જુદી જુદી રીતે વ્યાખ્યાઓ કરી છે, તેમાંની એક વ્યાખ્યા એવી છે કે અરિ એટલે શત્રુ–અંતરના શત્રુ, અને હંત એટલે હણનાર, તાત્પર્ય કે જેણે પોતાના અંતરના શત્રુઓને હણ્યા છે, તે અરિહંત.

હવે બન્યું છે એવું કે અરિહંત શબ્દનો જે મૂલ અર્થ ત્રિલોકપૂજ્ય મહાપુરુષ, એ બાજુએ રહી ગયો છે અને આ તેના ગૌણ અર્થની વિશેષ પ્રસિદ્ધિ થઈ છે. આજે તો પાઠશાલાના ઘણાંખરાં પાઠ્યપુસ્તકોમાં પણ આ જ અર્થ દેખાય છે. જે લોકો મૂર્તિપૂજાને માનતા નથી અને જેમને પૂજા શબ્દ ઇષ્ટ નથી, તેઓ આ જાતના

અર્થનો વિશેષ પ્રચાર કરે, એ સમજાય એવું છે, પણ જેઓ મૂર્તિપૂજાને માનનારા છે અને તેને માટે ગમે તેવો અને તેટલો મોટો ભોગ આપવા તૈયાર છે, તેમણે આ અર્થનો પ્રચાર શા માટે કરવો જોઇએ ? એથી તો અરિહંતની–અર્હંતની પૂજા–ભક્તિ ગૌણ બની જાય છે અને બીજો પણ વિસંવાદ ઊભો થાય છે. અહીં જો તેના દાખલાની અપેક્ષા રખાતી હોય, તો તે અમે રજૂ કરીએ છીએ.

નમસ્કાર–મહામંત્ર જિનશાસનનો સાર ગણાયો છે. તેના દ્વારા મુખ્યત્વે પાંચ પરમેષ્ઠીને નમસ્કાર કરવાનો હોય છે. તેનું પ્રથમપદ नमो अरिहंताणं છે અને બીજુંપદ नमो सिद्धाणं છે. હવે અહીં અરિહંતનો અર્થ અંતરંગ શત્રુઓને હણનાર અને સિદ્ધનો અર્થ સર્વ કર્મોનો નાશ કરનાર એવો કરવામાં આવે તો એ બે અર્થમાં કશો તફાવત રહેતો નથી, એટલે તેમાંનું એક પદ ગતાર્થ થઈ જાય છે અને એ રીતે પરમેષ્ઠીની સંખ્યા પાંચ પરથી ચાર પર આવી જાય છે. શું આ પરિસ્થિતિ ઇષ્ટ છે ખરી ? જો તેનો ઉત્તર નકારમાં હોય તો આપણે આ અર્થને પ્રસિદ્ધિ આપવાનું બંધ કરવું જોઇએ અને તેના મૂલ અર્થને ગતિમાન કરવો જોઈએ. તેથી નમસ્કાર–મહામંત્રનું ગૌરવ જળવાઇ રહેશે અને આપણી અર્હત્પૂજાની ભાવના પણ ટકી રહેશે.

બીજો દાખલો લોગસ્સ મહાસૂત્રનો છે. તેની પ્રથમ ગાથા આ પ્રમાણે યોજાયેલી છે :

लोगस्स उज्जोअगरे, धम्मतित्थयरे जिणे ।
अरिहंते कित्तइस्सं, चउवीसं पि केवली ॥

'જેઓ લોકનો ઉદ્યોત કરનારા છે, ધર્મરૂપી તીર્થને સ્થાપનારા છે, જિન છે, અરિહંત છે, એવા ચોવીશે પણ કેવલી ભગવંતોનું હું કીર્તન કરીશ.'

અહીં સૂત્રકાર ગણધર ભગવંતે ચાર વિશેષણો દ્વારા જિન ભગવંતના ચાર મૂલ અતિશયો સૂચવ્યા છે અને એ રીતે આ ગાથાનું અર્થગૌરવ વધારેલું છે. થોડા વિવેચનથી આ વસ્તુ વધારે સ્પષ્ટ થશે.

લોકનો ઉદ્યોત જ્ઞાનવડે થાય છે, એટલે તેમાં જ્ઞાનાતિશયનું સૂચન છે. ધર્મરૂપી તીર્થની સ્થાપના વિશદ-વાણી વડે દેવાતી દેશના દ્વારા થાય છે, એટલે તેમાં વચનાતિશયનું સૂચન છે. જિનાવસ્થા પ્રાપ્ત કરવા માટે રાગ અને દ્વેષરૂપી મુખ્ય અપાયોનો અપગમ કરવો પડે છે, એટલે તેમાં અપાયાપગમાતિશયનું સૂચન છે અને અરિહંતપદની પ્રપ્તિ ત્રિલોકની પૂજા વડે થતી હોવાથી તેમાં પૂજાતિશયનું સૂચન છે.

હવે અહીં અરિહંત શબ્દનો અર્થ કર્મરૂપી-શત્રુઓને હણનાર કરવામાં આવે તો પૂજાતિશયનું ખંડન થાય છે અને એ રીતે સૂત્રકાર ગણધર ભગવંતનો મૂલ આશય માર્યો જાય છે આ સ્થિતિ હરગીઝ ઈષ્ટ નથી, તેથી તેના અર્થમાં ત્વરિત સુધારણા કરી લેવી જોઈએ.

## તીર્થંકરનો અર્થ

જે તીર્થને કરે-સ્થાપે, તે તીર્થકૃત્, તીર્થકર કે તીર્થંકર કહેવાય. વિશેષતાથી કહીએ તો જે ધર્મરૂપી તીર્થની અથવા ચતુર્વિધ શ્રીસંઘરૂપી તીર્થની સ્થાપના કરે, તે તીર્થંકર કહેવાય.

ધર્મ એ તીર્થ છે-સંસારસાગર તરવાનું સુંદર સાધન છે, એમ માનીને જ જિનો-અર્હતો-તીર્થંકરો કેવલજ્ઞાન અને કેવળદર્શનની પ્રાપ્તિ થયા પછી ધર્મની દેશના દે છે, ધર્મનો ઉપદેશ આપે છે અને ધર્મનું સામ્રાજ્ય ફેલાવે છે. અન્ય શબ્દોમાં કહીએ તો તીર્થંકર પરમાત્માના ધર્મોપદેશથી અનીતિ, અન્યાય અને અધર્મનું ઉન્મૂલન થાય છે અને નીતિ, ન્યાય તથા ધર્મની-સુધર્મની સ્થાપના થાય છે, જેને લીધે એક નવો ધર્મયુગ પ્રવર્તે છે અને તે માનવ-ઈતિહાસનાં અનેક પૃષ્ઠો સુવર્ણાક્ષરે લખે છે. જો યુગે યુગે એટલે કે અમુક અમુક સમયના અંતરે તીર્થંકર પરમાત્માઓ દ્વારા ધર્મનું પ્રવર્તન થતું ન હોત, ધર્મતીર્થની સ્થાપના થતી ન હોત, તો આ જગતના-આ દુનિયાના શા હાલ-હવાલ થાત, એ કલ્પવું મુશ્કેલ છે.

તીર્થંકરો ધર્મનું પ્રવર્તન ઘણા વિશાળ પાયે કરી શકે છે, તેનાં મુખ્ય કારણો ત્રણ છે: એક તો તેઓ કેવલજ્ઞાની એટલે પૂર્ણજ્ઞાની હોય છે, બીજું તેઓ યથાખ્યાત ચારિત્રવાળા હોય છે અને ત્રીજું તેઓ અદ્ભુત વક્તૃત્વ

શક્તિથી અલંકૃત હોય છે. જે જ્ઞાની ન હોય, તે બીજાને સમજાવી શકતો નથી. જે ચારિત્રવાન ન હોય તે બીજા પર પ્રભાવ પાડી શકતો નથી અને જે અદ્ભુત વક્તૃત્વ શક્તિથી યુક્ત ન હોય, તે લાખોની મેદનીઓનાં દિલ ડોલાવી શકતો નથી. જે મન-વચન-કર્મથી એકરસ હોય, એટલે કે માને તેવું બોલતા હોય અને બોલતા હોય એવું કરતા હોય, તેને સાંભળવા માટે લોકો પડાપડી કરે છે અને તેમને અંતરનાં ફૂલડે વધાવે છે. તીર્થંકરોનો ઉપદેશ સાંભળવા માટે જબ્બર મેદની જામતી હોય છે, તેની ભીતરમાં આવાં જ કારણો રહેલાં છે.

તીર્થંકરો છદ્મસ્થાવસ્થામાં એટલે કે કેવલજ્ઞાનની પ્રાપ્તિ થયા પહેલાં ધર્મોપદેશ કરતા નથી, એ ઘણું સૂચક છે. તેમાં અધૂરા જ્ઞાને ઉપદેશ ન આપવાના સિદ્ધાંતનું પાલન જણાય છે. અધૂરા જ્ઞાને ઉપદેશ આપવાથી તેમાં અસત્યનો અંશ આવી જાય છે, અથવા પરસ્પર વિરોધી એવા સિદ્ધાંતનું પ્રતિપાદન થાય છે, અથવા તે જોઈએ તેવો અસરકારક નીવડી શકતો નથી. આજે તો બે-ત્રણ શાસ્ત્રો ભણ્યાં કે થોડું બોલતાં આવડયું કે પાટે ચડીને ઉપદેશ આપવાની-વ્યાખ્યાન કરવાની પ્રથા પડી ગઈ છે, તે કેટલા અંશે ઉચિત છે, તે વિચારવું ઘટે છે.

તીર્થંકરોની પ્રથમ ધર્મદેશનાએ જ કેટલાક પુરુષો અને સ્ત્રીઓ ધર્મપ્રતિબોધ પામે છે. તેમાંથી જે પુરુષો સર્વવિરતિ રૂપ ત્યાગધર્મનો સ્વીકાર કરે છે, તે સાધુઓ

કે શ્રમણો કહેવાય છે; જે સ્ત્રીઓ સર્વવિરતિરૂપ ત્યાગ ધર્મનો સ્વીકાર કરે છે, તે સાધ્વીઓ કે શ્રમણીઓ કહેવાય છે; જે પુરુષો દેશવિરતિરૂપ ગૃહસ્થધર્મનો સ્વીકાર કરે છે, તે શ્રાવકો કહેવાય છે; અને જે સ્ત્રીઓ દેશવિરતિરૂપ ગૃહસ્થધર્મનો સ્વીકાર કરે છે, તે શ્રાવિકાઓ કહેવાય છે. આ ચારે ય વર્ગો વચ્ચે અરસપરસ મેળ રહે, સંઘ-સંગઠનની ભાવના જળવાઈ રહે અને ધર્મની ભાવના ઉત્તરોત્તર વૃદ્ધિ પામે, તે માટે તેઓ એમનો એક ધર્મસંઘ સ્થાપે છે કે જે તેના ચતુર્વિધપણાને લીધે ચતુર્વિધ શ્રીસંઘ કહેવાય છે. આપણે જ્યાં શ્રીસંઘ કહીએ, ત્યાં આ ચતુર્વિધ શ્રી સંઘ જ સમજવાનો છે.

જિનને માનાર્થે જિન ભગવાન કે જિન ભગવંત કહેવામાં આવે છે, તે જ આપણા અર્હદ્ દેવ છે અને તેજ આપણા તીર્થંકર પરમાત્મા છે, તેથી 'જિન' 'અર્હત્' અને 'તીર્થંકર' એ ત્રણ શબ્દો એક-બીજાના પર્યાય તરીકે વપરાય છે.

# ઉપાસ્ય દેવની ઓળખાણ

ગત પ્રકરણમાં '**જિન**' '**આર્હત્**' અને '**તીર્થંકર**' એ ત્રણ શબ્દની અર્થમીમાંસા કરતાં આપણને ઘણું જાણવાનું મળ્યું અને આપણા કેટલાયે પ્રચલિત ખ્યાલોમાં પરિવર્તન થયું. હવે અમે પ્રસ્તુત પ્રકરણમાં આપણા ઉપાસ્ય દેવની ઓળખાણ આપવા ઇચ્છીએ છીએ, જેથી તે સંબંધી કોઈ પણ પ્રકારનો ભ્રમ કે ખોટો ખ્યાલ રહેવા પામે નહિ.

જૈન શાસ્ત્રોમાં કહ્યું છે કે—

**सर्वज्ञो जितरागादिदोषस्त्रैलोक्यपूजितः ।**
**यथास्थितार्थवादी च, देवोऽर्हन् परमेश्वरः ॥**

'અર્હત્ આપણા ઉપાસ્ય દેવ છે, તે સર્વજ્ઞ હોય છે, રાગાદિ દોષોને જિતનારા હોય છે, ત્રૈલોક્યપૂજિત હોય છે અને સત્ય તત્ત્વના ઉપદેશક હોય છે. તે જ આપણા પરમેશ્વર છે.'

આ શબ્દોમાં જે અર્થગાંભીર્ય રહેલું છે, તે યોગ્ય વિવેચન વિના ખ્યાલમાં આવશે નહિ, એટલે અહીં અમે યોગ્ય વિવેચનનો આશ્રય લઈએ છીએ.

દરેક ધર્મને પોતાના ઉપાસ્ય દેવ હોય છે. વૈદિક ધર્મમાં બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ ઉપાસ્ય દેવ મનાયેલા

છે; બૌદ્ધ ધર્મમાં બુદ્ધ ભગવાન ઉપાસ્ય દેવ મનાયેલા છે; તેમ જૈન ધર્મમાં અર્હત્ કે અરિહંત ઉપાસ્ય દેવ મનાયેલા છે.

આપણા એ ઉપાસ્ય દેવની પ્રથમ વિશેષતા એ છે કે તેઓ સર્વજ્ઞ અને સર્વદર્શી હોય છે. * સર્વજ્ઞ એટલે સર્વવસ્તુઓને જાણનાર–જાણી શકનાર અને સર્વદર્શી એટલે સર્વ વસ્તુઓને જોનાર–જોઈ શકનાર. અન્ય શબ્દોમાં કહીએ તો જે ભૂત, વર્તમાન અને ભવિષ્યકાલની સર્વ વસ્તુઓને જાણી શકે અને અંતર્ચક્ષુઓ વડે તેનાં દર્શન પણ કરી શકે, તે સર્વજ્ઞ અને સર્વદર્શી કહેવાય.

જ્ઞાન અને દર્શનશક્તિ આપણા આત્મામાં જ રહેલી છે, પણ તે જ્ઞાનાવરણીય અને દર્શનાવરણીય કર્મના આવરણને લીધે તરતમતા ભાવ પામેલી છે. જો આ જ્ઞાનાવરણીય અને દર્શનાવરણીય કર્મનો સંપૂર્ણ ક્ષય થાય તો આપણી એ જ્ઞાન અને દર્શનશક્તિ પૂર્ણપણે ખીલી ઉઠે અને તેથી આપણે સર્વ વસ્તુઓને જાણી શકીએ–જોઈ શકીએ. હવે આપણા અર્હદ્દેવોએ ઉત્કૃષ્ટ સંયમસાધના વડે–યોગસાધના વડે આ જ્ઞાનાવરણીય અને દર્શનાવરણીય કર્મનો સંપૂર્ણ ક્ષય કરેલો હોય છે, તેથી તેઓ આ પ્રકારનું સર્વજ્ઞ અને સર્વદર્શીપણું પામેલા હોય છે.

ભગવાન મહાવીર સર્વજ્ઞ અને સર્વદર્શી હતા. તેમની પૂર્વે થઈ ગયેલા શ્રી પાર્શ્વનાથ ભગવાન પણ સર્વજ્ઞ

---

* સર્વજ્ઞતાની સાથે સર્વદર્શીપણું પણ અવશ્ય હોય છે, તેથી અહીં સર્વજ્ઞનો અર્થ આ પ્રમાણે કરેલો છે.

અને સર્વદર્શી હતા અને તેમની પૂર્વે થઈ ગયેલા બાવીશે ય જિનો–અર્હતો–તીર્થંકરો પણ સર્વજ્ઞ અને સર્વદર્શી હતા એટલે અર્હદ્દેવની આ વિશેષતા અંગે કોઈએ કશી શંકા કરવાની રહેતી નથી.

કેટલાક કર્ણપિશાચિની આદિ વિદ્યા વડે ભૂતકાલ અને વર્તમાન કાલનું કથન બરાબર કરી શકે છે, પણ ભવિષ્યકાલનું કથન બરાબર કરી શકતા નથી. કેટલાક પ્રસિદ્ધ ગણાતા જ્યોતિષીઓની બાબતમાં પણ આવું બને છે, તેથી લોકોમાં એવો ખ્યાલ ફેલાયેલો છે કે ભુત અને વર્તમાન કાલ જાણી શકાય છે, પણ ભવિષ્યકાલ બરાબર જાણી શકાતો નથી. પરંતુ આ ખ્યાલ સર્વથા સાચો નથી. સાઈકોમેટ્રીના પ્રયોગોએ બતાવી આપ્યું છે કે ભવિષ્યનું કથન પણ બરાબર કરી શકાય છે.

આ સ્થળે અમે એ સ્પષ્ટતા કરવા ઈચ્છીએ કે જ્યોતિષ જ્ઞાન વડે, કર્ણપિશાચિની વિદ્યા વડે કે સાઈકો–મેટ્રી આદિ વૈજ્ઞાનિક સાધનો વડે ભૂત–ભવિષ્યનાં જે કથનો કરવામાં આવે છે, તે બધાએ મર્યાદિત–અત્યંત મર્યાદિત સ્વરૂપવાળા છે. દીર્ઘ ભૂતકાલ કે દીર્ઘ ભવિષ્યકાળમાં તો તેમની ગતિ જ નથી. જ્યારે સર્વજ્ઞ અને સર્વદર્શી મહાપુરુષો અનંત ભૂતકાળ અને અનંત ભવિષ્યકાળનાં ઘેરાં પડો ભેદીને તેની પાર રહેલી વસ્તુઓને જોઈ–જાણી શકે છે. તો પછી એને આપણે અસાધારણ વિશેષતા ગણવી જ

રહી. જૈન શાસ્ત્રકારોએ અર્હદ્દેવની આ અસાધારણ વિશેષતાને 'જ્ઞાનાતિશય' તરીકે બિરદાવી છે.

આપણા એ ઉપાસ્ય દેવની બીજી વિશેષતા એ હોય છે કે તેમણે રાગાદિ દોષોને જિતેલા હોય છે. અહીં રાગાદિ શબ્દથી રાગ, દ્વેષ અને તેના જેવા બીજા દોષો સમજવાના છે. રાગ એટલે આસક્તિ અને દ્વેષ એટલે તિરસ્કાર. તેમાં આસક્તિને લીધે લોભ અને માયા (કપટ)ની વૃત્તિ ઉત્પન્ન થાય છે અને તિરસ્કારને લીધે ક્રોધ અને માન (અભિમાન)નો આવિર્ભાવ થાય છે, એટલે જેઓ રાગ અને દ્વેષને જિતે છે, તેમનામાં લોભ, માયા, ક્રોધ કે માન હોતા નથી. કષાયના ક્રમથી કહીએ તો તેમનામાં ક્રોધ, માન, માયા અને લોભ હોતા નથી.

આધ્યાત્મિક દૃષ્ટિએ કષાયનો જય એ ઘણો મોટો લાભ છે અને તે જ જિન નામને સાર્થક કરે છે. શાસ્ત્રકારોએ તેમનાથી ચેતવાની ચેતવણી વારંવાર આપી છે અને સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું છે કે આ ચાર કષાયો જ પુનર્જન્મરૂપી વૃક્ષના મૂલનું સિંચન કરનારા છે, માટે તેનું સેવન કરશો નહિ. પરંતુ ક્રોધ આપણામાંથી જતો નથી. માન-અભિમાન તો વાત-વાતમાં ખડા થઈ જાય છે અને આપણને અક્કડ બનાવી દે છે. માયા-કપટની વૃત્તિ તો જાણે આપણા જીવ સાથે જડાઈ ગઈ છે, તે આપણો કેડો મૂકતી નથી. અને લોભ તેના પુરબહારમાં ચાલુ છે, તે આપણને જંપીને બેસવા દેતો નથી, તેથી જ આપણે દાવ પછી દાવ

અજમાવ્યે જઈએ છીએ. પ્રથમ લાખનો દાવ, પછી પાંચ લાખનો દાવ, પછી પચીશ લાખનો દાવ, પછી ક્રોડનો દાવ. તે પછીના આંકડા તો બહુજ ઝડપથી વધતા જાય છે અને ઘણી વાર તો મોટા અધિકારનું રૂપ લેતા જાય છે. ભગવાન મહાવીરે સાચું જ કહ્યું છે કે 'લોભીને તમે સમગ્ર પૃથ્વી સોને મઢીને આપી દો, તો પણ તે ઓછી જ પડશે.'

જ્યાં ક્રોધ ન હોય, ત્યાં ક્ષમા કે શાંતિ હોય છે; જ્યાં માન–અભિમાન ન હોય, ત્યાં નમ્રતા કે મૃદુતા હોય છે; જ્યાં માયા–કપટ ન હોય, ત્યાં સરળતા કે આર્જવતા હોય છે અને જ્યાં લોભ ન હોય ત્યાં સંતોષ કે તૃપ્તિ હોય છે. તાત્પર્ય કે કષાયજયના પરિણામે અર્હદ્દેવમાં આ બધા ગુણો વિકાસ પામેલા હોય છે.

અન્ય દોષોમાં હાસ્ય, રતિ, અરતિ, ભય, જુગુપ્સા અને વેદ એટલે કામવૃત્તિ કે જાતીયવાસના સમજવાં. હાસ્ય ત્યારે જ આવે છે કે જ્યારે દિલમાં–અંતરમાં કોઈ પણ પ્રકારની કુતૂહલવૃત્તિ રહેલી હોય. રતિ અને અરતિ એટલે હર્ષ અને વિષાદ ત્યારે જ થાય છે કે જ્યારે અંતરમાં અજ્ઞાન અને મોહનું પ્રાબલ્ય હોય. ભયનો અનુભવ ત્યારે જ થાય છે કે જ્યારે અંતરમાં કોઈ પણ પ્રાણી પ્રત્યે વૈરનો અનુબંધ હોય. શોકનો અનુભવ ત્યારે જ થાય છે કે જ્યારે કોઈ પણ વસ્તુ પ્રત્યે અત્યંત આસક્તિ હોય. જુગુપ્સા ત્યારે જ ઉત્પન્ન થાય છે કે જ્યારે અંતરમાં તિરસ્કાર, ઘૃણા, સુગ આદિએ સ્થાન જમાવેલું હોય અને કામવૃત્તિ કે

જાતીયવાસના ત્યારે જ જાગૃત થાય છે કે જયારે અંતરમાં મોહનું સામ્રાજ્ય વ્યાપેલું હોય.

આ દોષો ચાલ્યા જતાં ગંભીરતા, સમતા, નિર્ભયતા, વીતરાગતા, પ્રસન્નતા અને પવિત્રતા પ્રકટ થાય છે. તાત્પર્ય કે અર્હદ્દેવમાં આ બધા ગુણો પૂર્ણપણે પ્રકાશિત થાય છે.

અહીં વિચારવાનું એ છે કે જે ઈશ્વર રાગરહિત હોય, તે ગોપીઓ સાથે ક્રીડા કેમ કરે ? સ્ત્રીને ખોળામાં કેમ બેસાડે ? તથા તેને પોતાની પાસે ઊભી કેમ રાખે ? આ બધાં રાગનાં સ્પષ્ટ ચિહ્નો છે. વળી જેણે દ્વેષને જિત્યો હોય અને જે કોઈને પોતાનો શત્રુ કે વૈરી માનતા ન હોય, તે પોતાના હાથમાં ચક્ર, ગદા, ધનુષ્ય, ત્રિશૂલ, ફરસી, મુસલ વગેરે હિંસક હથિયારો કેમ રાખે ? આ બધાં દ્વેષનાં સ્પષ્ટ ચિહ્નો છે. વળી જેમણે હાસ્ય, રતિ, અરતિ, ભય, શોક અને જુગુપ્સાને જિતેલી હોય, તે વિકરાળ મુખવાળા, બિહામણા ચહેરાવાળા, હસતી કે રડતી સુરતવાળા કેમ હોય ? આ બધાં હાસ્યાદિ દોષોનાં સ્પષ્ટ ચિહ્નો છે.

જૈન મહર્ષિઓએ કહ્યું છે કે—

**प्रशमरसनिमग्नं दृष्टियुग्मं प्रसन्नं,**
**वदनकमलमङ्कः कामिनिसङ्गशून्यः ।**
**करयुगमपि धत्ते शस्त्रसम्बन्धवन्ध्यं,**
**तदसि जगति देवो वीतरागस्त्वमेव ॥**

આ સ્તુતિ જિનભગવંત કે અર્હદ્ દેવને ઉદ્દેશીને કરાયેલી છે. સ્તુતિકાર કહે છે કે હે ભગવંત ! તમારું दृष्टियुग्मं–દૃષ્ટિનું યુગલ, અર્થાત્ તમારાં બે ચક્ષુઓ प्रशमरसनिमग्नं–પ્રશમરસથી ભરેલાં છે અને તમારું वदनकमलं–તમારું મુખારવિંદ प्रसन्नं–અતિ પ્રસન્ન છે. વળી अङ्कः એટલે તમારો ખોળો कामिनीसङ्गशून्यः–સ્ત્રીના સંગથી રહિત છે, તાત્પર્ય કે ત્યાં કોઈ સ્ત્રી રહેલી નથી. અને ते–તમારું करयुगम्–કરયુગલ. અર્થાત્ તમારા બે હાથ शस्त्रसम्बन्धवन्ध्यं–શસ્ત્રોના સંબંધ વિનાના છે, એટલે કે તેમાં કોઈ પણ જાતનું શસ્ત્ર–હિંસક હથિયાર નથી. तत्–તેથી जगति–આ જગતમાં—આ દુનિયામાં त्वमेव वीतराग देवः असि—તમે જ વીતરાગ દેવ છો.'

શ્રી જિનેશ્વરદેવની મંગલ મૂર્તિ જોતાં આપણને તેમની વીતરાગતાનું ભાન થાય છે; એ વસ્તુ અહીં કલામય રીતે રજૂ કરવામાં આવી છે.

અમને પોતાને આ સ્તુતિ ઘણી ગમે છે. અમે તેનું વારંવાર રટણ કરીએ છીએ અને તેમાં દર્શાવેલા પ્રત્યેક ભાવનું ચિંતન પણ કરીએ છીએ. કોઈ પણ કારણે મનમાં વિષાદ ઉત્પન્ન થયો હોય કે ઉદ્વેગ જાગ્યો હોય, ત્યારે આ શ્લોકનું બે—ત્રણ વાર સ્મરણ કરતાં જ શાંતિનો—પ્રસન્નતાનો અનુભવ થાય છે.

જૈન ધર્મે ઉપાસ્ય દેવનું જે સ્વરૂપ માન્યું છે, તે

ખરેખર ! ઘણી ઊંચી કોટિનું છે. તેની બરાબરી કોઈ પણ ધર્મ કરી શકે એમ નથી.

જૈન શાસ્ત્રોમાં એવી જાહેરાત થઈ છે કે વીતરાગ દેવ અઢાર દૂષણોથી રહિત હોય છે. કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યે **અભિધાનચિંતામણિના દેવાધિદેવ-કાંડ**માં તેની ગણના આ પ્રમાણે કરાવેલી છે :

अन्तराया दान–लाभ–वीर्य–भोगोपभोगाः ।
हासो रत्यरती भीतिर्जुगुप्सा शोक एव च ॥
कामो मिथ्यात्वमज्ञानं निद्रा चाविरतिस्तथा ।
रागो द्वेषश्च नो दोषास्तेषामष्टादशाप्यमी ॥

'(૧) દાનાન્તરાય, (૨) લાભાન્તરાય, (૩) વીર્યાન્તરાય, (૪) ભોગાન્તરાય, (૫) ઉપભોગાન્તરાય, (૬) હાસ્ય, (૭) રતિ, (૮) અરતિ, (૯) ભય, (૧૦) જુગુપ્સા, (૧૧) શોક, (૧૨) કામ, (૧૩) મિથ્યાત્વ, (૧૪) અજ્ઞાન, (૧૫) નિદ્રા, (૧૬) અવિરતિ, (૧૭) રાગ અને (૧૮) દ્વેષ, આ અઢાર દોષો અરિહંત દેવમાં હોતા નથી.'

આ અઢાર દૂષણો કે દોષો ઉપરના દોષોની વિશેષ સ્પષ્ટતા કરનારા છે. તેમાં ૧ થી ૫ સુધીના દોષો અન્તરાય કર્મને લીધે ઉત્પન્ન થાય છે, પરંતુ અર્હદ્દેવે તો જ્ઞાનાવરણીય અને દર્શનાવરણીય કર્મનો નાશ કરતી વખતે અંતરાયકર્મનો પણ નાશ કરેલો હોય છે, એટલે તેમનામાં આ દોષો સંભવતા નથી.

આમાંના ૯ થી ૧૨ સુધીના તેમજ સત્તરમા-અઢારમાં દોષનું વર્ણન ઊપર આવી ગયું છે, જ્યારે મિથ્યાત્વ, અજ્ઞાન, નિદ્રા અને અવિરતિનો ઉલ્લેખ વિશેષમાં છે. જેમણે મોહનીયકર્મનો ક્ષય કર્યો હોય, તેને મિથ્યાત્વ કે અવિરતિ હોય નહિ. જેણે જ્ઞાનાવરણીય કર્મનો ક્ષય કર્યો હોય, તેને અજ્ઞાન હોય નહિ અને જેણે દર્શનાવરણીયકર્મનો ક્ષય કર્યો હોય, તેને નિદ્રા હોય નહિ.

શાસ્ત્રકારોએ જિનભગવંતની આ રાગાદિદોષ રહિત સ્થિતિને 'અપાયાપગમાતિશય' તરીકે બિરદાવેલી છે. અપાય એટલે સંકટ કે દૂષણ, તેનો અપગમ કરનારો જે અતિશય, તે અપાયાપગમાતિશય.

અહીં થોડું સમજવા જેવું છે. અપાયનો બીજો અર્થ ઈતિ-ભીતિ થાય છે, એટલે ઇતિ—ભીતિનો નાશ થવો તેને પણ અપાયાપગમાતિશય કહેવાય છે. અરિહંતને આ બંને પ્રકારનો અપાયાપગમાતિશય હોય છે, તેને અનુક્રમે સ્વાશ્રયી અપાયાપગમાતિશય અને પરાશ્રયી અપાયાપગ-માતિશય કહેવામાં આવે છે.

હવે આપણા ઉપાસ્ય દેવની ઓળખાણનો ત્રીજો તબક્કો શરુ થાય છે. આપણા ઉપાસ્ય દેવ જિનભગવંત-અર્હદ્દેવ ત્રૈલોક્યપૂજિત એટલે ત્રણ લોકના અગ્રેસરો વડે પૂજાયેલા હોય છે. ત્રણ લોક તે સ્વર્ગલોક, મર્ત્યલોક અને પાતાલ. તેમાં સ્વર્ગલોકમાં વસતા દેવોના અગ્રેસરોને દેવેન્દ્ર કે ઇન્દ્ર

કહેવામાં આવે છે, મર્ત્યલોકમાં વસતા માનવો કે નરોના અગ્રેસરોને માનવેન્દ્ર કે નરેન્દ્ર કહેવામાં આવે છે અને પાતાલમાં વસતા અસુરોના અગ્રેસરોને અસુરેન્દ્ર કહેવામાં આવે છે. તાત્પર્ય કે દેવેન્દ્રો, નરેન્દ્રો તથા અસુરેન્દ્રો અર્હદ્ દેવને ભક્તિભાવથી નમે છે, પૂજે છે અને તેમની સ્તુતિ-સ્તવના કરીને કૃતાર્થ થાય છે.

જ્યાં દેવન્દ્રો, નરેન્દ્રો અને અસુરેન્દ્રોની આ સ્થિતિ હોય, ત્યાં તેમનાથી ઉતરતા દેવો, માનવો અને અસુરોનું તો કહેવું જ શું ? તાત્પર્ય કે સર્વ લોકોને અર્હદ્દેવ પ્રત્યે પુરો પૂજ્યભાવ હોય છે.

અર્હદ્ દેવની આ ત્રીજી મોટી વિશેષતાને શાસ્ત્રકારોએ '**પૂજાતિશય**' તરીકે બિરદાવેલી છે.

અર્હદ્દેવની ઓળખાણનું ચોથું વિશેષણ યથાસ્થિતાર્થવાદી છે. યથાસ્થિત એટલે હોય તેવું, અર્થાત્ સત્ય. અર્થ એટલે તત્ત્વ. વાદી એટલે વદનાર-કહેનાર-પ્રરૂપણા કરનાર. આ રીતે યથાસ્થિતાર્થ વાદીનો અર્થ સત્ય તત્ત્વના પ્રરૂપક થાય છે. તાત્પર્ય કે સત્ય તત્ત્વની પ્રરૂપણા કરવી, એ અર્હદ્ દેવની ચોથી મોટી વિશેષતા છે.

અર્હદ્દેવો કેવલજ્ઞાનની પ્રાપ્તિ થયા પછી સર્વજ્ઞ અને સર્વદર્શી બન્યા પછી ભૂમંડલમાં વિચરતા રહે છે અને લોકોને સત્ય ધર્મનો ઉપદેશ આપતા રહે છે. તેઓ ધર્મના મહાન ઉપદેષ્ટા હોય છે, એ વસ્તુ પૂર્વપ્રકરણમાં કહેવાઈ ગઈ

છે. તેઓ જે વાણીથી ઉપદેશ આપે છે, તેમાં નીચેના ૩૫ ગુણો અવશ્ય હોય છે.

(૧) તે—વ્યાકરણના નિયમથી યુક્ત હોય છે.

(૨) ઉચ્ચ સ્વરે બોલાતી હોય છે.

(૩) અગ્રામ્ય હોય છે.

(૪) મેઘની જેમ ગંભીર સ્વરવાળી હોય છે.

(૫) પડઘો પાડનારી હોય છે.

(૬) સરલતાવાળી હોય છે.

(૭) માલકોશ વગેરે રાગોથી—રાગોની તર્જોથી યુક્ત હોય છે.

આ સાત ગુણો શબ્દની અપેક્ષાએ સમજવાના છે. બાકીના બધા ગુણો અર્થની અપેક્ષાએ સમજવાના છે.

(૮) તે મોટા અર્થવાળી હોય છે.

(૯) પૂર્વાપર વાક્ય અને અર્થના વિરોધ વિનાની હોય છે.

(૧૦) ઇષ્ટ સિદ્ધાંતના અર્થને કહેનારી હોય છે તથા વક્તાની શિષ્ટતા સૂચવનારી હોય છે.

(૧૧) સંદેહરહિત હોય છે.

(૧૨) બીજાનાં દૂષણોથી રહિત હોય છે.

(૧૩) અંતઃકરણને પ્રસન્ન કરનારી હોય છે.

(૧૪) પદો અને વાક્યોની પરસ્પર સાપેક્ષતાવાળી હોય છે.

(૧૫) દેશ અને કાલને અનુસરનારી હોય છે.

(૧૬) વસ્તુ-સ્વરૂપને અનુસરનારી હોય છે.

(૧૭) વિષયાંતરથી રહિત અને અતિ વિસ્તારના અભાવવાળી હોય છે.

(૧૮) સ્વપ્રશંસા અને અન્યનિંદાથી રહિત હોય છે.

(૧૯) પ્રતિપાદ્ય વિષયની ભૂમિકાને અનુસરનારી હોય છે.

(૨૦) મધુર હોય છે.

(૨૧) પ્રશંસાને પાત્ર હોય છે.

(૨૨) અન્યના છિદ્રને ન ઉઘાડવાના સ્વરૂપવાળી હોય છે.

(૨૩) કથન કરવા યોગ્ય અર્થની ઉદારતાવાળી હોય છે.

(૨૪) ધર્મ અને અર્થથી યુક્ત હોય છે.

(૨૫) કારક, કાલ, વચન, લિંગ વગેરેના વિપર્યાસવાળા વચનદોષથી રહિત હોય છે.

(૨૬) મનના વિક્ષેપથી રહિત હોય છે.

(૨૭) શ્રોતાઓના ચિત્તને અવિચ્છિન્નપણે આશ્ચર્ય ઉત્પન્ન કરનારી હોય છે.

(૨૮) અદ્‌ભુત હોય છે.

(૨૯) અત્યંત વિલંબરહિત હોય છે.

(૩૦) વસ્તુઓને વિવિધ રીતે વર્ણવનારી હોય છે.

(૩૧) બીજાં વચનોની અપેક્ષાએ વિશેષતા સ્થાપિત કરનારી હોય છે.

(૩૨) સત્ત્વપ્રધાન હોય છે.

(૩૩) વર્ણ-પદ-વાક્યના વિવેકવાળી હોય છે.

(૩૪) અખંડિત વચન પ્રવાહવાળી હોય છે.

(૩૫) અનાયાસે ઉત્પન્ન થનારી હોય છે.

અર્હદ્ દેવની આ ચોથી મહાન વિશેષતાને શાસ્ત્રકારોએ **'વચનાતિશય'** તરીકે બિરદાવેલી છે.

આ રીતે અર્હદ્દેવમાં જ્ઞાનાતિશય, અપાયાપગમાતિશય, પૂજાતિશય અને વચનાતિશય એ ચાર અતિશયો અવશ્ય હોય છે, જેને **'ચાર મૂલ અતિશયો'** કહેવામાં આવે છે. તે અર્હદ્દેવની ઓળખાણ માટે અતિ સુંદર સામગ્રી પૂરી પાડે છે.

અહીં એટલી સ્પષ્ટતા આવશ્યક છે કે ઉત્પત્તિના ક્રમથી પ્રથમ અપાયાપગમાતિશય, પછી જ્ઞાનાતિશય, પછી પૂજાતિશય અને છેવટે વચનાતિશય આવે છે. પ્રથમ જિનાવસ્થા પ્રાપ્ત થાય છે, તે અપાયાપગમાતિશય, પછી કેવલજ્ઞાનની પ્રાપ્તિ થાય છે, તે જ્ઞાનાતિશય; પછી ઇંદ્રો વગેરે દેવોથી પૂજાય છે, તે પૂજાતિશય અને ત્યાર પછી સમવસરણમાં ઉપદેશ દે છે, તે વચનાતિશય.

અર્હદ્દેવની ઓળખાણ ચોત્રીશ અતિશયો વડે પણ થાય છે, તેનું વર્ણન આગામી પ્રકરણમાં જોઈ શકાશે.

[ ૭ ]

## ચોત્રીશ અતિશયો

જિનભગવંતની–અર્હદ્દેવની વિશેષ ઓળખાણ તેમના ચોત્રીશ અતિશયો વડે થાય છે, એટલે તેનું વર્ણન–વિવેચન અહીં પ્રસ્તુત છે.

અતિશયો એટલે પ્રભાવસૂચક લક્ષણો. તે દરેક જિન ભગવંતમાં અવશ્ય હોય છે. તેના લીધે તેઓ અન્ય મનુષ્યો કરતાં જુદા તરી આવે છે અને તેમનું લોકોત્તરપણું સિદ્ધ થાય છે.

આ ૩૪ અતિશયોમાંથી ૪ અતિશયો જન્મથી જ પ્રાપ્ત થાય છે, એટલે તે ચાર સહજ અતિશયો કહેવાય છે. ૧૧ અતિશયો જિનભગવંતના ચાર ઘાતીકર્મોનો ક્ષય થતાં ઉત્પન્ન થાય છે, એટલે તેને ૧૧ કર્મક્ષયજ અતિ-શયો કહેવામાં આવે છે અને બાકીના ૧૯ અતિશયો ભક્તિ નિમિત્તે દેવતાઓ દ્વારા વિકુર્વાયેલા હોય છે, તેથી તેની ગણના ૧૯ દેવતાકૃત અતિશયોમાં થાય છે. આ રીતે ૪+૧૧+૧૯ મળી કુલ ૩૪ અતિશયોની ગણના થાય છે, કે જેમનો ટૂંક પરિચય અહીં કરાવવામાં આવ્યો છે.

## ચાર સહજ અતિશયો

(૧) જિનભગવંતનું રૂપ જન્મથી જ અદ્દભુત હોય, તે રોગ, મેલ અને પરસેવાથી રહિત હોય તથા તેમાંથી એક પ્રકારની સુવાસ પ્રકટતી હોય.

(૨) ભગવંતનો શ્વાસોચ્છ્વાસ કમલ જેવો સુગંધી હોય.

(૩) ભગવંતના રક્ત અને માંસ જન્મથી જ ગાયના દૂધ જેવા શ્વેત અને દુર્ગંધથી રહિત હોય.

(૪) ભગવંતના આહાર અને નીહારની એટલે મલવિસર્જનની ક્રિયા ચર્મચક્ષુવાળા એટલે આપણા જેવા સામાન્ય મનુષ્યો જોઇ શકે નહિ. જેઓ અવધિજ્ઞાનથી યુક્ત હોય, તે જોઇ શકે.

ચંડકૌશિક નામના ભયંકર દૃષ્ટિવિષ સર્પે ભગવાન મહાવીરના ડાબા પગે દંશ દીધો અને તેમાંથી દૂધની ધારા છૂટી એમ કહેવાય છે, એ સમજ્યા વિનાની વાત છે. ભગવાન મહાવીર જિન–અર્હંત્–તીર્થંકર હતા, એટલું તેમનું રક્ત પ્રારંભથી જ શ્વેત વર્ણનું હતું. તે ચંડકૌશિક સર્પે દંશ દેતાં શરીરમાંથી બહાર નીકળ્યું, એટલે શ્વેત દૂધ જેવું જણાયું, બાકી એ દૂધ ન હતું.

## અગિયાર કર્મક્ષયજ અતિશયો

(૧–૫) ભગવંતના સમવસરણમાં યોજનમાત્ર ભૂમિમાં

મનુષ્યો, દેવો અને તિર્યંચો ગમે તેટલી મોટી સંખ્યામાં સમાઈ જાય તેઓ વિના હરકતે ભગવંતની વાણી સાંભળી શકે.

ભગવંતનો ઉપદેશ શ્રવણ કરવા માટે એક યોજન લાંબી-પહોળી ભૂમિમાં સમવસરણ રચાય છે. તેમાં મનુષ્યો ઉપરાંત દેવો અને તિર્યંચો પણ ભાગ લે છે. કદી તેમની સંખ્યા વધી જાય તો પણ કશી હરકત આવતી નથી, તેમનો સમાવેશ ત્યાં જ થઈ જાય છે. અને તે દરેક ભગવંતની વાણી કોઈ પણ જાતના અંતરાય વિના સાંભળી શકે છે. એક રીતે આ લોકોત્તર ઘટના છે, તેથી જ તેનો સમાવેશ અતિશયોમાં કરેલો છે.

(૨-૬) ભગવંતની વાણી એક યોજનપર્યંત સંભળાય એવી હોય અને તે બધા જીવોને પોતપોતાની ભાષામાં સમજાય.

આજે પણ એવા કેટલાક મહાત્માઓ જોવામાં આવે છે, જેમની વાણી પક્ષીઓ કે પશુઓ તરત સમજી જાય છે. તેમને આ સિદ્ધિ અભ્યાસથી પ્રાપ્ત થયેલી હોય છે.

(૩-૭) ભગવંતના મસ્તકની પાછળ અપૂર્વ તેજોરાશિથી યુક્ત ભામંડલની રચના થાય.

(૪-૮) ભગવંત વિચરતા હોય, તેની આસપાસના સવાસો યોજના સુધી વિવિધ પ્રકારના રોગો ન થાય.

(૫-૯) ભગવંત વિચરતા હોય, તેની આસપાસના

સવાસો યોજના સુધી આપસનાં વેર-ઝેર શમી જાય. તેમના સમવસરણમાં પરસ્પર દુશ્મનાવટવાળા મનુષ્યો તથા દેવો સાથે બેસે અને પ્રાણીઓ પોતાનું જન્મ-જાત વૈર ભૂલી જાય, એટલે કે વાઘ-બકરી, નોળિયો-સાપ તથા બિલાડી-ઊંદર સાથે બેસી શકે.

(૬-૧૦) તીડ, ઊંદર કે સૂડાનાં ટોળાં ખેતરના પાકને નુકશાન કરે નહિ.

(૭-૧૧) ભગવંત વિચરતા હોય, તેની આસપાસના સવાસો યોજનમાં કોલેરા, મરકી, પ્લેગ, ઇન્ફ્લુએન્ઝા જેવા ચેપી જીવલેણ રોગચાળા ફાટે નહિ.

(૮-૧૨) ભગવંત વિચરતા હોય, તે પ્રદેશમાં અતિવૃષ્ટિ થાય નહિ.

(૯-૧૩) ભગવંત વિચરતા હોય, તે પ્રદેશમાં અનાવૃષ્ટિનો અભાવ હોય.

(૧૦-૧૪) ભગવંત જે પ્રદેશમાં વિચરતા હોય, તે પ્રદેશમાં દુર્ભિક્ષ પડે નહિ. જ્યારે ભિક્ષુકોને કોઈપણ પ્રકારની ભિક્ષા મળે એવું ન રહે, ત્યારે દુર્ભિક્ષ પડયો કહેવાય. અનાવૃષ્ટિનું જ આ વિસ્તૃત સ્વરૂપ છે.

(૧૧-૧૫) ભગવંત વિચરતા હોય, તે પ્રદેશમાં સ્વચક્રભય એટલે પોતાના લશ્કરના બળવાનો ભય રહે નહિ તથા પરચક્રભય એટલે પારકું લશ્કર આક્રમણ કરે એવી સ્થિતિ રહે નહિ.

## ઓગણીશ દેવતાકૃત અતિશયો:

(૧–૧૬) ભગવંતની આગળ આકાશમાં દેદીપ્યમાન ધર્મચક્ર ચાલે.

(૨–૧૭) ભગવંતની આગળ આકાશમાં ચામરો ચાલે. ભગવંત બેઠા પછી તે દેવતાઓ દ્વારા વીંઝાય.

(૩–૧૮) ભગવંતની આગળ આકાશમાં પાદપીઠ સહિત સ્ફટિકરત્નનું સિંહાસન ચાલે. ભગવંત બેસવાના હોય, ત્યાં ઉચિત સ્થાને ગોઠવાઈ જાય.

(૪–૧૯) ભગવંતની આગળ આકાશમાં ત્રણ છત્રો ચાલે. ભગવાન બેસે ત્યારે તેમની ઉપરના ભાગમાં અશોક વૃક્ષ નીચે યોગ્ય સ્થાને ગોઠવાઈ જાય.

(૫–૨૦) ભગવંતની આગળ આકાશમાં રત્નધ્વજ ચાલે. સમવસરણ પ્રસંગે ઉચિત સ્થાને ગોઠવાઈ જાય.

(૬–૨૧) ભગવંત ચાલતા હોય, ત્યારે તેમની આગળ નવ સુવર્ણકમળોની રચના થાય, જેના પર પગ મૂકતાં તેઓ આગળ વધે. આ કમળો અનુક્રમે આગળ ગોઠવાતાં જ જાય, એટલે ભગવંતની ગતિ અસ્ખલિત રહે.

(૭–૨૨) ભગવંતના સમવસરણમાં રત્નમય, સુવર્ણમય અને રૌપ્યમય ત્રણગઢોની રચના થાય.

(૮–૨૩) ભગવંત સમવસરણમાં પૂર્વાભિમુખ બિરાજે ત્યારે બાકીની ત્રણ દિશામાં તેમનાં ત્રણ રૂપો રચાય, જેથી તે ચારેય દિશામાં સહુને સન્મુખ દેખાય.

(૯–૨૪) સમવસરણમાં ભગવંતના શરીરથી બાર ગણી ઊંચાઈવાળા અશોકવૃક્ષની રચના થાય. વિહાર વખતે તે આકાશમાં ભગવંતની આગળ ચાલે.

(૧૦–૨૫) ભગવંત ચાલતા હોય, તે માર્ગના કાંટાએ અધોમુખ થઇ જાય, જેથી તેમને કોઇ કાંટો વાગે નહિ.

(૧૧–૨૬) ભગવંત ચાલતા હોય, તે માર્ગની બંને બાજુએ રહેલાં વૃક્ષોની ડાળીએ નીચી નમે.

(૧૨–૨૭) દુંદુભિનાદ થાય.

(૧૩–૨૮) ભગવંત વિચરતા હોય, ત્યાં પવન અનુકૂલપણે વહે.

(૧૪–૨૯) ભગવંત વિચરતા હોય, ત્યારે આકાશમાં પક્ષીએ પ્રદક્ષિણા આપે.

(૧૫–૩૦) ભગવંત વિચરતા હોય, તે ક્ષેત્રમાં ગંધોદકની વૃષ્ટિ થાય. સુગંધી જલને ગંધોદક કહેવામાં આવે છે.

(૧૬–૩૧) ભગવંત જ્યાં વિદ્યમાન હોય, ત્યાં પચરંગી સુગંધી પુષ્પોની વૃષ્ટિ થાય.

(૧૭–૩૨) ભગવંતના દીક્ષાસમયથી તેમના કેશ, રોમ, દાઢી અને નખ એક સરખા રહે, એટલે કે તેમાં વૃદ્ધિ થાય નહિ.

(૧૮–૩૩) ભગવંતની સમીપમાં ઓછામાં ઓછા એક ક્રોડ દેવો રહે.

(૧૯–૩૪) ભગવંતની હાજરીમાં સર્વ ઋતુઓ તથા પંચેન્દ્રિયના વિષયો અનુકૂલ રહે.

ચોત્રીશ અતિશયો લોકોત્તર વસ્તુ હોવાથી તેમા કોઈ ચર્ચા–વિચારણાને સ્થાન નથી. તે જે સ્વરૂપે આપણી સમક્ષ રજૂ થયા છે, તે જ સ્વરૂપે ગ્રહણ કરવાના છે.

[ ૮ ]

## અષ્ટમહાપ્રાતિહાર્ય આદિ

જિનભગવંત કે અર્હદ્દેવની આંતરિક ઓળખાણ તેમના ચાર મૂલાતિશયો વડે થાય છે અને તેમની બાહ્ય ઓળખાણમાં ચોત્રીશ અતિશયો મુખ્ય ભાગ ભજવે છે. આ ચોત્રીશ અતિશયોમાં પણ આઠ અતિશયોની વિશેષ પ્રસિદ્ધિ છે કે જેમને **અષ્ટમહાપ્રાતિહાર્ય** તરીકે ઓળખવામાં આવે છે. કેટલાક આચાર્યોએ અર્હદ્દેવની ઓળખાણ આ અષ્ટમહાપ્રાતિહાર્યો દ્વારા પણ આપી છે. જેમ કે– 'अट्ठविहंपाडिहेरं जम्हा अरहंति तेण अरहंता–જે અષ્ટમહા

પ્રાતિહાર્યોને યોગ્ય છે, તે અરહંતો.' 'अशोकाद्यष्टमहाप्राति-हार्यादिरूपां पूजामर्हन्तीत्यर्हन्तः—જે અશોકાદિ અષ્ટમહાપ્રાતિ-હાર્ય રૂપી પૂજાને યોગ્ય છે, તે અરહંતો—અરિહંતો.' તેથી અહીં અષ્ટમહાપ્રાતિહાર્ય સંબંધી વિશિષ્ટ વિચારણા કરવી ઉપયુક્ત છે.

અર્હદ્દેવમાં અનન્ય શ્રદ્ધા ધરાવનારો દેવેન્દ્ર કેટલાક દેવોને ભગવંતના પ્રતિહારી થવાનું કાર્ય સોંપે છે, એટલે તેઓ નિરંતર તેમની સમીપે રહે છે અને તેમના પ્રત્યે ભક્તિ દર્શાવવા માટે અશોકવૃક્ષ આદિ આઠ દિવ્ય વસ્તુઓની રચના કરે છે. આ પ્રતિહારીનું કાર્ય હોવાને લીધે પ્રાતિ-હાર્ય કહેવાય છે. આવા આઠ મહાન પ્રાતિહાર્યોનો સમુદાય, તે અષ્ટમહાપ્રાતિહાર્ય. સામાન્ય લોકો આ પ્રાતિહાર્યોને જોતાં જ સમજી જાય છે કે નક્કી અહીં અરિહંત ભગવંત બિરા-જતા હોવા જોઈએ; એટલે તેઓ એમની સમીપે આવવા લાગે છે અને એમની અનન્ય ભાવે ભક્તિ કરવા માંડે છે. જેમ ચુંબક લોખંડને પોતાના તરફ આકર્ષે છે, તેમ અરિહંતદેવનું અદ્ભુત વ્યક્તિત્વ લોકોને પોતાના તરફ આકર્ષે છે.

**પ્રવચનસારોદ્ધાર**માં અષ્ટમહાપ્રાતિહાર્યનાં નામો નીચે પ્રમાણે સંઘરાયેલાં છે :

**किंकिल्ली कुसुमवुट्ठी, देवज्झुणि चामराऽऽसणाइं च ।**
**भावलय भेरिछत्तं, जयंति जिणपाडिहेराइं ॥**

'(૧) અશોકવૃક્ષ, (૨) કુસુમવૃષ્ટિ, (૩) દિવ્યધ્વનિ, (૪) ચામર, (૫) આસન, (૬) ભાવલય-ભામંડલ, (૭) ભેરિ અને (૮) છત્ર, એ જિન પ્રાતિહાર્યો જય પામે છે.'

નીચેના શ્લોકમાં તેનું જ પ્રતિબિંબ પડેલું છે. જેમકે-

अशोकवृक्षः सुरपुष्पवृष्टिः, दिव्यध्वनिश्चामरमासनं च ।
भामण्डलं दुन्दुभिरातपत्रं, सत्प्रातिहार्याणि जिनेश्वराणाम् ॥

'(૧) અશોકવૃક્ષ, (૨) દેવતાઇ પુષ્પોની વૃષ્ટિ, (૩) દિવ્ય ધ્વનિ (૪) ચામર, (૫) આસન, (૬) ભામંડલ, (૭) દુન્દુભિ અને (૮) છત્ર, એ જિનેશ્વરદેવોનાં સત્પ્રાતિહાર્યો છે.'

આજે આ શ્લોક વિશેષ પ્રચલિત છે.

આ આઠેય મહાપ્રાતિહાર્યો આમ તો ચોત્રીશ અતિશયોમાં આવી જાય છે, પણ અહીં તેનો વિશેષ અધિકાર હોવાથી તેમનો પરિચય કરી લઈએ. +

**(૧) અશોકવૃક્ષ :** અરિહંત ભગવંત સમવસરણમાં બિરાજતા હોય, ત્યારે તેમના શરીરથી બારગણી ઉંચાઈવાળા અત્યંત મનોહર અશોકવૃક્ષની રચના પ્રતિહારી દેવોવડે કરવામાં આવે છે. શાસ્ત્રોમાં તેનું વર્ણન અનેક પ્રકારે થયેલું છે. વિહાર વખતે આ અશોકવૃક્ષ ઉપર આકાશમાં સાથે ચાલે છે અને સમવસરણના સમયે પોતાના સ્થાને ગોઠવાઈ જાય છે. આ અશોકવક્ષ ઉપર બીજા એક ચૈત્ય-

+ ચોત્રીશ અતિશયો કરતાં આ વર્ણન વધારે સ્ફુટ છે.

વૃક્ષની રચના હોય છે. ચૈત્યવૃક્ષ એટલે જ્ઞાનનું વૃક્ષ. ભગવંતને જે વૃક્ષ નીચે કેવલજ્ઞાન થયું હોય, તે વૃક્ષ.

આને અશોકવૃક્ષ નામનો પ્રથમ મહાપ્રાતિહાર્ય કહેવામાં આવે છે.

(૨) **સુરપુષ્પવૃષ્ટિ** : સમવસરણની રચનાવખતે આજુબાજુની એક યોજનપ્રમાણ ભૂમિમાં પ્રતિહારી દેવો પચરંગી પુષ્પોની વૃષ્ટિ કરે છે. આ પુષ્પો સુગંધથી ભરપૂર હોય છે. આને સુરપુષ્પવૃષ્ટિ નામનો બીજો મહાપ્રાતિહાર્ય કહેવામાં આવે છે.

(૩) **દિવ્યધ્વનિ** : ભગવંત દેશના દેતા હોય, તે વખતે વાતાવરણમાં ઊંચે સુધી એક પ્રકારનો દિવ્ય ધ્વનિ પ્રકટે છે. જે તેમની વાણીમાં રહેલી મધુરતા, દિવ્યતા આદિમાં ઉમેરો કરે છે અને માલકોશ આદિ રાગોના સૂર પણ પૂરે છે. જૈનોનો એક સંપ્રદાય એમ માને છે કે આ દિવ્ય ધ્વનિ ૐકારરૂપ હોય છે. આને દિવ્યધ્વનિ નામનો મહાપ્રાતિહાર્ય કહેવામાં આવે છે.

ચોત્રીશ અતિશયોમાં આની સ્પષ્ટ ગણના નથી, પણ વાણીના અતિશયમાં તેનો સમાવેશ કરી શકાય.

(૪) **ચામર** : ભગવંત જ્યારે વિહાર કરતા હોય છે, ત્યારે આગળ ગગનમંડલમાં ૬૪ સુંદર ચામરો ચાલતાં હોય છે. તેઓ જ્યારે સમવસરણમાં બિરાજે છે; ત્યારે એક બાજુના ૧૬ એ રીતે આ ૬૪ ચામરો દેવ–દેવીઓ દ્વારા

તેમની બંને બાજુએ વીંઝાય છે. આને ચામર નામનો ચોથો મહાપ્રાતિહાર્ય કહેવામાં આવે છે.

(૫) **આસન** : ભગવંત જ્યારે વિહાર કરતા હોય, ત્યારે પાદપીઠ સહિત નિર્મલ સ્ફટિક રત્નનું બનેલું અદ્ભુત સિંહાસન ઉપર આકાશમાં ચાલતું હોય છે. તે સમવસરણમાં બેસવાના સમયે યથાસ્થાને ગોઠવાઈ જાય છે. આનો આસન નામનો પાંચમો મહાપ્રાતિહાર્ય કહેવાય છે.

(૬) **ભામંડલ** : પ્રતિહારી દેવો દ્વારા ભગવંતના મસ્તકની પાછળ અત્યંત દેદીપ્યમાન તેજોવર્તુલની રચના થવી, તે ભામંડલ નામનો છઠ્ઠો મહાપ્રાતિહાર્ય ગણાય છે.

(૭) **દુન્દુભિ** : ભગવંતનું સમવસરણ રચતી વખતે પ્રતિહારી દેવતાઓ દુન્દુભિ વગાડી એક પ્રકારનો જયનાદ પ્રકટ કરે છે. તે ઘણે દૂર સુધી સંભળાય છે. આને સાતમો દુન્દુભિ નામનો મહાપ્રાતિહાર્ય કહેવામાં આવે છે.

(૮) **છત્ર** : ભગવંત વિહાર કરતા હોય ત્યારે તેમની ઉપર નભોમંડલમાં ત્રણ મનોહર છત્રો ચાલે છે અને તેઓ બેસે ત્યારે તેમના મસ્તક ઉપર થોડે ઊંચે ઉચિત રીતે ગોઠવાઈ જાય છે. આને છત્ર નામનો આઠમો મહાપ્રાતિહાર્ય કહેવામાં આવે છે.

ચાર મૂલાતિશયો અને આઠ મહાપ્રાતિહાર્યો એ રીતે અરિહંતના બાર ગુણોની ગણના થાય છે.

અર્હદ્દેવ અંગે બીજી પણ કેટલીક વસ્તુ જાણવા જેવી

છે, તે અહીંજ જણાવી દઈએ. પ્રકરણના મથાળે અમે આદિ શબ્દ એટલા જ માટે લગાડેલો છે.

આ જગતમાં જેના જેવું બીજું કોઈ ન હોય, તે અનન્યસદૃશ કહેવાય. તમે પૃથ્વીનું સમસ્ત પડ ફેંદી વળો, પણ તમને અરિહંતનો જોટો નહિ જડે. એ હકીકત છે. એક ભૂમિમાં એક સમયે તો બે અરિહંતો જન્મતા જ નથી, એટલે તેમની જોડી મળવી અસંભવિત છે.

અહીં એક પાઠકમિત્ર પ્રશ્ન કરે છે કે 'આ પૃથ્વીમાં તો તેમનો જોટો ભલે ન જડે, પણ સ્વર્ગમાં જડે કે નહીં ? ત્યાં તો ઘણી શક્તિવાળા દેવો હોય છે.' તેનો ઉત્તર એ છે કે 'અહીં અરિહંતનો જે જોટો શોધવાનો છે, તે તેમના ગુણની અપેક્ષાએ શોધવાનો છે. અરિહંત તો અનંત ગુણના ભંડાર હોય છે. તેના સોમા કે હજારમા ભાગે પણ કોઈ દેવ આવી શકે નહિ, પછી બરાબરીની વાત તો રહી જ ક્યાં ? ખરી વાત તો એ છે કે દેવોના દેવો પણ તેમની ભક્તિ-પૂજા કરતા હોય છે, એટલે તેઓ એમના સેવકની કોટિમાં આવે. શું સેવકની સરખામણી સેવક સાથે થઈ શકે ખરી ?

આજથી ૨૫૦૦-૨૬૦૦ વર્ષ પહેલા ભારતવર્ષમાં ઘણા ધાર્મિક સંપ્રદાયો હતા અને ઘણા પ્રકારના વાદો-સિદ્ધાંતો ચાલતા હતા. એ દરેક સંપ્રદાય કે વાદનો સ્થાપક પોતાને મહાન સમજતો અને તીર્થંકર, ઇશ્વરી અવતાર, પરમ મહર્ષિ કે એવા બીજા કોઈ નામે પોતાને ઓળખાવતો,

પણ તેમાંનો કોઈ ભગવાન મહાવીરની તુલનામાં આવી શક્યો નહિ. ગોશાલકે તેમની હરિફાઈ કરી તેમને ઉતારી પાડવાના પ્રયત્નો કર્યા, પણ પરિણામે પોતાને જ ભૂંડે હાલે મરવાનો વખત આવ્યો. તાત્પર્ય કે અરિહંત ભગવંત ગુણમાં અજોડ હોય છે, એટલે કોઈ તેમની હરિફાઈ કરી શકતું નથી.

અરિહંતો અચિંત્ય માહાત્મ્યવાળા હોય છે, એટલે કે તેમનો મહિમા આપણે કલ્પી શકીએ, તે કરતાં પણ ઘણો વધારે હોય છે. જેમનાં દર્શન માત્રથી પાપી મનુષ્યો પવિત્ર થતા હોય, દરિદ્ર મનુષ્યો ધનવાન બનતા હોય, અને મહારોગથી પીડાતા મનુષ્યો નીરોગી બનતા હોય, તેમના મહિમાને તમે કેવો કહેશો ? માત્ર મનુષ્યો પર જ નહિ, પશુઓ, પક્ષીઓ, તથા અન્ય પ્રાણીઓ પર પણ તેમનો અજબ પ્રભાવ પડે છે અને તેમના જીવનમાં અનેરું પરિવર્તન આવે છે. ચંડકૌશિક એ દૃષ્ટિવિષ ભયંકર સર્પ હતો અને દૃષ્ટિપાત માત્રથી જ અનેકના પ્રાણ હરતો હતો. તેણે ભગવાન મહાવીરને પોતાના રાફડા નજીક ઊભેલા જોઈને તેમના પગે ઝેરી દંશ માર્યો. પરંતુ ભગવાન મહા–વીરને તેની કંઈ અસર થઈ નહિ, આ તેમનો કેવો મહિમા! વળી 'ચંડકોશિય બુજ્ઝ બુજ્ઝ !' એ તેમના વાત્સલ્યપૂર્ણ શબ્દોએ તેનું સમસ્ત જીવન ફેરવી નાખ્યું અને હલાહલ ઝેરના સ્થાને સમતારસની સુધા પ્રગટાવી દીધી. ખરેખર ! અરિહંત ભગવંતનો મહિમા અપાર હોય છે ! તેનું વર્ણન વૈખરી વાણી વડે થઈ શકતું નથી.

અરિહંતો પ્રવર ઉત્તમતાને યોગ્ય હોય છે, એટલે કે

તેઓ રૂપ, ગુણ, સંઘયણ, × સંસ્થાન, + કુલ, જાતિ, જ્ઞાન, ધ્યાન, સિદ્ધિ એ બધામાં ઉત્તમ હોય છે, તેથી જ તેમની ગણના પુરુષોત્તમ કે સિદ્ધોત્તમ તરીકે થાય છે.

અરિહંત ભગવંતનો આત્મા દેવલોક કે નરકલોકમાંથી માતાના ગર્ભમાં આવે છે, તેને ચ્યવનકલ્યાણક કહેવાય છે; તેઓ માતાના ઉદરથી જન્મ પામે, તેને જન્મકલ્યાણક કહેવાય છે; તેઓ સંસારનો ત્યાગ કરી સંયમ–દીક્ષા કે યોગ-દીક્ષા ધારણ કરે, તેને દીક્ષાકલ્યાણક કહેવાય છે; તેઓ કેવલ-જ્ઞાનની પ્રાપ્તિ કરે, તેને કેવલજ્ઞાનકલ્યાણક કહેવાય છે અને તેઓ નિર્વાણ પામે, તેને નિર્વાણકલ્યાણક કહેવાય છે. જગતનું કલ્યાણ કરનારના જીવનમાં આ પાંચેય ઘટનાઓ મહત્ત્વની હોવાથી તેને કલ્યાણક સંજ્ઞા આપવામાં આવી છે. આ પાંચેય કલ્યાણક–પ્રસંગે દૈવી તત્ત્વો ઉલ્લાસમાં આવે છે, એટલે કે દેવ–દેવીઓ મળીને તેનો યોગ્ય ઉત્સવ–મહોત્સવ કરે છે અને આ જગતમાં તેનું વિશિષ્ટ વાતા-વરણ સર્જાય છે. દેવ–દેવીઓ દ્વારા થતા આ બધા ઉત્સવ–મહોત્સવોનો સમાવેશ પૂજાતિશયમાં જ થાય છે.

અર્હદ્ દેવ માટે હજી બીજી કેટલીક બાબતો જાણવા જેવી છે, તે અમારા રચેલા '**લોગસ્સમહાસૂત્ર**'ના ચૌદમા પ્રકરણથી જાણવી.

---

× શરીરનો બાંધો + શરીરની આકૃતિ.

[ ૯ ]

## નામ-સ્મરણ

ભક્તિ, આરાધના કે ઉપાસનાનું પ્રથમ અંગ નામ-સ્મરણ છે, એટલે પ્રસ્તુત પ્રકરણમાં તે સંબંધી કેટલીક વિચારણા કરીશું.

ઉપાસ્ય દેવને યાદ કરવા, ઉપાસ્ય દેવનું નામ બોલવું, ઉપાસ્યદેવના નામનું રટણ કરવું, ઉપાસ્ય દેવના નામનો જપ કરવો, તેને નામ-સ્મરણ કહેવામાં આવે છે. કેટલાક તેને ભગવત્-સ્મરણ કે પ્રભુ-સ્મરણ પણ કહે છે, કારણ કે તેમાં ભગવાન અથવા પ્રભુના નામનું સ્મરણ હોય છે.

નામ-સ્મરણ એ સહજસાધન છે, એટલે કે તે બહુ સહેલાઈથી થઈ શકે એવું છે. 'હે અરિહંત ! હે વીતરાગ ! હે પરમાત્મા !' એ જિનનામ સૂચક શબ્દો મનથી યાદ કરવા હોય કે મુખથી બોલવા હોય તો શી તકલીફ પડે છે ? વળી મનુષ્ય નાનો હોય કે મોટો હોય અથવા ગમે તે સ્થાને રહેલો હોય અને ગમે ને અવસ્થામાં રહેલો હોય તો પણ આ નામો બોલી શકે છે. એક અહોરાતમાં+ સો-બસો વાર પ્રભુનું નામ-સ્મરણ કરવું, એ જરાયે અઘરૂં નથી.

---

+ દિવસ અને રાત્રિમાં.

જૈન પરંપરા તો એવી છે કે બાળક કંઈ સમજણું થાય અને બોલતાં શીખે, એટલે તેને નવકારમંત્ર શીખવવો અને ચોવીશ તીર્થંકરોનાં નામ યાદ કરાવવાં, જેથી તે ઉઠતાં, બેસતાં કે સૂતાં અથવા ગમે તે સ્થિતિમાં શ્રી અરિહંત દેવનું સ્મરણ કરી શકે અને પોતાના જીવનને સફળ બનાવી શકે.

અમે એક તદ્દન નાના ગામડામાં જન્મ્યા હતા કે જ્યાં ન હતું મંદિર, ન હતું ઘર-દહેરાસર કે ન હતી પાઠશાળા. પણ માતાના ધર્મસંસ્કારો ઉત્તમ હતા, એટલે તેમણે અમને નવકારમંત્ર શીખવ્યો અને ચોવીશ તીર્થંકરોનાં નામ શીખવ્યાં. વળી તે રોજ સવારે અથવા સૂતાં પહેલાં અવશ્ય બોલી જવાં જ જોઈએ, એવો આગ્રહ રાખ્યો. તો અમને જૈન ધર્મનો સંસ્કાર પડયો અને અમારા ઉપાસ્યદેવ-ઇષ્ટદેવ અરિહંત ભગવંત છે, એવો ખ્યાલ પેદા થતાં ક્રમેક્રમે તેમના પ્રત્યે ભક્તિ જાગૃત થઈ.

આજે તો પરિસ્થિતિ વિચિત્ર છે. ખાસ કરીને જેઓ વધારે શિક્ષિત કે ધનવાન છે, તેને ત્યાં બાળકો પર આ જાતનો સંસ્કાર પાડવાના પ્રયત્નો થતા નથી. અમે એવાં કુટુંબો જોયાં છે કે જ્યાં બાળકો ચૌદ-પંદર વર્ષના થવા છતાં પૂરો નવકારમંત્ર પણ જાણે નહિ; પછી ચોવીશ તીર્થંકરોનાં નામ કડકડાટ બોલી જવાની વાત તો રહી જ ક્યાં ? શાળામાં પણ શબ્દો શીખવતી વખતે God-ગોડ (પ્રભુ)ને બદલે Dog-ડોગ (કૂતરા)ની પસંદગી થતી હોય

ત્યાં પ્રભુના નામનો સંસ્કાર પડે ક્યાંથી ? અને રોજ પ્રભુસ્મરણ થાય ક્યાંથી ?

એક સંતપુરુષે કહ્યું છે કે–' હે મનુષ્યો ! તમે શું કોઈ ચમત્કારિક ઔષધિઓની શોધમાં છો ? તો અહીં આવો, હું તમને એ ઔષધ બતાવું. એ ઔષધ કોઈ વનસ્પતિના પત્ર, પુષ્પ, ફળ કે મૂલરૂપ નથી કે કોઈ રસરસાયણની માત્રારૂપ નથી. એ છે પ્રભુનું નામ–સ્મરણ. તે જો ખરા ભાવથી–ખરી શ્રદ્ધાથી કરશો તો શરીરમાં કોઈ પણ પ્રકારનો રોગ વ્યાપશે નહિ કે મનમાં કોઈ પણ જાતનો શોક–સંતાપ ઉત્પન્ન થશે નહિ. વળી જે કંઈ મુશીબતો કે મુશ્કેલીઓ આવી પડી હશે, તે બધી દૂર થઈ જશે. '

આ વચનો ટંકશાળી છે, પણ મોહ–મમત્વના પાશમાં બંધાયેલા મનુષ્યોનાં ગળે ઉતરે છે ક્યાં ? તેઓ તો પોતાનાં માની લીધેલાં સુખોને મેળવવામાં અને તેને માણવામાં મસ્ત રહે છે અને મૃત્યુ કે પરલોકની પરવાહ કરતા નથી. અલબત્ત, જ્યારે કોઈ રોગ આવી પડે છે અને તે દવાઓ કે ઇંજેક્શનોને દાદ આપતો નથી; અથવા પ્રિયજનોનો વિયોગ આદિ કોઈ દુર્ઘટના બને છે અને શોકસાગરમાં ડૂબી જાય છે; અથવા કોઈ અણધારી આફત આવી પડતાં અત્યંત કઢંગી સ્થિતિમાં મૂકાઈ જાય છે, ત્યારે તેઓ ' હે પ્રભો ! હે ઈશ્વર ! હે ભગવાન્ ! મને બચાવ, મને આ દુઃખમાંથી છોડાવ ! ' એ રીતે બોલે છે ખરા, પણ એ કાંઇ

નામ-સ્મરણ કર્યું કહેવાય નહિ, કરવું પડ્યું કહેવાય. એથી અમુક લાભ તો થાય જ છે, પણ-ખરું નામ-સ્મરણ તો ત્યારે જ કર્યું કહેવાય કે જ્યારે પોતાનું લક્ષ પ્રભુમાં જોડવાના ઉદ્દેશથી તેનું નામ વારંવાર રટવામાં આવે.

કબીર સાહેબ એક મહાન સંતપુરુષ હતા. તેમણે પોતાની વેધક વાણીમાં કહ્યું છે કે-

**सुमिरन से सुख होत है, सुमिरन से दुःख जाय ।**
**कहै कबीर सुमिरन किये, साईं मांहि समाय ॥**

'નામ-સ્મરણથી સુખ એટલે નિજસ્વરૂપાનંદની પ્રાપ્તિ થાય છે અને દુઃખ એટલે જન્મ, જરા તથા મરણનો નાશ થાય છે. કબીર કહે છે કે સાંઈનું-ભગવાનનું નામ સ્મરવાથી છેવટે તેમાં ભળી જવાય છે.'

**सुमिरन की सुधियौं करो, ज्यों गागर पनिहारी ।**
**हालै डोलै सुरति में, कहैं कबीर विचारी ॥**

'કબીર ઘણો વિચાર કરીને-ઘણો અનુભવ મેળવીને કહે છે કે હે હંસજનો! અર્થાત્ મુમુક્ષુઓ! જેવી રીતે પનિહારી રસ્તામાં ચાલતાં, ડોલતાં તથા બહેનપણીઓ સાથે વાત કરતાં પોતાનું લક્ષ માથે લીધેલાં બેડાં ઉપર રાખે છે, તેવી રીતે તમે દુનિયાનો વ્યવહાર ચલાવવા છતાં તમારું લક્ષ ભગવાનના નામ-સ્મરણમાં રાખો.' તાત્પર્ય કે એમ કરવાથી તમારો એક દિવસ ઉદ્ધાર થશે.

અન્ય સંત પુરુષોએ પણ નામ-સ્મરણનો આવો મહિમા ગાયો છે અને તેથી જ મુમુક્ષુઓ-ભક્તજનો 'રામ રામ' 'કૃષ્ણ કૃષ્ણ હરે' 'જય શંભો' વગેરે શબ્દો વડે નામ-સ્મરણ કરતાં માલુમ પડે છે. કેટલાક 'રઘુપતિ રાઘવ રાજારામ, પતિતપાવન સીતારામ' વગેરે પદોની ધૂન પણ લગાડે છે અને તેમાં મસ્ત બની જાય છે. એ વખતે તેમને દુનિયાની અન્ય કોઇ વસ્તુ યાદ આવતી નથી.

અહીં એટલું સ્પષ્ટ કરવું જોઇએ કે બૌદ્ધો, મુસલમાનો તથા ખ્રિસ્તીઓ વગેરે પણ પોતપોતાની રીતે નામ-સ્મરણ કરે છે.

કેટલાક એમ માને છે કે 'નામ-સ્મરણ એક સારી વસ્તુ છે, પણ જૈન ધર્મમાં તેના પર ખાસ ભાર મૂકાયો નથી.' પરંતુ આ માન્યતા સત્યથી વેગળી છે. જૈન મહર્ષિઓએ પણ નામ-સ્મરણનો મહિમા વિવિધ પ્રકારે ગાયો છે અને તેની મંગલમયતાને મહોર મારી છે.

શ્રી માનતુંગસૂરિએ ભક્તામરસ્તોત્રમાં જણાવ્યું છે કે—

**आपादकण्ठमुरुशृंखलवेष्टितांगा,**
**गाढं बृहन्निगडकोटिनिघृष्टजंघाः ।**
**त्वन्नाममन्त्रमनिशं मनुजाः स्मरन्तः,**
**सद्यः स्वयं विगतबन्धभया भवन्ति ॥ ४४ ॥'**

'પગથી કંઠ સુધી મોટી મોટી બેડીઓએ કરી શરીર બાંધેલું હોય, તથા અત્યંત મોટી બેડીઓના અગ્ર-

ભાગથી જેમની જંઘા ઘસાઈ ગઈ હોય, તેવા મનુષ્યો તમારા નામરૂપી મંત્રનું સ્મરણ કરતાં તત્કાળ પોતાની મેળે બંધનના ભયથી રહિત બની જાય છે.'

જિનભગવંતના નામ–સ્મરણનો આ કેવો મોટો મહિમા ! કોઈને એમ લાગતું હોય કે આ શબ્દો અતિશયોક્તિ ભરેલા છે, તો એ ભૂલ છે. ધારાનગરીના રાજાએ શ્રી માનતુંગસૂરિની પરીક્ષા કરવા માટે તેમને લોખંડની ૪૪ મજબૂત સાંકળો વડે બાંધી લઈ ભોંયરામાં પૂર્યા હતા અને એ ભોંયરાના દ્વારે મોટાં તાળાં લગાવી દીધાં હતાં, પરંતુ સૂરિજીએ શ્રી આદિનાથ ભગવાનનું પવિત્ર નામસ્મરણ કરીને પરમ શ્રદ્ધાપૂર્વક તેમની સ્તુતિ કરવા માંડી કે દરેક ગાથાએ એકેક સાંકળનું બંધન તૂટતું ગયું અને છેવટે તેઓ સર્વ બંધનથી મુક્ત થયા. આથી રાજા અત્યંત ચકિત થયો અને સર્વ સભાજનોએ જિન–ભગવંતના નામ–સ્મરણનો મહિમા સ્વીકાર્યો.

શ્રી સિદ્ધસેનસૂરિએ શ્રી કલ્યાણમંદિર–સ્તોત્રમાં જણાવ્યું છે કે—

**आस्तामचिन्त्यमहिमा जिन ! संस्तवस्ते,**
**नामापि पाति भवतो भवतो जगन्ति ।**
**तीव्रातपोपहतपान्थजनान्निदाघे,**
**प्रीणाति पद्मसरसः सरसोऽनिलोऽपि ॥**

'હે જિનેશ્વર! અચિંત્ય મહિમાવાળું તમારું સ્તવન તો દૂર રહો, તમારું નામ પણ ત્રણ જગતનું ભવ થકી રક્ષણ કરે છે. જેમ ગ્રીષ્મ ઋતુમાં પ્રચંડ તાપ વડે પીડાયેલા મુસાફરોને કમળવાળા સરોવરનો ઠંડો પવન પણ ખુશી કરે છે.' તાત્પર્ય કે તમારું નામ-સ્મરણ કરવાથી ભવસાગરનો પાર પામી શકાય છે, તો સ્તવનની વાત જ શી કરવી ?

હવે નામસ્મરણ અંગે અમને જે અનુભવ થયો છે, તે અહીં રજૂ કરીશું.

ચૌદ-પંદર વર્ષની ઉંમરે અમારા વતન સૌરાષ્ટ્રના દાણાવાડા ગામમાં × સંધ્યાસમયે ફરવા જતાં જમણા પગે સાપ કરડ્યો અને અમને ઘરે લાવવામાં આવ્યા. ત્યાં ઘી ગરમ કરીને અમને પાવામાં આવ્યું અને અમારો જાન બચાવવાના ઇરાદાથી એક પાડોશીએ ડંખની આસપાસ મોટો કાપ મૂક્યો. આ વખતે કેવી વેદના થઈ હશે? એ કલ્પી શકાય એમ છે.

અમારાં મુખમાંથી દર્દભરી ચીસો નીકળવા લાગી, પણ તે જ વખતે અમારી ધર્મપરાયણ પૂજ્ય માતાએ આદેશ આપ્યો કે 'તારી ચીસો બંધ કર. માત્ર ભગવાન મહાવીરનું નામ જ સ્મર્યા કર. તને જરૂર સારું થઈ જશે.' અને અમે એ આદેશને શિરોધાર્ય કરી 'મહાવીર! મહાવીર!' નામ રટવા માંડ્યું. કોઈ વાર વેદના વધારે

---

× આ ગામ સુરેન્દ્રનગરથી બાર કિલોમીટર દૂર આવેલું છે.

થતી, તો એ નામ ખૂબ મોટેથી બોલાઈ જવાતું, પણ તે વખતે મુખમાં બીજો કોઈ શબ્દ પ્રવેશવા દીધો ન હતો, એ અમને બરાબર યાદ છે.

અને અમે એ જીવલેણ આફતમાંથી બચ્યા. અહીં કોઈ એમ કહેશે કે 'આયુષ્યરેખા બળવાન હતી, એટલે બચ્યા,' તો એ વાત સાચી છે, પણ તેનું નિમિત્ત તો ભગવાનના પવિત્ર નામનું સ્મરણ જ હતું, એમાં અમને કોઈ સંદેહ રહ્યો નથી.

## નમસ્કાર

### ૧—નમસ્કારની મહત્તા

મહાપુરુષોએ નામ-સ્મરણ જેટલો જ મહિમા નમસ્કારનો ગાયો છે; અથવા તો તેને નામસ્મરણથી પણ અધિક મહત્ત્વ આપ્યું છે, કારણ કે તેનાથી ઉપાસ્ય દેવ પ્રત્યે શ્રદ્ધા—નમ્રતા-ભક્તિ વ્યક્ત કરવાનો સુઅવસર સાંપડે છે અને તે ઉપાસકને ઉત્તરોત્તર ઉચ્ચ ભૂમિકાએ લઈ જાય છે. અહીં એટલી સ્પષ્ટતા કરીએ તો ઉચિત ગણાશે કે મુખથી પ્રભુનું નામ લઈએ, પણ તેમના પ્રત્યે શ્રદ્ધા-ભક્તિ-આદર ન હોય તો એ નામ-સ્મરણ અર્થહીન બની જાય છે, એટલે નામ-સ્મરણની સાથે નમસ્કાર પણ અવશ્ય હોવો જોઈએ.

આવશ્યકના અધિકારે બોલાતાં 'સિદ્ધાણં બુદ્ધાણં' સૂત્રમાં જણાવ્યું છે કે—

'इक्कोवि नमुक्कारो, जिणवर—वसहस्स वद्धमाणस्स ।
संसार—सागराओ, तारेइ नरं व नारिं वा ॥'

'જિનવરોમાં ઉત્તમ એવા શ્રી વર્ધમાન સ્વામીને અર્થાત્ ચોવીશમા તીર્થંકર શ્રી મહાવીર પ્રભુને કરાયેલો એક નમસ્કાર પણ નર કે નારીને સંસારસમુદ્રથી તારે છે.'

થોડાં વિવેચનથી આ ગાથાનો અર્થ સ્પષ્ટ થશે. પ્રથમ તો અહીં શ્રી મહાવીર પ્રભુનો નામનિર્દેશ કરવામાં આવ્યો છે, એટલે એમ સમજવું નહિ કે તેમના જ નમસ્કારથી આવું ફળ મળે છે અને અન્ય જિનોના નમસ્કારથી મળતું નથી. અન્ય જિન ભગવંતો પણ શક્તિ, સામર્થ્ય અને પ્રભાવમાં તેમના જેવા જ છે, એટલે તેમના નમસ્કારનું ફળ પણ આવું જ મળે છે.

બીજું અહીં નમસ્કારને કોઈ વિશેષણ લગાડેલું નથી, પણ સંપ્રદાયથી એવું વિશેષણ સમજી લેવાનું છે કે 'મન, વચન અને કાયાના શુભ પ્રણિધાનપૂર્વક સામર્થ્ય યોગથી કરેલો.' આવો નમસ્કાર પુરુષને તેમજ સ્ત્રીને તથા નપુંસકને ભવસાગરથી તારી દે છે. *

અહીં એવો પ્રશ્ન થવા સંભવ છે કે 'નમસ્કાર જેવી એક સામાન્ય ક્રિયામાં શું આટલી બધી શક્તિ રહેલી છે? અને જો નમસ્કારમાં આટલી બધી શક્તિ રહેલી હોય તો અન્ય ધર્મક્રિયાઓ કે અનુષ્ઠાનોની જરૂર શી છે?' તેનો

---

* લિંગની દૃષ્ટિએ મનુષ્યના ત્રણ પ્રકારો છે:—સ્ત્રી, પુરુષ અને નપુંસક. આ ત્રણે લિંગો દ્વારા મનુષ્ય સિદ્ધિગતિ પ્રાપ્ત કરી શકે છે. ઈલાચીકુમાર આદિ પુરુષલિંગે સિદ્ધ થયા, ચંદનબાલા આદિ સ્ત્રીલિંગે સિદ્ધ થયા અને ગાંગેય આદિ નપુંસકલિંગે સિદ્ધ થયા-શ્રી ઉત્તરાધ્યયનસૂત્રના છત્રીશમા અધ્યયનમાં કહ્યું છે કે—

इत्थीपुरिससिद्धा य, तहेव य नपुंसगा ।
सलिंगे अन्नलिंगे य, गिहिलिंगे तहेव य ॥ ४९ ॥

ઉત્તર એ છે કે નમસ્કારની ક્રિયા ઉપલક દૃષ્ટિએ ભલે સામાન્ય દેખાતી હોય, પણ વાસ્તવમાં એ સામાન્ય નથી. શ્રીમાન્ હરિભદ્રસૂરિએ **લલિતવિસ્તરા-ચૈત્યવંદનવૃત્તિમાં** તેને ધર્મ પ્રત્યે લઈ જનારી મૂળભૂત વસ્તુ કહી છે: 'धर्मं प्रति मूलभूता वन्दना ।' અને તેનાં કારણો પણ આપ્યાં છે. તેઓ કહે છે કે 'વંદનાથી ઉત્પન્ન થતો ભાવોલ્લાસ આત્મક્ષેત્રમાં ધર્મ-પ્રશંસા અને ધર્મ-બહુમાનરૂપી બીજને વાવે છે, ધર્મચિંતના રૂપ અંકુરાઓને પ્રગટાવે છે, ધર્માચારરૂપ શાખા-પ્રશાખાઓનો વિસ્તાર કરે છે, તેમજ સ્વર્ગ અને મોક્ષનાં સુખોની પ્રાપ્તિરૂપ પુષ્પ તથા ફલોને આપે છે.'

એક મધ્યસ્થ દૃષ્ટિવાળા મહાપુરુષના આ શબ્દો સાંભળ્યા પછી નમસ્કારની ક્રિયાને સામાન્ય કે મામુલી કહેવાની હિંમત કોણ કરે ? પણ જ્યાં વસ્તુનું જ્ઞાન નથી-વસ્તુની પરીક્ષા નથી, ત્યાં આવા શબ્દો મુખમાંથી સરી પડે, એ સહજ છે.

હવે પ્રશ્નના બીજા ભાગ પર આવીએ. તેમાં એમ જણાવ્યું છે કે 'જો નમસ્કારમાં આટલી બધી શક્તિ રહેલી હોય, તો અન્ય ધર્મક્રિયાઓ કે અનુષ્ઠાનોની જરૂર શી ?' તેનો ઉત્તર એ છે કે શાસ્ત્રકારોએ નમસ્કારનું જે સ્વરૂપ માન્યું છે; તે નહિ જાણવાથી જ આવો પ્રશ્ન ઉઠે છે. જો એ સ્વરૂપને જાણીએ તો આ પ્રશ્નનું સમાધાન આપોઆપ થઈ જાય એમ છે.

## ૨-નમસ્કારના મુખ્ય બે પ્રકારો

નમસ્કાર મુખ્યત્વે બે પ્રકારનો છે : એક દ્રવ્ય-નમસ્કાર અને બીજો ભાવ-નમસ્કાર. તેમાં મસ્તક નમાવવું, હાથ જોડવા, પંચાંગપ્રણિપાત કરવો, સાષ્ટાંગદંડવત્ કરવા કે નમસ્કારસૂચક અન્ય કોઈ કાયિક ક્રિયા કરવી, એ દ્રવ્ય-નમસ્કાર છે અને મુખથી નમસ્કારસૂચક શબ્દો બોલવા એ પણ દ્રવ્ય-નમસ્કાર છે; જ્યારે ચિત્તની શુદ્ધિ-પૂર્વક ઉપાસ્ય દેવ પ્રત્યે અનન્ય શ્રદ્ધા, ભક્તિ, વિનય, આદર કે બહુમાનની લાગણી રાખવી તથા તેમના આદેશોને શિરોધાર્ય કરવાની સેવકવૃત્તિ ધારણ કરવી, એ ભાવ-નમસ્કાર છે. આ બંને નમસ્કારો એકબીજાના પૂરક છે, એટલે કે ઉભયના સંયોજનથી જ નમસ્કારની ક્રિયા પૂર્ણ થાય છે.

આનો અર્થ એ સમજવાનો કે બંને હાથ જોડીએ, માથું નમાવીએ કે ઘૂંટણે પડીને પાંચે અંગ ભેગા કરીએ, અથવા તો મોઢેથી 'નમો' 'નમામિ' એવો ઉચ્ચાર કરીએ, એટલાથી જ નમસ્કારની ક્રિયા પૂર્ણ થતી નથી. એ વખતે ચિત્તની શુદ્ધિ પણ બરાબર રાખવી જોઈએ, એટલે કે મનને વિષય* અને કષાયથી× વારવું જોઈએ અને

---

* ઇન્દ્રિયોના અર્થને વિષય કહેવામાં આવે છે. તેના સ્પર્શ, રસ, ગંધ, વર્ણ અને શબ્દ એ પાંચ પ્રકારો છે.

× મનને કલુષિત કરનારી વૃત્તિઓને કષાય કહેવામાં આવે છે. તેના ક્રોધ, માન, માયા, (કપટ) અને લોભ એ ચાર મુખ્ય પ્રકારો છે.

તેમાં શ્રદ્ધા, ભક્તિ, વિનય, આદર, બહુમાન, આજ્ઞાપાલન આદિ ઉત્તમ ભાવોની ભરતી કરવી જોઈએ.

હવે વિચાર કરો કે જ્યાં નમસ્કારરૂપી આવી સુંદર નૌકા તૈયાર હોય, ત્યાં સંસારસમુદ્રને તરતાં શી વાર લાગે?

શાસ્ત્રોમાં અન્ય ધર્મક્રિયાઓ તથા અનુષ્ઠાનોનું જે વિધાન કરવામાં આવ્યું છે, તે મૂળ તો ચિત્તશુદ્ધિને માટે જ છે. એટલે નમસ્કારની ક્રિયામાં ઉપકારક છે અને તેથી નિરર્થક નથી. અન્ય શબ્દોમાં કહીએ તો મનુષ્ય જેમ જેમ ધાર્મિક ક્રિયાઓ કે અનુષ્ઠાનો કરતો જાય છે, તેમ તેમ તેની નમસ્કાર-વિષયક યોગ્યતા વધતી જાય છે અને તે આખરે પરમ શુદ્ધ કોટિનો નમસ્કાર કરવાને સમર્થ થાય છે.

## ૩-કાયિક નમસ્કારના ત્રણ પ્રકારો

કાયિક નમસ્કાર એટલે શાસ્ત્રાનુસારે શરીરનાં અંગોની વિનય-બહુમાનાર્થે શિષ્ટાચાર મુજબ કરાતી પ્રવૃત્તિ. તે જુદ જુદા દેશોમાં જુદા જુદા પ્રકારે કરવામાં આવે છે, પણ આર્યપ્રણાલિકા-ખાસ કરીને જૈન પ્રણાલિકા એવી છે કે બે હાથના આંગળીનાં ટેરવાં એક બીજાના આંતરે રાખી કમળના ડોડાના આકારે જોડવા અને મસ્તક નમાવવું. જો વિશેષતાએ નમસ્કાર કરવા હોય તો અર્ધું અંગ નમાવીને બે હાથ જોડવા અને મસ્તક નમાવવું અને તેથી પણ આગળ વધવું હોય તો બે હાથ, બે ઘૂંટણ અને

મસ્તક એમ પાંચે ય અંગ જમીનને લગાડવાં. આમાંથી પ્રથમને અંજલિબદ્ધ, બીજાને અર્ધાવનત અને ત્રીજાને પંચાગપ્રણિપાત કહેવામાં આવે છે. દર્શન–પૂજા વગેરે વખતે આ ત્રણે પ્રકારના નમસ્કારનો ઉપયોગ થાય છે. ચૈત્યવંદનભાષ્યમાં આનો નિર્દેશ 'પ્રણામ–ત્રિક' તરીકે કરવામાં આવ્યો છે.

## ૪–નમસ્કાર અંગે થોડી સ્પષ્ટતા

જો હાથ બરાબર ન જોડીએ કે માથું નમાવ્યું ન નમાવ્યું કરીએ તો કાયિક નમસ્કાર અશુદ્ધ થયો ગણાય. જો નમસ્કાર–સૂચક પદો બરાબર ન બોલીએ અર્થાત્ તેમાં કાનો, માત્રા, અનુસ્વાર આદિ કોઈ પણ આઘા–પાછા થઈ જાય તો વાચિક નમસ્કાર અશુદ્ધ થયો ગણાય અને જો એ વખતે મનમાં શ્રદ્ધાદિ ભાવોનો ઉલ્લાસ ન થાય કે સાંસારિક તૃષ્ણાના તરંગો ઉઠે તો માનસિક નમસ્કાર અશુદ્ધ થયો ગણાય.

દેવદર્શનાદિ પ્રવૃત્તિમાં જેની હજુ શરૂઆત છે, એવા વર્ગનો નમસ્કાર પ્રારંભમાં અશુદ્ધ હોય છે, પણ પ્રયત્ન કરવાથી તેમાં શુદ્ધિનું તત્ત્વ વધતું જાય છે અને છેવટે શુદ્ધ નમસ્કાર કરવામાં સફળતા મળે છે.

કેટલાક કહે છે કે 'અશુદ્ધ નમસ્કાર કરવા કરતાં ન કરવો સારો' પરંતુ એ કથન અજ્ઞાનમૂલક છે. એ રીતે

તો નમસ્કારની પ્રવૃત્તિ કદીપણ થઈ શકે જ નહિ, કારણ કે તે જ્યારે શરૂ કરવામાં આવે ત્યારે કંઈને કંઈ ખામી -અશુદ્ધિ હોવાનો સંભવ છે. પ્રથમ પ્રયાસે જ કોઈ શુદ્ધ નમસ્કાર કરે, એ બન્યું નથી અને બનવાનું નથી. દરેક ક્રિયાઓ જેમ અભ્યાસ અને પ્રયત્નથી જ સિદ્ધ થાય છે, તેમ નમસ્કાર પણ અભ્યાસ અને પ્રયત્નથી જ સિદ્ધ થાય છે.

'અશુદ્ધ નમસ્કારનું કંઈ ફળ મળે ખરું ?' તેનો ઉત્તર એ છે કે 'હા, એનું પણ કંઈક ફળ તો મળે જ; કારણ કે એ સાચી દિશામાં થયેલો એક શુભ પ્રયાસ છે, પરંતુ એ ફળ અલ્પ હોય છે, એટલે આપણું લક્ષ્ય શુદ્ધ નમસ્કાર તરફ જ રહેવું જોઈએ.'

## ૫-નમસ્કારનો ક્રમ

નમસ્કાર કરવાનો ક્રમ એવો છે કે પ્રથમ સર્વ જિનોને સામાન્ય નમસ્કાર કરવો અને પછી ભરતક્ષેત્રમાં છેલ્લી અવસર્પિણીમાં થઈ ગયેલા શ્રી ઋષભદેવાદિ ચોવીશ જિનોને નામપૂર્વક નમસ્કાર કરવો. તેમાં સામાન્ય નમસ્કાર કરવા માટે 'नमो अरिहंताणं' 'नमो जिणाणं जियभयाणं' 'ॐ अर्हं नमः' આદિ પદોની વ્યવસ્થા છે અને ઉપર્યુક્ત ચોવીશ જિનોને નામપૂર્વક વંદના કરવા માટે चउव्वीसत्थयसुत्तं અર્થાત્ લોગસ્સસૂત્રની વ્યવસ્થા છે.

શ્રી હેમચંદ્રાચાર્યે **યોગશાસ્ત્ર**ના આઠમા પ્રકાશમાં કહ્યું કે કે—

यदीच्छेद् भवदावाग्नेः, समुच्छेदः क्षणादपि ।
स्मरेत् तदाऽऽदिमन्त्रस्य, वर्णसप्तकमादिमम् ॥

'જો સંસારરૂપ દાવાનળનો એક ક્ષણ માત્રમાં ઉચ્છેદ કરવાની ઈચ્છા હોય તો નમસ્કાર મહામંત્રના પ્રથમના સાત અક્ષરોનું અર્થાત્ 'नमो अरिहंताणं'નું સ્મરણ કરવું જોઈએ.'

અહીં એટલી સ્પષ્ટતા કરી દઈએ કે **नमो** પદ નમસ્કારસૂચક છે અને अरिहंताणं પદ સર્વ જિનેશ્વરોનું સૂચક છે, એટલે नमो अरिहंताणं પદના જપમાં નમસ્કાર-પૂર્વકનું નામસ્મરણ રહેલું છે અને તેથી જ જૈન સંઘમાં તેનો વ્યાપક પ્રચાર છે.

'नमो जिणाणं जियभयाणं' પદ सक्कत्थओ (શક્રસ્તવ) નામના 'નમોત્થુણં' સૂત્રની નવમી સંપદામાં આવે છે.

'ॐ अर्हं नमः' વિષે હવે પછી એક સ્વતંત્ર પ્રકરણ આવવાનું છે, એટલે અહીં તેનું વિવેચન કરતા નથી.

## ૬—લોગસ્સસૂત્રની મહત્તા

चउवीसत्थयसुत्त અર્થાત્ લોગસ્સસૂત્રને આવશ્યકનું બીજું અધ્યયન માનવામાં આવ્યું છે, તે જ એની મહત્તા સિદ્ધ કરે છે. આ સૂત્ર પદ્યાત્મક છે અને તેમાં સાત ગાથાઓ આવેલી છે, તે નીચે મુજબ:

[ સિલોગો ]

**लोगस्स उज्जोअगरे, धम्मतित्थयरे जिणे ।**
**अरिहंते कित्तइस्सं, चउवीसं पि केवली ॥१॥**

[ ગાહા ]

उसभमजिअं च वंदे, संभवमभिणंदणं च सुमइं च ।
पउमप्पहं सुपासं, जिणं च चंदप्पहं वंदे ॥२॥
सुविहिं च पुप्फदंतं, सीअल-सिज्जंस-वासुपुज्जं च ।
विमलमणंतं च जिणं, धम्मं संतिं च वंदामि ॥३॥
कुंथुं अरं च मल्लिं, वंदे मुणिसुव्वयं नमिजिणं च ।
वंदामि रिट्ठनेमिं, पासं तह वद्धमाणं च ॥४॥
एवं मए अभिथुआ, विहुय-रय-मला पहीण-जर-मरणा ।
चउवीसं पि जिणवरा, तित्थयरा मे पसीयंतु ॥५॥
कित्तिय-वंदिय-महिया, जे ए लोगस्स उत्तमा सिद्धा ।
आरुग्ग-बोहिलाभं, समाहिवरमुत्तमं दिंतु ॥६॥
चंदेसु निम्मलयरा, आईच्चेसु अहियं पयासयरा ।
सागरवरगंभीरा, सिद्धा सिद्धिं मम दिसंतु ॥७॥

આ સૂત્રનું અહીં ઉદ્ધરણ કરવાનું કારણ એ છે કે પાઠકો તેનો શુદ્ધ પાઠ જાણી શકે અને તે મુજબ તેનું ઉચ્ચારણ કરી શકે.

એક વાર યુક્ત પ્રાંતના કેટલાક મહાનુભાવો સાથે આપણાં સૂત્રો અને મંત્રો બાબત વાત નીકળતાં અમે જણાવ્યું કે 'લોગસ્સ સૂત્ર' પણ ભારે ચમત્કારિક છે. તેની નિત્ય ગણના કરવાથી મનુષ્યને ઘણો લાભ થાય છે. ત્યારે

---

આ સૂત્રનું મહત્વ સમજાવવા માટે અમે 'લોગસ્સમહાસૂત્ર' નામનો એક દળદાર ગ્રંથ લખ્યો છે. તે પાઠકોએ અવશ્ય અવલોકી લેવો.

તેમાંના એક વૃદ્ધ મહાનુભાવે કહ્યું કે 'તમારી વાતમાં હું સંમત થાઉં છું. એક વાર હું આફતમાં મૂકાયો હતો, ત્યારે આપણા એક મુનિરાજ પાસે ગયો અને કંઈક ઉપાય બતાવવાની માંગણી કરી. ત્યારે તેમણે કહ્યું : 'રોજ લોગસ્સની 'ચંદેસુ નિમ્મલયરા' ગાથાની એક માળા ગણજો, શ્વેત પુષ્પથી પ્રભુપૂજન કરજો અને બ્રહ્મચર્ય પાળજો. બધાં સારાં વાનાં થઈ જશે.' મને એ મુનિરાજમાં પૂર્ણ શ્રદ્ધા હતી, એટલે મેં તે મુજબ કર્યું અને હું એ આફતમાંથી પૂરેપૂરો ઉગરી ગયો. ત્યાર પછી બે ત્રણ વખત તેનો અનુભવ લીધેલો છે. ખરેખર એ ! ગાથામાં ઘણો ચમત્કાર રહેલો છે. આ બાબતમાં અમારો અનુભવ પણ આવો જ છે.

## ૭–ચોવીશ જિનોને મંત્રમય નમસ્કાર

ચોવીશ જિનોને મંત્રમય નમસ્કાર કરવો હોય તો તેમનો પટ સામે રાખીને વાસક્ષેપની પૂજા કરતાં નીચેનાં પદો બોલવાં જોઈએ :—

| | | | | | |
|---|---|---|---|---|---|
| १ | ॐ | ह्रीँ | अर्हँ | श्री | ऋषभदेवाय नमः ॥ |
| २ | ,, | ,, | ,, | ,, | अजितनाथाय नमः ॥ |
| ३ | ,, | ,, | ,, | ,, | सम्भवनाथाय नमः ॥ |
| ४ | ,, | ,, | ,, | ,, | अभिनन्दनाय नमः ॥ |
| ५ | ,, | ,, | ,, | ,, | सुमतिनाथाय नमः ॥ |
| ६ | ,, | ,, | ,, | ,, | पद्मप्रभाय नमः ॥ |
| ७ | ,, | ,, | ,, | ,, | सुपार्श्वनाथाय नमः ॥ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ८ | ॐ | ह्रीँ | अर्हँ | श्री | चन्द्रप्रभाय नमः ॥ |
| ९ | ,, | ,, | ,, | ,, | सुविधिनाथाय नमः ॥ |
| १० | ,, | ,, | ,, | ,, | शीतलनाथाय नमः ॥ |
| ११ | ,, | ,, | ,, | ,, | श्रेयांसनाथाय नमः ॥ |
| १२ | ,, | ,, | ,, | ,, | वासुपूज्याय नमः ॥ |
| १३ | ,, | ,, | ,, | ,, | विमलनाथाय नमः ॥ |
| १४ | ,, | ,, | ,, | ,, | अनन्तनाथाय नमः ॥ |
| १५ | ,, | ,, | ,, | ,, | धर्मनाथाय नमः ॥ |
| १६ | ,, | ,, | ,, | ,, | शान्तिनाथाय नमः ॥ |
| १७ | ,, | ,, | ,, | ,, | कुन्थुनाथाय नमः ॥ |
| १८ | ,, | ,, | ,, | ,, | अरनाथाय नमः ॥ |
| १९ | ,, | ,, | ,, | ,, | मल्लिनाथाय नमः ॥ |
| २० | ,, | ,, | ,, | ,, | मुनिसुव्रताय नमः ॥ |
| २१ | ,, | ,, | ,, | ,, | नमिनाथाय नमः ॥ |
| २२ | ,, | ,, | ,, | ,, | नेमिनाथाय नमः ॥ |
| २३ | ,, | ,, | ,, | ,, | पार्श्वनाथाय नमः ॥ |
| २४ | ,, | ,, | ,, | ,, | महावीराय नमः ॥ |

આ વસ્તુ અનુભૂત છે, એટલે કે અમોએ વર્ષો સુધી તેનો અનુભવ લીધેલો છે અને આજે પણ તે અમારા પૂજા-પાઠનું એક મહત્ત્વનું અંગ છે.

[૧૧]

# મૂર્તિનું આલંબન

આરાધનામાં આગળ વધવા માટે, ઉપાસનામાં ઉજ્જ્વલતા લાવવા માટે કે ભક્તિમાં ભવ્યતાનો રંગ રેડવા માટે મૂર્તિ એક પુષ્ટ આલંબન છે; તેથી જ જૈન મહર્ષિઓએ તેની હિમાયત કરી છે અને પ્રતિદિન તેનાં દર્શન-પૂજન કરવાનો આદેશ આપ્યો છે.

કોઈ એમ કહેતું હોય કે અમે તો મૂર્તિના આલંબન વિના પણ આરાધનામાં આગળ વધી શકીએ તેમ છીએ, ઉપાસનામાં ઉજ્જવલતા લાવી શકીએ તેમ છીએ કે ભક્તિમાં ભવ્યતાનો રંગ રેડી શકીએ તેમ છીએ, તો તે માનવા જેવું નથી. એક અંધ મનુષ્ય એમ કહે કે 'હું લાકડીના ટેકા વિના પાંચ માઈલનો પંથ કાપી શકું તેમ છું' તો એ વાત કોણ માને? આપણે નજરે નિહાળીએ છીએ કે લાકડીના ટેકા વિના ચાલવા જતાં તે બિચારો આડા માર્ગે ચડી જાય છે, કોઈ વસ્તુ સાથે અથડાઈ પડે છે કે ખાડા-ખાબોચિયામાં ગબડી પડી પ્રાણાંત કષ્ટ ભોગવે છે. તાત્પર્ય કે આંધળાને માર્ગ કાપવા માટે લાકડીનો ટેકો-લાકડીનું આલંબન અવશ્ય જોઈએ, તેમ મોહ-માયાથી અંધ બનેલા

મનુષ્યને ભવારણ્યનો પંથ સહીસલામત કાપવા માટે મૂર્તિનું-જિનમૂર્તિનું આલંબન અવશ્ય જોઈએ.

જ્ઞાનીઓએ કહ્યું છે કે, 'જેઓ જિનમૂર્તિને-જિન પ્રતિમાને સાક્ષાત્ જિન માનીને તેનાં દર્શન-પૂજન વગેરે કરે છે, તેમનો પાપપંક ધોવાય છે, તેમનામાં વિનય, વિવેક, ઔદાર્ય, અહિંસા, સંયમ, સદાચાર, તપ, તિતિક્ષા આદિ ગુણો પ્રકટે છે અને તેઓ અનુક્રમે પોતાનાં સર્વ કર્મોનો ક્ષય કરીને સંસારસાગરનો પાર પામી જાય છે.' શ્રીમદ્ દેવચંદ્રજીએ કહ્યું છે કે-

'અતિ દુસ્તર જે જલધિ સમો સંસાર જો,
તે ગોપદસમ કીધો પ્રભુ આલંબને રે લોલ!'

'જે સંસાર સાગરસમો અતિ દુસ્તર છે, તેને અમે પ્રભુના આલંબનથી-પ્રભુની મૂર્તિના આલંબનથી ગાયનાં પગલાં જેવો બનાવી દીધો.' તાત્પર્ય કે ઘણો ઓછો કરી નાખ્યો.

'મૂર્તિનું આલંબન ક્યાં સુધી?' તેનો ઉત્તર એ છે કે 'જ્યાં સુધી સાધ્યની સિદ્ધિ ન થાય ત્યાં સુધી સાધનની જરૂર રહે છે, એટલે આત્મા નિરાલંબન ધ્યાનની દશા સુધી ન પહોંચે, ત્યાં સુધી તેણે મૂર્તિનું આલંબન લેવું જોઈએ. અન્ય શબ્દોમાં કહીએ તો વીતરાગદશા પ્રાપ્ત થાય ત્યારે મૂર્તિના આલંબનની જરૂર રહેતી નથી, પણ તે પૂર્વેની સર્વ ભૂમિકાઓમાં આલંબનની જરૂર રહે

છે, તેથી કોઈએ એમ ન માનવું કે હું શાસ્ત્રો ભણ્યો, જ્ઞાની થયો, બહુશ્રુતમાં મારી ગણના થવા લાગી, એટલે મારે મૂર્તિનાં આલંબનની શી જરૂર ! અથવા હું અનેક પ્રકારની તપશ્ચર્યા કરું છું, તેથી મારા આત્માની શુદ્ધિ થાય છે, પછી મારે મૂર્તિનું આલંબન લેવાની આવશ્યકતા શી ? ધ્યાનમાં પ્રગતિ કરવી હોય તો પણ મૂર્તિનાં આલંબનની જરૂર રહે જ છે. પ્રથમ સાલંબન ધ્યાન અને પછી નિરાલંબન ધ્યાન, એ ધ્યાનસિદ્ધિનો ક્રમ છે કે જેને સર્વ યોગવિશારદોએ માન્ય રાખેલો છે.

કેટલાક કહે છે કે 'મૂર્તિ તો સ્થાપના છે, એનું મહત્ત્વ શું ?' પણ આપણો લોકવ્યવહાર સ્થાપનાને પૂરેપૂરું મહત્ત્વ આપે છે. કોઈ સતી સ્ત્રીનો પતિ પરદેશ ગયો હોય તો તે રોજ પોતાના પતિની છબીનાં દર્શન કરે છે. અથવા તો રાજાની ગેરહાજરીમાં તેની છબી, પાદુકા કે તલવારને પણ રાજા જેટલું જ માન આપવામાં આવે છે. શ્રી રામચંદ્રજી વનવાસમાં ગયા ત્યારે ભરતે સિંહાસનપર રામચંદ્રજીની પાદુકાઓ સ્થાપીને તેનું પૂજન કર્યું હતું. આજે ક્રોડો-અબજો રૂપિયાની ચલણી નોટો છપાય છે, તેમાં કાગળના ટુકડા પર રૂપિયાની સ્થાપના સિવાય બીજું શું છે ? શતરંજના મહોરામાં આ રાજા, આ મંત્રી, આ ઘોડો, આ ઊંટ, આ હાથી, આ પાયદલ એમ સ્થાપના જ કરવામાં આવે છે. આ રીતે બીજી પણ અનેક બાબતમાં મૂળ વસ્તુની ગેરહાજરીમાં તેની સ્થાપનાથી

કામ ચલાવવામાં આવે છે, એટલે સ્થાપનાનું મહત્ત્વ જરા પણ ઓછું નથી. શ્રી જિનેશ્વરદેવના વિરહમાં તેમની મૂર્તિ કે પ્રતિમા સ્થાપીને તેના પ્રત્યે શ્રદ્ધા, ભક્તિ કે આદર-માનની લાગણી દર્શાવીએ, તે મૂળ જિનેશ્વરદેવ પ્રત્યે શ્રદ્ધા, ભક્તિ કે આદર-માન બતાવ્યા બરાબર છે.

કેટલાક કહે છે કે 'શ્રી જિનેશ્વર દેવના વિરહમાં તેમનું નામ-સ્મરણ કરીએ કે તેમને નમસ્કાર કરીએ તો શું પૂરતું નથી કે મૂર્તિનું આલંબન લેવું પડે? વળી મૂર્તિ ગમે તેવી પણ જડ છે અને જડનાં દર્શન કરવાથી ચિત્તપ્રસાદ કે આત્મશુદ્ધિનો લાભ ન થાય, એ દેખીતું છે; તેથી મૂર્તિના આલંબનથી સર્યું.' પરંતુ તેમનું આ કથન ભૂલભરેલું છે. પ્રથમ તો પાપ-પંકથી ખરડાયેલા અને પ્રમાદથી ઘેરાયેલા મનુષ્યો નામ-સ્મરણ બહુ ઓછું કરે છે અને જે નામ-સ્મરણ કરે છે, તે બહુ સામાન્ય કોટિનું કરે છે. નમસ્કાર અંગે પણ તેમની સ્થિતિ આવી જ હોય છે, એટલે તેમણે વધારે સચોટ-વધારે અકસીર ઉપાય અજમાવવાની જરૂર રહે છે અને તે જ્ઞાનીઓના અભિપ્રાયથી મૂર્તિનું આલંબન છે.

બીજું, નામ કરતાં સ્થાપના વધારે બળવાન છે, એ ભૂલવાનું નથી. એક વસ્તુનું માત્ર નામ લઈએ તે કરતાં તેની આકૃતિ, તેનું ચિત્ર કે તેની મૂર્તિ જોઈ હોય તો તેનો સંસ્કાર આપણાં મન પર વધારે ઊંડો પડે છે અને તે આપણે સહેલાઇથી વિસરી શકતા નથી.

એ તો સહુએ જોયું જ હશે કે બાળકોને મૂળાક્ષરો શીખવવા માટે સચિત્ર નકશાઓનો ઉપયોગ કરવામાં આવે છે અને પ્રારંભનાં પાઠ્ય પુસ્તકોમાં બને તેટલાં વધુ ચિત્રો આપવામાં આવે છે, કારણ કે તેથી બાળકોને વસ્તુઓનો બોધ થવામાં ઘણી સહાય મળે છે.

વળી એ પણ સહુએ જોયું હશે કે કથા–વાર્તાનાં જે પુસ્તકો સચિત્ર હોય તે બાળકોની, વિદ્યાર્થીઓની, તેમજ પાઠકોની વધારે પસંદગી પામે છે, કારણ કે તેના વડે તેમને મહત્ત્વની ઘટનાઓનો તાદૃશ ચિતાર મળી રહે છે અને તેનાથી જ્ઞાનવૃદ્ધિ થતાં આનંદ આવે છે.

આજે વિજ્ઞાપન એટલે જાહેરાતની કળા ખૂબ વિકાસ પામી છે, તેમાં વસ્તુની છબીઓ, ચિત્રો કે આકૃતિઓ સિવાય બીજું શું હોય છે?

ચિત્રો કરતાં પણ મૂર્તિ કે પ્રતિમા મનુષ્યના મનમાં વધારે ઘેરો સંસ્કાર પાડે છે. જેણે ઈલોરાનાં ગુફામંદિરો જોયાં હશે અને તેની કૈલાસગુફા આદિનું શિલ્પ બારીકાઈથી નિહાળ્યું હશે, તેને ખાતરી થશે કે મૂર્તિ અથવા પ્રતિમામાં ભાવોદ્દીપન કરવાની કેટલી શક્તિ રહેલી છે! યુરોપના પ્રસિદ્ધ શિલ્પકાર માઈકલ એન્જેલોએ બનાવેલી પ્રતિમાઓ જુઓ તો એમ જ લાગે કે જીવંત વ્યક્તિઓ સામે ઊભી છે અને તેમની સાથે વાતચીત કરીએ. ન્યુયોર્કના બારામાં દાખલ થનાર સહુથી પહેલાં શું જુએ છે? સ્વાતંત્ર્ય

દેવીનું ૬૦ ફુટ ઊંચું પૂતળું. અને તે પ્રેક્ષકનાં મનમાં અમેરિકન લોકોની સ્વાતંત્ર્યભાવના માટે માનભર્યા વિચારો જગાડી જાય છે.

તાત્પર્ય કે ચિત્ર કરતાં પણ મૂર્તિ કે પ્રતિમામાં ભાવોદ્દીપન કરવાની શક્તિ ઘણા વધારે પ્રમાણમાં રહેલી છે અને તેથી જ જગતના પ્રત્યેક દેશમાં મહાપુરુષોનાં બાવલાં તથા કોઈ પ્રેરણાદાયક ઘટનાઓનું શિલ્પ બનાવીને જાહેર સ્થાનોમાં મૂકવામાં આવે છે. તેને જોઈને લોકો અનેક પ્રકારના બોધપાઠો ગ્રહણ કરે છે.

મૂર્તિનાં દર્શનને જડનાં દર્શન માનવા એ ભૂલભરેલું છે. મૂર્તિનાં દર્શન કરનારને એવી બુદ્ધિ હોતી નથી કે હું કોઈ જડ વસ્તુનાં દર્શન કરું છું. એ તો એમ જ માને છે કે હું સાક્ષાત્ પ્રભુનાં દર્શન કરું છું, એટલે તેને ચિત્તપ્રસાદ તથા આત્મશુદ્ધિ વગેરેનો લાભ અવશ્ય થાય છે.

જો આટલા ખુલાસાથી સંતોષ થતો ન હોય તો અમે આ મહાનુભાવોને પ્રેમપૂર્વક પૂછીએ છીએ કે તમારા ઘરમાં તમારા માતાપિતાનો કોઈ ફોટો છે ખરો ? તેને જોઈને તમને કેવી બુદ્ધિ થાય છે ? શું એ વખતે તમે એમ માનો છો કે આ એક જડ કાગળ છે અને તેના પર રંગની આછી-ઘેરી છાયા પડેલી છે ? નહિ, નહિ, એ ફોટાને જોઈને તમને એમ જ થાય છે કે 'આ મારી માતા છે,' 'આ મારા પિતા છે.' અર્થાત્ તમે એક જડ

વસ્તુમાં માતૃત્વ અને પિતૃત્વનો આરોપ કરો છો અને તેના પ્રત્યે સાક્ષાત્ માતાપિતા જેટલું જ માન દર્શાવો છો.

કોઈ એમ કહેતું હોય કે 'એ ફોટામાં અમે માતૃત્વ-પિતૃત્વનો આરોપ કરતા નથી,' તો એ વાત તદ્દન ખોટી છે, કારણ કે કોઇ એ ફોટાને તોડી નાખે, ભાંગી નાખે કે કચરાની ટોપલીને સ્વાધીન કરે તો તરત તેમને રોષ આવે છે અને એ વ્યક્તિને મારવા દોડે છે કે અન્ય પ્રકારે શિક્ષા કરે છે. આ સૂચવે છે કે એમાં પોતે મનથી માતૃત્વ-પિતૃત્વનું આરોપણ કરેલું જ છે.

મૂર્તિપૂજક વિરોધી સંપ્રદાયો મૂર્તિપૂજાની વિરુદ્ધ પ્રચાર કરવા છતાં આકૃતિ, ચિત્ર, સ્થાપના વગેરેનો એક યા બીજા પ્રકારે સ્વીકાર કરે છે. મુસલમાનો મૂર્તિપૂજાના કટ્ટર વિરોધી ગણાય છે. તેઓ પણ પત્થરની બનેલી મસ્જીદોને પવિત્ર માને છે અને હજ કરવા જાય છે, ત્યાં એક કાળા પથ્થરને ચુંબન કરી કૃતાર્થ થાય છે.

જડ પ્રતિમાનું આલંબન લેવાથી ચિત્તપ્રસાદ તથા આત્મશુદ્ધિ વગેરેનો લાભ થાય નહિ, એમ માનનારે મહાભારતમાં વર્ણવેલા એકલવ્યનું દૃષ્ટાંત ધ્યાનમાં લેવા જેવું છે.

એકલવ્ય જાતનો ભીલ હતો, પણ તેને ઉત્તમ પ્રકારની બાણવિદ્યા શીખવી હતી અને એવી વિદ્યા એ વખતે માત્ર દ્રોણાચાર્ય જ શીખવી શકે એમ હતા, પરંતુ દ્રોણાચાર્યે તેનો શૂદ્ર જાણીને શિષ્ય તરીકે સ્વીકાર કર્યો નહિ.

'હવે શું કરવું ?' ખૂબ વિચાર કરતાં તેને એક ઉપાય સૂઝયો તે એ કે 'દ્રોણાચાર્યની પ્રતિમા બનાવી તેની પૂજા કરવી અને તેની આગળ વિનયપૂર્વક બાણુવિદ્યાનો અભ્યાસ કરવો.' એ ઉપાય અમલમાં મૂકતાં બાણુવિદ્યામાં પ્રગતિ થવા લાગી અને આખરે તે અર્જુનનો સમોવડિયો બન્યો.

દ્રોણાચાર્યે એકલવ્યની બાણુવિદ્યાની ભારે પ્રશંસા સાંભળી, એટલે તે આશ્ચર્ય પામ્યા : 'તેને આવી ઉત્તમ પ્રકારની બાણુવિદ્યા કોણે શીખવી ?' પછી તેમણે એકલવ્યને પોતાની પાસે બોલાવી વાત પૂછી. એકલવ્યે પ્રણામ કરીને કહ્યું : પૂજ્ય ગુરુદેવ ! એ આપની જ કૃપાનું ફળ છે,' પણ દ્રોણાચાર્યના ગળે એ વાત કેમ ઉતરે ? તેમણે કહ્યું : 'એ વાત માનવા યોગ્ય નથી. મેં તને વિદ્યા ક્યાં આપી છે ?' ત્યારે એકલવ્ય તેમને જંગલમાં લઈ ગયો અને પોતે જે પ્રતિમાનું પૂજન કરતો હતો, તે બતાવીને કહ્યું કે 'જુઓ, આપ અહીં સાક્ષાત્ બિરાજતા હતા અને તમારી પાસેથી પ્રેરણા મેળવીને જ મેં આ બાણુવિદ્યાનો–ધનુર્વિદ્યાનો અભ્યાસ કર્યો છે.' આથી દ્રોણાચાર્યને ખાતરી થઈ કે એકલવ્યનું કહેવું સાચું હતું.

વર્તમાન કાલમાં પણ આવાં ઉદાહરણોની ખોટ નથી. શ્રીરામકૃષ્ણ પરમહંસ કાલી માતાની મૂર્તિ આગળ બેસી રહેતા અને જાણે જીવતી માતા સામે બેઠી હોય તેમ 'મા મા' કહીને પોકારતા. તેમણે એ મૂર્તિના આલંબનથી

અનેક પ્રકારની સિદ્ધિઓ મેળવી હતી, એ બીના જગ-જાહેર છે.

શ્રી જિનેશ્વરદેવની મૂર્તિ જોઈને ભાવિકનાં હૈયાં હરખે છે અને તેમાં શુભ ભાવોની ભરતી થવા લાગે છે. આમ છતાં કોઈ એમ કહેતું હોય કે અમને આવો અનુભવ થતો નથી, તો ત્યાં મૂર્તિની નિરર્થકતા નહિ પણ તેમની ભાગ્યદશા મોળી સમજવી, તેમની કર્મબહુલતાને જવાબદાર ગણવી. અહીં અમને સંસ્કૃત ભાષાનું એક સુભાષિત યાદ આવે છે :

पत्रं नैव यदा करीरविटपे दोषो वसन्तस्य किम् ? ।
उलूको न विलोकयते यदि दिवा सूर्यस्य किं दूषणम् ?
वर्षा नैव पतन्ति चातकमुखे मेघस्य किं दूषणम् ?
यद् भाग्यं विधिना ललाटलिखितं दैवस्य किं दूषणम् ? ॥

'વસંત ઋતુનું આગમન થતાં બધાં વૃક્ષોને નવાં પાન આવે છે, પણ કેરડાને આવતાં નથી, ત્યાં શું વસંત ઋતુનો દોષ સમજવો ? સૂર્યનો ઉદય થતાં અંધારું નાશ પામે છે અને બધા પ્રાણીઓ જોવાને શક્તિમાન થાય છે, પણ એ વખતે ઘૂવડ દેખી શકતો નથી, ત્યાં શું સૂર્યનો દોષ સમજવો ? મેઘ વરસવા લાગે છે અને સર્વત્ર પાણી પડે છે, પણ ચાતક પક્ષીના મુખમાં તેનાં થોડાં બુંદ પણ જતાં નથી, ત્યાં શું મેઘનો દોષ સમજવો ? અને વિધિ તો સહુના કર્મ અનુસાર લલાટમાં લેખો લખે છે અને

તેનું ફળ પ્રાણીઓને ભોગવવું પડે છે, ત્યાં શું દૈવનો દોષ સમજવો ? તાત્પર્ય કે તેમાં વસ્તુનો પોતાનો જ દોષ છે, અન્યનો નહિ.

કેટલાક કહે છે કે 'જડ મૂર્તિમાં ભાવારોપણ કરી શકાય અને તેની સાથે જીવતા જેવો જ વ્યવહાર કરી શકાય, એ અમે માનીએ છીએ, પણ તેના નિમિત્તે કોઈ પણ પ્રકારની હિંસા થવી ન જોઈએ. શું 'જૈન ધર્મ અહિંસાના પાયા પર રચાયેલો નથી ?' તેનો ઉત્તર એ છે કે 'જૈન ધર્મ અહિંસાના પાયા પર રચાયેલો છે, પણ તેણે અહિંસાનું જે સ્વરૂપ માન્યું છે, તે આપણે બરાબર લક્ષમાં રાખવું જોઈએ.

તત્ત્વાર્થાધિગમસૂત્રમાં કહ્યું છે કે 'प्रमत्तयोगात् प्राण व्यपरोपणं हिंसा–પ્રમત્તયોગમાં રહેલા આત્મા વડે જીવોની જે હિંસા થાય તેને હિંસા સમજવી.' આનો ફલિતાર્થ એ છે કે અપ્રમત્ત યોગમાં રહેલા આત્માઓને પણ હલન-ચલનાદિ કેટલીક ક્રિયાઓ કરવી પડે છે અને તેથી અમુક પ્રાણીઓના પ્રાણનું વ્યપરોપણ અવશ્ય થાય છે, પણ ત્યાં પ્રમત્તયોગ –પ્રમાદ નહિ હોવાથી કર્મનું બંધન થતું નથી. એટલે કે એ દેખાવ માત્રની હિંસા છે, સ્વરૂપ હિંસા છે, તેથી તેનો નિષેધ ફરમાવવામાં આવ્યો નથી. જો એવો નિષેધ ફરમાવવામાં આવે તો ગમનાગમનાદિ કોઈપણ ક્રિયા થઈ શકે નહિ અને ગુરુઓને વાંદવા તથા ઉપદેશ સાંભળવા

જવું, સાધર્મિકોની ભક્તિ કરવી, દીક્ષા–મહોત્સવોમાં ભાગ લેવો વગેરે બધી જ ધાર્મિક ક્રિયાઓ બંધ થઇ જાય અને તેનું પરિણામ ઘણું અનર્થકારી આવે.

કેટલાક કહે છે કે 'મૂર્તિપૂજા મહત્ત્વની હોય તો તેનો જિનાગમોમાં ઉલ્લેખ કેમ નથી ?'

આ પ્રશ્નનો ઉત્તર એ છે કે ' મૂર્તિપૂજા અતિ મહત્ત્વની છે અને તેના ઉલ્લેખો જૈનાગમોમાં અનેક સ્થળે આવે છે. ભગવતીસૂત્રના વીશમા શતકમાં જંઘાચારણ અને વિદ્યાચારણ મુનિઓ નંદીશ્વર દ્વીપ વગેરેમાં યાત્રા કરવા જાય છે, તેનું વર્ણન આવે છે; વળી તુંગિયા નગરીના શ્રાવકોએ જિનપ્રતિમા પૂજી એનું વર્ણન પણ તેમાં જ કરેલું છે. રાયપસેણીયસૂત્રમાં સૂર્યાભદેવે અને જીવાભિગમ સૂત્રમાં વિજયદેવે પ્રતિમા પૂજ્યાનો અધિકાર છે અને જ્ઞાતા–સૂત્રમાં દ્રૌપદીએ જિનપ્રતિમાનું પૂજન કર્યાની હકીકત સ્પષ્ટ અક્ષરોમાં જણાવેલી છે. આ રીતે બીજા પણ અનેક સૂત્રમાં જિનપ્રતિમાનું પૂજન કર્યાના પાઠો આવે છે કે જેની વિસ્તૃત નોંધ 'मूर्तिपूजा का प्राचीन इतिहास' નામક બૃહદ્ ગ્રંથમાં મુનિશ્રી જ્ઞાનસુંદરજીએ કરેલી છે.

જો મૂર્તિપૂજા મહત્ત્વની ન હોય તો આટલી મૂર્તિઓ, આટલાં મંદિરો અને આટલાં તીર્થો અસ્તિત્વમાં આવે શી રીતે ? આ બધું કંઈ એકાએક ઊભું થઈ ગયું નથી, થઈ શકે નહિ. પ્રાચીન કાળથી મૂર્તિપૂજાની પરંપરા ચાલી

આવતી હતી, માટે જ તેનું નિર્માણ થયું અને તે આજ પર્યંત ચાલુ રહ્યું.

ભારતીય ઈતિહાસના જાણીતા વિદ્વાન શ્રી રાખાલદાસ બેનર્જીએ પ્રાચીન સાહિત્યનું અવલોકન કર્યા પછી એવો અભિપ્રાય ઉચ્ચાર્યો છે કે 'આજથી ૨૫૦૦ વર્ષ પૂર્વે જૈન ધર્મમાં મૂર્તિપૂજા વિદ્યમાન હતી.'

પ્રાચીન સંસ્કૃતિના અભ્યાસી શ્રીમાન્ કેશવ હર્ષદ ધ્રુવે પણ જાહેર કરેલું છે કે 'કલિંગના શિલાલેખથી એ સ્પષ્ટ થઈ જાય છે કે આજથી ૨૩૦૦—૨૫૦૦ વર્ષ પૂર્વે પણ જૈનોમાં મૂર્તિપૂજાનો વ્યાપક પ્રચાર હતો.'

પરંતુ હવે તો કાશી વિશ્વવિદ્યાલયવાળા ડૉ. પ્રાણનાથ વિદ્યાલંકારને સૌરાષ્ટ્રમાંથી એક એવું તામ્રપત્ર મળી આવ્યું છે કે જે ૨૮૦૦ વર્ષથી પણ વધારે પુરાણું છે. અને જેમાં શ્રી ગિરનાર તીર્થ પર આવેલા શ્રી અરિષ્ટનેમિ ભગવાનના મંદિરને અમુક ગામ ભેટમાં આપ્યાનો ઉલ્લેખ છે. વળી મોહન-જો-ડેરો વગેરેમાંથી મળી આવેલી પ્રાચીન મુદ્રાઓ વગેરે પણ જૈનોમાં મૂર્તિપૂજા ઘણા પ્રાચીનકાળથી પ્રચલિત હોવાનું પૂરવાર કરે છે.

આમ જ્યારે મૂર્તિપૂજા યુક્તિયુક્ત છે, શાસ્ત્રસંમત છે અને પ્રાચીન પણ છે, ત્યારે તેની વિરુદ્ધમાં સૂર કાઢવો એ ક્યાં સુધી ઉચિત છે ? તે સુજ્ઞજનોએ વિચારી લેવું.

શ્રી મંડન સૂત્રધારે રૂપાવતારના સાતમા અધ્યાયમાં નીચેનો શ્લોક લખ્યો છે :

मुक्त्यर्थं विश्वमेतद् भ्रमति च बहुधा देवदैत्याः पिशाचा,
रक्षो गन्धर्वयक्षो नरमृगपशवो नैव मुक्तिं विजग्मुः ।
एकः श्रीवीतरागः परमपदसुखे मुक्तिमार्गं विलीनो,
वन्द्यस्तेनाद्यजैनः सुरगणमनुजैः सर्वसौख्यस्य हेतुः ॥४॥

'આ વિશ્વ બહુધા મુક્તિને અર્થે ભ્રમણ કરતું જણાય છે; પરંતુ તેમાંના દેવો, દૈત્યો, પિશાચો, રાક્ષસો, ગંધર્વો, યક્ષો, મનુષ્યો, મૃગો કે અન્ય પશુઓ તેમની આકૃતિ–મૂર્તિ પરથી મુક્તિમાં ગયા હોય એવું જણાતું નથી. માત્ર એક શ્રી વીતરાગની મૂર્તિ પરમપદનું સુખ આપનાર મુક્તિ-માર્ગમાં વિલીન થઈ હોય એવું લાગે છે. તેથી સર્વ સુખના હેતુરૂપ આદ્યદેવ એટલે શ્રી ઋષભદેવની મૂર્તિ દેવતાઓના સમૂહ અને મનુષ્યો વડે વંદવાને યોગ્ય છે.'

એક જૈનેતર કલાકારના મુખમાંથી નીકળેલા આ શબ્દો શું સૂચવે છે? ખરેખર! જેને મોક્ષસુખની અભિ-લાષા છે કે વીતરાગતા કેળવવાનો મનોરથ છે, તેમણે તો આવી નિર્વિકાર સુંદર જિનમૂર્તિનું જ આલંબન લેવું જોઈએ.

જિનમૂર્તિ ભવસાગર તરવાનું એક અમોઘ સાધન હોઈને તેના નિર્માણ અને પ્રતિષ્ઠામાં અનંત પુણ્ય મનાયેલું છે. શ્રી હરિભદ્રસૂરિ આદિ આચાર્યોએ તો સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું છે કે પુણ્યના યોગે મનુષ્યની પાસે ધનવૃદ્ધિ થાય તો તેણે એ ધનને શુભ માર્ગે વાપરવાનો સંકલ્પ કરવો

જોઈએ અને તેમાં પ્રથમ પસંદગી જિનમૂર્તિને આપવી જોઈએ; તાત્પર્ય કે તેણે શ્રી જિનેશ્વરદેવની નાની મોટી સુંદર મૂર્તિઓ નિર્માણ કરાવવી જોઈએ.

જિનમૂર્તિઓ કેમ બનાવવી ? તેનું વર્ણન ઠક્કર ફેરુએ વત્થુસાર ( વાસ્તુવાર – પ્રકરણ )ના બીજા પ્રકરણમાં વિસ્તારથી કરેલું છે. તે સિવાય મંડન સૂત્રધારકૃત **રૂપાવતાર**માં, વિશ્વકર્મારચિત **દીપાર્ણવ**માં, ભુવનદેવાચાર્યકૃત **અપરાજિતપૃચ્છા**માં તથા માનસાર આદિ ગ્રંથોમાં પણ પ્રાપ્ત થાય છે.

જિનમૂર્તિઓ પદ્માસન કે અર્ધ પદ્માસને બેઠેલી, તેમજ કાયોત્સર્ગાવસ્થામાં ઊભેલી પણ હોય છે, આ બંને મૂર્તિઓ એક સરખી વંદનીય–પૂજનીય છે.

કેટલીક જિનમૂર્તિઓ પરિકરવાળી હોય છે, એટલે કે તેની બંને બાજુ તથા ઉપર વિશિષ્ટ પ્રકારનું શિલ્પ હોય છે અને તેમાં છત્ર, તોરણ, ચામરધારી ઈન્દ્રો, માલા ધારણ કરનાર તથા વાજિંત્રો વગાડનાર દેવો, તેમજ કાઉસ્સગ્ગ અવસ્થાએ ઊભેલી જિનપ્રતિમાઓ વગેરે હોય છે. આ પરિકર બનાવવામાં કલાકારો પોતાની કલાનો છૂટથી ઉપયોગ કરે છે, એટલે તે અતિ મનોહર લાગે છે.

અહીં એ પણ જણાવવું જોઈએ કે જેમ યંત્રાદિમાં પ્રાણપ્રતિષ્ઠા કરવામાં આવે છે અને ત્યારથી તેમાં ચમત્કારિક તત્ત્વ દાખલ થાય છે, તેમ મૂર્તિમાં પણ પ્રાણ-

પ્રતિષ્ઠા કરવામાં આવે છે અને ત્યારથી તેમાં ચમત્કારિક તત્ત્વ દાખલ થાય છે. જૈન પરંપરામાં આ પ્રાણપ્રતિષ્ઠાના વિધિને અંજનશલાકાનો વિધિ કહેવામાં આવે છે, કારણ કે તેમાં શલાકા (સળી) વડે મૂર્તિને અંજન કરવામાં આવે છે. આ વિધિ થયા પછી મૂર્તિને મંદિરમાં સ્થાપવામાં આવે છે અને તે વંદનીય તથા પૂજનીય ગણાય છે.

છેવટે જિનમૂર્તિની ભવ્યતાનો એક શ્લોક રજૂ કરીને આ પ્રકરણ પૂરું કરીશું.

**किं कर्पूरमयं सुधारसमयं किं चन्द्ररोचिर्मयम् ,**
**किं लावण्यमयं महामणिमयं कारुण्यकेलिमयम् ।**
**विश्वानन्दमयं महोदयमयं शोभामयं चिन्मयम् ,**
**शुक्लध्यानमयं वपुर्जिनपतेर्भूयाद् भवाऽऽलम्बनम् ॥**

'શું આ તે માત્ર કર્પૂરની બનેલી છે કે ચંદ્રના નિર્મલ કિરણોને એકત્ર કરીને બનાવેલી છે? શું આ તે જગતના સર્વ લાવણ્યને એકઠું કરીને ઘડેલી છે કે મહામણિઓનો સાર લઈને નિર્માણ કરેલી છે? અથવા તો આ કરુણાદેવીની ક્રીડાથી યુક્ત છે અને સમસ્ત આનંદમય, મહોદયમય, શોભામય તથા ચિત્શક્તિથી વિરાજિત છે. વિશેષ શું? શુક્લ ધ્યાનમાં મગ્ન બનેલી શ્રી જિનેશ્વર દેવની મૂર્તિ ભવસાગરમાં પડી રહેલા પ્રાણીઓને આલંબન રૂપ થાઓ.'

[ ૧૨ ]

# મંદિર અંગે કિંચિત્

એક ગામ કે નગરને જેટલી જરૂર જલાશયની છે, જેટલી જરૂર શાળા અને દવાખાનાઓની છે, તેટલી જ જરૂર, બલ્કે તેથી પણ વધારે જરૂર ધર્મસ્થાનકોની છે, મંદિરોની છે. જલાશય જોઈતું જળ પૂરું પાડે છે; વેપારીઓના હાટ અનાજ, કરિયાણાં, ઘી, તેલ, શાક-ભાજી વગેરે પૂરાં પાડે છે; શાળાઓ બાળકોને વ્યાવહારિક શિક્ષણ આપે છે તથા દવાખાનાઓ રોગીઓની ચિકિત્સા કરે છે; તે જ રીતે ધર્મસ્થાનકો અને મંદિરો લોકોની ભાવના શુદ્ધ રાખે છે અને તેમનામાં કર્તવ્યબુદ્ધિ જાગૃત કરે છે.

પ્રાચીનકાળમાં કોઈ પણ નગર વસાવવાનું નક્કી થતું, ત્યારે આ વસ્તુ ખાસ લક્ષમાં રાખવામાં આવતી અને તેથી લોકોને ઘણો લાભ થતો. ખાસ કરીને દક્ષિણ ભારતમાં તો પ્રથમ વિશાળ મંદિર બાંધવામાં આવતું અને તેની આસપાસની જગામાં લોકોને વસાવવામાં આવતા. વળી નગરનાં નામો પણ મોટા ભાગે એ દેવમંદિર પરથી જ આપવામાં આવતાં. દાખલા તરીકે આજે જેને ત્રિચિનાપલ્લી કહેવામાં આવે છે, તેનું મૂળ નામ ત્રિજિનપલ્લી

હતું. એટલે કે ત્યાં ત્રણ જિનમંદિરોનો સુંદર સમૂહ હતો. રામેશ્વરમ્ વગેરે નામો પણ એવી રીતે જ પડેલાં છે.

ભારતીય સંસ્કૃતિ એ વાસ્તવિકતાએ મંદિરની જ સંસ્કૃતિ છે. તેનાથી પ્રભુભક્તિને વેગ મળ્યો; ધર્મબુદ્ધિ જાગૃત રહી; શિલ્પ, ચિત્ર, કાવ્ય, સંગીત વગેરે કલાઓને ઉત્તેજન મળ્યું; તત્ત્વજ્ઞાનનો વિકાસ થયો અને વિવિધ તીર્થો અસ્તિત્વમાં આવ્યાં. જૈન, વૈદિક અને બૌદ્ધ એ ત્રણેય પરંપરાએ તેમાં સારો રસ લીધો. તેમાં પણ જૈન પરંપરા અગ્રગણ્ય રહી. આજે ભારતવર્ષમાં ૩૬૦૦૦ ઉપરાંત જૈન મંદિરો છે, તેમાં કેટલાક તો શિલ્પ અને સ્થાપત્યના અદ્વિતીય નમૂનારૂપ છે, તેમજ ભવ્યતાથી ભરપૂર છે. આબૂ–દેલવાડાનું શિલ્પ જુઓ, રાજસ્થાન–રાણકપુરનું સ્થાપત્ય જુઓ અને સૌરાષ્ટ્ર–શત્રુંજયનાં મંદિરોનો સમૂહ જુઓ, તો મુખમાંથી પ્રશંસાનાં પુષ્પો ઝર્યાં વિના રહેશે નહિ. દેશ અને પરદેશના જે પ્રવાસીઓ આ મંદિરો જુએ છે, તે જૈનોની ધર્મભાવના અને કલાપ્રિયતાનાં મુક્ત કંઠે વખાણ કરે છે. આવાં મંદિરો માટે આપણાં હૃદયમાં કેવો ભાવ હોવો જોઈએ, તે વિચારી જુઓ.

કેટલાક કહે છે કે 'જૈનોએ પોતાનો ઘણો પૈસો પાષાણમાં જ નાખ્યો. તેમને આ શું સૂઝ્યું ?' પણ તેમને ખબર નથી કે એ પાષાણોએ પારસમણિનું કામ કર્યું છે. તેના સહવાસમાં આવનારા પાપીઓને પવિત્ર બનાવ્યા.

છે, પ્રમાદીઓને પુરુષાર્થી બનાવ્યા છે, મૂઢોને વિવેકી બનાવ્યા છે અને અજ્ઞાનીઓના હૃદયમાં જ્ઞાનની જ્યોતિ પ્રકાશિત કરી છે. અમે ખાતરીપૂર્વક કહીએ છીએ કે જૈનેતરોને જૈન ધર્મની ગૌરવશાળી વસ્તુ પ્રથમ નજરે બતાવવી હોય તો તે જૈન મંદિરો છે, જૈન મંદિરો છે, જૈન મંદિરો છે. તો પછી તેમાં ખર્ચાયેલું ધન સાર્થક જ માનવું રહ્યું.

અહીં એ પણ સ્પષ્ટતા કરી લઈએ કે જૈનો માત્ર મંદિરો બંધાવીને જ બેસી રહ્યા નથી. તેમણે દયા અને દાનની સરિતાઓ પણ વહાવી છે અને એ રીતે લોક-કલ્યાણની પ્રવૃત્તિઓમાં અનોખો ફાળો પણ આપ્યો છે. મેવાડ પર મુસલમાનોની ચડાઈ થઈ, રાણા પ્રતાપ બહાદુરીથી લડ્યા, પણ ધન ખૂટ્યું, એ વખતે ભામાશાહે પોતાનું તમામ ધન તેમનાં ચરણે ધરી દીધું અને સ્વાતંત્ર્ય માટેની લડત ચાલુ રાખવાનો અનુરોધ કર્યો. ભારતના અનેક ભાગમાં ભયંકર દુકાળ પડ્યો, અનાજ અદૃશ્ય થયું, એ વખતે જગડૂશાહે પોતાના તમામ અન્નભંડારો લોકો માટે ખુલ્લા મૂકી દીધા. આ ઉપરાંત જૈન ગૃહસ્થોએ અનેક અન્નસત્રો ચલાવીને ગરીબ–ગરબાંને સહાય કરી છે અને સંકટના સમયે લોકોના પડખે ઊભા રહીને તેમને ઉગાર્યા છે. તેમને લોકોએ 'મહાજન' નું માનવંતુ બિરુદ આપ્યું, તેનું મુખ્ય કારણ તેમની લોકસેવા છે.

જો ઉપાસનામાં આગળ વધવા માટે મૂર્તિનું આલં-

બન સ્વીકારીએ, તો એ મૂર્તિને સ્થાપવા માટે તથા તેનું સંરક્ષણ કરવા માટે મંદિરોની આવશ્યકતા પણ સ્વીકારવી જ જોઈએ. મૂર્તિનું આલંબન સ્વીકારીએ અને મંદિરની આવશ્યકતા ન સ્વીકારીએ તો એ એક પ્રકારની બેહુદી મનોદશા છે અને તે સુધારવી જ જોઈએ.

કોઈ એમ કહેતું હોય કે 'ઘરના એક ખંડને અલગ કાઢી તેમાં મૂર્તિઓને રાખી શકાય છે અને તેનાં વંદન-પૂજન કરી શકાય છે, પછી મોટાં મંદિરો બાંધવાની જરૂર શી?' તો ગૃહ-મંદિરો અર્થાત્ ઘર-દહેરાસરોની કેટલીક મર્યાદા છે કે જેનાથી સુજ્ઞજનોએ પરિચિત થવાની જરૂર છે.

વત્થુસારના **બિંબપરીક્ષાપ્રકરણ**માં કહ્યું છે કે–

**पाहाण–लेव–कट्ठा, दंतमया चित्तलिहिय जा पडिमा ।**
**अपरिगरमाणाहिय, न सुन्दरा पूयमाण गिहे ॥**

'જે પ્રતિમા પાષાણની, લેપની, કાષ્ઠની, હાથીદાંતની, ચિત્રામણની, પરિકરરહિત તથા અગિયાર આંગળ કરતાં ઊંચી હોય તે ઘરમાં રાખીને પૂજવી સારી નહિ.'

**इक्कगुलाइ पडिमा, इक्कारस जाव गेहि पुइज्जा ।**
**उड्ढं पासाइ पुणो, इअ भणियं पुव्वसूरीहिं ॥**

'ઘર-દહેરાસરમાં એક આંગળથી તે અગિયાર આંગળ સુધીની ઊંચી મૂર્તિ પૂજવા લાયક છે અને અગિયાર

આંગળથી વધારે ઊંચી હોય તો મંદિરમાં પૂજવા લાયક છે, એમ પૂર્વાચાર્યોએ કહ્યું છે.'

વળી શ્રીસકલચંદ્ર ઉપાધ્યાયે પ્રતિષ્ઠાકલ્પમાં કહ્યું છે કે-

**मल्ली नेमी वीरो, गिहभवणे सावएण न पुइज्जइ ।**
**इगवीसं तित्थयरा, संतिगरा पुइआ वंदे ॥**

'ઓગણીસમા તીર્થંકર શ્રી મલ્લિનાથ, બાવીશમા તીર્થંકર શ્રી નેમિનાથ અને ચોવીશમા તીર્થંકર શ્રી મહાવીર સ્વામી, એ ત્રણ તીર્થંકરોની મૂર્તિ શ્રાવકે ઘરમાં પૂજવી જોઇએ નહિ; બાકીના એકવીશ તીર્થંકરોની મૂર્તિ ઘર-દહેરાસરમાં રાખીને વંદતા-પૂજતાં શાંતિ કરનારી થાય છે.'

અહીં પ્રશ્ન થવો સ્વાભાવિક છે કે 'શ્રી મલ્લિનાથ આદિ ત્રણ તીર્થંકરોની પ્રતિમા ઘર-દહેરાસરમાં કેમ રાખી ન શકાય?' તેના ઉત્તરમાં શાસ્ત્રકારોએ જણાવ્યું છે કે-

**नेमिनाथो वीरमल्लिनाथो वैराग्यकारकाः ।**
**त्रयो ये भवने स्थाप्या, न गृहे शुभदायकाः ॥**

'શ્રી નેમિનાથ, શ્રી મહાવીર સ્વામી અને શ્રી મલ્લિનાથ એ ત્રણે તીર્થંકરો વૈરાગ્યને ઉત્પન્ન કરનારા છે; તેથી એ ત્રણેની મૂર્તિ જિનભવનમાં સ્થાપવી શુભકારક છે, પણ ઘર-દહેરાસરમાં સ્થાપવી શુભકારક નથી.'

આ વચનો ગૃહસ્થસુખની અપેક્ષાએ કહેવાયાં છે; બાકી તો દરેક તીર્થંકરની મૂર્તિ વૈરાગ્યને ઉત્પન્ન કરનારી છે, એવી અમારી સમજ છે.

શાસ્ત્રનો આદેશ આ પ્રકારનો હોવાથી ભાવિક ગૃહસ્થો અગિયાર આંગળથી ઓછી એવી સપરિકર એકવીશ તીર્થંકરો પૈકી એક કે વધારેની ધાતુની મૂર્તિઓ ઘર–દહેરાસરમાં રાખે છે અને તેને વંદે–પૂજે છે. ઘર–દહેરાસરની પ્રતિમાને ભક્તિચૈત્ય કહેવામાં આવે છે.

અહીં મંદિર શબ્દથી સંઘમંદિર સમજવું કે જેને જિનચૈત્ય, જિનભવન, જિનાલય, જિનપ્રાસાદ, વસતિ કે દહેરાસર કહેવામાં આવે છે.

જિનમંદિરોને ભવ્ય બનાવવા માટે ચોવીશ જિનાલય, બાવન જિનાલય અને બહોંતેર જિનાલય એમ ત્રણ પ્રકારની રચના થાય છે.

પ્રમાણોપેત બંધાયેલા સુંદર જિનમંદિરમાં પ્રથમ ગર્ભગૃહ (ગભારો), પછી ગૂઢમંડપ, પછી ત્રિકમંડપ, પછી રંગમંડપ અને પછી ચોકીમંડપ હોય છે. મંડપના સ્થંભો સાદા તથા કોતરણીવાળા એમ બંને પ્રકારના હોય છે, પરંતુ તેના ઘુમ્મટોમાં કંઇક કારીગરી અવશ્ય હોય છે.

મંદિર એ દેવને ભજવાનું સ્થાન છે, એટલે તે સ્વચ્છ અને સુંદર હોવું જોઇએ. જો મંદિર સ્વચ્છ ન હોય

તો ઉપાસકના મનમાં ભાવોલ્લાસ જાગે નહિ. જો મંદિર સુંદર ન હોય તો તેના પ્રત્યે જોઈએ તેવું આકર્ષણ થાય નહિ. આ તકે અમને લખતાં આનંદ થાય છે કે જૈન મંદિરો સ્વચ્છ પણ હોય છે અને સુંદર પણ હોય છે. થોડા વખત પહેલાં જ હિન્દુ એન્ડોમેન્ટ કમીશનના પ્રમુખ શ્રી રામસ્વામી આય્યરે કહ્યું હતું કે 'હું આખા યે ભારતવર્ષમાં ફર્યો, પણ જૈન મંદિરોમાં જેવી સ્વચ્છતા, સુઘડતા અને પવિત્રતા જોઈ તેવી અન્ય કોઈ મંદિરોમાં જોઈ નહિ.' ગુજરાતના મહાકવિ નાનાલાલે ઘણાં વર્ષો પહેલાં એક પરિષદ્‌માં કહ્યું હતું કે 'જૈન મંદિરો એટલે સુંદરતાની સાક્ષાત્ મૂર્તિ. તે ભારતભૂમિનો અપૂર્વ શણગાર છે.'

આ મંદિરોના રક્ષણની જવાબદારી આપણે શિરે છે.

મંદિરો એ આપણા પૂર્વજો તરફથી મળેલો અમૂલ્ય વારસો છે, એટલે તેનું રક્ષણ બરાબર કરવું જોઈએ અને તેને કોઈ પણ પ્રકારની ક્ષતિ ન પહોંચે તે ખાસ જોવું જોઈએ. આ શબ્દો અમે એટલા માટે લખીએ છીએ કે આજે જીર્ણોદ્ધારના નામે ઘણા મંદિરોની મૌલિકતા નષ્ટ થઈ રહી છે અને આરસના સ્થંભો તથા કોતરણી પર ચુનાના કુચડાઓ ફેરવવામાં આવે છે તથા તેને ગમે તેમ રંગવામાં આવે છે.

વિશેષ દિલગીરીની વાત તો એ છે કે સોમપુરા શિલ્પી કે જેમના પર આપણા મંદિરનિર્માણનો મુખ્ય આધાર છે, તે ઓછા થતા જાય છે અને જે વિદ્યમાન છે,

તેઓ પણ શિલ્પશાસ્ત્રનો ઊંડો અભ્યાસ કરતા નથી, એટલે કેટલીક વાર છબરડા વળે છે અને મંદિરોમાં દોષ દાખલ થઈ જાય છે. આથી સોમપુરા મિસ્ત્રીઓનું સંગઠન કરીને તેમને ઊંચે લાવવાનો પ્રયત્ન કરવો જોઈએ.

જો જિનભક્તિ–જિનોપાસનાની જ્યોત અંતરમાં જગાવવી હોય તો આ મંદિરોને આંખની કીકી કરતાં પણ વધારે વહાલાં ગણવાં જોઇએ અને તે માટે ગમે તેવો ભોગ આપવાની તૈયારી રાખવી જોઇએ.

[૧૩]

# દેવ-દર્શન

## ૧-દેવદર્શનની આવશ્યકતા

ઉપાસનારૂપી ઉદ્યાનની યથેચ્છ ખીલવણી કરવા માટે દેવદર્શનની ક્રિયા જલનીકનું-પાણીના મોટા ધોરિયાનું કામ કરે છે, તેથી જ અનુપમ સુખની આશા-અભિલાષા રાખનાર દરેક આત્માએ તેનો આશ્રય લેવો યોગ્ય છે. અન્ય રીતે કહેવું હોય તો એમ પણ કહી શકાય કે વાડ વિના વેલો ચડતો નથી, તેમ દેવદર્શનની ક્રિયાનો આશ્રય-લીધા વિના ભક્તિ, આરાધના કે ઉપાસનારૂપી ભવ્ય ભુવનમાં પ્રવેશ કરી શકાતો નથી અને તેમાં જે ઉચ્ચ કોટિનો સાત્ત્વિક આનંદ-રસ રહેલો છે, તે માણી શકાતો નથી. આ જ કારણે અમે પ્રસ્તુત પ્રકરણમાં દેવ-દર્શન અંગે કેટલીક વિવેચના કરવા ધારી છે.

## ૨-દેવ-દર્શનનો અર્થ

પ્રથમ દેવદર્શનનો અર્થ સમજીએ, જેથી તે અંગેની વિવેચના સમજવામાં સરલતા રહેશે. દેવ એટલે અષ્ટમહા પ્રાતિહાર્યયુક્ત, અઢાર દોષરહિત, ચોત્રીશ અતિશયવંત,

મહામહિમાશાળી પરમ વીતરાગ એવા શ્રી જિનેશ્વરદેવ. તેઓ નામ–સ્થાપના–દ્રવ્ય અને ભાવ એ ચાર નિક્ષેપે જગતમાં જયવંતા વર્તે છે; એટલે તેમની સ્થાપનારૂપે ગૃહ-ચૈત્ય કે સંઘમંદિરમાં જે મૂર્તિ પ્રતિષ્ઠિત થયેલી હોય, તેને જ સાક્ષાત્ શ્રી જિનેશ્વરદેવ સમાજવાના છે. તેમની સમીપે જઈને તેમનું મુખ નિહાળવું, તેમનાં અંગોનું ભાવપૂર્વક નિરીક્ષણ કરવું તથા અંતરંગ આનંદ પ્રગટ થાય, તે પ્રમાણે "મારું આજે અહોભાગ્ય, મારી આજે ધન્ય ઘડી કે જેથી મારા તારક પરમાત્માનાં મને સાક્ષાત્ દર્શન થયાં." આવા પવિત્ર ભાવ સાથે તેમની સ્તુતિ–સ્તવના કરવી, એ દેવદર્શન શબ્દનો ભાવાર્થ છે. આત્મકલ્યાણના અભિલાષી આત્માઓ નિરંતર દેવદર્શન કરે અને આ પ્રમાણે પવિત્ર ભાવના ભાવે, એ ધર્મ–આરાધનાનું પ્રાથમિક મુખ્ય અંગ છે.

## ૩–દેવદર્શનનો મહિમા

દેવદર્શનનો મહિમા ઘણો છે અને તે વિધવિધ રીતે ગવાયો છે. જેમકે–

> પ્રભુ દરિસણ સુખસંપદા, પ્રભુ દરિસણ નવનિધ;
> પ્રભુ દરિસણથી પામિયે, સકલ પદારથ સિદ્ધ.

'પ્રભુનું દર્શન સુખ–સંપદા સમું છે. પ્રભુનું દર્શન નવનિધિ જેવું છે. પ્રભુનું દર્શન કરવાથી આ જગતના સકલ પદાર્થો નિશ્ચયપૂર્વક પામી શકાય છે.'

ત્રિભુવનનાયક તું ધણી, મહા મોટો મહારાજ;
મોટે પુણ્યે પામિયો, તુમ દર્શન હું આજ.

'હે દેવ ! તું તો સ્વર્ગ, મર્ત્ય અને પાતાળ એ ત્રણે લોકનો નાયક છે—નાથ છે, અને એ રીતે આ લોકમાં સહુથી મોટો મહારાજા તું જ છે. બળદેવ, વાસુદેવ તથા ચક્રવર્તી વગેરે તારી આગળ કોઈ વિસાતમાં નથી. તારાં દર્શન તે સુલભ કેમ હોય ? હતભાગી—હીનભાગીને તો એ થતાં જ નથી. જેનું મોટું પુણ્ય હોય તેને જ એ પ્રાપ્ત થાય છે. આજે તારાં દર્શન થયાં, એટલે હું માનું છું કે મારું પુણ્ય પણ મોટું જ હશે.'

આજ મનોરથ સવિ ફળ્યા, પ્રકટ્યા પુણ્યકલ્લોલ;
પાપ કરમ દૂરે ટળ્યા, નાઠા દુઃખદંદોલ.

'હે પ્રભો ! આજે તારાં દર્શન થવાથી મનના સર્વ મનોરથો ફળ્યા, પુણ્યના કલ્લોલ પ્રકટ્યા, પાપકર્મો દૂર થયા અને દુઃખને ઉત્પન્ન કરનારા સર્વે ઉપસર્ગો નાસી ગયા, એમ માનું છું.'

પંચમ કાળે પામવો, દુલહો પ્રભુદેદાર;
તો પણ તારાં નામનો, છે મોટો આધાર.

'હે પ્રભો ! આ પંચમ કાળમાં તમારા મુખનાં સાક્ષાત્ દર્શન થવાં તો દુર્લભ છે; પરંતુ તમારા નામનો—તમારી સ્થાપનાનો અમને મોટો આધાર છે, એટલે કે તેનું આલબંન પામીને અમે ભવસાગર જરૂર તરી જઈશું.'

दर्शनं देवदेवस्य दर्शनं पापनाशनम् ।
दर्शनं स्वर्गसोपानं, दर्शनं मोक्षसाधनम् ॥

'દેવના દેવ એટલે દેવાધિદેવ. તેમનાં દર્શન ઘણાં ફલદાયી છે. પ્રથમ તો એ દર્શન પાપાનો નાશ કરે છે, એટલે કે આપણામાં જે અભ્યંતર અશુચિ હોય, મલિનતા હોય, અશુભ કર્મનો સંચય હોય, તેને દૂર કરી દે છે અને એ રીતે આપણને પવિત્રતાના પથ પર ચડાવી દે છે. બીજું એ દર્શન સ્વર્ગના સોપાન સમું છે, એટલે કે તેનાથી સ્વર્ગરૂપી મહેલનાં પગથિયાં સડસડાટ ચડી શકાય છે અને ત્યાં જે અનુપમ ભોગસામગ્રી છે, તેનો ઉપભોગ કરી શકાય છે. ત્રીજું એ દર્શન મોક્ષનું પણ ઉત્તમ સાધન છે, એટલે કે તેનાથી સર્વ મોક્ષપ્રાપક સામગ્રી પ્રાપ્ત થાય છે અને તેના આધારે મોક્ષ પામી શકાય છે.'

अद्याभवत् सफलता नयनद्वयस्य,
देव ! त्वदीयचरणाम्बुजवीक्षणेन ।
अद्य त्रिलोकतिलक प्रतिभासते मे,
संसारवारिधिरयं चुलुकप्रमाणः ॥

'હે દેવ ! આજે તારા ચરણરૂપી કમળોનાં દર્શનથી મારાં બંને નેત્રોની સફલતા થઈ. તાત્પર્ય કે મેં આજ સુધી ઘણી રમણીઓનાં રૂપ નિહાળ્યાં, ઘણા નાટક–સીનેમા –ખેલ-તમાશા જોયા, ઘણાનાં છિદ્ર જોયા કે ઘણી જાતના

અપવિત્ર પદાર્થો નિહાળ્યા. એ કંઈ નેત્રોની સફલતા ન કહેવાય, કારણ કે એના પરિણામે અશુભ કર્મનો બંધ થયો અને તેનાં માઠાં ફળો મારે અવશ્ય ભોગવવા પડશે; પરંતુ આજે તારાં પવિત્ર ચરણકમળનાં દર્શન થયાં, તેથી મારું પાપ નાશ પામ્યું, તેને જ હું બંને નેત્રોની સફલતા માનું છું. વળી હે ત્રિલોકના તિલક સમાન દેવાધિદેવ ! તમારા દર્શનથી મને મોટામાં મોટો લાભ એ થયો કે જે સંસાર વિરાટ્ વારિધિ જેવો—સમુદ્ર જેવો લાગતો હતો, તે હવે ખોબા જેવો લાગે છે. તાત્પર્ય કે હવે તેને પાર કરી જવાનું કામ જરાયે મુશ્કેલ લાગતું નથી.'

**धन्या दृष्टिरियं यया विमलया दृष्टो भवान् प्रत्यहं,**
**धन्याऽसौ रसना यया स्तुतिपथं नीतो जगद्वत्सलः ।**
**धन्यं कर्णयुगं वचोऽमृतरसं पीतं मुदा येन ते,**
**धन्यं हृत् सततं च येन विशदस्त्वन्नाममन्त्रो धृतः ॥१३॥**

'હે દેવ ! તે જ દૃષ્ટિને ધન્ય છે કે જેના વડે આપ દરરોજ નિર્મલતાપૂર્વક દેખાયા. તે જ રસનાને-જિહ્વાને ધન્ય છે કે જેણે જગત્વત્સલ એવા આપની દરરોજ સ્તુતિ કરી. તે જ કાનના યુગલને ધન્ય છે કે જેણે અમૃત ઝરતાં આપનાં વચનોને રોજ આનંદથી પીધાં, અને તે જ હૃદયને ધન્ય છે કે જેણે સતત આપના નામરૂપી નિર્મળ મંત્રને ધારણ કર્યો.' તાત્પર્ય કે ચક્ષુઓ વડે પ્રભુને નિહાળવા, જીભ વડે તેમના ગુણ ગાવા, કાન વડે તેમનો ઉપદેશ

સાંભળવો અને મને વડે તેમના મંત્રનું સ્મરણ કરવું, એ જ જીવનની સાચી સફલતા છે.'

**दिट्ठे तुह मुहकमले, तिन्नि विणिट्ठाइं निरवसेसाई ।**
**दारिद्दं दोहग्गं, जम्मंतरसंचियं पावं ॥**

'હે ભગવાન્! આપનું મુખકમળ જોતાં મારી ત્રણ વસ્તુઓ સર્વથા અંત પામી છેઃ દરિદ્રતા, દુર્ભાગ્ય અને પૂર્વજન્મનાં સંચિત કરેલાં સઘળાં પાપો.' અહીં વિચારવાનું એ છે કે દરિદ્રતા અને દુર્ભાગ્ય નાશ પામે તથા આત્માની કદમ કદમ પર કદર્થના કરનારા સર્વ કર્મો દૂર થઈ જાય તો પરિણામ શું આવે? દરિદ્રતા નાશ પામતાં સંપત્તિ આવે, દુર્ભાગ્ય નાશ પામતાં સૌભાગ્ય આવે અને પૂર્વસંચિત કર્મોનો અમુક અંશે નાશ થતાં સ્વર્ગ સુખ મળે તથા સર્વાંશે નાશ થતાં મોક્ષસુખ મળે. મનુષ્યને આથી બીજું શું જોઈએ?

શ્રી જિનેશ્વર દેવના દર્શનનો આ મહિમા જાણ્યા પછી કોને એમનાં દર્શન કરવાની ઉત્સુકતા નહિ થાય? કોને એમનાં દર્શન કરવાની તત્પરતા નહિ જાગે? જે મનુષ્યમાં થોડી પણ સમજણ હશે, ડહાપણનો અંશ હશે, તે તો એમનાં દર્શન કરવાને અવશ્ય ઉત્સુક થશે, અવશ્ય તત્પર થશે.

### ૪–દેવ–દર્શન આગળ જગતની તમામ વસ્તુઓ તુચ્છ

જેઓ દેવ–દર્શનનો મહિમા સમજ્યા છે, તેમને દેવ–

દર્શનમાં અપૂર્વ આનંદ આવે છે અને તેની આગળ જગતની તમામ વસ્તુઓ તુચ્છ લાગે છે.

એક જૈન મહર્ષિએ કહ્યું છે કે—

सार्वभौमोऽपि मा भुवं, त्वद्दर्शनपराङ्मुखः ।
त्वद्दर्शनपरस्वान्तः, त्वच्चैत्ये विहगोऽप्यहम् ॥

'હે નાથ ! આપના દર્શનથી રહિત ચક્રવર્તિ થવાનું મળે તો પણ મારે તેનો ખપ નથી; પરંતુ આપના દર્શનમાં તત્પર અંતઃકરણવાળો હું આપના ચૈત્યને વિષે રહેવાવાળું પક્ષી થાઉં તો પણ સારું !' તાત્પર્ય કે ત્યાં રોજ આપનાં દર્શન તો થાય !

જ્યારે દેવ-દર્શન માટે આપણી સમજ-આપણી ભાવના આ પ્રકારની થાય, ત્યારે સમજવું કે આપણે ભક્ત, આરાધક કે ઉપાસકની કોટિમાં આવ્યા છીએ અને હવે આપણું કલ્યાણ બહુ દૂર નથી.

## ૫-દેવ-દર્શનની ટેવ પાડવી જોઈએ

પ્રાતઃકાલમાં ઊઠીને સીધો ચાનો પ્યાલો ગટગટાવવો, બીડી કે સીગારેટ ફૂંકવી અને હાથમાં વર્તમાનપત્ર લેવું, એ અનાર્ય સંસ્કાર છે, પણ આપણા દેશ અને સમાજના દુર્ભાગ્યે આજે આ સંસ્કાર પ્રબળ બનતો જાય છે અને જેમની ગણના આગેવાન, ધનિક કે શિક્ષિતવર્ગમાં થાય છે, તેઓ એને દિન-પ્રતિદિન વધુ ને વધુ અપનાવી રહ્યા છે. આપણે

પ્રાચીન સંસ્કાર એવો હતો કે પ્રથમ પ્રભુસ્મરણ–પ્રભુનાં દર્શન, પછી બીજી બધી વાત; વળી નાહ્યા–ધોયા સિવાય મુખમાં કોઈ ચીજ નખાય નહિ, ત્યાં આજે આ સ્થિતિ પ્રવર્તે છે.

ટેવ કે આદત એક વાર પડી તે પડી, પછી તો એ જીવનનો એક ભાગ બની જાય છે, એટલે સહેલાઈથી છૂટતી નથી, છૂટવી બહુ મુશ્કેલ લાગે છે; તેથી આવી ટેવ કે આદત પડે તે પહેલાં ચેતવું જોઈએ. આ બાબતમાં માબાપો તથા વડીલોની જવાબદારી પણ ઓછી નથી. તેઓ જો આ પ્રમાણે વર્તતા હોય, તો બાળકો પણ તેમનું અનુકરણ કરવાના અને એની પરંપરા ચાલવાની. જો માબાપો કે વડીલો આવી ટેવ કે આદતથી મુક્ત હોય તો તેમણે પોતાનાં બાળકોને આવી ટેવમાંથી બચાવી લેવાં જોઈએ.

અમે અનુભવથી જોયું છે કે બાળકોને નાનપણથી દેવ-દર્શન કરવાની ટેવ પાડવામાં આવે તો તેઓ રોજ દેવ–દર્શન કરવા જાય છે, પણ મોટી ઉંમર થયા પછી એ બાબતની ટેવ પાડવી મુશ્કેલ બને છે. તેથી સમજુ માબાપોએ પોતાનાં બાળકોને નાનપણથી જ દેવ–દર્શનની ટેવ પાડવી જોઈએ.

પ્રાતઃકાલમાં વહેલા ઊઠી, પંચ–પરમેષ્ઠિનું સ્મરણ કરી, આવશ્યક ક્રિયા અર્થાત્ રાત્રિક પ્રતિક્રમણ કર્યા પછી તરત નજીકના જિનમંદિરે જઈ દેવ-દર્શન કરવાં જોઈએ. કદાચ તેમ ન બન્યું તો પછીથી પણ દેવ–દર્શન જરૂર કરી લેવાં, પરંતુ ભોજનના સમય પહેલાં તો તે કરી લેવાં જ જોઈએ.

## ૭–દેવ–દર્શનનો વિધિ

જિનમંદિરે જવાનો વિધિ એવો છે કે જો રાજા હોય તો છત્ર–ચામર વગેરે રાજઋદ્ધિ ધારણ કરીને; ઉત્તમ વસ્ત્રો, આભરણ, અલંકાર વગેરેથી સુશોભિત થઈને, ચતુરંગી સેના સાથે; સર્વ પ્રકારે વાજિંત્રો, મહાજન વગેરે લોકોને સાથે લઈને, ઘણું દાન દેતો મંદિર ભણી જાય. જો મંત્રી કે મહાન ઋદ્ધિવંત હોય તો પણ યોગ્ય ઠાઠમાઠથી જાય અને સામાન્ય વૈભવવાળો હોય તો પોતાની શક્તિ અનુસાર આડંબર–શોભા કરીને મિત્ર, પુત્ર વગેરે પરિવારને સાથે લઈને શ્રી જિનમંદિરે જાય.

ત્યાં જઈને પાંચ અભિગમ (મર્યાદા)નું પાલન કરે. તે આ પ્રમાણે :

(૧) પુષ્પ, તંબોલ વગેરે સર્વ સચિત્ત દ્રવ્યોનો ત્યાગ કરે. (૨) મુગટ સિવાયનું સર્વ પહેરી રાખે અને મુગટનો ત્યાગ કરે. (૩) એક પહોળા ઉત્તમ વસ્ત્રનું ઉત્તરાસંગ કરે. (૪) શ્રી જિનપ્રતિમાનું દર્શન થતાં જ બે હાથ જોડી મસ્તકે લગાડી 'નમો જિણાણં' એ પ્રમાણે બોલે. તથા (૫) શ્રી જિનેશ્વર દેવનાં દર્શન વગેરેમાં મનની સ્થિરતા કરે.

સામાન્ય લોકો માટેનો દેવ–દર્શનનો વિધિ આ પ્રમાણે સમજવો :—

(૧) પ્રથમ ઘરથી સ્વચ્છ વસ્ત્ર પહેરીને સાથે ચોખા, બદામ, સાકર, ફળ, નૈવેદ્ય વગેરે લઈને જિનમંદિરે જવું. તેમાં એટલું ધ્યાન રાખવું કે કોઈ વસ્તુ ખરાબ આવી ન

જાય. 'આ તો ચાલશે' એમ માનીને ખરાબ વસ્તુને ઉપયોગમાં લેવાથી એક પ્રકારની આશાતના થાય છે અને તેનું વાસ્તવિક ફળ મળતું નથી. જે વસ્તુ ત્રિભુવનતિલક દેવને ચડાવવા માટે લઈએ તે શુદ્ધ અને બને તેટલી ઉત્તમ હોવી જોઈએ.

(૨) મંદિરના દ્વારે પહોંચતાં 'નિસીહી' કહેવું, એટલે ત્યારથી ઘર, વ્યવહાર, વ્યાપાર કે રાજકારણ વગેરે સંબંધી વાતોનો નિષેધ સમજવો. તાત્પર્ય કે ત્યાર પછી પોતાનું લક્ષ સાંસારિક બાબતો પરથી ઉઠાવી લઈને દેવ-દર્શનમાં કેન્દ્રિત કરવું. આ વખતે મંદિર, તેની મરામત, તેના રક્ષણ વગેરે સંબંધી જરૂરી વાર્તાલાપ કરી શકાય.

(૩) પછી પ્રભુનું દર્શન થતાં જ અંજલિબદ્ધ નમસ્કાર કરવો અને 'નમો જિણાણં' એવું પદ કહેવું. આ વખતે પુરુષોએ પ્રભુની જમણી બાજુ અને સ્ત્રીઓએ ડાબી બાજુ ઊભા રહેવું અને બને ત્યાં સુધી એક બીજાનો સંઘટ્ટો ન થાય તે જોવું. મંદિરમાં ભીડ વધારે હોય તો થોડી વાર બાજુએ ઊભા રહીને અનુકૂળ સમયની રાહ જોવી, પણ ધક્કા-મૂક્કી કરીને તેમાં દાખલ થવું નહિ અને ભક્તિનું વાતાવરણ ડહોળવું નહિ.

(૪) ત્યાર પછી ભગવાનનો મૂળ ગભારો કે જે સમવસરણના સ્થાને ગણાય છે, તેની જમણી બાજુથી ત્રણ પ્રદક્ષિણા દેવી અને મધ્ય દ્વારે આવી જિનમંદિરની મરામત,

વ્યવસ્થા વગેરેને વિકલ્પ ટાળવા રૂપ બીજી 'નિસીહી' કહેવી તથા અર્ધાવનત નમસ્કાર કરવો.

(૫) ત્યારપછી સ્થિરતાથી ઊભા રહીને બે હાથ જોડી ભાવભરી સ્તુતિ કરવી.

(૬) પછી પાટ અથવા પાટિયા પર ચોખાની ત્રણ નાની ઢગલી કરવી, તેના ઉપર બીજના ચંદ્રમાની આકૃતિ કરવી અને નીચેના ભાગમાં સ્વસ્તિક અર્થાત્ સાથિયો કરવો. એ વખતે નીચે પ્રમાણે ભાવના ભાવવી :—

દર્શન જ્ઞાન ચારિત્રના, આરાધનથી સાર;
સિદ્ધશિલાની ઉપરે, હો મુજ વાસ શ્રીકાર. ૧

ચિહું ગતિ-ભ્રમણ સંસારમાં, જન્મમરણ જંજાલ;
પંચમ ગતિવિણ જીવને, સુખ નહિ ત્રિહું કાલ. ૨

અક્ષત સ્વસ્તિક પૂરતાં, શ્રી જિન આગળ સાર;
અક્ષત ફળને પામિયે, અક્ષય સુખ દાતાર. ૩

(૭) પછી સ્વસ્તિક પર ફળ મૂકવું અને અક્ષય અનંત સુખના ધામરૂપ મોક્ષસુખનું ફળ માગવું. તેમજ સિદ્ધશિલા ઉપર નૈવેદ્ય મૂકી અણાહારી પદની માગણી કરવી. મોક્ષસુખની માગણી એ નિદાનબંધન અર્થાત્ નિયાણું નથી.

(૮) ત્યારબાદ દ્રવ્યપૂજાના નિષેધરૂપ ત્રીજી 'નિસીહી' બોલી પંચાંગ પ્રણિપાતપૂર્વક ચૈત્યવંદન કરવું. તે અંગે આગળ વિસ્તૃત વિચારણા આવવાની છે, એટલે અહીં તેનું વિવેચન કરતા નથી.

[૧૪]

## પૂજનની આવશ્યકતા

મહાપુરુષોએ કહ્યું છે કે—

**पूज्यपूजा दया दानं, तीर्थयात्रा जपस्तपः ।**
**श्रुतं परोपकारश्च, मर्त्यजन्मफलाष्टकम् ॥**

'(૧) પૂજ્યોની પૂજા, (૨) દયા, (૩) દાન, (૪) તીર્થયાત્રા, (૫) જપ, (૬) તપ, (૭) શાસ્ત્રનો સ્વાધ્યાય અને (૮) પરોપકાર, એ માનવજીવનરૂપી વૃક્ષનાં આઠ મધુર ફળો છે.' કહેવાનું તાત્પર્ય એ છે કે જેના જીવનમાં આ આઠ વસ્તુઓ જોવામાં આવે, તેનું જ જીવન સફળ સમજવું અને બાકીનાનું નિષ્ફળ સમજવું.

કેટલાકને અહીં પ્રશ્ન થવાનો કે 'પૂજ્યની પૂજાને પહેલી કેમ મૂકી? શું દયા, દાન, તીર્થયાત્રા વગેરે કરતાં પણ તેનું મહત્ત્વ વધારે છે?' પરંતુ તેમણે સમજવું જોઈએ કે મહાપુરુષો દીર્ઘ અનુભવના અંતે હિતબુદ્ધિથી કેટલાક શબ્દો ઉચ્ચારે છે, એટલે તેમાં ભારોભાર સત્ય ભરેલું હોય છે. જો પ્રથમ પ્રયાસે આ શબ્દોનું રહસ્ય સમજવામાં ન આવે તો મધ્યસ્થ ભાવે ઊંડું ચિંતન કરવું, પણ તેમાં સંદેહ રાખવો નહિ.

આ શ્લોક પર ચિંતન-મનન કરતાં અમે એટલું સમજ્યા છીએ કે એંજિન વિના ગાડી ચાલે નહિ, તેમ પૂજ્યોની પૂજા વિના સત્ક્રિયાઓ ચાલે નહિ, ગતિમાન થાય નહિ. વળી આ બધી સત્ક્રિયાઓ પૂજ્ય પુરુષોએ જ પ્રબોધેલી છે, એટલે તેમના પ્રત્યે શ્રદ્ધા-આદર-માનની લાગણી હોય તો જ આ ક્રિયાઓ પ્રત્યે શ્રદ્ધા-આદર-માનની લાગણી ઉદ્‌ભવે અને તેને અમલમાં મૂકવાની ઇચ્છા જાગૃત થાય.

અહીં પૂજ્ય શબ્દથી દેવ અને ગુરુ અભિપ્રેત છે. દેવ એટલે અરિહંતદેવ, જિનેશ્વરદેવ. ગુરુ એટલે પંચમહાવ્રત-ધારી ત્યાગી મહાત્મા. જો ગુરુ શબ્દને સામાન્ય અર્થમાં ગ્રહણ કરીએ તો માતા, પિતા, વડીલો, વિદ્યાગુરુ, કલાગુરુ તથા જ્ઞાતિના વડેરાઓનો પણ તેમાં સમાવેશ થાય. પૂજ્ય એટલે પૂજવાને યોગ્ય, આદર-માન આપવાને યોગ્ય, સત્કાર-સન્માન કરવાને યોગ્ય. જેઓ પૂજ્યો પ્રત્યે પૂજ્યભાવ દર્શાવતા નથી, તેમને માટે નૈતિક, ધાર્મિક તેમજ આધ્યાત્મિક પ્રગતિનાં દ્વાર બંધ થઈ જાય છે અને અંધારામાં અથડાવાનો વખત આવે છે. વ્યવહારમાં પણ મુરબ્બીઓ-વડીલો પ્રત્યે આદર-માન ન બતાવનારને ઘણું સહન કરવું પડે છે અને આખરે તેમની પ્રતિષ્ઠાનો નાશ થાય છે. જે મહાનુભાવના જીવનમાં સુદેવ અને સુગુરુની પૂજાનું સ્થાન નિયમિત હોય છે, તેના જીવનમાં વિનય, વિવેક વગેરે સદ્‌ગુણો અવશ્ય પ્રગટ થાય છે.

**ज्ञिनेन्द्रपूजा गुरूपर्युपास्तिः, सत्त्वानुकंपा शुभपात्रदानम् ।**
**गुणानुरागः श्रुतिरागमस्य, नृजन्मवृक्षस्य फलान्यमूनि ॥**

"જિનપૂજા, ગુરુસેવા, જીવદયા, સુપાત્રદાન, ગુણાનુ-રાગ તથા આગમશ્રવણ, આ મનુષ્યભવરૂપી વૃક્ષનાં ફળો છે."

મહાપુરુષોનાં અન્ય વચનો પણ સાંભળો. તેઓ કહે છે :—

**पूजामाचरतां जगत्त्रयपतेः सङ्घार्चनं कुर्वताम्,**
**तीर्थानामभिवन्दनं विदधतां जैनं वचः श्रृण्वताम् ।**
**सद्दानं ददतां तपश्च चरतां सत्त्वानुकम्पाकृतां,**
**येषां यान्ति दिनानि जन्म सफलं तेषां सुपुण्यात्मनाम् ॥**

'જે પુણ્યશાલી પુરુષોના દિવસો ત્રણ જગતના નાથ એવા શ્રી જિનેશ્વરોની પૂજા કરવામાં, સંઘનું અર્ચન કરવામાં, સુપાત્રદાન દેવામાં, તપશ્ચર્યા કરવામાં અને પ્રાણીઓ પ્રત્યે અનુકંપા આચરવામાં જાય છે, તેમનો જન્મ સફલ છે.'

અહીં એટલું વિચારવાનું કે જેને દેવો તથા દાનવો પણ પૂજતા હોય, તે કેવા પ્રભાવશાળી, કેવા સમર્થ, કેવા ઉત્તમ હોય ? આપણે પણ તેમને પૂજીને કૃતાર્થ થઈએ. દેવો તથા દાનવો આપણા કરતાં શક્તિ–સામર્થ્યમાં વિશેષ છે, એટલે તેમનું અનુસરણ કરવામાં આપણી લઘુતા નથી.

કદાચ લઘુતા થતી હોય તો તે પણ સારા માટે જ છે, એટલે તે માટે સંકોચ પામવાની જરૂર નથી. જેઓ લઘુતાને ધારણ કરે છે, તે જ આખરે પ્રભુતાને પામે છે અને સર્વ વડે આદર પામે છે. મણિ, મોતી, રત્ન વગેરે લઘુ હોવાથી જ શિર પર ધારણ કરાય છે. જો તે શિલા જેવડાં મોટાં હોત તો તેમને કોણ ધારણ કરત?

પાંચસો પ્રકરણ ગ્રંથોના પ્રણેતા શ્રીમાન્ ઉમાસ્વાતિ મહારાજ તત્ત્વાર્થ-ભાષ્યમાં ફરમાવે છે કે—

**अभ्यर्चनादर्हतां मनःप्रसादस्ततः समाधिश्च ।**
**तस्मादपि निःश्रेयसमतो हि तत्पूजनं न्याय्यम् ॥**

'શ્રી અરિહંત દેવોનું પૂજન કરતાં ચિત્તની વૃત્તિઓ નિર્મળ થાય છે; ચિત્તની વૃત્તિઓ નિર્મળ થતાં સમાધિનો લાભ થાય છે; અને સમાધિનો લાભ થવાથી નિઃશ્રેયસની પ્રાપ્તિ થાય છે, તેથી તેમનું પૂજન કરવું યોગ્ય છે.'

થોડાં વિવેચનથી આ વસ્તુ વધારે સ્પષ્ટ થશે. જેમ કતકફળનું×ચૂર્ણ નાખવાથી પાણીમાં રહેલો મલ-કચરો દૂર થાય છે અને તે નિર્મળ-સ્વચ્છ બની જાય છે, તેમ વીતરાગ અરિહંતદેવનું પૂજન કરવાથી હૃદયમાં રહેલો રાગદ્વેષરૂપી મલ-કચરો દૂર થાય છે અને તેથી ચિત્તની વૃત્તિઓ નિર્મળ બને છે. આને જ મનઃપ્રસાદ સમજવાનો

× કતકફલને ગુજરાતી તથા હિંદી ભાષામાં નિર્મલી કહેવામાં આવે છે.

છે. આવો મનઃપ્રસાદ પ્રાપ્ત થતાં સમાધિ અર્થાત્ ચિત્ત-સ્વાસ્થ્ય ઊભું થઈ ક્રમશઃ શુક્લ ધ્યાન સુધી પહોંચાય છે કે જ્યાં વિકલ્પોનું શમન થઈ જાય છે અને માત્ર સ્વરૂપરમણ અવસ્થાનો જ અનુભવ થાય છે. આવો અનુભવ કરનાર કે જેમને વીતરાગ અથવા જીવનમુક્ત કહેવામાં આવે છે, તેઓ જીવનપૂર્ણ થયે અક્ષય-અનંત સુખના ધામ સમા મોક્ષ, નિર્વાણ કે નિઃશ્રેયસને પ્રાપ્ત કરે છે. આમ અક્ષય-અનંત સુખની પ્રાપ્તિમાં જિનપૂજન પ્રથમ પગથિયું હોઈને તે અવશ્ય કરવા યોગ્ય છે.

કેટલાક કહે છે કે 'મોક્ષ કોણે દીઠો? અને તે ક્યારે મળે? અમારે તો આ ભવનું સુખ જોઈએ છે. શું જિનેશ્વરદેવની પૂજાથી એ સુખ મળશે ખરું?' તેનો ઉત્તર એ છે કે જ્ઞાનીઓએ મોક્ષ દીઠેલો છે, અને તે યુક્તિસિદ્ધ છે, તેથી જ તેઓ તેની હિમાયત કરે છે. વળી મોક્ષ મળવાનો આધાર આપણી પોતાની યોગ્યતા પર છે. જો આપણે યોગ્ય થઈએ તો મોક્ષ તત્કાલ મળે, પણ અત્યંત અફસોસની વાત છે કે આપણે તે માટે યોગ્ય થતા નથી તથા તે અંગે જેવો અને જેટલો ખંતીલો પ્રયાસ કરવો જોઈએ, તે કરતા નથી. યોગ્યતા કેળવ્યા વિના શાળાનું પ્રમાણપત્ર પણ મળતું નથી, તો મોક્ષ જેવી મહાન વસ્તુ ક્યાંથી મળે?

આ ભવનું સુખ એટલે પત્ની, પુત્ર-પુત્રીઓનો પરિવાર, પૈસો, અધિકાર વગેરે. પરંતુ આ સુખ તો તૃણના

અગ્રભાગ પર રહેલ ઝાકળના બિંદુ જેવું છે. તે ક્યારે ખરી પડે-નાશ પામે? તે કહેવાય નહિ. તાત્પર્ય કે પત્ની અણધારી ગુજરી જાય છે, પુત્ર-પુત્રીઓનો પરિવાર નાશ પામે છે. પૈસો એકાએક ચાલ્યો જાય છે અને અધિકાર ઘડીકમાં ઝુંટવાઈ જાય છે.

એક વાર હીટલરની હાક વાગતી હતી અને મુસોલોનીનો પડ્યો બોલ બરાબર ઝીલાતો હતો, પણ તેમના આખરી હાલ કેવા થયા? સર્વ અધિકાર ચાલ્યો ગયો અને ભૂંડા મોતે મરવું પડ્યું. તાત્પર્ય કે આ જાતનાં સુખો પર આધાર રાખનાર ગમે ત્યારે દુઃખમાં આવી પડે છે અને તેમાં સબડ્યા કરે છે. તેથી શ્રી જિનેશ્વરદેવ પાસેથી આવાં તુચ્છ-ક્ષણિક સુખોની અપેક્ષા રાખવી ઉચિત નથી; જો કે શ્રી જિનેશ્વરદેવની અનન્ય ભાવે પૂજા કરતાં પાપનો નાશ થાય છે અને પુણ્યનો ઉદય થાય છે, એટલે સર્વ પ્રકારનાં દુન્યવી સુખો આવી મળે છે, પણ સમજુ-શાણા મનુષ્યોએ તેમાં લેપાવું જોઈએ નહિ. રાજા કુમારપાળે પૂર્વ ભવમાં માત્ર પાંચ કોડીનાં ફૂલોથી જ નિરાશંસ ભાવપૂર્વક શ્રી જિનેશ્વરદેવનું પૂજન કર્યું હતું, તો તેમને વર્તમાન ભવમાં અઢાર દેશનું રાજ્ય મળ્યું, પરંતુ તેઓ તેમાં લેપાયા નહિ. તેમણે તો ધર્મકરણી જ ચાલુ રાખી અને પરમાર્હતની પદવી પ્રાપ્ત કરી પોતાનું જીવન સાર્થક કર્યું.

'જિનપૂજન ક્યારે કરવું જોઇએ?' તેનો ઉત્તર એ છે કે ઉત્સર્ગ માર્ગે પ્રાતઃ, મધ્યાહ્ન અને સાયંકાળ, એ ત્રણ સંધ્યા વખતે કરવું જોઈએ અને અપવાદ માર્ગે તો પોતાની આજીવિકાને વાંધો ન આવે એ પ્રમાણે પોતાને અનુકૂળ નિશ્ચિત સમયે કરી શકાય. તે અંગે શ્રી હરિભદ્રસૂરિએ પૂજાપંચાશકમાં કહ્યું છે કે—

**सो पुण इह विन्नेओ, सझाओ तिन्नि ताव ओहेण।**
**वित्तिकिरिआअविरुद्धो, अहवा जो जस्स जावइओ ॥**

'તે પૂજાનો કાળ ઉત્સર્ગથી ત્રણ સંધ્યાનો જાણવો અથવા અપવાદથી આજીવિકાના સાધનભૂત રાજાની નોકરી, સેવા, વેપાર વગેરે કાર્યોને વાંધો ન આવે તેમ, જેને જેવી અનુકૂળતા હોય તે પ્રમાણે જાણવો.'

અહીં એટલી સ્પષ્ટતા આવશ્યક છે કે પ્રાતઃકાળે વસ્ત્રાદિની શુદ્ધિપૂર્વક વાસક્ષેપ પૂજા કરવાની હોય છે, સંધ્યા સમયે સુગંધી ધૂપ અને દીપાદિક વડે પૂજા કરવાની હોય છે અને મધ્યાહ્ન કાળે સુગંધી જળ, ચંદન, પુષ્પ, ધૂપ, દીપ, અક્ષત, ફળ અને નૈવેદ્ય વડે અષ્ટપ્રકારી પૂજા કરવાની હોય છે, એટલે મધ્યાહ્ન પૂજા મુખ્ય પૂજા છે. આ પૂજા સમયની અનુકૂળતા મુજબ સવારથી માંડીને મધ્યાહ્ન સુધીમાં ગમે ત્યારે કરી શકાય છે.

ત્રિકાલજિનપૂજાનું ફળ શાસ્ત્રોમાં આ પ્રમાણે કહ્યું છે :—

जो पुयइ तिसंज्झं, जिणिंदरायं तहा विगयदोसं ।
सो तइयभवे सिज्झइ, अहवा सत्तट्ठमे जम्मे ॥

'જે ભવ્યાત્મા રાગ-દ્વેષથી રહિત એવા જિનેશ્વર પરમાત્માની ત્રણે સંધ્યાએ પૂજા કરે છે, તે ત્રીજે ભવે અથવા સાતમે કે આઠમા ભવે સિદ્ધિગતિને પામે છે.'

जिनस्य पूजनं हन्ति, प्रातः पापं निशाभवम् ।
आजन्मं विहित मध्ये, सप्तजन्मकृतं निशि ॥

'પ્રાતઃકાળે કરેલું શ્રી જિનેશ્વરનું પૂજન રાત્રિએ કરેલાં પાપોનો નાશ કરે છે, મધ્યાહ્નકાળે કરેલું શ્રી જિનેશ્વરનું પૂજન આખા જન્મમાં કરેલાં પાપોનો નાશ કરે છે, અને સંધ્યા સમયે કરેલું પૂજન સાત ભવનાં કરેલાં પાપોનો નાશ કરે છે.

તાત્પર્ય કે પાપનો નાશ કરવા માટે તથા ઉત્તરોત્તર આત્મશુદ્ધિનો લાભ પ્રાપ્ત કરવા માટે જિનપૂજન અતિ આવશ્યક છે અને તેથી દરેક મુમુક્ષુએ તે નિત્ય-નિયમિત અવશ્ય કરવું જોઈએ.

[૧૫]

## સાત પ્રકારની શુદ્ધિ

જેનાથી ક્રિયા શુદ્ધ, સુંદર, પવિત્ર અને પ્રશસ્ત બને તેને શુદ્ધિ કહેવામાં આવે છે. ખાસ કરીને ધાર્મિક તથા આધ્યાત્મિક ક્રિયાઓમાં શુદ્ધિ પર ખૂબ ભાર મૂકવામાં આવે છે, કારણ કે તે વિના ઉક્ત ક્રિયાઓ પોતાનું પૂરેપૂરું ફળ બતાવવાને સમર્થ થતી નથી.

શ્રી જિનેશ્વરદેવનું પૂજન એ એક ધાર્મિક ક્રિયા છે, એટલે તેમાં શુદ્ધિ બરાબર જળવાવી જોઈએ. આ શુદ્ધિ સાધનભેદથી સાત પ્રકારની છે, તે માટે 'शुद्धिः सप्तविधा कार्या, श्रीअर्हत्पूजनक्षणे' એ વચનો પ્રમાણરૂપ છે.

આ સાત શુદ્ધિનાં નામો શાસ્ત્રકારોએ નીચે પ્રમાણે જણાવ્યાં છે :

**वपुश्च वसनं चैव, मनोभूमिस्तथैव च ।**
**पूजोपकरणं न्यायं, द्रव्यं विधिक्रिया तथा ॥**

અંગ વસન મન ભૂમિકા, પૂજોપગરણ સાર;
ન્યાયદ્રવ્ય વિધિશુદ્ધતા, શુદ્ધિ સાત પ્રકાર.

શુદ્ધિ સાત પ્રકારની છેઃ (૧) અંગશુદ્ધિ, (૨) વસ્ત્રશુદ્ધિ, (૩) મનઃશુદ્ધિ, (૪) ભૂમિશુદ્ધિ, (૫) પૂજોપકરણ-શુદ્ધિ, (૬) દ્રવ્યશુદ્ધિ અને (૭) વિધિશુદ્ધિ.

આ સાત પ્રકારની શુદ્ધિનું સ્વરૂપ બરાબર સમજવામાં આવે, તે માટે અહીં તેનું વિસ્તૃત વિવેચન કરીશું.

## ૧-અંગશુદ્ધિ

અંગશુદ્ધિ એટલે પૂજા કરનારના અંગની-કાયાની શુદ્ધિ. તે મુખ્યત્વે સ્નાનથી થાય છે. શાસ્ત્રોમાં 'सम्यक् स्नातोचिते काले' એવા શબ્દો આવે છે, તે પરથી એમ સમજવાનું કે ગૃહસ્થ ઉપાસકે જિનપૂજા કરવાનો અવસર થાય, ત્યારે પ્રથમ સ્નાન કરવું જરૂરી છે.

સ્નાન કરવાનો હેતુ એ છે કે શરીર મલમૂત્રથી ખરડાયેલું હોય, દુર્ગંધી વાયુના સંચાર વગેરેથી મલિન થયેલું હોય કે સ્ત્રીની શય્યા આદિના યોગથી અપવિત્ર થયેલું હોય, તે શુદ્ધ થાય. શ્રી જિનેશ્વરદેવની કાયા-શ્રી જિનેશ્વરદેવની મૂર્તિ અતિ પવિત્ર છે. તેને અપવિત્ર શરીરે અડવાનો આપણો આચાર નથી.

સ્નાન બે પ્રકારનાં છે : એક દ્રવ્યસ્નાન અને બીજું ભાવસ્નાન. તેમાં પાણીથી સ્નાન કરવું, તે દ્રવ્યસ્નાન કહેવાય છે અને અહીં મુખ્યત્વે તેનો જ અધિકાર છે.

દ્રવ્યસ્નાનના બે પ્રકારો છે : દેશસ્નાન અને સર્વસ્નાન. તેમાં ઝાડો-પેશાબ કરી શુદ્ધિ કરવી, દાંત સાફ કરવા, જીભ

ઉપરથી ઉલ ઉતારવી, હાથ-પગ-મુખ વગેરે ધોવાં, કોગળા કરી મુખ સાફ કરવું, એ બધાં દેશ-સ્નાન કહેવાય છે અને સમસ્ત શરીરે સ્નાન કરવું એ સર્વ-સ્નાન કહેવાય છે.

નીતિકારોનો મત એવો છે કે 'સ્નાન કરતી વખતે તદ્દન નગ્ન થવું નહિ. એક વસ્ત્ર તો અવશ્ય પહેરવું.' આપણા દેશમાં આ નિયમનો અમલ મોટા ભાગે થાય છે, પણ કેટલાક દેખાદેખીથી આ નિયમનો ભંગ કરવા લાગ્યા છે, એટલે આટલું સૂચન છે.

સ્નાનનો મુખ્ય આશય શરીરને મલરહિત કરવાનો છે, એટલે બરાબર ચોળીને ન્હાવું જોઈએ.

સ્નાન કર્યા પછી જરા કર્કશ અને પાણી ચૂસી લે તેવા શુદ્ધ વસ્ત્ર વડે શરીર લૂછવું, પછી પલાળેલું વસ્ત્ર એટલે કે પંચિયું છોડીને ઊનની કાંબળી કે શણનું વસ્ર ધારણ કરવું અને પગનાં તળિયાં કોરાં કરીને, પવિત્ર સ્થાનકે ઉત્તરાભિમુખ ઊભા રહીને, પૂજા માટેનાં વસ્ત્રો ધારણ કરવાં.

## ૨-વસ્ત્રશુદ્ધિ

જૈન શાસ્ત્રોમાં કહ્યું છે કે—

**विशुद्धिं वपुषः कृत्वा, यथायोग्यं जलादिभिः ।**
**धौतवस्त्रं वसीत द्वे, विशुद्धे धूपधूपिते ॥**

'જળ વગેરેથી શરીરથી યોગ્ય શુદ્ધિ કરીને ધોયેલાં

અને ધૂપથી ધૂપેલાં એવાં બે વિશુદ્ધ વસ્ત્રો (પૂજા કરવા માટે) ધારણ કરવાં.'

જો પૂજાનાં કપડાં મેલાં, દુર્ગંધવાળાં કે અશુદ્ધ હોય તો સ્નાન નિષ્ફળ જાય છે; માટે અહીં ધોયેલાં, ધૂપથી વાસિત કરેલાં અને વિશુદ્ધનો નિર્દેશ છે. બે વસ્ત્રો પુરુષોની અપેક્ષાએ સમજવાં. એક ધોતિયું અને બીજું ઉત્તરાસંગ. સ્ત્રીઓને ત્રણ વસ્ત્ર ધારણ કરવાનો આદેશ છે: ચણિયો, સાડી અને કંચુકી.

પૂજા માટે જે વસ્ત્ર વાપરીએ, તે બીજાનું પહેરેલું હોય તો ચાલે નહિ. બીજાનાં વાપરેલાં વસ્ત્રો વાપરવા જતાં તેની વૃત્તિઓની આપણને અસર થાય છે અને તે જો ખરાબ હોય તો આપણું કામ બગાડી નાખે છે. વળી આરોગ્યની દૃષ્ટિએ પણ બીજાનાં વાપરેલાં વસ્ત્રો વાપરવાં યોગ્ય નથી. કોને કઈ જાતના રોગ હોય તે શું કહી શકાય? જો કદાચ ચેપી રોગ હોય તો તે તરત જ લાગુ પડી જાય અને શરીરની ખરાબી કરી નાખે. આવાં કારણોસર બીજાનું વાપરેલું વસ્ત્ર પૂજામાં વાપરવું નહિ, એવો નિયમ પ્રચલિત થએલો છે. મધ્યકાલીન યુગની એક ઐતિહાસિક ઘટના આ વસ્તુ પર સુંદર પ્રકાશ પાડે છે.

પરમાર્હત મહારાજા કુમારપાળ નિયમિત જિનપૂજા કરતા અને તે વખતે દુકૂળ એટલે ખાસ બનાવટનાં રેશમી ઝીણાં વસ્ત્રોનો ઉપયોગ કરતા. એક વાર તેમનું આ વસ્ત્ર

બાહડ મંત્રીના નાના ભાઈ ચાહડે વાપર્યું, તે જોઈને મહારાજાએ કહ્યું કે 'હવે આ વસ્ત્ર મારે ચાલશે નહિ, માટે નવું વસ્ત્ર આપો.'

બાહડ મંત્રીએ કહ્યું : 'મહારાજા! નવું વસ્ત્ર તો તત્કાળ મળવું મુશ્કેલ છે, કારણ કે એ તો સવા લાખ દ્રવ્યના મૂલ્યથી બંબોરી નગરીમાં નીપજે છે. વળી આપ બીજાનું વાપરેલું વસ્ત્ર વાપરતા નથી, તો આવું વસ્ત્ર ત્યાંનો રાજા પ્રથમ વાપરીને-તુચ્છકારીને પછી જ બહારગામ જવા દે છે.'

મહારાજાએ કહ્યું : 'હમણાં ને હમણાં બંબોરી નગરીના રાજા પાસે માણસ મોકલી વગર વાપરેલું એક દુકૂળ મંગાવો.'

એ હુકમનો તરત અમલ થયો, પણ વગર વપરાયેલું દુકૂળ મળ્યું નહિ, એટલે મહારાજા કુમારપાળે કોપાયમાન થઈને બહાડ મંત્રીને બંબોરી નગરી પર ચડાઈ કરવાનો હુકમ આપ્યો.

મંત્રીએ ૧૪૦૦ સાંઢણીઓ ઉપર બબ્બે સુભટોને બેસાડીને પ્રયાણ કર્યું અને રાત્રિના સમયે બંબોરી નગરીને ઘેરી લીધી, પણ તે રાત્રિએ ૭૦૦ કન્યાઓના વિવાહ હતા, એટલે રાત્રિ પસાર થવા દઈને સવારે હુમલો કર્યો અને જેના પર નગરીના રક્ષણનો મુખ્ય આધાર હતો, તે કિલ્લો જીતી લીધો.

દંડમાં સાત ક્રોડ સોનૈયા અને અગિયારસો અશ્વો લીધા તથા કિલ્લાને જમીનદોસ્ત કરી, મહારાજાની આણ પ્રવર્તાવી. પછી ૭૦૦ સાળવીઓને મહોત્સવસહિત પાટણ લાવ્યા. મહારાજાએ આ સાળવીઓને સુંદર દુકૂળ તૈયાર કરવાની આજ્ઞા ફરમાવી ને રોજ પૂજન વખતે નવું જ દુકૂળ વાપરવા લાગ્યા.

આજે દહેરાસરમાં પૂજાનાં વસ્ત્રોનો જથ્થો રાખવામાં આવે છે અને તેનો સહુ ઉપયોગ કરે છે, પરંતુ તેને અપવાદમાર્ગ સમજવો. ઉત્સર્ગમાર્ગે તો દરેકે પોતાને માટે પૂજાનાં વસ્ત્રોની જોડ અલગ રાખવી જોઈએ.

અહીં પ્રસંગવશાત્ એ પણ જણાવી દઈએ કે દહેરાસરમાં પૂજાનાં વસ્ત્રોનો જે જથ્થો રાખવામાં આવે છે, તેને થોડા થોડા દિવસના અંતરે ધોઈ નાખવો જોઈએ તથા તેમાં જે ધોતિયાં તથા ઉત્તરાસંગ વગેરે ફાટી ગયાં હોય, તેને અલગ કાઢી નાખવાં જોઈએ.

જો પૂજાનાં વસ્ત્રોની જોડ જુદી રાખીએ તો બીજા શ્લોકમાં કરેલા નિયમોનું પાલન આપોઆપ થાય છે.

પૂજા માટેનાં વસ્ત્રો બને ત્યાં સુધી શ્વેત રાખવાં જોઈએ. શ્રી નિશીથસૂત્ર વગેરેમાં ઉદાયન રાજાની રાણી પ્રભાવતી વગેરેનાં પૂજાનાં વસ્ત્રો શ્વેત કહેલાં છે, તેમજ શ્રાદ્ધદિનકૃત્યમાં પણ 'सेयवत्थनिअंसणा' પદથી શ્વેત વસ્ત્ર પહેરવાનું સૂચન છે. રંગની અસર મનુષ્યના શરીર અને

મન પર અવશ્ય થાય છે. તેમાં શ્વેત રંગ સાત્ત્વિકતાને વધારનારો છે, એટલે તેનો અહીં નિર્દેશ છે, એવી અમારી સમજ છે. અપવાદમાર્ગે તો રાતાં, પીળાં વગેરે શુભ વસ્ત્રો પણ વાપરી શકાય. શ્રી હરિભદ્રસૂરિએ પૂજાષોડશકમાં આ ખુલાસો કરેલો છે. પૂજામાં સુતરાઉ વસ્ત્રો ઉપયોગમાં લેવાતાં હોય તો રોજે રોજ પાણીથી શુદ્ધ થવાં જોઈએ. શણ–રેશમ વગેરે વસ્ત્રોમાં આ નિયમનું પ્રયોજન નથી.

### ૩–મનઃશુદ્ધિ

મનઃશુદ્ધિ એટલે મનની શુદ્ધિ, ચિત્તની શુદ્ધિ, ભાવની શુદ્ધિ, અથવા તો વૃત્તિઓ અને વિચારોની શુદ્ધિ. તે ન હોય તો અભ્યંતર શુદ્ધિ થતી નથી અને પરિણામે પવિત્ર થઈને પૂજન કરવાનો સિદ્ધાંત સચવાતો નથી.

એક લોટાને બહારથી બરોબર માંજેલો હોય, પણ અંદરથી સાફ કરેલો ન હોય તો એ શુદ્ધ કહેવાશે ખરો? અથવા એક મકાન બહારથી ધોયેલું હોય અને તેના પર સુંદર રંગ–રોગાન કરેલો હોય, પણ તેની અંદરની દીવાલો ધૂણી-ધૂમાડાથી કાળી પડી ગયેલી હોય અને તેના ઓરડા કે ચોગાનોમાં કૂડો–કચરો જમા થયેલો હોય, તો શું એ મકાનને શુદ્ધ–સ્વચ્છ કહેવાશે ખરું ? તાત્પર્ય કે બાહ્યશુદ્ધિ સાથે આંતરિક શુદ્ધિ ભળે તો જ શુદ્ધિની ક્રિયા પૂરી થઈ ગણાય છે અને તેને જ વાસ્તવિક શુદ્ધિ કહેવામાં આવે છે.

અંગશુદ્ધિ અને વસ્ત્રશુદ્ધિ એ બાહ્યશુદ્ધિ છે. તે એટલા

માટે જ કરવામાં આવે છે કે મનઃશુદ્ધિમાં ઉપકારક થાય. હવે જો મનઃશુદ્ધિ જ ન કરીએ તો એ બંને શુદ્ધિઓ નિરર્થક ઠરે, માટે મનને શુદ્ધ કરવા તરફ પૂરેપૂરું લક્ષ આપવું ઘટે છે. અંગ પર પૂજાનાં વસ્ત્રો ધારણ કરીએ અને મનમાં સંસાર–વ્યવહારની ગડમથલ ચાલતી હોય, એ એક પ્રકારની વિસંવાદી સ્થિતિ છે, એને ચલાવી લઈ શકાય જ નહિ. 'વેશ લઈએ તે પૂરેપૂરો ભજવવો' એવી લોકોક્તિ છે, તે અનુસાર પૂજાનાં વસ્ત્રો પહેર્યાં, એટલે પૂજાને યોગ્ય વિચારો જ કરવા ઘટે, પણ તેથી વિરુદ્ધ કોઈ પણ વિચારો કરવા ઘટે નહિ.

વીતરાગ એવા શ્રી જિનેશ્વરદેવની પૂજા કરવાનો મૂલ હેતુ તો એ છે કે તેમના જેવા પવિત્ર થવું, તેમના જેવા સંયમી થવું, તેમના જેવા ચારિત્રશીલ થઈને આત્મકલ્યાણ સાધવું અને વીતરાગપદે પહોંચવું; એટલે તેમના પૂજન–સમયે મનને મલિન કરનારા સર્વ વિચારો છોડી દેવા જોઈએ અને ચિત્તવૃત્તિઓને પૂજન પ્રત્યે જ કેન્દ્રિત કરવી જોઈએ.

કેટલાક કહે છે કે 'આ બધું સમજીએ છીએ ખરા, પણ મર્કટ જેવું મન ઠેકાણે રહેતું નથી. ખાસ કરીને પૂજા–પાઠ કરવા બેસીએ છીએ, ત્યારે દુનિયાભરના વિચારો આવવા લાગે છે અને તે ચિત્તને ડામાડોળ કરી મૂકે છે. તો શું કરવું ?' તેનો ઉત્તર એ છે કે–'જે વસ્તુ પર આપણને વધારે અનુરાગ હોય તેના વિચારો વારંવાર આવે એ સ્વાભાવિક છે, એટલે જગતની જંજાળને મિથ્યા સમજવી અને તેના પ્રત્યેનો

અનુરાગ ઘટાડી શ્રી જિનેશ્વર દેવ પ્રત્યે અનુરાગ વધારવો. આ વખતે એમ જ વિચારવું કે 'કેવી સુંદર તક મળી છે ! હમણાં ત્રિલોકના નાથની પૂજા કરીશ અને કૃતાર્થ થઈશ. ખરેખર ! પ્રભુના પૂજનમાં જે ઘડીઓ જાય, તે જ સાર્થક છે, બાકીની બધી નિરર્થક છે.'

સારા વિચારો કરવાની ટેવ પાડીએ તો સારા વિચારો આવ્યા કરે છે અને દુષ્ટ–પાપી–અપવિત્ર વિચારો ચાલ્યા જાય છે. યોગાભ્યાસીઓનો અનુભવ એવો છે કે 'अभ्यासेन स्थिरं चित्तम्–મન મર્કટ જેવું ચંચળ છે અથવા કુંજરના કાન જેવું અસ્થિર છે, તો પણ અભ્યાસથી તેને વશ કરી શકાય છે, સ્થિર કરી શકાય છે; એટલે ખરી જરૂર અભ્યાસની છે.'

જેનું મન ઘણું જ અસ્થિર રહેતું હોય, તેણે અનાનુપૂર્વીનું ખાસ આલંબન લેવું જોઈએ અને નિત્ય એક બે ચાર તેની ગણના કરવી જોઈએ. વળી શાસ્ત્રાભ્યાસ પણ વધારવો જોઈએ. જેથી આપણી સમજ સુધરે અને તે મનનો નિગ્રહ કરવામાં ઉપયોગી થાય.

અધ્યાત્મયોગી શ્રી આનંદઘનજી મહારાજે શ્રી ઋષભદેવ સ્વામીના સ્તવનમાં કહ્યું છે કે—

ચિત્ત પ્રસન્ને રે પૂજનફળ કહ્યું,
પૂજા અખંડિત એહ;
કપટ રહિત થઈ આતમ અરપણા રે,
આનંદઘન–પદ રેહ,
ઋષભ જિનેશ્વર પ્રીતમ માહરો રે.

'અર્હંતપૂજનનું ખરું ફળ ચિત્તની પ્રસન્નતા છે જો ચિત્તની પ્રસન્નતા (વિશુદ્ધિ) બરાબર રહે તો જ તેને અખંડિત પૂજા સમજવી. પરંતુ ચિત્તની આવી પ્રસન્નતા ત્યારે જ પ્રાપ્ત થાય છે કે જ્યારે આપણે સર્વ પ્રકારની માયાવૃત્તિનો-દાંભિકતાનો ત્યાગ કરીને સરલ ભાવે શ્રી જિનેશ્વરદેવને સમર્પિત થઈ જઈએ. આનંદઘન અવસ્થા પામવાનો માર્ગ એ જ છે.'

## ૪-ભૂમિશુદ્ધિ

મનુષ્યના દિલ અને દિમાગ પર સ્થાન અને સંયોગોની અસર અવશ્ય થાય છે, તેથી જ સાત પ્રકારની શુદ્ધિમાં ભૂમિશુદ્ધિ, ભૂમિકાશુદ્ધિ કે સ્થાનશુદ્ધિને પણ ખાસ સ્થાન અપાયેલું છે.

પૂજાસ્થાનનું વાતાવરણ જેટલું શુદ્ધ-સ્વચ્છ-પવિત્ર તેટલું પૂજામાં વિશેષ ઉપકારક નીવડે છે. શરીર શુદ્ધ હોય, પૂજાનાં વસ્ત્રો પણ શુદ્ધ હોય અને મનના ભાવો પણ શુદ્ધ હોય, પરંતુ જે ભૂમિમાં-જે સ્થાનમાં શ્રી જિનેશ્વરદેવનું પૂજન કરવાનું હોય, તેમાં જોઈએ તેવી શુદ્ધિ, સ્વચ્છતા કે પવિત્રતા ન હોય તો ઉપાસકની ભાવનામાં ફેર પડી જાય છે અને પૂજનમાં જોઈએ તેવી એકાગ્રતા કે તલ્લીનતા જામતી નથી. વળી પૂજાનું સ્થાન શુદ્ધ-સ્વચ્છ-પવિત્ર હોય તો લોકોને ત્યાં આવવાનું સહેજે મન થાય છે અને એમ કરતાં ભક્તિનો રંગ લાગે છે. આ કંઈ જેવો તેવો લાભ નથી!

શ્રી જિનેશ્વરદેવના સમવસરણ પ્રસંગે દેવતાઓ સહુથી પ્રથમ સંવર્તક આદિ વાયુ વડે ભૂમિને શુદ્ધ કરે છે, પછી તેના પર સુગંધી જળનો છંટકાવ કરે છે અને તેના પર પંચરંગી પુષ્પોની વૃષ્ટિ કરે છે. તે એટલા જ માટે કે તે સ્થાન પવિત્ર બને. તો પછી આપણે મનુષ્યો એમનાં પગલે ચાલીને દેવમંદિરને–પૂજાસ્થાનને બને તેટલાં પવિત્ર, રમણીય અને આકર્ષક કેમ ન બનાવીએ ?

ગૃહમંદિરને–ઘર દહેરાસરને પણ બને તેટલું રમણીય અને આકર્ષક બનાવવું જોઈએ. અને તેની શુદ્ધિ તરફ પૂરતું લક્ષ આપવું જોઈએ

સંઘમંદિરો બનતાં સુધી રમણીય અને આકર્ષક બનાવવામાં આવે જ છે, તથા તેમાં પૂજારી વગેરેની સગવડ એકંદર સંતોષકારક હોય છે, તેથી તેમાં શુદ્ધિ સારા પ્રમાણમાં જળવાઈ રહે છે, આમ છતાં પૂજા કરવા જનારે તે તરફ ખાસ લક્ષ રાખી અશુદ્ધિનું કોઈ પણ કારણ જણાય તો તેને દૂર કરીને પછી જ પૂજામાં પ્રવૃત્ત થવું જોઈએ. આ કામ તો પૂજારીનું–નોકરનું છે, એમ માનીને તેના તરફ ઉપેક્ષા કરીએ તો દોષના ભાગી બનાય છે. ખરી રીતે તો પૂજાને લગતું દરેક કામ આપણે જ કરવાનું છે. પૂજારી તેમાં સહાયક થાય, એટલું જ. પણ આજે તો બધું કામ પૂજારીને ભળાવી આપણે ઝટપટ પૂજા પતાવી ચાલ્યા જવાની મનોદશા ધરાવીએ છીએ, જે કોઈ રીતે

ઉચિત નથી. આપણે પ્રભુપૂજા-દેવપૂજા આપણા પોતાના કલ્યાણ માટે જ કરીએ છીએ, તો તેને લગતું દરેક કામ કરવામાં આપણને સંકોચ શા માટે હોવો જોઈએ?

પૂજાસ્થાનની સફાઈ દિવસમાં બે-ત્રણ વાર અવશ્ય કરવી જોઈએ અને તેમાં યથાસમય ધૂપ-દીપ વગેરે પણ અવશ્ય પ્રકટાવવા જોઈએ. તો જ એ સ્થાન શુદ્ધ, સ્વચ્છ અને પવિત્ર રહી શકે.

જે ભૂમિ પર સમવસરણ પધરાવી જિનપૂજન કરવું હોય તે ભૂમિનું શોધન કરવું જોઈએ, એટલે કે તેની અંદર લોઢાના ખીલા, પ્રાણીઓનાં હાડકાં કે કોલસા વગેરે હોય તો તે દૂર કરી નાખવા જોઈએ અને તેના પર શુદ્ધ માટી નાખી, જળનો છંટકાવ કરી તેને સરખી કરી લેવી જોઈએ. જ્યાં લીંપણ કરેલું હોય કે ફરસબંધી કરેલી હોય, ત્યાં તો એટલું જ જોવાનું કે આજુબાજુ કોઈ અશુચિ, લોહી, માંસ, જીવ-જંતુનું મૃત કલેવર વગેરે પડેલું ન હોય. જો પડેલું હોય તો તેને દૂર કરવું જોઈએ અને એ ભૂમિનો કાજો લઈને શુદ્ધ કર્યા પછી જ તેનો ઉપયોગ કરવો જોઈએ.

જ્યાં મંત્રસાધના કરવી હોય કે યંત્રાદિનું આલેખન કરવું હોય ત્યાં પણ ભૂમિની શુદ્ધિ બરાબર કરવામાં આવે છે, તો જ્યાં ભક્તિયોગની ભવ્ય સાધના કરવી હોય, ત્યાં ભૂમિની શુદ્ધિ કર્યા વિના કેમ ચાલે? જગતના લગભગ દરેક ધર્મે આ ભૂમિશુદ્ધિનો સિદ્ધાંત સ્વીકારેલો

છે અને તેથી જ તેઓ પોતપોતાનાં ધર્મસ્થાનકો બને તેટલાં શુદ્ધ, સ્વચ્છ અને પવિત્ર રાખવાનો પ્રયત્ન કરે છે. તેમાં આપણે આજ સુધી મોખરે રહ્યા છીએ, પણ પ્રમાદ-વશાત્ પાછું ન પડાય, તે ખાસ જોવાનું. જિનભવને જે ૮૪ આશાતનાઓ ટાળવાની કહી છે, તેનો મૂળ ઉદ્દેશ જિન-મંદિરની શુદ્ધિ–પવિત્રતા જાળવી રાખવાનો છે, એટલે તેને બરાબર વળગી રહેવું જોઈએ. કેટલાક તેમાં ઢીલો દોર મૂકે છે, તે વ્યાજબી નથી.

### ૫–પૂજોપકરણશુદ્ધિ

પૂજોપકરણ એટલે પૂજાને લગતાં સાધનો, પૂજાને લગતી સામગ્રી. શ્રી જિનેશ્વરદેવની દ્રવ્યપૂજા કરતી વખતે તેની જરૂર પડે છે. દાખલા તરીકે પ્રભુને અભિષેક એટલે પખાલ કરવો હોય તો ચાંદી વગેરે ઉત્તમ ધાતુનો કલશ જોઈએ અને તેમાં જળ, ક્ષીર (દૂધ) કે પંચામૃત આદિ અભિષેક કરવાયોગ્ય વસ્તુ પણ જોઈએ. તેજ રીતે ચંદ-નનું વિલેપન–ચંદનપૂજા કરવી હોય તો ચંદનનું કાષ્ઠ જોઈએ, ચંદન ઘસવા માટે ઓરસિયો જોઈએ અને ચંદન ઉતારવા માટે કટોરી કે વાડકી પણ જોઈએ. ઉપ-લક્ષણથી ચંદનની સાથે શુદ્ધ કેશરનો ઉપયોગ કરવાનું અવશ્ય સમજી લેવું. પુષ્પ, ધૂપ, દીપ, અક્ષત, ફળ, નૈવેદ્ય આદિ તમામ પ્રકરની પૂજાઓમાં આ રીતે અમુક સામગ્રીની અપેક્ષા રહે જ છે. આ પુજોપકરણની ઉત્તમતા-શ્રેષ્ઠતા બાબત ઉપયોગ રાખવો, તેનું નામ પૂજોપકરણ-

શુદ્ધિ. અહીં 'પૂજોપગરણ' એવો શબ્દપ્રયોગ પણ જોવામાં આવે છે, તે પ્રાકૃત ભાષાનો સંસ્કાર સમજવો. પૂજોપકરણ એ સંસ્કૃત ભાષાનો તત્સમ શબ્દ છે.

જેમ રસોઈની સાધન-સામગ્રી બરાબર ન હોય તો રસોઇ સારી થઇ શકતી નથી, જેમ યંત્રની કળો બરાબર ન હોય તો એ યંત્ર ધાર્યું કામ આપી શકતું નથી, તેમ પૂજાની સાધન-સામગ્રી બરાબર ન હોય તો પૂજા યથાર્થ-પણે થઈ શકતી નથી. દાખલા તરીકે જલાભિષેક માટે હાથમાં કલશ લીધો પણ તે તદ્દન નાનો હોય કે એક બાજુથી કાણો હોય તો જલાભિષેકની ક્રિયા યથાર્થપણે થઈ શકે નહિ. નાના કલશમાં જળ ઓછું સમાય, એટલે અભિષેક કરતી વખતે જળનો સંકોચ કરવો પડે, અથવા તો અધવચ્ચે જળ ખૂટી જાય. તેજ રીતે કળશ કાણો હોય તો કપડાં ભીંજાય, જમીન ભીંજાય અને વખતે પગ લપસી પડે. એથી શરીરને ઈજા થાય અને પૂજામાં ભંગ પડે. વળી બીજાની ઉપર પડીએ તો તેના હાથમાં રહેલી પૂજાની સામગ્રી નીચે પડી જાય અને આશાતના થાય. તાત્પર્ય કે જિનપૂજન માટે થાળ, રકાબી, દીપિકા, ફાનસ, મંગલદીવો, ધૂપદાન, ચામર, દર્પણ, ઝાલર, ઘંટ, પાટ, પાટલા વગેરે જે કંઈ સાધનો વાપરીએ તે ઉત્તમ દ્રવ્યોનાં બનેલાં, ખોડખાંપણ વિનાનાં, પ્રમાણોપેત અને સુંદર હોવા જોઇએ. તે જ રીતે જે પુષ્પો વાપરીએ, ધૂપ વાપરીએ, દીપક તથા ઘૃત વાપ-

રીએ, અક્ષત વાપરીએ, ફળ વાપરીએ કે નૈવેદ્ય વાપરીએ, તે બધાં પણ શુદ્ધ અને ઉત્તમ પ્રકારનાં હોવાં જોઈએ.

'આ તો ચાલશે?' 'એમાં શું?' એમ વિચારીને પૂજામાં કોઈ પણ હલકી વસ્તુ વાપરવી એ ઉપાસ્ય દેવની એક પ્રકારની આશાતના છે અને તે પૂજાનું ફળ મોટા પ્રમાણમાં ઘટાડી નાખે છે.

કોઈ સજ્જન, સમાજસેવક કે દેશનેતાનો સત્કાર કરવો હોય ત્યારે આપણે કેવી વસ્તુઓ વાપરીએ છીએ? ત્યાં એમ કહેતા નથી કે ગમે તેવાં ફૂલોનો એક હાર લઈ આવો, અથવા ગમે તેવા ખુરશી-ટેબલો ગોઠવી દો, અથવા ગમે તેવી ચાહ-કોફી તથા નાસ્તાની વસ્તુ ધરી દો. અરે! તેમને એક શ્રીફળ આપવું હોય તો પાંચ-સાત નંગ તપાસી, તેમાં જે મોટું હોય તે ખરીદીએ છીએ અને તે માટે બે પૈસા વધારે આપવા પડે તો ખુશીથી આપીએ છીએ. હવે વિચાર કરો કે શ્રી જિનેશ્વરદેવનું સ્થાન તેમનાથી ચડિયાતું છે કે ઉતરતું? જો ચડિયાતું છે, તો તેમના પૂજનવખતે કોઈ વસ્તુની અશુદ્ધિ-ખામી કેમ રખાય? પરંતુ આજે તો સારૂં ઘી આપણા માટે અને હલકું ઘી દેવના દીવા માટે, સારાં ફળ આપણા ઉપભોગ માટે અને સામાન્ય કે હલકાં દહેરે મૂકવા માટે, સારી-ઉત્તમ મીઠાઈ આપણા માટે અને સામાન્ય મીઠાઈ દેવને ચડવવા માટે એવો વ્યવહાર ચાલી રહ્યો છે, જે તદ્દન અનુચિત છે. અહિં એક વાત ખાસ લક્ષ્યમાં લેવા

જેવી છે, એ તે કે-પૂજન વગેરેમાં મૂકાતાં દ્રવ્યો-ફળ-નૈવેદ્ય વગેરે. પૂજાવિધાન અંગે છે. પછીથી તે નિર્માલ્ય થઈ જાય છે. શ્રાવકો તેનો ઉપયોગ કરી શકતા નથી. પરંતુ બ્રાહ્મણ પૂજારીના ઉપયોગમાં તે આવી શકે છે. એટલે આ તો પૂજારી લઈ જવાનો છે, એમ સમજીને હલકાં ને ઓછી કિંમતનાં દ્રવ્ય-ફળ-નૈવેદ્ય લાવવા કે મૂકવાની ભૂલ કરવા જેવી નથી.

દેવપૂજનમાં એઠી-જૂઠી, કૂતરા-બિલાડા કે ઊંદરની ઓટેલી, અથવા કોઈ પણ કારણે અશુદ્ધ યા અપવિત્ર થયેલી વસ્તુ ન જ વાપરવી જોઈએ. વળી જે પુષ્પ નીચે પડી ગયું હોય તે પણ નજ ચડાવાય. જો એવું પુષ્પ ચડાવવામાં આવે તો દેવની આશાતના થાય અને આગામી ભવે ચાંડાલનો અવતાર આવે. કહ્યું છે કે-

निःशूकत्वोदशौचेऽपि, देवपूजां तनोति यः ।
पुष्पैर्भूपतितैश्च, भवति श्वपचाविमौ ॥

'શરીરની પવિત્રતા નહિ છતાં નિર્ધ્વંસ પરિણામથી જે દેવની પૂજા કરે છે અને જમીન ઉપર પડી ગયેલાં પુષ્પોનો દેવપૂજામાં ઉપયોગ કરે છે, તે બંને આગામી ભવે ચાંડાલ થાય છે.'

### ૬-દ્રવ્યશુદ્ધિ

શ્રી જિનેશ્વરદેવનું પૂજન કરતી વખતે, જેમ કાયા શુદ્ધ જોઈએ, વસ્ત્રો શુદ્ધ જોઈએ, ભૂમિ કે સ્થાન શુદ્ધ

જોઈએ અને પૂજનની સાધન-સામગ્રી પણ શુદ્ધ જોઇએ, તેમ તે નિમિત્તે જે દ્રવ્ય-ધન-પૈસા ખરચાય, તે પણ શુદ્ધ જોઈએ. તેને અહીં દ્રવ્યશુદ્ધિ કહેલી છે.

શુદ્ધ દ્રવ્યનો અર્થ એ છે કે તે ન્યાય-નીતિથી મેળવેલું હોવું જોઈએ, પ્રામાણિકતાથી પ્રાપ્ત કરેલું હોવું જોઈએ. જે દ્રવ્ય અન્યાય કે અનીતિથી મેળવેલું હોય અથવા કોઈનો વિશ્વાસઘાત કરીને, કોઇને ઠગીને, કોઈની એક યા બીજા પ્રકારે બનાવટ કરીને, કોઇની ચોરી કરીને કે બળાત્કાર, લાંચ-રૂશ્વત, જુગાર વગેરે અનુચિત સાધનોથી મેળવેલું હોય, તે શુદ્ધ ગણી શકાય નહિ.

ગૃહસ્થનો સામાન્ય ધર્મ માર્ગાનુસારીના પાંત્રીશ ગુણો રૂપ ગણાય છે, તેમાં પહેલો ગુણ ન્યાયથી દ્રવ્ય મેળવવાનો છે. તાત્પર્ય કે શ્રાવકને પોતાના જીવન-નિર્વાહ માટે જે દ્રવ્ય મેળવવું પડે, તે તેણે ન્યાયથી મેળવવું જોઈએ, પણ અન્યાયથી નહિ. તેનાં કારણોની સ્પષ્ટતા કરતાં શાસ્ત્રકારોએ જણાવ્યું છે કે 'અન્યાયથી દ્રવ્ય મેળવતા જતાં રાજ્ય તરફથી દંડ થાય છે, જેલ કે ફાંસીની શિક્ષા પણ ખમવી પડે છે અને પરલોકમાં નરક વગેરે દુર્ગતિમાં જવું પડે છે. વળી આવાં દ્રવ્યનો નિઃસંકોચપણે ઉપભોગ કરી શકાતો નથી, તેમજ આવું દ્રવ્ય જ્યારથી ઘરમાં આવે છે, ત્યારથી કલેશકંકાસની વૃદ્ધિ થાય છે, આરોગ્ય બગડે છે અને માનસિક શાંતિ નાશ

પામે છે. આવું અશુદ્ધ દ્રવ્ય દેવપૂજન જેવા પવિત્ર કાર્યમાં કેમ વાપરી શકાય ? બાલ સૂર્ય નાનો હોય છે, તો પણ અંધકારનો નાશ કરે છે, તેમ ન્યાય-નીતિથી કમાયેલું દ્રવ્ય થોડું હોય તો પણ લાભકારક થાય છે, તે નિઃસંકોચપણે ભોગવી શકાય છે અને તેનો પ્રભુપૂજન, તીર્થયાત્રા તથા દાનાદિકમાં ઉપયોગ કરી આત્મકલ્યાણ પણ સાધી શકાય છે.'

અન્યાય-અનીતિના દ્રવ્યથી મનુષ્યની બુદ્ધિ ભ્રષ્ટ થાય છે, તે સંબંધમાં બાવાજીનું દૃષ્ટાંત જાણવા જેવું છે.

## બાવાજીનું દૃષ્ટાંત

એક બાવાજી ગંગાકિનારે બેઠા બેઠા તપ-જપ કરતા હતા અને મોટા ભાગે ધ્યાનમાં રહેતા હતા. ત્યાં લોકો જે કંઈ પૈ-પૈસો મૂકી જાય તેના વડે એ પોતાનો નિર્વાહ કરતા હતા.

એક વાર તેઓ ધ્યાનમાં બેઠા હતા, ત્યારે કોઈ એ આવીને ત્યાં એક સોનામહોર મૂકી. આ સોનામહોર અનીતિની હતી અને તેનું શું પરિણામ આવે છે, તે જોવાને માટે જ ત્યાં મૂકાયેલી હતી. તેને મૂકનાર 'હવે શું બને છે ?' તે ગુપ્તપણે નિહાળી રહ્યો હતો.

બાવાજીનું ધ્યાન પુરું થયું કે તેમની નજર પેલી સોનામહોર પડી અને તે આશ્ચર્યચકિત થઈને વિચાર કરવા લાગ્યા કે 'ચાર આના નહિ, આઠ આના નહિ.

રૂપિયો નહિ ને સીધી સોનામહોર? ખરેખર! કોઈ દેવે જ મારા તપ–જપથી પ્રસન્ન થઈને અહીં મૂકી લાગે છે.' તેમણે આસપાસ નજર કરી તો કોઈ જણાયું નહિ, એટલે ફરી વિચાર કરવા લાગ્યા: 'આ સોનામહોરનું શું કરું? રોટી તો રોજ મળે છે, વળી કાપડની ખાસ જરૂર પડતી નથી. લંગોટી, એક બે વસ્ત્ર, ઊનનો ધાબળો જોઈએ તે તો મારી પાસે પડેલાં છે, તેમજ મેવામીઠાઈ પણ ભક્તો તરફથી ઘણી વાર મળતા રહે છે, તો આજે કોઈ વિશેષ સુખ ભોગવું.' અને તે શરીર પર વસ્ત્ર ઓઢીને હાથમાં સોનામહોર લઈને શહેર ભણી ચાલી નીકળ્યા.

પેલો ગુપ્ત પ્રેક્ષક પણ તેમની પાછળ પાછળ ચાલ્યો. રસ્તામાં મેવાની દુકાનો આવી, પણ બાવાજી ત્યાં થોભ્યા નહિ. મીઠાઈની દુકાનો આવી, ત્યાં પણ થોભ્યા નહિ. કાપડિયાની દુકાનોને પણ એમને એમ પસાર કરી દીધી. આમ શહેરના કેટલાક ચોક અને કેટલીક ગલીઓ વટાવીને તેઓ ધવલગૃહે આવીને ઊભા. આ ગૃહ કોઈ શેઠ–શાહુકારનું નહિ, પણ એક નામાંકિત વેશ્યાનું હતું. બાવાજી જરા પણ સંકોચ વિના તેમાં દાખલ થયા અને વેશ્યાએ પણ એક ગ્રાહક જાણી તેમનો સત્કાર કર્યો. બાવાજીએ સોનામહોર તેના હાથમાં મૂકી અને વેશ્યાએ પોતાનો દેહ તેમને સમર્પિત કર્યો.

થોડી વારે બાવાજી નીચે ઉતર્યા, એટલે પેલો ગુપ્ત પ્રેક્ષક સમજી ગયો કે બાવાજીએ પોતાનું કાળું કર્યું છે.

એટલે તે મનથી બોલી ઉઠયો કે 'વાહ રે ! અનીતિના દ્રવ્ય ! તારી શક્તિ પણ અજબ ગોઝારી છે ! વર્ષોનાં તપ-જપને તેં જોત જોતામાં લૂંટી લીધાં. આવું કામ તો ગમે તેવો ભયંકર લૂંટારો પણ કરી શકે નહિ.'

કહેવાનું તાત્પર્ય એ છે કે અન્યાય--અનીતિથી મેળવેલું દ્રવ્ય અશુદ્ધ છે, અપવિત્ર છે, ગોઝારૂં છે, એટલે તેનો જિનપૂજન જેવા પવિત્ર કાર્યમાં ઉપયોગ કરવો યોગ્ય નથી. એમાં તો ન્યાય-નીતિથી મેળવેલું પ્રામાણિકતાથી પ્રાપ્ત કરેલું શુદ્ધ દ્રવ્ય જ ઉપયોગમાં લેવું જોઈએ.

અહીં એ પણ સ્પષ્ટ કરી લઈએ કે દ્રવ્ય કેટલું વાપર્યું એ મહત્ત્વનું નથી, પણ દ્રવ્ય કેવું વાપર્યું, અને કેવા ભાવથી વાપર્યું એ મહત્ત્વનું છે. જો દ્રવ્ય ન્યાયનું હોય અને તે પૂરેપૂરી સમર્પણબુદ્ધિથી વાપર્યું હોય તો થોડું છતાં કલ્યાણકારી થાય છે અને તેથી વિરુદ્ધ જો દ્રવ્ય અન્યાયનું હોય કે અભિમાન વગેરેને વશ થઈને વાપર્યું હોય, તો ગમે તેટલું વાપરવા છતાં કલ્યાણકારી થતું નથી.

દ્રવ્યશુદ્ધિનું આ મહત્ત્વ ખ્યાલમાં રાખીને દરેક જિનોપાસકે પૂજન માટે તૈયારી કરવી ઘટે.

## ૭-વિધિશુદ્ધિ

રસોઈ કરવી હોય તો વિધિની જરૂર રહે છે; ઘર, મકાન કે મંદિર બાંધવું હોય તો વિધિની જરૂર રહે છે; રંગ, રસાયણ કે ઔષધ તૈયાર કરવાં હોય તો વિધિની

જરૂર રહે છે; અને ગાડી મોટર કે વિમાન ચલાવવા હોય તો પણ વિધિની જરૂર રહે છે. આ જગત્‌માં નાનું કે મોટું કોઈ પણ કાર્ય, નાની કે મોટી કોઈ પણ ક્રિયા એવી નથી કે જેમાં વિધિની જરૂર રહેતી ન હોય. તો પછી જિનપૂજન જેવી આલોક અને પરલોકને સુધારનારી મહત્ત્વની ક્રિયામાં વિધિની જરૂર કેમ ન રહે? તાત્પર્ય કે જિનપૂજામાં પણ વિધિની જરૂર અવશ્ય રહે છે.

જિનપૂજનમાં વિધિની જરૂર છે, માટે જ તે નિયત થયેલો છે અને શાસ્ત્રકારો વડે વિસ્તારથી વર્ણવાયેલો છે; પરંતુ ગુરુના મુખેથી શાસ્ત્રોનું વ્યાખ્યાન સાંભળીએ નહિ કે રોજ અમુક વખત શાસ્ત્રોનો સ્વાધ્યાય કરીએ નહિ કે પ્રસંગોપાત્ત કોઈ વડીલ–મુરબ્બીને તે સંબંધમાં વિનય પૂર્વક પૃચ્છા પણ કરીએ નહિ, તો એ વિધિ ક્યાંથી જાણી શકાય?

સુવર્ણસિદ્ધિનો કે આકાશગામિની વિદ્યાનો વિધિ મળતો હોય તો ગમે તેટલું ધન આપવાની અને ગમે તેટલો પરિશ્રમ કરવાની આપણી તૈયારી ખરી; કદાચ તે માટે ઘોર જંગલોમાં રખડવું પડે કે અંધારી ગુફાઓ વગેરેમાં પ્રવેશ કરવો પડે તો તે પણ હિમ્મતથી કરીએ ખરા; અથવા તો રંગ કે રસાયણનું કારખાનું ખોલવું હોય અને તે અંગે વિધિ જોઈતો હોય તો નિષ્ણાતોને ત્યાં વારંવાર ધક્કા ખાવાની અને તે માટે ભારે રકમ

ચૂકવી આપવાની આપણી તૈયારી ખરી, પણ જિનપૂજનનો વિધિ મેળવવો હોય તો આપણી પાસે સમય નથી અને તે માટે કોઈ પણ જાતનો ભોગ આપવાની તૈયારી પણ નથી ! જે જિનપૂજન સુવર્ણસિદ્ધિ અને આકાશગામિની વિદ્યા કરતાં અનેક ગણો વધારે લાભ કરનારો છે, જે જિનપૂજન રંગ અને રસાયણના કારખાના કરતાં હજારો, લાખો, રે ક્રોડ-અબજો ગણો ફાયદો કરનારો છે, તેની વિધિ જાણવા માટે આપણી તત્પરતા નથી !

વિધિને જાણી લીધા પછી પણ તેના પર વારંવાર ચિંતન-મનન કરવું જોઈએ અને સમજમાં કંઈ ખામી રહી નથી ગઈ ? તેની ખાતરી કરી લેવી જોઈએ. જો એકને બદલે બીજું સમજાયું હોય કે સમજણમાં કંઈ અસ્પષ્ટતા રહી ગઈ હોય તો પૂજનમાં જરૂર ખામી રહેવાની! -ઊણપ રહેવાની અને તેનું જે ફળ મળવું જોઈએ તે મળવાનું નહિ.

વિધિનું યથાર્થ અનુસરણ એ જ વિધિની શુદ્ધિ છે અને તે માટે પૂરેપૂરો આગ્રહ તથા કાળજી રાખવાની જરૂર છે. જેને વિધિનો આગ્રહ નથી, તે 'આમાં શું ? આવું તો હોય.' એમ કહીને ઢીલો પડી જાય છે અને અવિધિના માર્ગે ચડી જાય છે. તે જ રીતે જે વિધિ કરવામાં પૂરેપૂરી કાળજી રાખતો નથી, પૂરેપૂરી સાવધાની દાખવતો નથી, તે કોઈ ને કોઈ પ્રકારની ભૂલચૂક કરી બેસે છે અને થોડા

માટે બધું બગાડી નાખે છે. દાળમાં મીઠું–લવણ નાખવાનું રહી જાય કે બે વાર નાખવામાં આવે તો કેવો તાલ જામે છે, તે કોઈથી અજાણ્યું નથી.

કેટલાક કહે છે કે 'ભાવ ઉત્તમ હોય, પછી વિધિમાં થોડી ખામી રહી જાય તો પણ શું ?' પરંતુ આમ કહેવું વ્યાજબી નથી. ભાવની સાથે વિધિ પણ બરાબર જોઈએ. તેની ખામી એ ક્રિયાની ખામી જ ગણાય અને તેથી જે ફળ મળવું જોઈએ, તે મળે નહિ. કોઈને સત્કારવાનો આપણો ભાવ પૂરેપૂરો હોય, પણ તે આવે ત્યારે બે હાથ જોડીએ નહિ કે 'આવો, પધારો' એટલું યે બોલીએ નહિ, તો સત્કારની ક્રિયા થઈ ગણાય ખરી ? તાત્પર્ય કે ભાવની સાથે આવશ્યક વિધિનું યથાર્થ અનુસરણ પણ હોવું જ જોઈએ.

જ્યારે વિધિ પ્રત્યે બહુમાન અને અવિધિ પ્રત્યે નફરત પ્રકટે, ત્યારે જ ક્રિયામાં વિધિશુદ્ધિ આવે છે અને તે મહાન ઉપકારનું કારણ બને છે.

હવે પછી શ્રી જિનેશ્વરદેવના પૂજનનો વિધિ વિસ્તારથી કહેવાશે, તેના પર પાઠકો પૂરેપૂરું લક્ષ આપે.

[૧૬]

## અંગપૂજા

### ૧-પૂજાના ત્રણ પ્રકારો

અપેક્ષાભેદથી પૂજાના અનેક પ્રકારો પડે છે; તેમાં અંગપૂજા, અગ્રપૂજા અને ભાવપૂજા એ ત્રણ પ્રકારો મુખ્ય છે. આ ત્રણ પ્રકારોમાં ઉત્તરોત્તર પ્રધાનપણું છે, એટલે પ્રથમ કરતાં બીજી, અને બીજી કરતાં ત્રીજી પૂજા વિશેષ ફલદાયી છે.

શ્રી ચૈત્યવંદન-મહાભાષ્યમાં જણાવ્યા પ્રમાણે સ્નાન, વિલેપન, આભરણ-વસ્ત્ર, બરાસ, ગંધ, ધૂપ, પુષ્પ આદિથી પૂજા કરવી, એ અંગપૂજા છે; ગાન કરવું, નાચ કરવો, વાજિંત્ર વગાડવાં, લૂણ ઉતારવું, આરતી-દીપક ઉતારવા, ફળ-નૈવેદ્ય ધરવા ઈત્યાદિ અગ્રપૂજા છે; અને ચૈત્યવંદનને યોગ્ય સ્તુતિ-સ્તોત્ર વગેરે બોલવાં તથા કાયોત્સર્ગ કરવો, એ ભાવપૂજા છે.

શ્રાદ્ધવિધિ-પ્રકરણમાં કહ્યું છે કે ' દહેરાસરમાં પૂજા વખતે વિવિધ પ્રકારના ચંદરવા બાંધવા, વિધિપૂર્વક મંગાવેલાં સેવંતરા, કમળ, જાઈ, જુઈ, કેતકી, ચંપા વગેરેના ફૂલની માળા, મુકટ, શેખરા, પુષ્પપગર ( ફૂલનાં ઘર )

વગેરની રચના કરવી, શ્રી જિનેશ્વર ભગવંતના હાથમાં સોનાના બિજોરા, નારિયલ, સોપારી, નાગરવેલનાં પાન, સોનામહોર, રૂપામહોર, વીંટી, મોદક વગેરે મૂકવાં, ધૂપ ઉવેખવો, સુગંધી વાસક્ષેપ કરવો, એ સર્વ અંગપૂજામાં ગણાય છે.'

## ૨-સાધન-સામગ્રીને લગતો વિવેક

અંગપૂજામાં જે સાધન-સામગ્રીની જરૂર પડે છે, તે સર્વ વિવેકથી વિધિપૂર્વક મેળવવી જોઈએ. જેમકે-જળ ઉત્તમ સ્થાનેથી, ઉત્તમ પાત્રમાં, બે હાથે ઉંચકીને લાવવું જોઈએ. પુષ્પો બાગ-બગીચા-વાડી વગેરે ઉત્તમ સ્થાનેથી પોતે અથવા પોતાના વિશ્વાસુ માણસો દ્વારા, માળી વગેરે બાગ-બગીચાના રક્ષકોને સંતોષ થાય એ રીતે, સંપૂર્ણ મૂલ્ય આપીને, તાજાં લાવવા જોઈએ; વળી તે લાવવા માટે વાંસના કરંડિયા કે ધાતુના ઉત્તમ પાત્રનો ઉપયોગ કરવો જોઈએ. જો પુષ્પો વસ્ત્રની પોટલીમાં બાંધીને લાવવામાં આવે તો દબાઈ જાય, તેની પાંખડીઓ તૂટી જાય, વગેરે કારણથી વાંસના કરંડિયા કે ધાતુના ઉત્તમ પાત્રનો ઉપયોગ કરવો ઇષ્ટ છે. વળી તેના ઉપર પવિત્ર વસ્ત્ર ઢાંકવું જોઈએ, એટલે કે એમને એમ ઉઘાડાં લાવવા ન જોઈએ. અક્ષત એટલે ચોખા ઊંચી જાતના, વીણેલા તથા અખંડ જોઈએ. ઘી શુદ્ધ અને સારું જોઈએ. હાલમાં વેજીટેબલ ઘીનો વિશેષ પ્રચાર છે અને પ્રભુ-પૂજામાં પણ તે વપરાવા લાગ્યું છે, પરંતુ તે તેલની જ

એક પ્રકારની જમાવટ હોઈને વાપરવું ઇષ્ટ નથી. ધૂપ શોધેલો-સારો જોઈએ. બદામ પણ સારી અને અખંડ જોઈએ. નૈવેદ્ય અબોટ જોઈએ, એટલે કે જરાપણ એઠું-જુઠું થયેલું કે યાવત્ સુંઘેલું ય હોવું ન જોઈએ અને તે વિધિપૂર્વક ઉત્તમ પ્રકારના પદાર્થોથી બનાવેલું હોવું જોઈએ. ફળો પણ તાજાં અને શ્રેષ્ઠ જોઈએ. પૂજોપકરણની શુદ્ધિ કેટલી મહત્ત્વની છે, તે ગત પ્રકરણમાં વિસ્તારથી દર્શાવ્યું છે.

## ૩-મંદિરપ્રવેશનો વિધિ

શ્રી જિનેશ્વરદેવના પૂજન માટે ઉત્સુક થયેલો ઉપાસક પ્રથમ વિધિપુર્વક સ્નાન કરે, પછી પૂજાનાં શુદ્ધ વસ્ત્રો ધારણ કરે અને પૂજન માટે માટે જે વિશુદ્ધ-ઉત્તમ સામગ્રી તૈયાર કરી હોય તે લઈને જિનમંદિરમાં દાખલ થાય. તે વખતે મંદિરના દ્વાર આગળ સંસાર-વ્યવહારના નિષેધરૂપ 'નિસીહિ' એમ બોલે. અહીં કેટલાક ત્રણવાર નિસીહિ બોલે છે, પણ તે બરાબર નથી. બીજીવાર દ્રવ્ય પૂજાર્થે ગભારામાં પેસતાં મંદિર-વ્યાપારના નિષેધરૂપ, અને ત્રીજીવાર અર્થાત્ ભાવપૂજા-ચૈત્યવંદન શરૂ કરતાં પહેલાં દ્રવ્યપૂજાના લક્ષના નિષેધ કહેવાની છે. વળી પુરુષ હોય તો પ્રભુની જમણી બાજુની શાખાનો અને સ્ત્રી હોય તો ડાબી બાજુની શાખાનો આશ્રય લઇ પ્રવેશ કરે, તે વખતે જમણો પગ પહેલો મૂકે અને ડાબો પગ પછી મૂકે. બંને ય જણ દર્શન-સ્તુતિ-પૂજા વગેરે પણ એ રીતે જમણી-ડાબી બાજુ સાચવીને કરે.

ત્યારબાદ દેવ-દર્શનના પ્રકરણમાં કહ્યા મુજબ પ્રભુનાં દર્શન કરે અને ત્યાર પછી પૂજન અંગેની તૈયારી કરે.

## ૪-મુખકોશની જરૂરીઆત

શ્વાસની દુર્ગંધથી કે થૂંક-લાળ વગેરે પડવાથી પ્રભુનું અંગ તેમજ પૂજાની સામગ્રી અશુદ્ધ ન થાય, તે માટે અંગપૂજાના સમય દરમિયાન મુખકોશ બાંધી રાખવો જરૂરી છે. આ મુખકોશ આઠપડો હોવો જોઈએ, એટલે કે ઉત્તરાસંગના (ખેસના) છેડાના કે રૂમાલના આઠ પડ કરીને બાંધવો જોઈએ. વળી એવી રીતે બાંધવો જોઈએ કે જેથી મુખ અને નાક બંને બરાબર ઢંકાય. જે લોકો અતિ નાજુક પ્રકૃતિના હોય કે જેમને રોગ-નબળાઈ વગેરે કારણે નાક પર મુખકોશ બાંધતાં અસમાધિ થતી હોય, તેઓ નાક પર મુખકોશ ન બાંધે તો ચાલી શકે. શ્રી હરિભદ્રસૂરિએ પૂજા-પંચાશકમાં 'वत्थेण बंधिउण, णासं अहवा जहासमाहिए' એ પદથી આ સ્પષ્ટતા કરેલી છે. પૂજાનાં સર્વ કાર્યો નિષ્કપટ ભાવે યત્નપૂર્વક કરવાનાં છે, એટલે જરૂર ન હોય તો આવી છૂટ લેવી નહિ.

## ૫-ચંદન-કેસર ઘસવાનો વિધિ

પૂજા માટેનાં ચંદન-કેસર પ્રમાર્જિત અને જલશુદ્ધ કરેલા પત્થરના પવિત્ર ઓરસિયા ઉપર, મુખ પર મુખકોશ બાંધીને ઘસવાં જોઈએ તેમાં ચંદન ઉત્તમ જાતિનું અને

જેમાં ત્રસ જીવો વગેરે ન હોય, એવું હોવું જોઇએ. કેસર પણ શુદ્ધ હોવું જોઇએ. આજકાલ અનેક પ્રકારના બનાવટી કેસરો નીકળ્યાં છે, તે પૂજામાં વાપરવાને યોગ્ય નથી. ચંદન-કેસર ઘસતી વખતે થોડો બરાસ પણ નાખવો જોઈએ. કેસર કરતાં ચંદનનું પ્રમાણ વધારે હોવાથી ચંદનપૂજા એમ કહેવાય છે, પણ ત્યાં કેસર-બરાસ મિશ્રિત ચંદન સમજવું. એકલા ચંદનની પૂજા કરવી યોગ્ય નથી.

ચંદન-કેસર જળથી શુદ્ધ કરેલી બે વાડકીમાં ઉતારવું જોઇએ. તેમાંથી એકનો ઉપયોગ સ્વઅંગે તિલક વગેરે કરવામાં અને બીજાનો ઉપયોગ પ્રભુના અંગે તિલક કરવામાં કરવો જોઇએ.

## ૬-તિલક કરવાનો વિધિ

પ્રભુપૂજા કરતાં પહેલાં પોતાના કપાળે તિલક કરવું જોઇએ, તે એમ બતાવવાને કે પોતે તેમનો સેવક બન્યો છે અને તેમની આજ્ઞાનું બરાબર પાલન કરશે. અન્ય શબ્દોમાં કહીએ તો તિલક એ આજ્ઞાંકિતપણાની મુદ્રા છે, આજ્ઞા પાલન કરવાની બાંહેધરીનું નિશાન છે.

પ્રાચીન પ્રથા એવી હતી કે પવિત્ર પાટલા પર પદ્માસને બેસવું અને વાડકીમાંથી પોતાની હથેલીમાં ચંદન-કેસર લઇને તેનાથી કપાળે, ગળે, હૃદયે અને પેટે તિલકો કરવાં, તેમજ કર્ણિકા, બાજુબંધ તથા હસ્તકંકણો વગેરે ભૂષણો ચિતરવાં. પરંતુ આ પ્રથા ધીમે ધીમે લુપ્ત થઈ ગઈ છે

અને આજે તો કોઈ કોઈ ભાવિક શ્રાવકો જ કપાળ ઉપરાંત ગળે તથા કાનની બૂટ વગેરે પર તિલકો કરે છે. આને આપણે કાળબળ સિવાય બીજું શું કહી શકીએ ? કાળના પરિવર્તન સાથે કેટલીક પ્રથાઓમાં પરિવર્તન થાય છે અને સંઘ-સમાજના મોટા ભાગને માન્ય રહેતાં દોષરૂપ લેખાતું નથી.

કપાળ પરનું તિલક બદામના આકારે કરવું જોઈએ, એટલે કે નીચેથી પહોળું અને ઉપર જતાં અનુક્રમે સાંકડું થતું જાય, એ રીતે કરવું જોઈએ. કેટલાક આ પ્રકારના તિલકને સ્થાને માત્ર ઝીણું ટપકું જ કરે છે, પણ તે ઉચિત નથી. તિલક મોટું અને સ્પષ્ટ દેખાય એવું કરવું જોઈએ, જેથી શ્રાવકસમુદાય ' આ મારા સાધર્મિક બંધુ છે ' એમ જાણી શકે અને અન્ય લોકોને પણ ' આ જૈન ધર્મનો અનુયાયી છે, ' એવો ખ્યાલ આવી શકે.

કપાળ પરના જુદી જુદી જાતનાં તિલક જુદા જુદા ધર્મોની ઓળખાણરૂપ છે, એટલે આ તિલક માટે આપણને માન હોવું જોઈએ. વધારે સ્પષ્ટ કહીએ તો આ તિલકની–આ ચાંદલાની નિંદા કે અવહેલના થાય, એવું કાંઈ પણ આપણે કરવું ન જોઈએ. આજે તો કેટલાંક સ્થળે ' પીળા ચાંદલાનો વિશ્વાસ નહિ ' એવી ઉક્તિ વહેતી થયેલી છે, તે આપણા નૈતિક તથા ધાર્મિક જીવનને મોટી ચીમકી રૂપ છે, માટે તે બાબત પૂરતું લક્ષ રાખવું જોઈએ.

## ૭-દહેરાસરમાંથી કાજો લેવો

પ્રથમ પૂંજણી વગેરે વડે દહેરાસરમાંથી કાજો લેવો. આ કાર્ય જાતે કરાય તો વધારે સારું. જો તેમ ન બની શકે તો અન્ય મનુષ્ય દ્વારા કરાવવું; પણ તે જયણા બરાબર રાખે તે બાબત યોગ્ય સૂચના આપવી. તે કાજો યોગ્ય સ્થળે નાખવો.

## ૮-નિર્માલ્ય ઉતારવાં.

દહેરાસરમાંથી કાજો લીધા પછી નિર્માલ્ય ઉતારવાં; એટલે કે શ્રી જિનેશ્વરદેવની મૂર્તિ પર આગલા દિવસે પુષ્પાદિ જે પદાર્થો ચડીને નિર્માલ્યરૂપ થયેલા હોય, તેને કાળજીથી થાળ કે એવાં જ બીજા કોઈ વાસણમાં ઉતારી લેવાં.

'નિર્માલ્ય કોને કહેવાય ?' તેનો ઉત્તર ચૈત્યવંદન ભાષ્યમાં આ પ્રમાણે આપ્યો છે: 'भोगविणट्ठं दव्वं, निम्मलं बिंति गीअत्थत्ति-ભોગથી વિનષ્ટ થયેલું જે દ્રવ્ય તેને ગીતાર્થો નિર્માલ્ય કહે છે.' અન્યત્ર તેનું સ્પષ્ટીકરણ કરતાં જણાવ્યું છે કે 'જિનબિંબ-જિનપ્રતિમા પર ચડાવેલું જે નિસ્તેજ થયું હોય, જેની શોભા ચાલી ગઈ હોય, જે ગંધ ચાલી જવાથી વિગંધવાળું બન્યું હોય અને તેથી દર્શન કરવા યોગ્ય છતાં શોભાના અભાવે ભવ્ય જીવોના મનને પ્રમોદ ઉપજાવવા માટે અસમર્થ થયું હોય, તેને નિર્માલ્ય સમજવું.'

પૂજનકાર્ય પૂરું થયા પછી નિર્માલ્યને યોગ્ય સ્થાને પધરાવવાની સાવધાની રાખવી જોઈએ. અન્યના આશાતના થાય તથા તેમાં જીવ-જંતુની ઉત્પત્તિ થવાનો સંભવ હોવાથી હિંસાનો દોષ પણ લાગે.

## ૯-જિનબિંબની પ્રમાર્જના કરવી

નિર્માલ્ય લીધા પછી મોરપીંછી વડે જિનબિંબની સારી રીતે પ્રમાર્જના કરવી. અહીં મોરપીંછીથી એક જાતનું વિશિષ્ટ સાધન સમજવાનું છે કે જે ત્રણ-ચાર મોરપીંછીઓના અગ્રભાગો કાપીને બનાવેલું હોય છે. મોરપીંછી વાપરવાનો ઉદ્દેશ એ છે કે તેના તાંતણાં અતિ કોમળ હોવાથી સૂક્ષ્મ જીવ-જંતુને જરાપણ આઘાત ન પહોંચે. જિનપૂજાને લગતું દરેક કાર્ય જયણા-યતનાથી કરવાનું છે. અન્યથા નિષ્પ્રયોજન હિંસા થવાથી અહિંસાના સિદ્ધાંતનો ભંગ થવાનો સંભવ છે અને તે ઉપાસકને શોભતો નથી.

## ૧૦-જલપૂજા

જલપૂજાને અભિષેક, સ્નાત્ર કે પ્રક્ષાલ-પખાલ પણ કહેવામાં આવે છે. તે અંગે અનુભવીઓએ કહ્યું છે કે-'જલપૂજા જુગતે કરો, મેલ અનાદિ વિનાશ;' જો જલ-પૂજા યુક્તિથી-વિધિથી કરીએ, તો અનાદિ કાલના મેલનો અર્થાત્ કર્મમલનો નાશ કરનારી બને છે.

જલપૂજાનો વિધિ એવો છે કે પ્રમાર્જિત કરેલા જિનબિંબને ભોજન વગેરે કાર્યમાં ન વાપરતા હોય એવા પવિત્ર થાળમાં પધરાવવા અને તે થાળને જમીન પર ન રાખતાં ઊંચા સ્થાને સ્થાપવો. પછી બે હાથે કલશ ગ્રહણ કરીને તેમાંના સુગંધમિશ્રિત જળનો એ પ્રતિમાજી પર અભિષેક કરવો. પ્રતિમાજી જો સ્થિર-સ્થાપિત કરેલા હોય યા વધુ વજનદાર હોય તો થાળમાં લીધા વિના અભિષેક કરવો. શ્રાદ્ધદિનકૃત્યમાં કહ્યું છે કે—

**घुसिण कप्पूरमीसं तु, काउं गंधोदगं वरं ।**
**तओ भुवणनाहस्स, ण्हवेई भत्तिसंजुओ ॥**

'કેશર, બરાસ તથા સર્વ ઉત્તમ ઔષધિઓ અને ચંદન વગેરે મિશ્રિત કરીને, ઉત્તમ સુગંધીદાર પાણી વડે પરમ ભક્તિયુક્ત થઈને ત્રિભુવનનાથને અર્થાત્ શ્રી જિનેશ્વરદેવને સ્નાન કરાવે.'

કદાચ આવા જળનો યોગ ન બને તો પવિત્ર સ્થાનમાંથી લાવેલા અને સારી રીતે ગળીને શુદ્ધ કરેલા જળનો ઉપયોગ પણ કરી શકાય.

અંગપૂજા વખતે મુખ્યતાએ મૌન ધારણ કરવાનું છે, છતાં ભાવોલ્લાસ વધારવા માટે બોલવું હોય તો મુખકોશમાંથી થૂંકના સૂક્ષ્મ પણ પુદ્ગલ બહાર ન નીકળે તેવા ધીરા અવાજથી નીચેની પંક્તિઓ બોલી શકાય :—

મેરુશિખર ન્હવરાવે હો સુરપતિ,
મેરુશિખર ન્હવરાવે;
મેરુશિખર ન્હવરાવે હો સુરપતિ,
મેરુશિખર ન્હવરાવે.
જન્મકાલ જિનવરકો જાણી,
પંચરૂપ કરી આવે હો સુરપતિ૦ ૧

રત્નપ્રમુખ અડજાતિના કળશા,
ઔષધિચૂરણ મિલાવે હો સુરપતિ૦ ૨

ક્ષીરસમુદ્ર તીર્થોદક આણી,
સ્નાન કરી ગુણ ગાવે હો સુરપતિ૦ ૩

ઈણીપરે જિનપ્રતિમાકો ન્હવણ કરી,
બોધિબીજ માનું વાવે હો સુરપતિ૦ ૪

અનુક્રમે ગુણસ્થાનક ફરસી,
જિન ઉત્તમપદ પાવે હો સુરપતિ૦ ૫

અહીં નીચેનો દુહો પણ ચિંતવવા યોગ્ય છેઃ
જ્ઞાનકળશ ભરી આતમા, સમતારસ ભરપૂર;
શ્રી જિનને ન્હવરાવતાં, કર્મ થાય ચકચૂર.

જળપૂજા કરતાં એકત્ર થયેલાં જળને ન્હવણ કહેવામાં આવે છે. તે આંખે, મસ્તકે વગેરે અંગોએ લગાડવાથી પ્રભુનું ચરણોદક માથે ધરવાનો ભાવ ઊભો થવા દ્વારા આત્મા શુદ્ધ બને છે અને આપણાં અંગો–આપણી

કાયા પવિત્ર બને છે. વળી આ ન્હવણનો શ્રદ્ધાપૂર્વક ઉપયોગ કરવાથી રોગો મટે છે અને કોઈ પણ વિઘ્ન ઉપસ્થિત થયું હોય તો નાશ પામે છે. શાસ્ત્રકારોએ અંગપૂજાને વિઘ્નોપશામિકા કહી છે, તેનું રહસ્ય આ જ છે. એક મહાપુરુષે કહ્યું છે કે—

**निर्मलं निर्मलीकरणं, पावनं पापनाशनम् ।**
**जिनचरणोदकं वन्दे, चाष्टकर्मविनाशकम् ॥**

'હું શ્રી જિનેશ્વરના તે ચરણોદકને વંદું છું કે જે નિર્મલ છે, બીજાને નિર્મલ કરનાર છે, પવિત્ર છે, પાપોનો નાશ કરનારું છે અને આઠે કર્મનો વિનાશ કરવામાં સમર્થ છે.'

અહીં એટલું યાદ રાખવાનું કે પ્રતિમાના પ્રક્ષાલ વગેરેના પાણીના પાત્રમાંથી પાણી લઈને હાથ ધોવા નહિ, પણ બીજા પાત્રમાંથી શુદ્ધ પાણી લઈને ધોવા.

## ૧૧–અંગલુંછનની વિધિ

પ્રતિમાજીને સ્નાન કરાવ્યા પછી પણ તેમનાં કેટલાંક અંગો પર ચંદન-કેસર ચોટી રહેવાનો સંભવ છે, તે દૂર કરવા પૂરતો જ વાળાકુંચીનો ઉપયોગ કરવો જરૂરી છે. પરંતુ તેમાં ખૂબ સાવધાની રાખવી. જેમ દાંતમાં ખોરાકનો કણ ભરાયો હોય અગર પગે કાંટો વાગ્યો હોય તે કાઢવામાં આપણને પીડાનો ભય રહે છે, એટલે ધીમે ધીમે, કોઈ

પ્રકારની ઈજા ન થાય એ રીતે, તેને કાઢીએ છીએ; તેમ પ્રતિમાજીને સાક્ષાત્ શ્રી જિનેશ્વરદેવ સમજી તેમને કોઈ પ્રકારની ઈજા ન થાય એ રીતે કોમળ હાથે, ઘસરકાનો અવાજ ન થવા દેતાં ધીમે ધીમે, તેનો ઉપયોગ કરવો જોઈએ. આજે વાળાકુંચીનો ઉપયોગ ઘણી જ બેદરકારીથી થાય છે અને તેથી પ્રતિમાજી જલ્દી ઘસાઈ જાય છે, માટે તે બાબતમાં ખાસ ઉપયોગ રાખવાની જરૂર છે.

આ રીતે વાળકુંચીનો ઉપયોગ થયા પછી પ્રથમ અંગલૂંછણા વડે સઘળું પાણી સાફ કરવું, બીજાથી વિશેષ સાફ કરવું અને ત્રીજા કોમળ અંગલૂંછણા વડે અંગલૂંછનનો વિધિ પૂરો કરવો. જ્યાં થોડી પણ પાણીની ભીનાશ રહે છે, ત્યાં પ્રતિમાજીમાં શ્યામતા આવે છે કે ફૂગ વળી જાય છે, માટે પ્રતિમાજીને જરાય ભીના ન રાખવા, એવો નિયમ છે.

પ્રાચીન વિધિમાં બે અંગલૂંછણાનો ઉલ્લેખ આવે છે, પણ તે ઉત્તમ વસ્ત્રોની અપેક્ષાએ. હાલ અંગલૂંછણા માટે જે જાતનાં વસ્ત્રો વપરાય છે, તે દૃષ્ટિએ ત્રણ અંગ-લૂંછણાનો નિયમ યથાર્થ છે.

## ૧૨-સુગંધી પદાર્થોનું વિલેપન

ન્હવણ પછી વિલેપનનો અધિકાર છે, એટલે અગાઉથી ચંદનાદિ સુગંધી પદાર્થો ઘસીને જે લેપ-ખરડ તૈયાર કરી

રાખ્યો હોય, તે પ્રતિમાજીને અત્યંત ભાવપૂર્વક લગાડવો જોઈએ. ચંદનાદિ સુગંધી પદાર્થોનું વિલેપન કરતાં અંગે શીતળતા થાય છે, એટલે આત્માને તપાવી રહેલા સર્વ દોષો શીતળ થાય એવી ભાવના અહીં ભાવવી જોઈએ.

## ૧૩-આભરણ પહેરાવવાં.

ત્યાર પછી પ્રતિમાજીને આભૂષણો ચડાવવાં જોઈએ. આ આભૂષણો શક્તિ-સામર્થ્ય હોય તો રત્ન, સુવર્ણ, મોતી વગેરેનાં કરાવવાં જોઈએ, અન્યથા શક્તિ મુજબ કારવીને પણ પ્રભુપૂજાનો લહાવો લેવો જોઈએ. કદાચ તેમ પણ ન બની શકે તો સોના-ચાંદીના વરખ તથા બાદલું લગાડીને પણ પ્રભુજીના અંગને વિભૂષિત કર્યાનો આનંદ માણવો જોઈએ. 'વીતરાગ ભગવંતને વળી આભૂષણો કે આંગીઓ શા માટે ?' આ પ્રશ્ન આજે ઘણીવાર શ્રવણગોચર થાય છે; પરંતુ પ્રભુનું પૂજન કે અંગરચના એ પ્રભુ માટે નથી, આપણા આત્મકલ્યાણ માટે છે. તેમજ તીર્થંકર દેવ સરખા જગતમાં આપણા કોઈ ઉપકારી નથી અને ઉપકારી દેવાધિદેવની ભક્તિ માટે તન-મન અને ધનથી પ્રભુને સમર્પિત થઈ જવું જોઈએ. આટલી વાત લક્ષ્યમાં રહે તો પૂર્વોક્ત પ્રશ્નને અવકાશ રહેતો નથી.

## ૧૪-વસ્ત્રનો ઉપયોગ

આ વખતે ચંદ્રુઆ, પુંઠિયાં, તોરણ વગેરે બાંધવાં, તેનો સમાવેશ પણ પ્રકરણના પ્રારંભે જણાવ્યા મુજબ અંગ-

પૂજામાં જ થાય છે. પ્રાચીન કાલમાં વસ્ત્રયુગલ ચડાવવાની પ્રથા હતી, પણ તે આજે અમલમાં નથી

## ૧૫-હાથમાં ફલ મૂકવું.

પ્રતિમાજીનાં સર્વ અંગો આભૂષણાદિથી અલંકૃત કર્યા પછી તેમના ભેગા કરેલા બંને હાથમાં કંઈ પણ ફળ મૂકવું જોઈએ. તાત્પર્ય કે હાથ તદ્દન ખાલી રાખવા ન જોઈએ. અહીં ફલથી નીચેની વસ્તુઓ સમજવી:-સોનાનું બીજોરૂં, સોનામહોર, રૂપામહોર, વીંટી, શ્રીફળ, સોપારી, નાગરવેલનાં પાન કે મોદક.

## ૧૬-નવાંગી પૂજા કરવી.

ત્યાર પછી કેસર, બરાસ, કસ્તૂરી વગેરે સુગંધી પદાર્થો ઘસીને તૈયાર કરેલા ચંદન વડે પ્રતિમાની નવાંગી પૂજા કરવી જોઈએ. શાસ્ત્રોમાં આવતા ઉલ્લેખો પરથી એમ સમજાય છે કે એક કાળે કેટલાક લોકો પ્રતિમાજીના પાંચ અંગે કે છ અંગે જ પૂજા કરતા હતા. × વળી શ્રી ઉમાસ્વાતિ

× શ્રી જિનપ્રભસૂરિએ પૂજાવિધિમાં કહ્યું છે કે, 'सरससुरहिचंदणेणं देवस्स दाहिणजाणु-दाहिणखंध-निलाडवामखंध-वामजाणु लक्खणेसु पंचसु हिअएहिं सह छसु वा अंगेसु पूअं काऊण पच्चग्गकुसुमेहिं गंधवासेहिं च पूएई।' તાજા સુગંધી ચંદન વડે શ્રી જિનેશ્વરદેવના જમણો ઢીંચણ, જમણો ખભો, લલાટ, ડાબો ખભો અને ડાબો ઢીંચણ—એ પાંચ અંગ અથવા હૃદય સાથે છ અંગે પૂજા કરીને તાજાં પુષ્પો વડે અને સુગંધીદાર વાસ વડે પૂજન કરે.'

કૃત પૂજાપ્રકરણમાં નવ તિલકનો ઉલ્લેખ છે, * તે બે અંગૂઠા, બે ઢીંચણ, બે કરકાંડા, બે ખભા ને મસ્તક, એ રીતે નવતિલક કરવાનો છે. તેમાં × કપાળ, કંઠ, હૃદય અને નાભિ પર પણ તિલક કરવાને જણાવ્યું છે, + પણ તેની ગણના નવતિલકમાં કરી નથી. પરંતુ ત્યાર પછીના સમયમાં નીચે પ્રમાણે નવાંગી પૂજાનો મત સ્થિર થયેલો જણાય છે કે જેમાં આ બધા તિલકોનો સમાવેશ થઈ જાય છે :

(૧) જમણો અને ડાબો અંગૂઠો.
(૨) જમણો અને ડાબો ઢીંચણ.
(૩) હાથનું જમણું અને ડાબું કાંડું.
(૪) હાથનો જમણો અને ડાબો ખભો.
(૫) મસ્તક.
(૬) કપાળ.

---

* 'नवभिस्तिलकैः पूजा, करणीया निरन्तरम्'—નવ તિલકો વડે નિરંતર પૂજા કરવી.

× 'अङ्घ्रिजानुकरांसेषु मूर्ध्नि पूजा यथाक्रमम्—બે ચરણ (અંગૂઠા), બે ઢીંચણ, બે કરનાં કાંડાં, બે ખભા અને મસ્તક એ પ્રમાણે ક્રમથી નવ તિલકો કરવાં.'

+ 'भाले कण्ठे हृदम्भोजोदरे तिलककारणम्'—ભાલપ્રદેશ પર, કપાળ પર, કંઠે, હૃદયે અને ઉદર એટલે નાભિ ઉપર પણ તિલક કરવાં.

(૭) કંઠ.

(૮) હૃદય.

(૯) ઉદર—નાભિ.

શ્રી વીરવિજયજી મહારાજે અષ્ટપ્રકારી પૂજામાં ચંદન-પૂજાના અધિકારે કહ્યું છે કે 'ચરણ,[૧] જાનુ[૨] કર,[૩] અંસ,[૪] શિર,[૫] ભાલ,[૬] ગળે,[૭] ઉર,[૮] ઉદર,[૯] પ્રભુ નવ-તિલક કીજે.' અહીં એટલી સ્પષ્ટતા જરૂરી છે કે બધાં તિલક ગણીએ તો તેર થાય, પણ બે અંગૂઠાના, બે ઢીંચણના, બે કર કાંડાના તથા બે ખભાના એક એક ગણીએ તો તિલકની સંખ્યા નવની થાય છે.

ઉક્ત મહાપુરુષે કહ્યું છે કે—

આતમ ગુણ વાસન ભણી, ચંદનપૂજા સાર;
જેમ મઘવા અપછર કરે, તેમ કરીએ નરનાર.

'હે પુરુષો અને સ્ત્રીઓ! આત્માના ગુણોની સુવાસ પ્રકટાવવા માટે ચંદનપૂજા ઉત્તમ છે. તે પૂજા જેમ ઈન્દ્રો અને અપ્સરાઓ અતિ ઉલ્લાસથી કરે છે, તેમ તમે પણ અતિ ઉલ્લાસથી કરો.'

નવ અંગે ઉપર જણાવ્યા મુજબ ક્રમશઃ તિલક કરવાં જોઈએ. તેમાં એ ધ્યાન રાખવાનું કે પ્રભુના અંગ પર કેશરના છાંટા ન પડે, તેમજ પ્રતિમાજીના ચક્ષુ, મુખ વગેરે પ્રમુખ અંગો ઢંકાઈ ન જાય અને તેની શોભામાં

ખામી ન આવે; અન્યથા દર્શન કરનારાઓના આહ્‌લાદનો ભંગ થાય અને આપણે દોષના ભાગી બનીએ; વળી એ પણ યાદ રાખવાનું કે નવ અંગે તિલક કરવામાં ચોક્કસ હેતુ રહેલો છે, તે ઝડપથી તિલક કરીને પૂજા પતાવી દેવાની મનોવૃત્તિથી પાર પડતો નથી. દરેક અંગે તિલક કર્યા પછી જરા થોભવું જોઈએ અને તે વખતે અનુક્રમે નીચે મુજબ ભાવના ભાવવી જોઈએ :—

## ૧-અંગુઠે તિલક કરતાં

જળ ભરી સંપૂટ પત્રમાં, યુગલિક નર પૂજંત;
ઋષભચરણ અંગુઠડો, દાયક ભવજલ અંત. ૧

'યુગલિક મનુષ્યોએ કમલપત્રનો દડીઓ બનાવીને તેમાં જલ ભરી લાવી તેના વડે યુગાદિદેવ શ્રી ઋષભદેવનાં ચરણયુગલનું અર્ચન કર્યું. આ અંગૂઠો ભવજલ એટલે સંસારસાગરનો અંત કરનાર છે, એમ સમજીને હું તેનું અર્ચન કરું છું.'

શ્રી વીરપ્રભુએ અંગૂઠા વડે મેરુ પર્વતને ડોલાયમાન કર્યો હતો અને એવી અપૂર્વ શક્તિ છતાં તેમણે સંસારની સઘળી રિદ્ધિ ત્યાગીને શ્રમણજીવન સ્વીકાર્યું હતું. વળી શ્રમણાવસ્થામાં ચંડકૌશિક સર્પે આ અંગૂઠા પર જ દંશ દીધો હતો, છતાં તેમનાં રૂવાડામાં ક્રોધનો અંશ પણ પ્રકટ્યો ન હતો. આ રીતે શ્રી જિનેશ્વરદેવનો અંગૂઠો તેમના

અપૂર્વ ત્યાગ અને આત્મબળનો સૂચક હોવાથી મારે માટે અત્યંત પૂજનીય છે.

### ૨–ઢીંચણે તિલક કરતાં

જાનુબળે કાઉસ્સગ્ગ રહ્યા, વિચર્યા દેશ–વિદેશ;
ખડા ખડા કેવળ લહ્યું, પૂજો જાનુ નરેશ. ૨.

'હે પ્રભો ! તમે અપ્રતિબદ્ધ વિહારી હતા, તેથી દેશવિદેશમાં વિચરતા હતા. આ જાતનો વિહાર કરવામાં તમારી આ જાનુઓ ઉપયોગી નીવડી હતી. વળી તમોએ કેવળજ્ઞાનની પ્રાપ્તિ માટે બાહ્ય અને અભ્યંતર તપનો આશ્રય લીધો હતો, જેમાં અભ્યંતર તપના અધિકારે કાયોત્સર્ગ ઊભા ઊભા જ કરતા હતા અને તે વખતે તિર્યંચ, મનુષ્ય કે દેવતાદિએ કરેલા પરીષહો અને ઉપસર્ગો સમભાવે સહન કરતા હતા. એ દૃષ્ટિએ તમારી જાનુઓ પણ પવિત્ર હોવાથી હું તેનું પૂજન કરું છું.'

### ૩–હાથના કાંડે તિલક કરતાં

લોકાંતિક વચને કરી, વરસ્યા વરસી દાન;
કર કાંડે પ્રભુપૂજના, પૂજો ભવિ બહુમાન ૩

'હે પ્રભો ! મહાભિનિષ્ક્રમણનો–સંસારત્યાગનો સમય નજીક આવતા લોકાંતિક દેવો સવિનય જણાવે છે કે, 'હે પ્રભો ! હવે તીર્થ પ્રવર્તાવો.' આ શિષ્ટાચારને લક્ષમાં લઈ તમે સંસારત્યાગનો નિશ્ચય કરો છો, પરંતુ એ

સંસારત્યાગ કરતાં પહેલાં તમે કોઈપણ જાતના ભેદભાવ વિના દાન આપવાનું શરૂ કરો છો અને એ રીતે એક વર્ષપર્યંત તમારા સ્વહસ્તે–સ્વકરે દાન આપ્યે જાઓ છો. વળી શાસનસ્થાપના સમયે ગણધર બનાવવા માટે તમારા હાથ વડે વાસક્ષેપ કરો છો, તેથી તમારાં કાંડાં પણ અતિ પવિત્ર છે, માટે તેનું બહુમાનપૂર્વક પૂજન કરું છું.'

### ૪–ખભે તિલક કરતાં

માન ગયું હોય અંસથી, દેખી વીર્ય અનંત;
ભુજાબળે ભવજળ તર્યા, પૂજો ખંધ મહંત. ૪

'હે પ્રભો ! તમારું અનંત બલ જોઈને બંને ખભામાંથી માન ચાલ્યું ગયું અને એ જ ભુજાનાં બળ વડે તમો ભવસાગરને તરી ગયા, તેથી તમારા સ્કંધો–ખભા પણ અતિ પવિત્ર છે, માટે હું તેનું પૂજન કરું છું.

### ૫–શિરશિખા પર તિલક કરતાં

સિદ્ધશિલા ગુણ ઉજળી, લોકાંતે ભગવંત;
વસિયા તિણ કારણ ભવી, શિરશિખા પૂજંત. ૫

'લોકના અંતે એટલે અગ્રભાવે સિદ્ધશિલા આવેલી છે. તે ઉજ્જવળ ગુણવાળી યાને સ્ફટિક જેવી નિર્મળ છે. તેના પર લોકના અંતને અડીને તમે મુક્ત અવસ્થાએ રહેલા છો. તમારી શિરશિખા એ સિદ્ધશિલાનું સ્મરણ કરાવતી હોવાથી અત્યંત પવિત્ર છે અને તે જ કારણે હું તેની પૂજા કરું છું.'

## ૬-ભાલ (કપાળ) પર તિલક કરતાં

તીર્થંકરપદ-પુણ્યથી, ત્રિભુવન-જન સેવંત;
ત્રિભુવનતિલક સમા પ્રભુ, ભાલ તિલક જયવંત. ૬

'હે પ્રભો! તમે તીર્થંકર નામકર્મ ઉપાર્જ્યું હતું, તેથી ત્રણે ભુવનના લોકો તમારી સેવા કરતા હતા. ખરેખર! તમે એ ત્રિભુવનના તિલક સમા છો; તેથી તમારા ભાલ-પ્રદેશની હું તિલક વડે અર્ચના કરું છું.'

## ૭-કંઠે તિલક કરતાં

સોળ પહોર પ્રભુ દેશના, કંઠે વિવર વર્તુલ;
મધુર ધ્વનિ સુરનર સુણે, તિણે ગળે તિલક અમૂલ. ૭

'શ્રી વીર પ્રભુએ સોળ પહોર સુધી અખંડ દેશના આપી હતી, તે કંઠરૂપ ગોળ આકૃતિવાળા છિદ્રમાંથી જ નીકળેલી હતી. આ દેશનાનો મધુર ધ્વનિ દેવતાઓ અને મનુષ્યો ઘણા જ ઉલ્લાસ અને હર્ષથી સાંભળતા હતા, તેથી તીર્થંકરદેવનો કંઠ અતિ પવિત્ર છે. હું તેના પર અમૂલ્ય તિલક કરું છું.'

## ૮-હૃદયે તિલક કરતાં

હૃદયકમળ-ઉપશમબળે, બાળ્યા રાગ ને રોષ;
હિમ દહે વનખંડને, હૃદયતિલક સંતોષ. ૮

'હે પ્રભો! ઠંડુ હિમ પડતાંની સાથે જેમ વનખંડને

બાળી નાખે છે, તેમ તમારા હૃદયકમળમાંથી ઉત્પન્ન થયેલો અતિ ઠંડો ઉપશમરસ રાગ અને દ્વેષને બાળી નાખે છે, તેથી તમારું હૃદય અતિ પવિત્ર છે. હું તે પવિત્ર હૃદયની બહુમાનપૂર્વક પૂજા કરું છું.

## ૯-નાભિ પર તિલક કરતાં

રત્નત્રયી ગુણ ઉજળી, સકલ સુગુણ વિશ્રામ;
નાભિકમળની પૂજના, કરતાં અવિચલ ધામ. ૯

'હે પ્રભો! સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ ચારિત્ર એ રત્નત્રયી સઘળા સદ્ગુણોનું વિશ્રામસ્થાન છે. આ વસ્તુની યાદ તમારા નાભિકમળમાંથી નીકળતી ત્રણ મુખ્ય રેખાઓ આપે છે, એટલે તમારું નાભિકમળ પૂજ્ય છે અને તેની હું પૂજા કરું છું. આવી પૂજા કરતાં મને અવિચલ ધામ એટલે મોક્ષની પ્રાપ્તિ જરૂર થશે.'

## ૧૬-પુષ્પપૂજા

નવાંગીપૂજા અર્થાત્ ચંદનપૂજા થઈ ગયા પછી ઉપાસકે વિધિપૂર્વક આણેલાં વિવિધ જાતિનાં પુષ્પો વડે પ્રભુની પૂજા કરવી જોઈએ. કહ્યું છે કે—

**पुष्पैश्च बलिना चैव, वस्त्रैः स्तोत्रैश्च शोभनैः ।**
**देवानां पूजनं ज्ञेयं, शौच–श्रद्धासमन्वितम् ॥**

'પુષ્પો વડે, બલિ અર્થાત્ નૈવેદ્ય વડે, વસ્ત્ર અને

સ્તોત્રો વડે, શૌચ અને શ્રદ્ધાથી સમન્વિત થઈને દેવપૂજન કરવું જોઈએ.'

વળી એમ પણ કહ્યું છે કે—

प्रभाते प्रथमा वास–पूजा कार्या निरन्तरम् ।
मध्याह्ने कुसुमैः पूजा, सन्ध्यायां धूपदीपकृत् ॥

'પ્રભાતે પહેલી વાસપૂજા કરવી, મધ્યાહ્ને બીજી પુષ્પપૂજા કરવી અને સંધ્યાએ ત્રીજી ધૂપ–દીપ પૂજા કરવી.'

તાત્પર્ય કે પ્રભુપૂજનમાં પુષ્પપૂજાનું વિશેષ મહત્ત્વ છે અને ખાસ કરીને મધ્યાહ્નપૂજા કે મુખ્ય પૂજામાં તો તે અવશ્ય કરવી જોઈએ, તેથી ઉપાસકે તે પર પૂરતું લક્ષ આપવાની જરૂર છે.

પુષ્પો બાબત એટલું ધ્યાન રાખવું કે જે પુષ્પો (૧) સૂકાં, (૨) જમીનપર પડી ગયેલાં, (૩) પાંખડીઓ તૂટી ગયેલાં, (૪) અશુભ વસ્તુઓ સાથે સ્પર્શિત થયેલાં, (૫) બરાબર નહિ ખીલેલાં, (૬) જેની કળીઓ વધુ વરસાદ કે કીડા વગેરેથી ખવાઈ ગઈ હોય તેવાં, (૭) ચીમળાઈ ગયેલાં, (૮) વાસી એટલે આગલા દિવસે ઉતારેલાં, (૯) જેના ઉપર કરોળિયાએ જાળ ગુંથી હોય તેવાં (૧૦) દેખાવમાં સુશોભિત ન હોય એવાં, (૧૧) ખરાબ ગંધવાળાં, (૧૨) જેમાં બિલકુલ ગંધ ન હોય તેવાં તથા (૧૩) જેની ગંધમાં ખટાશ હોય તેવાં શ્રી જિનેશ્વરદેવની પૂજામાં વાપરવાં નહિ.

છૂટાં પુષ્પોની જેમ પુષ્પનો હાર, પુષ્પનો મુગટ વગેરે બનાવીને પૂજા કરીએ, તે પણ પુષ્પપૂજામાં જ ગણાય.

## ૧૭–ધૂપપૂજા

દેવપૂજન વખતે ધૂપ–દીપ તો અવશ્ય જોઈએ. તે હવામાનને ચોકખું કરે છે, તથા સુવાસમાં વધારો કરે છે. વળી દેવતાઓ ગંધપ્રિય હોય છે, એટલે આવું સુંદર વાતાવરણ જોઈને પ્રસંગોપાત્ત ત્યાં આવવાનું દિલ કરે છે. અમુક દહેરાસરમાં રાત્રે દેવ આવ્યા, વાજિંત્ર વાગ્યા, ધૂપ પ્રકટયો વગેરે ઘટનાઓ અવારનવાર સાંભળવામાં આવે છે તથા વર્તમાનપત્રોમાં પ્રકટ થતી રહે છે, એટલે આ વસ્તુ તરફ ઉપેક્ષા કરવી યોગ્ય નથી.

ઉપાસકે સુંદર કળામય ધૂપદાનમાં દશાંગધૂપ આદિ ઉત્તમ પ્રકારનો ધૂપ કરવો તથા અગર, ચંદન, કસ્તૂરી વગેરે પદાર્થોના યોગથી બનાવેલી સારી સુગંધી અગરબત્તી પ્રકટાવવી. સારી જાતનો ધૂપ વાપરીએ તો જ વાતાવરણ જોઈએ તેવું શુદ્ધ બને છે અને સુગંધથી મહેકવા લાગે છે, માટે તે તરફ લક્ષ આપવું. આ પૂજા અંગે કહેવાયું છે કે—

> કર્મસમિધ દાહન ભણી, ધ્યાનાનળ સળગાય;
> દ્રવ્યધૂપ કરી આત્મા, સહજ સુગંધિત થાય.

'કર્મરૂપી લાકડાનું દહન કરવા માટે ધ્યાનરૂપી અગ્નિ પ્રકટાવવો જોઈએ. દ્રવ્યધૂપ તેનું સૂચન કરે છે અને તેથી આત્મા સહજ સુગંધી બને છે.'

એટલું ધ્યાન રાખવું કે ધૂપથી આખા મંદિરને વાસિત કરવું અને ત્યારબાદ તેને પ્રતિમાજીની ડાબી બાજુએ રાખવો.

## ૧૮–દીપકપૂજા

પં. શ્રી વીરવિજયજી મહારાજે કહ્યું છે કે 'દીપક જ્યોતિ બની નવરંગા, દીનદયાળ કે દાહિણુ અંગા.' એટલે પૂજા નિમિત્તે જે દીપક પ્રકટાવવો, તે શ્રી જિનેશ્વરદેવની જમણી બાજુ પ્રકટાવવો. વળી આ દીપક કેવો હોવો જોઈએ, તેનું પણ તેમણે વર્ણન કર્યું છે. 'રયણ જડિત વર્તુલ ભાજનમેં, ધેનુ–હવિષ ભરિયે ઉછરંગા.' રત્નથી જડેલા ગોળ વર્તનમાં ગાયનું ઘી ભરવું. અહીં ઉત્કૃષ્ટ ભાવે રત્નથી જડેલું સમજવાનું છે. તેવી શક્તિ ન હોય તો સુવર્ણ, ચાંદી કે તાંબા વગેરેનું પાત્ર સમજવું. તે બને તેટલું સુંદર–કલામય હોવું જોઈએ. ભારતના કલાકારોએ દીપક–નિર્માણમાં પોતાની નૈસર્ગિક પ્રતિભાનો સુંદર પરિચય આપેલો છે. દીપક માટેના પાત્રના–દીપિકાઓના જેટલા પ્રકાર ભારતવર્ષમાં મળે છે, તેટલા જગતના કોઈ પણ દેશમાં મળતા નથી. ઘી ગાયનું જ જોઈએ, એવો એકાંત નિયમ નથી. તે ભેંસ વગેરેનું પણ ચાલી શકે.

વિશેષમાં પં. શ્રી વીરવિજયજી મહારાજે જણાવ્યું છે કે–'પ્રાણી-ઉગારણ કારણ ફાનસ, કરિયે જ્યું નવિ આય પતંગા.' આ દીપક પર જીવદયાના પવિત્ર ઉદ્દેશથી ફાનસ કરવું, એટલે કે દીપકને ફાનસમાં રાખવો, જેથી પતંગિયા વગેરે આવીને પડે નહિ અને તેમના પ્રાણની હાનિ થાય નહિ.'

જ્યોતિ એ જ્ઞાનનો સંકેત છે; તેથી જ કહ્યું છે કે—

દ્રવ્યદીપ સુવિવેકથી, કરતાં દુઃખ હોય ફોક;
ભાવપ્રદીપ પ્રગટ હુવે, ભાસિત લોકાલોક.'

'સુવિવેકથી દ્રવ્યદીપક પ્રકટાવતાં સઘળાં દુઃખો ફોક થાય છે–નાશ પામે છે અને જ્યારે અંતરમાં સાચો ભાવ-પ્રદીપ પ્રકટે છે ત્યારે તો લોક અને અલોકના સઘળા પદાર્થો સ્પષ્ટ ભાસવા લાગે છે.

કેટલાક ધૂપ અને દીપકપૂજાનો સમાવેશ અગ્રપૂજામાં કરે છે. **શ્રી ચૈત્યવંદન-ભાષ્ય** વગેરેમાં આ બંને પૂજાનો સમાવેશ અંગપૂજામાં કર્યો છે અને **શ્રાદ્ધવિધિ-પ્રકરણ**માં પણ તેનું સમર્થન થયેલું છે, એટલે આ પૂજાઓને અંગ-પૂજામાં ગણવી યોગ્ય છે.

અહીં 'અવસ્થાત્રિક'નું વિધાન છે, તે પણ બરા-બર લક્ષમાં રાખવાનું છે. અવસ્થાત્રિક એટલે શ્રી જિનેશ્વર દેવની છદ્મસ્થ, કેવળી અને સિદ્ધ એવી ત્રણ અવસ્થા. તેમાં છદ્મસ્થાવસ્થા ત્રણ ભૂમિકાએ ચિંતવવાની છે. ન્હવણ

તથા અંગલૂંછન-પ્રસંગે જન્માવસ્થા; કેસર, ચંદન, પુષ્પમાળા તથા અંગરચના વખતે રાજ્યાવસ્થા; અને ભગવાનનું કેશરહિત મસ્તક વગેરે જોઈને શ્રમણાવસ્થા. ત્યારબાદ અષ્ટ મહાપ્રાતિહાર્યના દેખાવથી ભગવાનની કેવળી અવસ્થા અને તેમને પર્યંકાસને, પદ્માસને કે કાયોત્સર્ગ-મુદ્રાએ સ્થિત જોઈને તેમની સિદ્ધાવસ્થા ભાવવાની છે.

અંગપૂજાનો વિધિ અહીં પૂરો થાય છે. તે ઘણો રહસ્યભરેલો છે અને જેમ જેમ સત્સંગ થતો જાય છે તથા અનુભવ વધતો જાય છે, તેમ તેમ જ સમજમાં આવે છે. અંગપૂજા પછી જ અગ્રપૂજા અને અગ્રપૂજા પછી જ ભાવપૂજા થાય છે, એટલે આ પૂજાને પહેલી સમજી તેનો ઉત્કૃષ્ટ આદર કરવો ઘટે છે.

## [૧૭]

# અગ્રપૂજા

અંગપૂજા પછી અગ્રપૂજાનો અધિકાર આવે છે. આ પૂજામાં ઋદ્ધિ–શક્તિ અનુસાર અનેક પ્રકારના ઉપચારોનો આશ્રય લેવાય છે. તેમાં અક્ષતપૂજા, નૈવેદ્યપૂજા, ફલપૂજા, ગીતપૂજા, વાજિંત્રપૂજા તથા નૃત્યપૂજાની મુખ્યતા છે. વળી લૂણ ઉતારવું, આરતી ઉતારવી અને મંગળદીવો કરવો, તે પણ આ પૂજામાં જ ગણાય છે. આ પૂજાઓનું અહીં ક્રમશઃ વર્ણન કરીશું, પણ તે પહેલાં એટલું જણાવી દઈએ કે અગ્રપૂજાનો મુખ્ય હેતુ શ્રી જિનેશ્વરદેવના સત્કાર–સન્માનનો છે, એટલે તેની સર્વ યોજના એ ધોરણે થયેલી છે. પ્રથમ પ્રભુને વંદન કરવું, પછી તેમની પૂજા કરવી, પછી તેમના સત્કાર–સન્માનનો વિધિ કરવો, એ આપણી પ્રાચીન પ્રણાલિકા છે અને તેને અહીં બરાબર અનુસરવામાં આવે છે.

## ૧–અક્ષતપૂજા

અક્ષત એટલે ચોખા, અખંડિત ચોખા, તેના વડે જે પૂજા કરવી તે અક્ષતપૂજા. અખંડિત ચોખા વડે પૂજા શી રીતે થાય ? તે પણ સમજવા જેવું છે. પ્રભુ સમક્ષ

પડેલા પાટ કે પાટલા ઉપર અખંડિત ચોખા વડે અષ્ટ-મંગલની રચના કરવી, એ અક્ષતપૂજા છે. અષ્ટમંગલ એટલે આઠ પ્રકારની મંગલસૂચક આકૃતિઓ. તેનાં નામો અનુ-ક્રમે આ પ્રમાણે જાણવાં :

(૧) દર્પણ–આરીસો. (૨) ભદ્રાસન–બેસવાનું ખુરશી જેવું આસન. ખુરશી ઊંચી હોય છે, ભદ્રાસન તેનાથી થોડું નીચું હોય છે. (૩) વર્દ્ધમાન–શરાવસંપુટ. જે નીચેથી સાંકડું હોય, પણ ઉપર જતાં વધતું જાય તેને વર્દ્ધમાન અર્થાત્ શરાવ કહેવામાં આવે છે ગુજરાતી ભાષામાં તેને કોડિયું કહે છે. એક કોડિયા ઉપર બીજું કોડિયું ઢાંકેલું હોય ત્યારે તેને સંપુટ કહેવામાં આવે છે. (૪) શ્રીવત્સ –એક પ્રકાની વિશિષ્ટ આકૃતિ કે જે તીર્થંકર આદિ મહાપુરુષોની છાતી પર જોવામાં આવે છે. (૫) મત્સ્ય-યુગલ–માછલાંઓનું જોડકું. (૬) સ્વસ્તિક–સાથિયો. (૭) કુંભ–કળશ અને (૮) નંદ્યાવર્ત એટલે જેની પાંખડી-ઓમાં સુંદર આવર્ત હોય તેવો એક પ્રકારનો વિશિષ્ટ સાથિયો.

અહીં જાણી લેવાની જરૂર છે કે શ્રી જિનેશ્વરદેવના દીક્ષાકલ્યાણકના વરઘોડામાં આગળ અષ્ટમંગલ આલેખેલો વિશાળ પટ રહેતો. તે ઉપસ્થિત કાર્યના નિર્વિઘ્ન સંપા-દન માટે મંગલરૂપ છે. એજ પ્રમાણે પ્રભુના સામૈયા વખતે અષ્ટમંગલની ભવ્ય આકૃતિઓ રાખવામાં આવતી, તેથી લોકો

એમ સમજતા કે કોઈ મહાપુરુષનું મંગલકારી આગમન થઈ રહ્યું છે અને તેઓ જલ્દી તૈયાર થઈને સામૈયામાં સામેલ થઈ જતા તથા મંગલની સાક્ષાત્ મૂર્તિસમા શ્રી જિનેશ્વરદેવના દિવ્ય દેદારનાં દર્શન કરીને કૃતકૃત્ય થતા. શ્રી મહાવીર પ્રભુ ચંપાનગરીમાં પધાર્યા ત્યારે કોણિક રાજાએ તેમનું અતિ ભવ્ય સ્વાગત કરતાં અષ્ટમંગલની આકૃતિઓ સાથે રાખ્યાનું વર્ણન ઔપપાતિકસૂત્રમાં આવે છે.

આ સત્કારની ભાવના પ્રકટ કરવા માટે અષ્ટમંગલની રચના કરવાની છે. પરંતુ આજે તો કેટલાક ઘણા ભાગે અષ્ટમંગલની પાટલી પર ચાંલ્લા કરે છે. ખરી રીતે તો તેનું આલેખન કરવું જોઈએ. બાકી કેટલાય ભાગ્યશાળીઓને અષ્ટમંગલનાં નામ પણ આવડતાં નથી, તો તેની રચના શી રીતે કરે ? અને કદાચ નામ આવડતાં હોય તો પણ આ રચના કરવાનો અભ્યાસ રહ્યો નથી, એટલે આવી રચના પ્રાયઃ થતી નથી. આજે માત્ર એક સ્વસ્તિક અને નંદ્યાવર્તનો ઠીક ઠીક અભ્યાસ રહ્યો છે, એટલે એની રચના થાય છે. અક્ષતની જગાએ શ્વેત સરસવ વાપરીને પણ અષ્ટમંગલની રચના કરી શકાય છે.

જ્યાં અષ્ટમંગલની રચના કરવાનું શક્ય ન હોય ત્યાં જ્ઞાન-દર્શન-ચારિત્રની આરાધનાના સંકેતરૂપે અક્ષતની ત્રણ ઢગલીઓ કરીને ઉપર ચંદ્રકળા તથા નીચે સાદા

સ્વસ્તિકની રચના કરીને પણ અક્ષતપૂજા કરી શકાય છે. આજે આનો વિશેષ પ્રચાર છે.

એમ કહેવાય છે કે મગધરાજ શ્રેણિક શ્રી મહાવીર પ્રભુની સન્મુખ જઈને સોનાના યવોથી સ્વસ્તિકની રચના કરતા હતા. આજે પણ આચાર્યાદિના સ્વાગત વખતે સોના અને રૂપાનાં પુષ્પો તથા સાચાં મોતી ઉછાળવામાં આવે છે, એટલે શક્તિશાળી આત્માઓએ સોના–રૂપાના અક્ષતથી કે સાચાં મોતીથી સ્વસ્તિકાદિની રચના કરીને અગ્રપૂજાનો લહાવો લેવો ઘટે છે. આવું નિત્ય તો ન બની શકે, પણ મહાન પર્વના દિવસો હોય કે તીર્થયાત્રાએ ગયા હોઈએ, ત્યાં પૂજન કરતી વેળાએ આવો લહાવો લઈ શકાય છે. દ્રવ્યનો આથી વધારે સારો ઉપયોગ કયો હોઈ શકે ?

પ્રભુપૂજન વગેરેમાં વપરાતું દ્રવ્ય નિરર્થક અને સામાજિક કલ્યાણની પ્રવૃત્તિઓમાં વપરાતું દ્રવ્ય સાર્થક, એવો એક મત આજે પ્રચાર પામી રહ્યો છે, પણ તે ઊંડી સમજ વિનાનો છે. પ્રભુપૂજાનો આદર્શ ખસ્યો કે સમાજ-કલ્યાણની પ્રવૃત્તિઓ માત્ર આડંબરરૂપ થઈ જાય છે. નિષ્કામ ભાવે પ્રવૃત્તિ કરવાનું તો મહાપુરુષો જ શીખવે છે તેથી મુખ્યપણે તેઓ જ સત્કાર–સન્માનને પાત્ર છે. જો તેમના તરફ બહુમાનની લાગણી હશે, તો જ તેમના ઉપદેશ તરફ આદર થશે અને સામાજિક કલ્યાણની પ્રવૃત્તિઓમાં પણ નિષ્કામભાવ દાખલ થશે; અન્યથા આજે બની રહ્યું

છે તેમ, એ માત્ર આડંબરરૂપ બની જશે અને તેમાંથી અનેક દોષોની ઉત્પત્તિ થતાં લાભને બદલે નુકશાન જ થશે. માટે પ્રભુપૂજા પહેલી અને સામાજિક કલ્યાણની પ્રવૃત્તિઓ પછી, એ સિદ્ધાંતને અનુસરવામાં આપણું તથા સમાજનું કલ્યાણ રહેલું છે.

અક્ષતપૂજા તો અક્ષયપદ ભણી લઈ જનારી છે, એમ સમજીને દરેક મુમુક્ષુએ તેનો આશ્રય લેવાનો છે. કહ્યું છે કે—

અક્ષયપદ સાધન ભણી, અક્ષતપૂજા સાર;
જિનપ્રતિમા આગળ મુદા, ધરિયે ભવિ નરનાર.

## ૨-નૈવેદ્યપૂજા

અશન, પાન, ખાદિમ અને સ્વાદિમ એ ચાર પ્રકારના આહારમાંથી શુદ્ધ-પવિત્ર વસ્તુઓ પ્રતિમાજીની સમક્ષ ધરવી તેને નૈવેદ્યપૂજા કહેવાય છે. અશનમાં રાંધેલો ભાત, રોટલી વગેરેનો સમાવેશ થાય છે; પાનમાં સાકરના પાણી, ગોળના પાણી વગેરેનો સમાવેશ થાય છે; ખાદિમમાં વિવિધ પ્રકારના મેવા તથા પક્વાન્નનો-મીઠાઈઓનો સમાવેશ થાય છે; અને સ્વાદિમમમાં પાન, તંબોળ વગેરેનો સમાવેશ થાય છે. તેમાંથી શુદ્ધ-સ્વચ્છ કેટલીક વસ્તુઓ પ્રતિમાજી સમક્ષ ધરી નૈવેદ્યપૂજાનો લાભ લઈ શકાય છે. વિશેષ ન બને તો મીઠાઈના પ્રતીકરૂપે શર્કરાખંડ એટલે સાકરના થોડા ગાંગડા પણ મૂકી શકાય છે અને છેવટે એક પતાસું મૂકીને પણ નૈવેદ્યની ભાવના પૂરી કરી શકાય છે.

આપણા અન્નમાં દેવ અને અતિથિનો પણ ભાગ છે, માટે પ્રથમ તે જુદો કાઢીને તેમને ધરાવ્યા પછી જ અન્નપ્રાશન કરવું, જેથી અનાદિની આહારસંજ્ઞા અને રસસંજ્ઞા કપાતી આવે તથા અંતે અનાહારી પદ મળે, એવી ભાવના ઘણા પ્રાચીન સમયથી આપણે ત્યાં ચાલી આવે છે, તેથી નૈવેદ્યની પ્રથા અમલમાં આવેલી છે અને તે આપણી ઉચ્ચ ભાવના તથા સમર્પણવૃત્તિનું સુંદર પ્રતીક છે.

નૈવેદ્યપૂજા વખતે એવી ભાવના ભાવવાની છે કે—

અણાહારી પદ મેં કર્યાં, વિગ્ગહ ગઈ એ અણંત;<br>
દૂર કરી તે દીજિયે, અણાહારી પદ સંત.

'હે પ્રભો ! મેં વિગ્રહગતિમાં એટલે એક ગતિમાંથી બીજી ગતિમાં વક્રગતિ વડે જતી વખતે અણાહારી પદ અનંત વાર કર્યાં, પરંતુ તેથી મારો ઉદ્ધાર થયો નહિ. તો હવે એ સ્થિતિ દૂર કરીને મને સાચું અણાહારી પદ આપો.'

અહીં સ્પષ્ટતા એટલી કે આપણા આત્માને અનાદિકાલથી આહાર, ભય, મૈથુન અને પરિગ્રહ એ ચાર સંજ્ઞાઓ વળગેલી છે; એટલે આપણો આત્મા બધો વખત એક યા બીજા પ્રકારનો આહાર ગ્રહણ કર્યા કરે છે; માત્ર તે વિગ્રહ ગતિમાં હોય, ત્યારે આહાર ગ્રહણ કરતો નથી; પરંતુ આ અણાહારી સ્થિતિ તો માત્ર એક સમય, બે સમય કે ત્રણ સમય પૂરતી જ હોય છે, એટલે આવા

નામમાત્રના અણાહારી પદથી આપણને કશો લાભ થતો નથી. આપણને તો એવું અણાહારી પદ મેળવવું જોઈએ કે જ્યાં ગયા પછી ફરી આહાર કરવો જ પડે નહિ અને કાયમને માટે જંજાળમાંથી છૂટી જવાય. આવું અણાહારી પદ તો માત્ર સિદ્ધિગતિમાં જ સંભવે છે, એટલે હે પ્રભો ! મને એ સિદ્ધિગતિ આપો.

## ૩-ફલપૂજા

જૈન મહર્ષિઓએ કહ્યું છે કે, 'ફલપૂજા જે ભવિ કરશે રે, તે શિવરમણી વરશે રે !' એટલે શિવસુખના અભિલાષીએ ફલપૂજા અવશ્ય કરવાની છે. ઋતુઋતુનાં, ઉત્તમ જાતિનાં, વિવિધ ફળો પ્રતિમાજીની સમક્ષ ધરવાં એ ફલપૂજા છે. કદાચ આવાં ફળોનો યોગ ન હોય તો બદામ, સોપારી, વગેરે સૂકાં ફળો પણ ધરી શકાય. તે બારે માસ અને કોઈપણ સ્થળેથી મળી શકે છે.

## ૪-ગીતપૂજા*

એક કવિએ કહ્યું છે કે—

શત્રુંજય સમ તીર્થ નહીં, નહીં અરિહા સમ દેવ;
જિનગુણગાન સરીખ નહીં, શિવસુખદાયક સેવ.

---

* કેટલાક ગીત, વાદ્ય તથા નૃત્યપૂજાનો સમાવેશ ભાવપૂજામાં કરે છે, પણ આ પ્રકરણમાં આપેલી ચૈત્યવંદન—મહાભાષ્યની ગાથાના આધારે તેનો સમાવેશ અગ્રપૂજામાં કર્યો છે. આમાં સ્વર, વાજિંત્ર અને ગાત્રોરૂપી દ્રવ્યોનો મુખ્ય ઉપયોગ હોય છે, એ અપેક્ષાએ દ્રવ્યપૂજા —અગ્રપૂજા કહેવાય છે.

'આ પૃથ્વીના પટ પર શ્રી શત્રુંજય જેવું અન્ય તીર્થ નથી, શ્રી અરિહંત જેવા દેવ નથી અને જિનગુણ ગાન જેવી શિવસુખ આપનારી બીજી સેવા નથી.'

બીજા કવિએ કહ્યું છે કે—

ફલ અનંત પંચાશકે, ભાખે શ્રી જગદીશ;
ગીત નૃત્ય શુદ્ધ નાદસે, જે પૂજે જિનઈશ.

'તીર્થંકર ભગવંતના ઉપદેશ અનુસાર પંચાશક નામના ગ્રંથમાં કહ્યું છે કે જે ભવ્યાત્મા શુદ્ધ ગીત, નૃત્ય અને વાજિંત્રથી શ્રી જિનેશ્વર દેવની પૂજા કરે છે, તે અનંત ફળને પામે છે.'

ત્રીજા કવિએ કહ્યું છે કે—

ગગનતણું નહીં, જેમ માન,
તેમ અનંત રૂપ જિનગુણગાન.
તાન માન લયશું કરી ગીત,
સુખ દીયે જેમ અમૃત પીત.

'ગગનનું—આકાશનું જેમ માપ નથી, અર્થાત્ તે અનંત છે, તેમ જિનગુણના ગાનનું ફળ પણ અનંત છે. આ ગીત તાન, માન, લય વગેરે સહિત કરવામાં આવે તો જાણે અમૃત પીધું હોય, એવું સુખ આપે છે.'

તાત્પર્ય કે ત્રણ ગ્રામ, સાત સ્વર અને એકવીશ મૂર્છનાપૂર્વક વિવિધ રાગ—રાગિણીઓમાં શ્રી જિનેશ્વરદેવનાં

ગીત ગાવાં, સ્તવનો બોલવાં કે પદો ઉચ્ચારવાં, તે ગીતપૂજા છે. આ ગીતપૂજા આપણને અપૂર્વ આનંદ આપે છે અને અને બીજાને પણ આનંદ આપનારી થાય છે. તેમાં ચિત્તને એકાગ્ર-તલ્લીન કરવાનો બહુ મોટો ગુણ રહેલો છે.

સરસ રીતે ગવાયેલાં ગીતનો પ્રભાવ મનુષ્યનાં મન પર તો પડે જ છે, પણ પશુ, પક્ષી, સર્પ વગેરે ઉપર પણ પડે છે અને વનસ્પતિ ઉપર પણ પડે છે. ખરેખર! ભક્તિરસની જમાવટ કરવા માટે સરસ ગીત જેવું અન્ય કોઈ સાધન નથી!

જેમ હાથનો સદુપયોગ દાન છે, જેમ કાનનો સદુપયોગ શાસ્ત્રશ્રવણ છે, તેમ કંઠનો સદુપયોગ શ્રી જિનેશ્વરદેવનાં ગુણગાન છે. એ ગાન જરા પણ સંકોચ-શરમ વિના મુક્ત કંઠે-મુક્ત હૃદયે કરવું જોઈએ.

આપણા મુનિવરોએ તે માટે સેંકડો, બલ્કે-હજારો સ્તવનો-પદો-ગીતો રચ્યાં છે. તેમાંનાં કેટલાંક કંઠસ્થ કરીને શાસ્ત્રીય ઢબે ગાતાં શીખી લેવાં જોઈએ, જેથી ગીતપૂજા ઉત્તમ પ્રકારે થાય અને આપણું જીવન સફળ બને.

## ૫-વાજિંત્રપૂજા

શ્રી જિનેશ્વરદેવની ભક્તિનિમિત્તે વિવિધ પ્રકારનાં વાજિંત્રો વગાડવાં એ વાજિંત્રપૂજા છે. જેવો મહિમા ગીતનો છે, તેવો જ મહિમા વાજિંત્રોનો છે. વળી ગીત-ગાન વાજિત્રંની સાથે થતાં હોય તો અધિક આહ્લાદકારી

થાય છે, એટલે ગીતની સાથે વાજિંત્રોનો ઉપયોગ કરવો ઇષ્ટ છે.

વાજિંત્રો ચાર પ્રકારનાં છેઃ (૧) તત, (૨) વિતત, (૩) સુષિર અને (૪) ઘન. તેમાં તારના યોગથી વાગતાં વાજિંત્રો તત કહેવાય છે, જેમકે–વીણા, બીન, સીતાર, સારંગી, તાઉસ, દીલરૂબા, દિલ–પસંદ, અસીરબીન, રૂબાબ ( કચ્છપી વીણા ), સરોદ, તંબૂરો ( નારદી વીણા ) કાનૂન અથવા શ્રીમંડળ ( બ્રાહ્મી વીણા ), સુરબીન, કડાયચા, ચિકારા, સુરસોટા, તરસબાજ, ફીડલ, ગીટાર વગેરે. ચામડાના યોગથી વાગતાં વાજિંત્રો વિતત કહેવાય છે; જેમ કે–મુરજ, મૃદંગ, ડમરુ, પખાજ, ઢોલક, ખંજરી, દફ, દાયરો, નોબત, ત્રાંસા વગેરે. પવનના યોગથી વાગતાં વાજિંત્રો સુષિર કહેવાય છે; જેમ કે–વાંસળી, પાવો, શરણાઈ, પુંગી, મુખચંગ, કરના, શંખ, સિંગી, તુરઈ, ભેરી, હારમોનિયમ વગેરે. અને ધાતુના યોગથી વાગતાં વાજિંત્રો ઘન કહેવાય છે; જેમ કે કાંસ્ય, તાલ, મંજીરા, કરતાલ, ઝાલર, ઘંટા, ઘંટિકા, જલતરંગ વગેરે.

આ ચાર પ્રકારના વાજિંત્રોમાંથી શકય હોય એટલા વાજિંત્રોનો ઉપયોગ પૂજા સમયે કરી શકાય છે.

શ્રી જિનેશ્વરદેવ સમવસરણમાં બિરાજતા હોય છે, ત્યારે દેવો અનેક પ્રકારનાં વાજિંત્રો વગાડીને ભક્તિ કરે છે અને તેથી વાતાવરણ ઘણું ભવ્ય બને છે. આપણે પણ એ જ રીતે વિવિધ વાજિંત્રોમાંથી ભગવાનની ભક્તિ કરીએ, એ ઇષ્ટ છે.

## ૬–નૃત્યપૂજા

જિનભક્તિ નિમિત્તે વિવિધ પ્રકારનાં નૃત્ય કરવાં, એ નૃત્ય પૂજા છે. 'નૃત્ય કોને કહેવાય?' તેનો ઉત્તર આ પ્રમાણે સમજવાનો છેઃ—

**देहरुच्या प्रतीतो यस्तालमानरसाश्रयः ।**
**सविलासोऽङ्गविक्षेपो, नृत्यमित्युच्यते बुधैः ॥**

'તાલના માપ અને રસના આશ્રયવાળો, સુંદર દેહ વડે પ્રતીત થતો, વિલાસસહિત જે અંગવિક્ષેપ તેને વિદ્વાનો નૃત્ય કહે છે.' તાત્પર્ય કે અંગના અભિનયો વડે ભાવોને પ્રકટ કરવા, એ નૃત્ય છે.

નૃત્યશાસ્ત્રમાં શિર, હસ્ત, વક્ષઃ (છાતી), પાર્શ્વ (પડખું), કટિ (કેડ), ચરણ અને સ્કંધ (ખભા) ની ગણના અંગમાં કરેલી છે; ગ્રીવા (ડોક), બાહુ, પૃષ્ઠ (વાંસો), ઉદર, ઉરુ, જંઘા (સાથળ) મણિબંધ (કાંડું), અને જાનુ (ઢીંચણ) ની ગણના પ્રત્યંગમાં કરેલી છે અને દૃષ્ટિ, ભ્રૂ (ભમર), પુટ (પાંપણ), તારા (આંખની કીકી), કપોલ, નાસિકા, અનિલ (આંખની નીચેનો ભાગ), અધર (હોઠ), દંતિ, જિહ્વા, ચિબુક અને વદનની ગણના ઉપાંગમાં કરેલી છે. અંગવિક્ષેપમાં આ બધાનો ઉપયોગ અમુક પ્રકારે થાય છે.

વિલાસ એટલે મુખ, નેત્ર વગેરેની ચેષ્ટા. તાત્પર્ય

કે નૃત્યમાં અંગવિક્ષેપ–અંગમરોડ ઉપરાંત હાવ, ભાવ વગેરે પણ હોય છે.

નૃત્યના અનેક પ્રકારો છે અને તે ભરતનાટ્યશાસ્ત્ર, સરસ્વતીકંઠાભરણ, દશરૂપક વગેરે ગ્રંથોમાં વર્ણવાયેલા છે.

કેટલાક કહે છે કે–'અધ્યાત્મના ઉમેદવારોને ગાવું, બજાવવું તથા નાચવું એ બિલકુલ શોભતું નથી. એમણે તો શાંત બેસીને જે કંઈ થાય તે કરવું જોઈ એ.' પરંતુ આ કથન ઊંડી સમજ વિનાનું છે, ગાવું, બજાવવું અને નાચવું એ સંગીતકલાના મુખ્ય ત્રણ અંગો છે અને તે માનવજીવનમાં ઉચ્ચભાવો પ્રેરવા માટે ઉપયોગી છે; તેથી જ શાસ્ત્રકારોએ તેની પૂજા માન્ય રાખી છે. રાવણ એક બળવાન રાજા હતો, પણ તે રોજ ગીત–ગાનથી પ્રભુની પૂજા કરતો હતો. ઉદાયન રાજાની રાણી પ્રભાવતી પણ એ જ રીતે ગીત, વાજિંત્ર તથા નૃત્યથી દેવાધિદેવની પૂજા કરતી હતી. આ રીતે બીજા પણ અનેક ભવ્યાત્મા-ઓની સંગીતપૂજાનાં વર્ણનો શાસ્ત્રમાં આવે છે.

કલા પોતે સારી કે ખોટી નથી, પણ તેનો જે રીતે ઉપયોગ થાય છે, તે પરથી તે સારી કે ખોટી ઠરે છે, એટલે સુજ્ઞજનોએ તેનો સદ્ઉપયોગ કરવા તરફ જ લક્ષ રાખવું.

## ૭–લૂણ ઉતારવું

શ્રી ઉમાસ્વાતિકૃત પૂજાપ્રકરણમાં કહ્યું છે કે

'वह्नौ लवणनिक्षेपः, शान्त्यै तुष्ट्यै प्रशस्यते-પ્રભુપૂજન કરી રહ્યા પછી અગ્નિને વિષે લવણનો-લૂણનો-મીઠાનો પ્રક્ષેપ કરવો તે શાંતિ એટલે વિઘ્નનું ઉપશમન અને તુષ્ટિ એટલે ચિત્તની પ્રસન્નતા માટે પ્રશસ્ત છે.'

શ્રી ચૈત્યવંદન-મહાભાષ્યમાં કહ્યું છે કે—

**गंधव्व-नट्ट-वाइअ, लवणजलारत्तिआइ दीवाई ।**
**जंकिंचि ते सव्वंपि, ओअरई अग्गपूजाए ॥**

'ગાન કરવું, નૃત્ય કરવું, વાજિંત્રો વગાડવાં, લૂણ ઉતારવું, જલની ધારા કરવી, આરતી કરવી, મંગલદીવો કરવો વગેરે જે કાર્યો છે, તે અગ્રપૂજામાં અવતરે છે; અર્થાત્ તેનો સમાવેશ અગ્રપૂજામાં થાય છે.' એટલે લૂણ ઉતારવાની ક્રિયાને અગ્રપૂજાનો જ એક ભાગ સમજવાનો છે.

એક પાત્રમાં અગ્નિ રાખી તેના પર લૂણ નાખવું, અને તે હાથમાં રાખીને પ્રતિમાજી ફરતી ત્રણ પ્રદક્ષિણા દેવી તેને લૂણ ઉતારવાની ક્રિયા કહે છે. પ્રાચીન સ્નાત્ર-વિધિમાં આવતી નીચેની ગાથાથી આ વસ્તુ સ્પષ્ટ થાય છે.

**उअह ! पडिभग्गपसरं, पयाहिणं मुणिवइं करेऊणं ।**
**पडइ सलोणत्तण लज्जिअं व लोणं हुअवहंमि ।**

'જુઓ ! જેનો વેગ ભાંગી ગયો છે, તે આ લૂણ જિનેશ્વરદેવને ત્રણ પ્રદક્ષિણા કરીને, પોતાની ખારાશથી જાણે લજ્જા પામ્યું હોય, તેમ અગ્નિમાં પડે છે.'

હાથમાં જળ લઈ તેમાં થોડું લૂણ નાખવું અને

તેની પ્રતિમાજી ફરતી ત્રણ વાર ધારા દેવી, તેને પણ લૂણ ઉતારવાની ક્રિયા કહેવાય છે.

સ્નાત્રપૂજામાં આ બંને ક્રિયાઓનો ઉપયોગ થાય છે.

સંક્ષેપમાં કહીએ તો વિવિધ ઉપચારો વડે પ્રભુપૂજન થઈ ગયા પછી તેની જે શોભા બની હોય, તેનો જે ઠાઠ જામ્યો હોય, તેને કોઈની દૂષિત દૃષ્ટિથી કશી હરકત ન પહોંચે, તે માટે આ ક્રિયા કરવાની હોય છે, એટલે તે અવશ્ય કરવી જોઈએ.

કેટલાક કહે છે કે 'આ ક્રિયા તો તાંત્રિક છે, તેને જિનપૂજા જેવી ધાર્મિક ક્રિયામાં શા માટે સ્થાન આપવું જોઈએ?' તેનો ઉત્તર એ છે કે, 'તાંત્રિક ક્રિયા પણ શુભ પરિણામને લાવનારી હોય તો તેને અનુસરવામાં બાધ નથી. આ ક્રિયા શુભ પરિણામ લાવનારી છે, માટે જ તે કરવામાં આવે છે.'

**૮-આરતી અને મંગલદીવો.**

પ્રાચીન ગાથાઓમાં સત્તર ભેદી પૂજાનું વર્ણન નીચે પ્રમાણે આવે છે :-

**ण्हवण विलेवण अंगंमि,[१] चक्खुजुअलं च वासपुआए[२] ।**
**पुप्फारुहणं[३] मालारुहणं,[४] तह वन्नयारुहणं[५] ॥१॥**
**चुण्णारुहण[६] जिण-पुंगवाणं आहरणरोहणं[७] चेव ।**
**पुप्फगिह[८] -प्पुफपगरो,[९] आरत्तीमंगलपईवो[१०] ॥२॥**
**दीवो[११] धुधुक्खेवो,[१२] नेवेज्जं[१३] सुहफलाण[१४] ढोअणयं ।**
**गीअं[१५] नट्टं[१६] वज्जं[१७] पूआभेआ इमे सतरस ॥३॥**

'૧-સ્નાનવિલેપન (પ્રક્ષાલ, વિલેપન, ચંદન, કેસર) વગેરેથી અંગપૂજા, ૨-ચક્ષુયુગલ અને વસ્ત્ર (ચઢાવવાં તે) પૂજા, ૩-પુષ્પપૂજા, ૪-પુષ્પમાલ પૂજા, ૫-કસ્તૂરી આદિથી શોભા કરવી તે વર્ણકપૂજા, ૬-સુગંધી ચૂર્ણોથી પૂજા કરવી તે ચૂર્ણપૂજા, ૭-આભારણપૂજા, ૮-પુષ્પગૃહ (મંડપ) પૂજા, ૯-પુષ્પપ્રકર (ઢગ કરવા તે) પૂજા, ૧૦-આરતી-મંગલદીપપૂજા, ૧૧-દીપપૂજા, ૧૨-ધૂપપૂજા, ૧૩-નૈવેદ્યપૂજા, ૧૪-ફલપૂજા, ૧૫-ગીતપૂજા, ૧૬-નૃત્ય પૂજા અને ૧૭-વાજિંત્રપૂજા.' તાત્પર્ય કે આરતી ઉતારવી અને મંગલદીવો કરવો, એ પણ એક પ્રકારનો પૂજાનો સ્વતંત્ર ઉપચાર છે.

આરતીને સંસ્કૃતમાં आरात्रिक કહે છે. आरात्रिक નો પ્રાકૃત સંસ્કાર आरात्तिय છે અને તેના પરથી ગુજરાતી-હિંદી વગેરે ભાષામાં 'આરતી' શબ્દનો પ્રયોગ થાય છે.

आरात्रिक નો મૂળ અર્થ તો રાત્રિ પડવા વખતનો દીવો છે, પણ તે ધીમે ધીમે અર્થસંકોચ પામી પૂજાની પૂર્ણાહુતિ સમયનો દીપક એવા અર્થમાં રૂઢ થયેલો છે અને તેથી જ અગ્રપૂજાના અધિકારે ભણાવાતી દરેક પૂજાના અંત ભાગમાં તથા જિનમંદિરમાં સાયંકાળે તેનો ઉપચાર કરવામાં આવે છે, ત્યાર પછી છેલ્લો મંગલદીપ પ્રકટાવતાં પૂજાની પૂર્ણાહુતિ થાય છે.

આરતીના દીપક નિમિત્તનું જે સાધન તેને પણ

આરતી કહેવામાં આવે છે અને એ વખતે સ્તુતિ-સ્તવના રૂપ જે કાવ્યાદિ બોલાય છે, તેને પણ આરતી કહેવામાં આવે છે.

આરતી ઉતારવાનો વિધિ એવો છે કે ઉત્તમ પ્રકારના થાળમાં આરતી મૂકવી. તેનાં પાંચે ચાડાં ઘીથી ભરવાં અને તેમાં રૂની દીવેટો મૂકીને પાંચય દીપકશિખાઓ પ્રક-ટાવવી. એ વખતે પુરુષ હોય તો ખભે ખેસ નાખે. આરતી ઉતારતાં પહેલાં થાળમાં કંઇ પણ રૂપાનાણું નાખવું યોગ્ય છે. ત્યાર પછી 'नमोऽर्हत् सिद्धाचार्योपाध्यायसर्वसाधुभ्यः' પદ બોલીને નાસિકાથી ઊંચે નહિ અને નાભિથી નીચે નહિ એવી રીતે ત્રણ ઉપર તથા ત્રણ નીચેના આવર્ત પૂર્વક આરતી ઉતારવી. એ વખતે આરતીનાં પદો ભાવ-પૂર્વક બોલવાં.

આરતી પૂરી થયા પછી તેની દીપશિખાઓ પર બંને હાથ ફેરવી જમણા તથા ડાબા નેત્રે લગાડવાં અને બીજાને પણ તેવો લાભ મળે તે માટે ઉપસ્થિત જનસમુદાયમાં આરતી ફેરવવી. એમાં એ ભાવ ભાવવો કે 'મને ભાવ પ્રકાશનો લાભ મળો.' એ વખતે જેની જેવી ભાવના હોય તે પ્રમાણે તેમાં દ્રવ્ય નાખે.

આરતીમાં કપૂરનો ઉપયોગ પણ ઇષ્ટ મનાયો છે, એટલે કપૂર સળગાવીને પણ આરતી કરી શકાય.

ત્યાર બાદ આરતી નીચે મૂકીને એ જ થાળમાં કે

એ જ નિમિત્તના અન્ય થાળમાં મંગલદીવો પ્રકટાવવો. જે દીપક-દીવો અંત્યત મંગલ માટે અર્થાત્ પૂજાની પૂર્ણાહુતિ માટે પ્રકટાવાય તે મંગલપ્રદીપ-મંગલદીવો. તે વખતે આપણું સકળ સંઘનું, તેમ જ સર્વે જીવોનું મંગળ ઈચ્છવું જોઈએ. અન્ય શબ્દોમાં કહીએ તો જૈન ધર્મની પ્રધાન-ભાવના વિશ્વમૈત્રીની છે, તે અહીં યથાર્થપણે વ્યક્ત કરવી જોઈએ.

આ વખતે વાજિંત્ર વગાડવાનો વિધિ છે, એટલે ઘંટ, નગારાં વગેરે વગાડવાં જોઈએ. આથી આપણને એક કાર્ય સફળતાથી પાર પડયાનો આનંદ થાય છે અને લોકોને પૂજા પૂર્ણ થવાનો કે જિનમંદિર બંધ થવાનો સંકેત મળે છે.

આરતી તથા મંગલદીવાનાં પદ્યો ઘણાં પ્રસિદ્ધ હોવાથી અહીં આપ્યાં નથી.

[૧૮]

## ભાવપૂજા

જેમાં દ્રવ્ય ઉપચારોની મુખ્યતા હોય તે દ્રવ્યપૂજા કહેવાય અને જેમાં ભાવ ઉપચારોની મુખ્યતા હોય તે ભાવપૂજા કહેવાય. દ્રવ્યપૂજાની અપેક્ષાએ ભાવપૂજાનું સ્થાન ઘણું ઊંચું છે, એમ છતાં દ્રવ્યપૂજા સિવાય જીવનમાં ભાવપૂજા આવવી અશક્ય છે, એટલે પ્રથમ દ્રવ્યપૂજા અને પછી ભાવપૂજા આ ક્રમ ગૃહસ્થજીવન માટે અનિવાર્ય છે. ભાવ ઉપચારોમાં શ્રદ્ધારૂપી જળ હોય, આદરરૂપી ચંદન હોય, બહુમાનરુપી પુષ્પો હોય, ગુણચિંતનરૂપ ધૂપ હોય, પ્રણિધાનરૂપ દીપ હોય, આજ્ઞાપાલનરૂપ અક્ષત હોય, શરણાગતિરૂપ નૈવેદ્ય હોય અને ધ્યાનરૂપી ઉત્તમોત્તમ ફળ હોય.

ભાવપૂજાનું આલંબન લીધું કે આત્મા ઉચ્ચ–ઉચ્ચતર-ઉચ્ચતમ ભૂમિકાને સ્પર્શવા લાગે છે અને એમ કરતાં પરમપદે પ્રતિષ્ઠિત થઈ જાય છે. મહાપુરુષોએ કહ્યું છે કે–

**विग्घोवसामगेगा, अब्भुदयसाहिणी भवे बीआ ।**
**निव्वुइकारिणी तइया, फलया उ जहत्थ नामेहिं ॥**

'પહેલી અંગપૂજાનું નામ વિઘ્નોપશામિકા છે, બીજી

અગ્રપૂજાનું નામ 'અભ્યુદયસાધિની' છે અને ત્રીજી ભાવ-પૂજાનું નામ 'નિવૃત્તિકારિણી' છે આ ત્રણે પૂજાનાં ફળ તેમનાં નામ પ્રમાણે જાણવાં.'

તાત્પર્ય કે અંગપૂજાથી વર્તમાનજીવનમાં આવી પડતાં અનેક પ્રકારના વિઘ્નો કે કષ્ટોનું નિવારણ થાય છે; અગ્રપૂજાથી આ ભવમાં ઋદ્ધિ–સિદ્ધિ–સંપત્તિ–અધિકાર અને પરભવમાં દેવલોકની પ્રાપ્તિથી અભ્યુદય સધાય છે, જ્યારે ભાવપૂજાથી સમસ્ત દુઃખોની નિવૃત્તિરૂપ સિદ્ધિ, મુક્તિ, મોક્ષ કે પરમપદની પ્રાપ્તિ થાય છે.

આમાંથી સાર એ લેવાનો કે ભાવપૂજા એ શ્રેષ્ઠપૂજા છે, એટલે ઉપાસકે તેનું આલંબન પણ અવશ્ય લેવું જોઈએ. કોઈ એમ માનતા હોય કે 'આપણા પામર જીવોથી આવી પૂજા કેમ થઈ શકે? માટે તેનાથી સર્યું.' તો તેમણે શ્રી હરિભદ્રસૂરિજી વડે ત્રીજા પંચાશકમાં કહેવાયેલા નિમ્ન શબ્દો વિચારવા જેવા છેઃ

सह संजाओ भावो, पायं भावांतर जओ कुणई ।
ता एयमेत्थ पवरं, लिंगं सह भाववुड्ढी तु ॥११॥

'એકવાર ઉત્પન્ન થયેલો શુભ ભાવ પ્રાયઃ બીજા શુભ ભાવને ઉત્પન્ન કરે છે, તેથી કોઇ પણ પ્રકારે શુભભાવને ઉત્પન્ન કરવા માટે પ્રયત્ન કરવો. તે જ ભાવ–વંદનાનું શ્રેષ્ઠ લક્ષણ છે.'

**अमए देह–गए जह, अपरिणयम्मि वि सुभा उ भाव त्ति ।**
**तह मोक्ख–हेउ अमए, अण्णेहि वि हंदि णिदीट्ठा ॥१२॥**

'જેમ શરીરમાં સંચરેલું અમૃત ધાતુરૂપે પરિણમ્યું ન હોય તો પણ તે સુખદાયી જ થાય છે, તેમ મોક્ષના હેતુરૂપ ભાવ–અમૃત હૃદયમાં ઉત્પન્ન થવાથી તે સુખદાયી જ થાય છે. આમ (પતંજલિ આદિ) બીજાઓએ પણ કહ્યું છે.'

**मंताई–विहाणम्मि वि, जायइ कल्लाणिणो तहिं जत्तो ।**
**तत्तोऽधिगभावाओ, भव्वस्स इमीए अहिगो त्ति ॥१३॥**

'કલ્યાણના અર્થીનો મંત્રાદિ–વિધાનમાં પણ પ્રયત્ન હોય છે, તો તેથી અધિક ફળ આપનાર ચૈત્યવંદનાને વિષે ભવ્ય જીવનો અધિક પ્રયત્ન હોવો જોઈએ.'

**एईए परमसिद्धि जायइ, जत्तो दढं तओ अहिगा ।**
**जत्तम्मि वि अहिगत्तं, भव्वस्सेयाणुसारेण ॥१४॥**

'મંત્રાદિ વડે સામાન્ય સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે, જ્યારે 'ચૈત્યવંદના' વડે પરમ સિદ્ધિ (મોક્ષ) પ્રાપ્ત થાય છે, એ વાતનો ખ્યાલ કરીને ભવ્ય જીવોએ 'ચૈત્ય-વંદના'માં ઘણો વધારે પ્રયત્ન કરવો જોઈએ.'

**पायं इमीए जत्ते, ण होइ इहलोगिया वि हाणि त्ति ।**
**णिरुवक्कम–भावाओ, भावो वि हु तीइ छेयकरो ॥१५॥**

'આમાં યત્ન કરવાથી પ્રાયઃ ઇહલૌકિક હાનિ પણ નથી, તેમ છતાં પૂર્વના નિરુપક્રમ કર્મને લીધે હાનિ થાય, તો ચૈત્યવંદનાના ભાવવડે તેના અનુબંધનો (દુઃખની પરંપરાનો) છેદ થાય છે.'

**मोक्खद्ध–दुग्ग–गहणं, एयं तं सेसगाण वि पसिद्धं ।**
**भावेयव्वमिणं खलु, सम्मं ति कयं पसंगेणं ॥१६॥**

'આ 'ભાવવંદન' મોક્ષમાર્ગમાં પ્રવૃત્તિ કરનારને કર્મ કે કષાયરૂપ ચોરાદિકના ઉપદ્રવથી બચવા માટે દુર્ગ જેવું છે. અન્ય દર્શનકારોએ પણ તેને એ પ્રકારનું કહેલું છે; તેથી તેના પર સારી રીતે વિચાર કરવો, એટલે એ સંબંધી વધારે ઉલ્લેખ કરવાથી સર્યું.'

ચૈત્યવંદન સમયે સૂત્રાદિક શુદ્ધ ઉચ્ચારણપૂર્વક બોલવા જોઈએ, તે વખતે જે મુદ્રા રચવાની હોય તે બરાબર રચવી જોઈએ, અને તેના અર્થ અને વિષયમાં સતત ઉપયોગ રાખવો જોઈએ. પરંતુ આ ત્રણેય બાબતોમાં આજે ઘણે સ્થળે બહુ મોટી ખામી જોવામાં આવે છે સૂત્રોચ્ચારમાં શુદ્ધિ ઓછી હોય છે, વળી તેમાં સંપદા વગેરેનો વિવેક હોતો નથી અને ગદ્ય-પદ્ય બધું એક જ ઢબે બોલી જવામાં આવે છે. પાઠશાળાઓ કે જ્યાં આ વિષયનું ખાસ શિક્ષણ આપવામાં આવે છે, ત્યાં પણ આ બાબત પર જોઈએ તેવું લક્ષ અપાતું નથી. અથવા તો શિક્ષકોને જ આ વિષયનું પૂરું જ્ઞાન ન હોય, ત્યાં સુંદર-સારા પરિણામની આશા ક્યાંથી રાખી શકાય ?

સૂત્રોનું શિક્ષણ આપતી વખતે પ્રથમ સંહિતા એટલે શબ્દોચ્ચારણની પદ્ધતિ શીખવવી જોઈએ, પછી પદો છૂટાં પાડતાં શીખવવા જોઈએ, એ છૂટાં પાડેલાં દરેક પદનો અર્થ શીખવવો જોઈએ, જો તે સામાસિક પદ હોય તો તેનો વિગ્રહ કરવો જોઇએ, એટલે કે સમાસ છૂટો પાડી બતાવવો જોઇએ, પછી તેના પર તર્ક કરી તેનું યોગ્ય સમાધાન શું છે? તે પણ જણાવવું જોઈએ. જો આ રીતે સૂત્રોનું શિક્ષણ અપાય તો શબ્દોચ્ચારમાં શુદ્ધિ રહે અને તેના અર્થ તથા વિષયમાં પણ બરાબર ઉપયોગ રહે.

વળી મુદ્રાઓ અંગે પણ કેટલીક પાઠશાળાઓમાં જોઈએ તેવી ચોકસાઈથી શિક્ષણ અપાતું નથી, એટલે તે બાબતની ખામી રહી જાય છે અને તે આગળ પર કોઈ અસાધારણ ઘટના ન બને તો સુધરતી નથી. દહેરાસરમાં પાંચ જણ ચૈત્યવંદન કરવા બેઠા હોય, તો મુદ્રા અંગે પાંચેયની સ્થિતિ જુદી જુદી જોવામાં આવે છે. તેમાંથી એક-બે તો મુદ્રા રચી ન રચી ને ક્રિયા કર્યાનો સંતોષ પામે છે અને બાકીના ત્રણ–ચાર એક જ મુદ્રા જુદી જુદી રીતે કરે છે, પણ એક જ ઢબે કે એક જ રીતે કરતા નથી; તેનું કારણ એ છે કે તે અંગે પ્રથમથી જ જે ચોકસાઈપૂર્વક શિક્ષણ અપાવું જોઈએ, તે અપાતું નથી.

સાધુ–મુનિરાજો કે જેઓને સામાન્ય રીતે આ વિષયનું સારું જ્ઞાન હોય છે, તેઓ વ્યાખ્યાન–પ્રસંગે કે તે માટે

ખાસ વર્ગો યોજીને આ બાબતનું જૈન સંઘને શિક્ષણ આપે, તે ઘણું જ જરૂરનું છે.

સૂત્રો એ માત્ર બોલી જવાની વસ્તુ નથી; એ ચિંતનીય છે, મનનીય છે; એટલે કે તેના પર વારંવાર ચિંતન-મનન કરવું જોઈએ. તો જ તેમાં રહેલું રહસ્ય યથાર્થપણે સમજાય અને આપણા આત્માપર પડેલો અજ્ઞાનનો પડદો હઠી જાય. જેમ દહીંનું મંથન કરવાથી માખણની-ઘીની પ્રાપ્તિ થાય છે, તેમ સૂત્રો અંગે વિચારમંથન કરવાથી જ તત્ત્વની પ્રાપ્તિ થાય છે અને તે આપણા કલ્યાણનું કારણ બને છે.

હવે ચૈત્યવંદન કેવી રીતે કરવું જોઈએ, તે દર્શાવીશું.

## ૧-પ્રણિપાત કરી આદેશ માગવો

'મહાનિશીથ' આગમ કહે છે કે, દરેક ધર્મક્રિયા 'ઇરિયાવહિય' પ્રતિક્રમવાપૂર્વક શુદ્ધ થાય છે, એટલે પહેલાં ઇર્યાપથિકી-પ્રતિક્રમણની ક્રિયા કરાય છે. એમાં ખમાસમણ દઈ ઈરિયાવહિય, તસ્સ ઉતરી, અન્નત્થ સૂત્ર બોલી એક લોગસ્સ (૨૫ ઉચ્છ્વાસ)નો કાયોત્સર્ગ કરી ઉપર લોગસ્સસૂત્ર બોલાય છે. પછી કોઇપણ ધર્માનુષ્ઠાન ગુરુ અગર દેવને વંદન કરી તેમની આજ્ઞાપૂર્વક કરવું જોઇએ, એ હેતુથી પ્રથમ ત્રણ વાર ખમાસમણસૂત્રનો પાઠ બોલવાપૂર્વક પ્રણિપાતની ક્રિયા કરવી જોઈએ અને 'ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્! ચેઇયવંદણં કરેમિ' એ

શબ્દોવડે ચૈત્યવંદનનો આદેશ માગવો જોઇએ. અહીં એ ખાસ ધ્યાન રહે કે 'ઇચ્છામિ ખમાસમણો'-'ઇચ્છા-કારેણ સંદિસહ ભગવન્....' વગેરે આદેશ માગતી વખતે બે હાથની અંજલી જોડેલી જોઈએ, એટલે પહેલા ખમા-સમણા પછી બીજા-ત્રીજા ખમાસમણા વખતે આ લક્ષ રાખવાનું.

## ૨-આદેશનો સ્વીકાર કરવો

આદેશ મળ્યા પછી અને તેનો સ્વીકાર કર્યા પછી જ ક્રિયામાં આગળ વધવું જોઇએ, એટલે અહીં ગુરુની કે વડીલની ઉપસ્થિતિ હોય તો તે આદેશ આપે, અન્યથા 'ઇચ્છં' કહીને આદેશ માથે ચડાવી આગળ વધવું જોઈએ.

## ૩-વીરાસને બેસવું

ચૈત્યવંદનની ક્રિયા 'લલિતવિસ્તરા'માં જણાવ્યા મુજબ બે ઢીંચણ જમીનને અડાડી, પગની પાની પર બેસીને થાય છે. બીજા મતે એ વીરાસને બેસીને કરવાની છે, એટલે જમણો ઢીંચણ નીચે સ્થાપી ડાબો ઢીંચણ ઊભો રાખવો જોઇએ.

## ૪-મંગળ આદ્યસ્તુતિ

પછી બે હાથ જોડી મંગલરૂપ 'સકલકુશલવલ્લી' બોલવાપૂર્વક આદ્યસ્તુતિ બોલવી. મંગળરૂપ આદ્ય-સ્તુતિને વર્તમાન પરિભાષામાં 'ચૈત્યવંદન' કહેવામાં આવે છે. જે સ્તુતિ ચૈત્યવંદનના પ્રારંભે બોલાય, તે ચૈત્યવંદન,

અહીં પૂર્વાચાર્યકૃત સંસ્કૃત, પ્રાકૃત, ગુજરાતી, હિંદી, મરાઠી આદિ કોઈ પણ ચૈત્યવંદન બોલી શકાય, પણ પ્રભાતનો સમય હોય તો 'જગચિંતામણિ' સૂત્ર બોલવું. આ આખું સૂત્ર પદ્યમાં છે અને તે સુંદર રાગે બોલી શકાય છે. વળી એ પણ ખ્યાલ રાખવો કે દહેરાસરમાં ચૈત્યવંદન કરતાં હોઈએ તો ત્યાં જે ભગવાનની સામે ચૈત્યવંદન કરતા હોઇએ તેમનાં સ્તુતિ-સ્તવન કહેવાં જોઈએ, એમ શ્રી હરિભદ્રસૂરિ મહારાજ કહે છે. બાકી બીજે ચૈત્યવંદન-દેવ-વંદન કરીએ ત્યાં પર્વતિથિ હોય તો તે પર્વતિથિનું ચૈત્યવંદન બોલવું અને તીર્થયાત્રાનો પ્રસંગ હોય તો તે તીર્થનું ચૈત્યવંદન બોલવું. અહીં એટલી સ્પષ્ટતા કરવી ઉચિત ગણાશે કે શબ્દના ઉચ્ચારની સાથે તેના અર્થ પરત્વે ઉપયોગ હોવો જોઈએ, અન્યથા તેની ગણના દ્રવ્યપૂજામાં થાય અને ભાવપૂજા બાજુએ રહી જાય.

## ૫-વંદનાવિધિ

ત્યાર પછી સર્વ તીર્થોને, સર્વ અરિહંત ભગવંતોને, સર્વ ચૈત્યોને તથા સર્વ સાધુઓને વંદન કરવા માટે અનુક્રમે 'જંકિંચિ' સૂત્ર, 'નમોત્થુણં' 'જાવંતિ ચેઈ-આઇ' સૂત્ર અને 'જાવંત કેવિ સાહૂ' સૂત્ર બોલવા જોઈએ. તેમાં 'નમોત્થુણં' સૂત્ર બોલતી વખતે યોગમુદ્રા ધારી રાખવી જોઇએ અને પછીનાં બે સૂત્રો વખતે મુક્તા-શુક્તિમુદ્રા ધારણ કરવી જોઈએ. વળી આ બે સૂત્રો

વચ્ચે એક વાર ખમાસમણસૂત્ર બોલીને પ્રણિપાત પણ કરી લેવો જોઈએ.

'નમોત્થુણં' સૂત્ર અર્થમાં ઘણું ગંભીર છે. તેના ઉપર શ્રી હરિભદ્રસૂરિએ લલિતવિસ્તરા નામની ઘણી સુંદર ટીકા લખેલી છે. આ ટીકા પર પૂ. પં. આ. શ્રી ભુવનભાનુસૂરિજી મહારાજે ગણિવરે માર્મિક પ્રવચનો આપેલાં છે અને તે 'પરમ તેજ' નામથી ગ્રંથરૂપે બહાર પડેલાં છે, તે અવશ્ય જોઈ લેવાં. વળી અમોએ શ્રી પ્રતિક્રમણસૂત્રપ્રબોધ–ટીકાભાગ પહેલામાં તેના પર જે અષ્ટાંગી વિવરણ કર્યું છે, તે પણ જોવા યોગ્ય છે.

'યોગમુદ્રા કોને કહેવાય?' તેનો ઉત્તર એ છે કે 'માંહો માંહે દશ આંગળીઓ આંતરી, કમળના ડોડાના આકારે બંને હાથો રાખી, પેટ ઉપર હાથની કોણીઓ સ્થાપવી, તે યોગમુદ્રા કહેવાય.'

'મુક્તાશુક્તિમુદ્રા કોને કહેવાય?' તેનો ઉત્તર એ છે કે 'માંહે માંહે આંગળીઓ આંતરી ન હોય એવા બે હાથ પોલા રાખી લલાટે લગાડવા, તે 'મુક્તાશુક્તિ-મુદ્રા' કહેવાય. મુક્તાશુક્તિ એટલે મોતીની છીપ. તેના જેવો આકાર કરવો, તે મુક્તિશુક્તિમુદ્રા.

'ચૈત્યવંદનના અધિકારે સાધુઓને વંદના કેમ?' એ પ્રશ્નનો ઉત્તર એ છે કે 'જુદી જુદી ભૂમિકાએ રહીને

આત્મવિકાસની સાધના કરી રહેલા સાધુપુરુષો-સંત પુરુષો ચૈત્યવંદનરૂપી શ્રદ્ધાયોગ કે ભક્તિયોગની ભાવનાને દૃઢ કરવામાં નિમિત્તભૂત છે, માટે તેમને પણ વંદના કરવી જોઈએ.

શુદ્ધ ભાવે થતી વંદનામાં કેટલી શક્તિ રહેલી છે, તે અમે નમસ્કાર-પ્રકરણમાં દર્શાવી ગયા છીએ, એટલે અહીં તેનું વિશેષ વિવેચન કરતા નથી, પણ એટલું જણાવી છીએ કે ભાવની બને તેટલી શુદ્ધિ રાખવી, મનને જરા પણ ચલ-વિચલ થવા દેવું નહિ, જરા પણ આડું અવળું જોવું નહિ, તથા દૃષ્ટિ પ્રભુની સમક્ષ જ રાખવી.

### ૬-સ્તવન

ત્યાર પછી પ્રભુના ગુણચિંતનરૂપે સ્તવનાનો આરંભ કરવો. તેમાં મંગલાચરણરૂપે 'नमोऽर्हत् सिद्धाचार्योपाध्यायसर्वसाधुभ्यः' એ સૂત્ર બોલવું. અહીં એક કે વધારે સ્તવનો બોલી શકાય, પણ તે અર્થગંભીર, સુંદર રાગવાળાં તથા ભાવની ઉત્તરોત્તર વૃદ્ધિ કરે તેવાં હોવાં જોઈએ. કેટલાંક સ્તવનો ઔપદેશિક હોય છે અને આપણે સમજવા જેવા હોય છે, તે અહીં બોલવાં નહિ.

જો સ્તવન આવડતું ન હોય તો 'ઉવસગ્ગહરં' સ્તોત્રનો પાઠ બોલી શકાય, પણ જિનોપાસનાનો ઉમંગ-અભિલાષ રાખનારે તો કેટલાંક સુંદર સ્તવનો કંઠસ્થ કરી લેવાં જ જોઈએ અને તે પદ્ધતિસર ગાતાં પણ શીખવું જોઈએ.

## ૭-પ્રણિધાન

અંતરની શુભ ભાવનાઓને દૃઢ કરવી, એ પ્રણિધાન કહેવાય છે. આવું પ્રણિધાન કરવા માટે મુક્તાશુક્તિમુદ્રાએ જયવીયરાય સૂત્રનો પાઠ બોલવો. 'આભવમખંડા' પદ પછી બંને હાથ નીચે લઈ લેવા.

અહીં સ્ત્રીઓએ મર્યાદાની રક્ષા ખાતર લલાટે હાથ લગાડવાના નથી.

આ સૂત્રને પ્રાર્થનાસૂત્ર પણ કહેવામાં આવે છે, કારણ કે તેમાં નીચેની વસ્તુઓ પ્રાર્થવામાં આવે છેઃ—

(૧) ભવનિર્વેદ—ભવભ્રમણનો કંટાળો.

(૨) માર્ગાનુસારિતા—મોક્ષમાર્ગનું અનુસરણ કરનારું જીવન.

(૩) ઈષ્ટફલસિદ્ધિ—ચિત્તસ્વાસ્થ્ય અને ધર્મારાધનની પ્રવૃત્તિ-નિમિત્તે આ જીવનના અભિમત અર્થની નિષ્પત્તિ.

(૪) લોકવિરુદ્ધ ત્યાગ—શિષ્ટજનોએ નિંદેલી આ લોક અને પરલોકને અહિતકારી પ્રવૃત્તિઓનો ત્યાગ.

(૫) ગુરુજનપૂજા—ગુરુજનો પ્રત્યે શ્રદ્ધા-આદર-માનપૂર્વક સેવાભક્તિ.

(૬) પરાર્થકરણ—બીજાનું ભલું કરવાની વૃત્તિ તથા પ્રવૃત્તિ. તેનો પર્યાયશબ્દ 'પરોપકાર' છે.

(૭) શુભ ગુરુનો યોગ, સમાગમ.

(૮) અખંડ ગુરુવચનસેવા—જીવનભર સુગુરુના ઉપદેશનું પાલન.

વીતરાગ એવા શ્રી જિનેશ્વરદેવ પાસે શારીરિક આરોગ્ય, ધન, સંપત્તિ, અધિકાર, પત્નીનું સુખ, પરિવારનું સુખ, સામાજિક પ્રતિષ્ઠા વગેરેની માગણી કરવી, એ સંસાર-વૃદ્ધિનું કારણ હોઈ નિદાનબંધન અર્થાત્ નિયાણું કહેવાય છે અને તેથી ભવભીરુ આત્માઓએ એમાંથી બચવું જોઇએ. ઉપર્યુક્ત આઠ વસ્તુઓની માગણી મોક્ષપ્રાપ્તિ માટે ઉપકારક હોઈ નિયાણામાં ગણાતી નથી અને તેથી જ ભાવપૂજાના અવસરે તે રજૂ કરવામાં આવે છે. આનો પરમાર્થ એ છે કે શ્રી જિનેશ્વરદેવની ભાવપૂજા કરનારે મોક્ષ પ્રત્યે અતિ રુચિવંત થઈને તેના સાધનરૂપે આ બધી વસ્તુઓ પ્રાપ્તિ કરવી જોઈએ. સાધન વિના સિદ્ધિ નથી, એ કહેવાની જરૂર છે ખરી?

## ૮–કાયોત્સર્ગ

ત્યાર પછી ઊભા થઈને જિનમુદ્રાએ 'અરિહંત ચેઈઆણં' તથા 'અન્નત્થ' સૂત્ર બોલવાં જોઈએ અને તેમાં વંદનાદિ છ નિમિત્ત તથા શ્રદ્ધાદિ પાંચ સાધનોનું પ્રણિધાન કરીને કાયોત્સર્ગમાં એક નમસ્કાર ચિંતવવો જોઈએ. ત્યાર બાદ 'નમો અરિહંતાણં' પદ બોલીને તેની પૂર્ણાહુતિ કરવી જોઈએ.

'જિનમુદ્રા કોને કહેવાય?' તેનો ઉત્તર એ છે કે 'આગળના ભાગમાં ચાર આંગળ જેટલા પહોળા અને પાછળના ભાગમાં તેથી કંઈક ન્યૂન પહોળા એ રીતે બે પગ રાખી, હાથ ઈક્ષુદંડની માફક લટકતા રાખવા, એ જિનમુદ્રા કહેવાય.'

વંદનાદિ છ નિમિત્તો એટલે વંદન, પૂજન, સત્કાર, સન્માન, બોધિલાભ અને નિરુપસર્ગતા. તેને નિમિત્ત કહેવાનું કારણ એ છે કે તેના લાભ અર્થે આ કાયોત્સર્ગ કરવામાં આવે છે.

અહીં કદાચ એવો પ્રશ્ન થાય કે 'અંગપૂજા તથા અગ્રપૂજામાં વંદન, પૂજન, સત્કાર તથા સન્માન આવી જાય છે, પછી તેના નવા લાભનો પ્રશ્ન રહ્યો ક્યાં?' તેનો ઉત્તર એ છે કે 'આ ક્રિયાઓ સ્વયં કરવારૂપે થઈ, હવે તેનો અધિક ભાવોલ્લાસ પ્રકટ થવાથી બીજાઓથી થઈ રહેલ એ ક્રિયાઓની પણ અનુમોદના કરવારૂપે આ કાયોત્સર્ગ થાય છે. આ ક્રિયાના ફળરૂપે આપણને બોધિ-લાભ એટલે અધિકાધિક ધર્મપ્રાપ્તિ થવી જોઈએ અને તેના ફળરૂપે નિરુપસર્ગતા એટલે મોક્ષ મળવો જોઈએ, એ ભાવના પણ અહીં દૃઢ કરવાની છે.

શ્રદ્ધાદિ પાંચ સાધનો એટલે શ્રદ્ધા, મેધા, ધૃતિ, ધારણા અને અનુપ્રેક્ષા. ભાવના ઉલ્લાસ સાથે યથાર્થ કાયોત્સર્ગ–ધ્યાન કરવામાં આ પાંચે વસ્તુ ઘણી ઉપયોગી છે, એટલે તેને સાધન ગણવામાં આવે છે. આ સાધનમાં

ઉત્તરોત્તર વિશુદ્ધ ક્રમ બતાવ્યો છે, તે આ રીતે : શ્રદ્ધા બળવતી બને, એટલે મેધા નિર્મળ થતી જાય છે. મેધા નિર્મળ બને, એટલે ધૃતિ ઉત્પન્ન થાય છે, અર્થાત્ મનના પરિણામોમાં સ્થિરતા આવતી જાય છે. મનના પરિણામો સ્થિર બનતા જાય, તેમ ધારણા સિદ્ધ થતી જાય છે અને ધારણા સિદ્ધ થતી જાય કે અનુપ્રેક્ષા-સૂક્ષ્મ તત્ત્વચિંતન યથાર્થપણે થવા લાગે છે. એટલે ઉપાસકે શ્રદ્ધાથી સુસજ્જ થઈને આ કાયોત્સર્ગ કરવાનો છે.

કાયોત્સર્ગ એટલે કાયાનો ઉત્સર્ગ. અહીં કાયાથી કાયા-દેહ-શરીર સંબંધી મમત્વ અને ઉત્સર્ગથી ત્યાગ સમજવાનો છે. તાત્પર્ય કે શરીર પરની મમતા છોડીને તેને ગ્રહણ કરેલા આસને સ્થિર કરવી, વાણીનો પણ નિગ્રહ કરવો અને મનને આત્મશુદ્ધિના ચિંતનમાં જોડી દેવું, એ કાયોત્સર્ગની સાચી અવસ્થા છે.

### ૯-અંત્ય મંગલ

ત્યાર પછી અંત્ય મંગલ તરીકે 'કલ્લાણકંદં' સૂત્રની પ્રથમ ગાથા કે અન્ય સ્તુતિ બોલવી જોઈએ કે જેને થુઈ અથવા થોય કહેવામાં આવે છે. આ સ્તુતિ કરતાં પહેલાં મંગલાચરણ તરીકે 'नमोर्हत्' નો પાઠ બોલવો-આવશ્યક છે.

### ૧૦-પૂર્ણાહુતિ

સ્તુતિ બોલાઈ ગયા પછી ખમાસમણનો પાઠ બોલવા પૂર્વક પ્રણિપાત કરતાં ચૈત્યવંદનનો વિધિ પૂરો થાય છે.

## ચૈત્યવંદનના ત્રણ પ્રકારો

પંચાશકમાં કહ્યું છે કે–

**नवकारेण जहण्णा, दंडगथुइजुगल मज्झिमा गेया ।**
**संपुण्णा उक्कोसा, विहिणा खलु वंदणा तिविहा ॥**

'નમસ્કાર વડે જઘન્યા, દંડક અને સ્તુતિયુગલ વડે મધ્યમા, તથા સંપૂર્ણ વિધિવડે ઉત્કૃષ્ટા, એમ ચૈત્ય-વંદના ત્રણ પ્રકારની છે.'

નમસ્કાર શબ્દથી અહીં માત્ર નમસ્કારરૂપ ટુંકી સ્તુતિ સમજવાની છે. એ બોલતાં જઘન્ય ચૈત્યવંદન થાય છે. દંડક એટલે નમોત્થુણં સૂત્રનો પાઠ. સ્તુતિ પ્રસિદ્ધ છે. તે બંનેનું યુગલ એટલે નમોત્થુણં સૂત્ર અને તેની સાથે સ્તુતિ–સ્તવના પણ હોય તો તે મધ્યમ કોટિનું ચૈત્યવંદન ગણાય છે. સંપૂર્ણ વિધિ એટલે પાંચ અભિગમ સાચવીને ત્રણ પ્રદક્ષિણાયુક્ત પૂજા કર્યા પછી પાંચ પ્રસિદ્ધ દંડકો, ત્રણ સ્તુતિ અને 'જયવીયરાય' આદિ પ્રણિધાનત્રિકનો પાઠ બોલતાં ઉત્કૃષ્ટ ચૈત્યવંદન થાય છે, એટલે ઉપર જે ચૈત્યવંદનનો વિધિ બતાવ્યો છે, તે મધ્યમ કોટિના ચૈત્ય-વંદનનો સમજવાનો છે.

ચૈત્યવંદન અથવા દેવવંદનનું રહસ્ય સમજાવવા માટે તપોગચ્છધુરંધર શ્રીમદ્ દેવેન્દ્રસૂરિએ શ્રી દેવવંદનભાષ્યની રચના કરેલી છે અને તેમાં ચૈત્યવંદનના દરેક અંગ પર વિશદ ચર્ચા–વિચારણા કરેલી છે, તે જોવાથી આ ક્રિયાની ભવ્યતા સમજાશે.

વાસ્તવમાં ચૈત્યવંદન એ ચમત્કારિક વસ્તુ છે, પણ આપણને તેનો ચમત્કાર અનુભવાતો નથી, કારણ કે આપણા ચિત્તની ચંચળતા ઘણી છે; વળી તે વિષય અને કષાયના રંગે રંગાયેલું છે, એટલે ચૈત્યવંદનની ક્રિયામાં જે એકાગ્રતા જામવી જોઈએ તે જામતી નથી અને તેથી જે અપૂર્વ આનંદનો અનુભવ થવો જોઈએ, તે થતો નથી. તાત્પર્ય કે ચૈત્યવંદનની ક્રિયા યથાર્થપણે કરવી હોય તો ચિત્તની ચંચળતા ઘટાડવી જોઈએ અને વિષયાકર્ષણ તથા કષાયો પણ ઓછા કરવા જોઈએ. જેમ જેમ આ વસ્તુ સિદ્ધ થતી જાય, તેમ તેમ ચૈત્યવંદન શુદ્ધ ભાવે થતું જાય અને એમ કરતાં એક અવસર એવો જરૂર આવે કે આપણે આ ચૈત્યવંદનની ક્રિયા વિશુદ્ધપણે કરી મોક્ષની પ્રાપ્તિ કરી શકીએ. વર્તમાન સમયે પણ કેટલાક ભવ્ય આત્માઓને ચૈત્યવંદન કરતાં જોઈએ છીએ, તો સ્પષ્ટ અનુભવાય છે કે એ આત્માઓ અન્ય તો શું પણ દેહનું ય ભાન ભૂલી ગયેલ હોય છે. એવા આત્માઓ જ્યારે આ વિધિ કરતાં હોય છે, ત્યારે વાતાવરણ ધીર, ગંભીર બની ગયું હોય છે, અને ત્યાં રહેલા અન્ય જીવો ઉપર પણ તેની એવી અસર પડતી હોય છે કે તેઓ પણ તેમાં એકરસ અને એકરૂપ બની જાય. આવા આત્માઓને સામે રાખીને આ ક્રિયાવિધિ કરવામાં આગળ વધવું કે જેથી એનો આસ્વાદ વધતે ભાવે અનુભવી શકાય.

## સ્નાત્રપૂજા

### ૧-સ્નાત્રપૂજા શા માટે?

જૈન મહર્ષિઓએ કહ્યું છે કે—

नृत्यन्ति नृत्यं मणि–पुष्प–वर्षं,
सृजन्ति गायन्ति च मङ्गलानि ।
स्तोत्राणि गोत्राणि पठन्ति मन्त्रान्,
कल्याणभाजो हि जिनाभिषेके ॥

'કલ્યાણના ભાગી એવા પુણ્યશાળી આત્માઓ શ્રી જિનેશ્વરદેવના અભિષેક સમયે, અર્થાત્ સ્નાત્રક્રિયા પ્રસંગે આનંદથી નૃત્ય કરે છે, વિવિધ પ્રકારનાં રત્નો અને પુષ્પો ઉછાળે છે, મંગલ ગીતો ગાય છે; તેમજ તે સમયે અર્થગંભીર સ્તોત્રો બોલે છે; શ્રી જિનેશ્વદેવના ગોત્રની યશોગાથાઓ ગાય છે, અને રહસ્યભરેલાં મંત્રોનું ઉચ્ચારણ પણ કરે છે.'

સ્નાત્રમહોત્સવનો આ આનંદ આપણે સહુ કોઈ માણી શકીએ, તે માટે સ્નાત્રપૂજાની યોજના છે.

### ૨-સ્નાત્રપૂજાથી તથા લાભો

જ્યારે કોઈ મોટી વિસ્તારવાળી પૂજા હોય કે પર્વતિથિ હોય ત્યારે સ્નાત્રપૂજા અવશ્ય ભણાવવી જોઈએ

અને ભાવના તથા શક્તિ હોય તો રોજ પણ ભણાવી શકાય. તેથી વિઘ્નોનું નિવારણ થાય છે, સમ્યક્ત્વની શુદ્ધિ થાય છે, ચિત્તની નિર્મળતા થાય છે અને ધાર્મિક જીવન જીવવા માટે પ્રબળ પ્રેરણા મળે છે. જે ભાગ્યશાળીઓ રોજ સ્નાત્રપૂજા ભણાવ્યા પછી જ સંસાર-વ્યવહારના કામે વળગે છે, તેમની આપણે ભૂરિ ભૂરિ અનુમોદના કરીએ.

## ૩-પં. શ્રી વીરવિજયજીકૃત સ્નાત્રપૂજા

પ્રથમ સ્નાત્રપૂજા પ્રાકૃત ગાથાઓ વડે ભણાવવામાં આવતી, પણ કાલના પ્રવાહ સાથે ભાષાનું ધોરણ બદલાયું ને તેની રચના વર્તમાન ભાષામાં થવા લાગી. એ રીતે પંડિત શ્રી દેવચંદ્રજી, પંડિત શ્રી રૂપવિજયજી, તથા પં. વીરવિજયજી મહારાજ, કવિ દેપાલ વગેરેએ સ્નાત્રપૂજાઓ રચેલી છે. તેમાં પં. શ્રી વીરવિજયજી મહારાજની રચેલી સ્નાત્રપૂજા ઘણી લોકપ્રિય છે. આ પૂજા વિવિધ પૂજા-સંગ્રહમાં તથા સ્વતંત્ર રીતે પણ છપાયેલી છે અને તેનો બહોળો પ્રચાર હોવાથી તેનો મૂલ પાઠ તથા વિધિ અહીં અક્ષરશઃ આપતાં નથી, પણ તેના પર કેટલુંક સારભૂત વિવેચન કરીએ છીએ, જે પાઠકોને સ્નાત્રનું રહસ્ય તથા ઉપયોગિતા સમજવામાં ઘણું સહાયભૂત થશે.

## ૪-કેટલીક સૂચના

સ્નાત્રપૂજામાં બાજોઠ, સિંહાસન, કલશ, ફાનસ,

ધૂપધાણું આદિ નાની મોટી ૪૪ પ્રકારની વસ્તુઓની જરૂર પડે છે, તે પ્રથમથી જ તૈયાર રાખવી જોઈએ. ત્યારપછી તેનો નીચે મુજબ પ્રાથમિક વિધિ કરીને પૂજાનો પ્રારંભ કરવો જોઈએ :

(૧) પ્રથમ મેરુપર્વતના ત્રણ વિભાગના પ્રતીકરૂપે સુંદર ત્રણ બાજોઠ મૂકી તે ઉપર સિંહાસન મૂકવું.

(૨) પછી નીચેના બાજોઠ ઉપર કેસરનો સાથિયો કરી ઉપર ચોખા પૂરીને શ્રીફળ મૂકવું.

(૩) પછી તેજ બાજોઠ ઉપર કેસરના સાથિયા આગળ બીજા ચાર સાથિયા કરી તે ઉપર ચાર કળશ નાડાછાડી બાંધી પંચામૃત ભરીને મૂકવા. પંચામૃત એટલે દૂધ, દહીં, ઘી, પાણી અને સાકરનું મિશ્રણ.

(૪) સિંહાસનના મધ્ય ભાગમાં કેસરનો સાથિયો કરી, ચોખા પૂરી, રૂપાનાણું મૂકી, ત્રણ નવકાર ગણી તેના ઉપર ધાતુના પ્રતિમાજી પધરાવવા.

(૫) એ પ્રતિમાજી આગળ બીજો સાથિયો કરી તેના ઉપર શ્રી સિદ્ધચક્રજી પધરાવવા.

(૬) પ્રતિમાજીની જમણી બાજુએ પ્રતિમાજીની નાસિકા સુધી જ્યોત આવે એટલો ઊંચો ઘીનો દીવો મૂકવો.

(૭) પછી સ્નાત્રિયાઓએ હાથે નાડાછડી બાંધી, હાથમાં પંચામૃત ભરેલો કળશ લઈ, ત્રણ નવકાર ગણી,

પ્રતિમાજી તેમજ સિદ્ધચક્રજીને પ્રક્ષાલ-પખાલ કરવો. સ્નાત્રક્રિયામાં ભાગ લેનારાઓને સ્નાત્રિક-સ્નાત્રિયો કહેવામાં આવે છે.

(૮) પછી પાણીભર્યા મુલાયમ વસ્ત્રથી પ્રભુના અંગનું કેશર ઉતારી પાણીનો પખાલ કરી, ત્રણ અંગલૂંછણાં કરી ચંદન-કેસર વડે પૂજા કરવી.

(૯) પછી હાથ ધૂપી પોતાના જમણા હાથની હથેલીમાં કેસરનો ચાંલ્લો કરવો.

## ૫-પૂજાનો પ્રારંભ

પૂજાના પ્રારંભે મંગલાચરણ કરવું જોઈએ, તે રીતે આ પૂજામાં 'સરસશાંતિસુધારસસાગર' એ પંક્તિઓથી શરૂ થતાં કાવ્યવડે મંગલાચરણ કરવામાં આવે છે તેમાં શ્રી જિનેશ્વરદેવની શાંતિ, પવિત્રતા, ગુણો અને પ્રભાવને અભિવંદના છે.

## ૬-અભિષેકવિધિ

ત્યાર પછીના દોહામાં અભિષેકનો વિધિ છે; પ્રથમ પ્રતિમાજી પરના કુસુમ અને આભરણ વગેરે ઉતારી લેવાં, પછી એ પ્રતિમાજીને બંને હાથમાં વિવેકથી ગ્રહણ કરીને મજ્જનપીઠ પર સ્થાપવાં. મજ્જનપીઠ એટલે સ્નાત્રપીઠ, સ્નાત્ર કરાવવા માટેની ખાસ બેઠક. તેના અભાવે લાકડાનો બાજોઠ.

અહીં પ્રતિમાજી પર જલનો અભિષેક કરવાનું સૂચન છે, જેને સ્નાત્ર કે ન્હવણ કહેવામાં આવે છે. ત્યાર પછીની ગાથામાં જન્મપ્રસંગનું મહત્ત્વ છે: જિનેશ્વર ભગવંતના જન્મસમયે દેવો અને અસુરો તેમને મેરુપર્વત ઉપર લઈ જાય છે અને ત્યાં રત્ન તથા સોનાના કળશો વડે સ્નાન કરાવે છે. આ પ્રસંગે જેઓ તેમના દિવ્ય દેદારનાં દર્શન કરે છે, તેમને ધન્ય છે. '

ત્યાર પછીનાં ત્રણ પદ્યોનો ભાવાર્થ એ છે કે કળશનાં નિર્મળ જળ વડે પ્રભુજીને ન્હવરાવવા–પખાલ કરવો. પછી અંગ પર અમૂલ્ય વસ્ત્રો પહેરાવવાં ( કે જેનાં સ્થાને આજે ચાંદી–સોનાના વરખ વપરાય છે.) પછી એ પ્રતિમાજીને રયણસિંહાસન એટલે રત્નના સિંહાસન પર સ્થાપવા. રત્નનું સિંહાસન ન હોય તો સોનાનું, સોનાનું સિંહાસન ન હોય તો ચાંદીનું અને તેના અભાવે પિત્તળ કે કાષ્ઠનું સિંહાસન પણ ચાલી શકે. જેવી શક્તિ હોય તેવી ભક્તિ કરી શકાય. તેમાં કોઈ પ્રકારનો દોષ નથી, પરંતુ આપણા ભાવ માયારહિત, પવિત્ર અને ઊંચા રાખવા જોઈએ. આ જ પદ્યોમાં બીજી બે મહત્ત્વની વસ્તુઓનો નિર્દેશ છે: (૧) જે સિદ્ધ સ્વરૂપ પરમાત્માના અંગોને પખાલે છે, તેનો આત્મા નિર્મળ અને સુકોમલ થાય છે. (૨) જગન્નાથ એવા જિનેશ્વર ભગવંતના ન્હવણસમયે દેવો મચકુંદ, ચંપો, માલતી, કમળ વગેરે પાંચ વર્ણનાં પુષ્પો વડે અર્ઘ્ય આપે છે, એટલે તેના અનુસરણ રૂપે કુસુમાંજલિ આપવાની છે.'

### ૭-સાત કુસુમાંજલિ

આ ત્રણ પદ્યોમાં પહેલું પદ્ય બોલતી વખતે ચોવીશ જિનેન્દ્રોમાંના પ્રથમ જિનેન્દ્ર શ્રી આદિનાથનું સ્મરણ કરીને તથા ત્રીજા પદ્ય વખતે સોળમા જિનેન્દ્ર શ્રી શાંતિનાથનું સ્મરણ કરીને તેમનાં નામથી કુસુમાંજલિઓ અપાય છે.

ત્યાર પછીનાં ત્રણ પદ્યો કુસુમાંજિલની મહત્તા તથા સ્વરૂપ પર વિશેષ પ્રકાશ પાડનારાં છે. પ્રથમ પદ્યમાં કહેવાય છે કે 'ત્રણે કાલમાં સિદ્ધ એવી જિનપ્રતિમા ગુણનો ભંડાર છે. તેના ચરણે મૂકાયેલી કુસુમાંજલિ ભવ્યજનના-ઉપાસકના સર્વ પાપોનું હરણ કરનારી છે.'

બીજા પદ્યમાં કહેવાય છે કે 'કૃષ્ણાગુરુ વગેરે ઉત્તમ પ્રકારનો ધૂપ પ્રકટાવી, તેના હાથને સુગંધિત કરવો અને એવા સુગંધિત હાથ વડે જ કુસુમાંજલિ આપવી.'

ત્રીજા પદ્યમાં કહેવાયું છે કે 'જેની સુગંધના બળથી ચાર દિશા અને ચાર વિદિશાના ભ્રમરો ગુંજારવ કરતાં આવીને ભેગા થાય, તેવા સુગંધી પુષ્પો વડે કુસુમાંજલિ આપતાં દેવો અને મનુષ્યો પોતાને કૃતકૃત્ય માને છે.' તાત્પર્ય કે કુસુમાંજલિમાં બને તેટલાં વધારે સુગંધી પુષ્પોનો ઉપયોગ કરવો જોઈએ.

આમાં બીજું પદ્ય બોલતી વખતે બાવીશમા જિનેન્દ્ર શ્રી અરિષ્ટનેમિ અપરનામ શ્રી નેમિનાથ ભગવાનને કુસુમાંજલિ આપવામાં આવે છે.

ત્યાર પછીના એક પદ્યથી તેવીશમા જિનેન્દ્ર શ્રી પાર્શ્વનાથ ભગવાનને અને પછીના બે પદ્યોથી ચોવીશમા જિનેન્દ્ર શ્રી મહાવીર સ્વામીને કુસુમાંજલિ આપવામાં આવે છે. અહીં એ સ્પષ્ટતા કરવામાં આવે છે કે કુસુમાં-જલિમાં સ્થલોત્પન્ન અને જલોત્પન્ન એમ બંને પ્રકારનાં પુષ્પોનો ઉપયોગ કરી શકાય; પરંતુ શરત એટલી કે તે વિવિધ જાતિનાં અને શ્રેષ્ઠ હોવાં જોઈએ.

બધા જિનેન્દ્રો શક્તિ–સામર્થ્યમાં સરખા છે, આમ છતાં પાંચ જિનેન્દ્રોની આરાધના–ઉપાસના વિશેષ થાય છે, તે પાંચ જિનેન્દ્રોને અહીં ખાસ કુસુમાંજલિ આપવામાં આવે છે.

ત્યારપછી વસ્તુ છંદમાં પૂજાનો પ્રવાહ ગતિમાન થાય છે, તેનો ભાવાર્થ એ છે કે ન્હવણસમયે દેવો અને દાનવો એકત્ર થઇને પ્રભુના ચરણે એવી કુસુમાંજલિ ધરે છે કે જેનો સુગંધયુક્ત પરિમલ બધી દિશાઓમાં પ્રસરે છે. વળી જેમનો નામરૂપી મંત્ર સર્વ વિઘ્નોનું હરણ કરનારો છે, એવા જિનોની અનંત ચોવીશીઓ થઈ ગઈ છે. તે સર્વેને બધા ઇન્દ્રો મળીને આજ પ્રમાણે કુસુમાં-જલિ આપે છે. આ કુસુમાંજલિ સર્વ જીવોનું શુભ કરનારી છે, તેમાં ય ચતુર્વિધ સંઘનું વિશેષ શુભ કરનારી છે, માટે હે ભવ્ય જીવો ! તમે ચોવીશીને કુસુમાંજલિ આપો.'

ત્યાર પછી એક પદ્ય વડે અનંત ચોવીશીને પ્રમાણ

કરીને વર્તમાન ચોવીશીને કુસુમાંજલિ આપવામાં આવે છે. આ કુસુમાંજલિ છઠ્ઠી છે.

ત્યાર પછી એક પદ્ય વડે વિહરમાન જિનને વંદના કરી બીજા પદ્યમાં સર્વે જિનેન્દ્રોને સમગ્રપણે કુસુમાંજલિ આપવામાં આવે છે. આ છેલ્લી અને સાતમી કુસુમાંજલિ છે.

અહીં 'અપછરમંડળ ગીત ઉચ્ચારા' એ શબ્દો વડે જન્માભિષેક સમયે અપ્સરાઓ દ્વારા થતાં ગીત-ગાનનું સૂચન છે.'

આટલી પૂજા ભણાવ્યા પછી ચૈત્યવંદનની ક્રિયા કરવાની હોય છે, જે ભાવોલ્લાસમાં ઉપકારક છે.

## ૮-જન્મ-કલ્યાણકનું-વર્ણન

હવે દોહા તથા ઢાળો વડે જન્મકલ્યાણકનું વર્ણન શરૂ થાય છે: 'તીર્થંકર ભગવંતો પૂર્વભવમાં સમ્યક્ત્વ પ્રાપ્ત કરી, અનુક્રમે ચારિત્રને અંગીકાર કરી, વિધિપૂર્વક (અરિહંતાદિ) વીશ સ્થાનક અને તપનું આરાધન કરી મનમાં ભાવદયાને ધારણ કરે છે. તે એ રીતે કે 'જો મારામાં એવા પ્રકારની શક્તિ હોય તો જગતના સર્વ જીવોને વીતરાગ-શાસનના રાગી બનાવી દઉં.' આવી નિર્મળ ભાવના ભાવતાં તેઓ તીર્થંકર નામકર્મ નિકાચિત કરે છે, અર્થાત્ તેનો બંધ અતિ દૃઢ કરે છે. એવી રીતે પ્રેમપૂર્વક સંયમને ગ્રહણ કરી, આયુષ્યને પૂર્ણ કરી, વચમાં દેવનો એક ભવ કરે છે. તે દેવના ભવમાંથી ચ્યવી પંદર કર્મભૂમિ

પૈકી કોઈપણ એક કર્મભૂમિમાં મધ્યખંડના કોઈપણ રાજવી-કુલને વિષે માતાના ઉદરમાં ગર્ભપણે ઉત્પન્ન થાય છે. જેમ હંસલો માનસરોવરમાં શોભે છે, તેમ તીર્થંકરનો જીવ માતાના ગર્ભમાં શોભે છે. તે રાત્રિએ સુખશય્યામાં સૂતેલી તીર્થંકરની માતા નીચે ઉતરી રહેલાં ચૌદ સ્વપ્નોને જુએ છે.'

ત્યાર પછી સ્વપ્નની ઢાળ બોલતાં મનઃપ્રદેશ પર મનોરમ દશ્ય ખડું થાય છે. તેમાં છેવટે એવા શબ્દો આવે છે કે 'તીર્થંકરની માતા એ સ્વપ્નો પોતાના પતિને–રાજાને જણાવે છે અને રાજા તેનો અર્થ પ્રકાશતાં કહે છે કે 'તમારી કુક્ષિએ તીર્થંકર અવતરશે, તેને ત્રણે ભુવનના લોકો નમશે અને એ રીતે તમારા સર્વ મનોરથો ફળશે.'

પછીની ઘટનાનું વર્ણન વસ્તુ છંદમાં ચાલે છે. 'શ્રી જિનેશ્વરદેવ મનુષ્યલોકમાં અવતરે ત્યારે મતિ અને શ્રુત ઉપરાંત અવધિજ્ઞાનથી પણ યુક્ત હોય છે, તેમના પરમાણુ આખા વિશ્વને સુખ કરનારા હોય છે અને તે સમયે મિથ્યાત્વરૂપી તારાઓ ઝાંખા પડી જાય છે, તથા ધર્મનો ઉદય થાય છે. પ્રાતઃકાળે માતા આનંદિત અવસ્થામાં જાગૃત થાય છે અને ધર્મની ક્રિયા કરે છે, તેમજ મનમાં એમ વિચારે છે કે 'હવે મને ત્રણ ભુવનમાં તિલકસમાન એવો શ્રેષ્ઠ પુત્ર ઉત્પન્ન થશે.'

ત્યાર પછીના દોહામાં અદ્ભુત ઘટનાનું વર્ણન આવે છે કે 'જ્યારે ગ્રહો શુભ લગ્નમાં હોય છે, ત્યારે શ્રી જિનેશ્વરદેવનો જન્મ થાય છે. એ વખતે ત્રણ જગતમાં એક સરખો ઉદ્યોત થાય છે, નારકીમાં પણ સુખની જ્યોત પ્રગટે છે અને ત્રણે ભુવનના લોકો સુખ પામે છે.'

અહીં પૂજાના દીપકો વધારે જ્યોતિર્મય બને છે અને કડખાની દેશીમાં મહોત્સવનું વર્ણન આગળ વધે છે. પ્રભુનો જન્મ થયેલો જાણી દિશા અને વિદિશામાંથી પોતાને યોગ્ય સૂતિકાકર્મ કરવા માટે છપ્પન દિક્કુમારિકાઓ આવે છે. તેઓ ભગવંતને તથા તેમની માતાને નમીને નીચે મુજબ કાર્યો કરે છે:

૮ દિક્કુમારિકાઓ સંવર્તક વાયુ વડે ચાર દિશામાં એક એક યોજન પર્યંત સઘળો કચરો દૂર કરે છે.

૮ દિક્કુમારિકાઓ શુદ્ધ થયેલી ભૂમિમાં સુગંધી જલની વૃષ્ટિ કરે છે.

૮ દિક્કુમારિકાઓ હાથમાં પૂર્ણ કળશ ધરીને ઊભી રહે છે.

૮ દિક્કુમારિકાઓ દર્પણ લઈને ઊભી રહે છે.

૮ દિક્કુમારિકાઓ ચામર વીંઝે છે.

૮ દિક્કુમારિકાઓ પંખો લઈને પવન નાખે છે.

૪ દિક્કુમારિકાઓ રક્ષાપોટલી બાંધે છે.

૪ દિક્કુમારિકાઓ દીપકને ગ્રહણ કરે છે.

પછી ત્યાં ઉત્તમ પ્રકારના કેળના પાંદડાંઓનું ગૃહ બનાવીને તેની અંદર માતા તથા પુત્રને લાવે છે અને કળશો વડે સ્નાન કરાવે છે. પશ્ચાત્ કેસર અને પુષ્પથી પૂજા કરી, આભૂષણ પહેરાવી અને હાથે રાખડી બાંધી પલંગમાં પધરાવે છે. આ રીતે પોતપોતાને લાયક કામ કરી માતા તથા પુત્રને નમસ્કાર કરીને તેઓ કહે છે: " હે માતા! આનંદકારી એવો તમારો પુત્ર જ્યાં સુધી મેરુપર્વત, સૂર્ય અને ચંદ્ર વિદ્યમાન રહે ત્યાં સુધી જગત્પતિ થઇને જીવજો.' અને તેઓ પોતપોતાના સ્થાને ચાલી જાય છે.

હવે દેવલોકમાં શું ઘટના બને છે, તે એકવીશાની દેશીમાં રજૂ કરવામાં આવે છે; શ્રી જિનેશ્વરદેવનો જન્મ થતાં જ એકાએક ઇન્દ્રનું સિંહાસન કંપે છે. જો શ્રી જિનેશ્વરદેવ દક્ષિણ દિશામાં જન્મ્યા હોય તો સૌધર્મેન્દ્રનું અને ઉત્તર દિશામાં જન્મ્યા હોય તો ઇશાનેન્દ્રનું આસન ચલાયમાન થાય છે. પછી શું બને છે? તેનું વર્ણન પ્રસંગને અનુરૂપ એવા ત્રોટક છંદમાં ચાલે છે. બંને ઇન્દ્રો મનમાં વિચાર કરે છે કે કયા પ્રસંગને લઈને મારું સિંહાસન કંપાયમાન થયું ?' તે અવધિજ્ઞાની હોવાથી જાણી શકે છે કે 'આ તો શ્રી જિનેશ્વરદેવનો જન્મ થયો.' અને તેઓ ખૂબ આનંદ પામે છે. પછી તેઓ તરત જ હરિણૈ-ગમેષી નામના દેવને બોલાવી તેની પાસે સુઘોષા ઘંટ વગડાવે છે અને દેવોને ખબર આપે છે કે 'તીર્થંકર

ભગવંતનો જન્મ થયેલ છે, માટે સર્વે દેવો જન્મ-મહોત્સવ ઉજવવા મેરુપર્વત પર આવજો.'

દેવો પોતપોતાના નિવાસમાં કે ઉદ્યાન વગેરેમાં અનેક પ્રકારની દિવ્ય ક્રીડાઓ કરવામાં મગ્ન હોય છે, એટલે તેમને આ રીતે ખબર આપવામાં આવે છે.

પછીની ઢાળ એમ જણાવે છે કે આ ઉદ્ઘોષણા સાંભળીને ક્રોડો દેવતાઓ એકઠા થઈ જાય છે અને તેઓ જન્મમહોત્સવ કરવા માટે મેરુપર્વત પ્રત્યે જવા લાગે છે. એ વખતે સૌધર્મેન્દ્ર વિશાલ પરિવાર સાથે જ્યાં જિન-જનની–જિનભગવંતની માતા હોય ત્યાં જાય છે અને તેમને વંદન કરીને દૈવી સામગ્રી વડે વધાવે છે.'

સ્નાત્રિકોએ પણ આ વખતે પોતાની થાળીમાં રહેલા અક્ષતનો ઉપયોગ કરી પ્રભુને વધામણાં કરવાનાં હોય છે.

આગળનું વર્ણન ત્રોટક છંદમાં ચાલે છેઃ ' વધામણાં કર્યા પછી ઇન્દ્ર મહારાજ માતાને કહે છે કે ' રત્નકુક્ષિને ધારણ કરનારી હે દેવી! હું સૌધર્મ નામે ઇન્દ્ર છું અને તમારા પુત્રનો જન્મ–મહોત્સવ કરવા આવ્યો છું.' પછી શ્રી જિનભગવંતનું બીજું રૂપ કરી માતાની પાસે સ્થાપે છે અને પોતે પાંચ રૂપ ધારણ કરી પરમાત્માને ગ્રહણ કરી હર્ષથી નૃત્ય કરતાં દેવદેવીઓના સમૂહ સાથે સુરગિરિ એટલે મેરુ પર્વત પર આવે છે.

ત્યાં શું બને છે? તેનું વર્ણન પુનઃ એકવીશાની

દેશીમાં ચાલે છેઃ 'મેરુપર્વત ઉપર પાંડુક નામના વનમાં આવી, એક સુંદર શિલા ઉપર સિંહાસન ગોઠવે છે, તેના પર ઇન્દ્ર મહારાજ બેસે છે અને ભગવંતને પોતાના ખોળામાં ધારણ કરે છે. તે વખતે બીજા ઇંદ્રો પણ ત્યાં આવી પહોંચે છે.'

પુનઃ ત્રોટક છંદ આપણને અદ્દભુત ઘટનાનાં દર્શન કરાવે છેઃ 'ત્યાં આગળ એકત્ર થયેલા ૬૪ ઇન્દ્રો આઠ જાતિના કળશો વિકુર્વે છે અને સુગંધી ધૂપ પ્રકટાવે છે. પછી સૌધર્મપતિ શો હુકમ કરે છે? તેની રાહ જોતા ઊભા રહે છે. તે વખને અચ્યુતેન્દ્ર બીજા દેવોને હુકમ કરે છે કે જિન ભગવંતના આ સ્નાત્ર-મહોત્સવ માટે તમે માગધ, વરદામ આદિ તીર્થોના, ક્ષીરોદધિ વગેરે સમુદ્રના તથા ગંગા વગેરે પવિત્ર નદીઓનાં નીર લઈ આવો; તથા તેમાં નાખવા માટે કેટલીક દિવ્ય ઔષધિઓ પણ સાથે લેતા આવો.'

હવે દિલડાં ડોલાવનાર વિવાહલાંની દેશી શરૂ થાય છે. એ દેશીમાં કહેવાય છે કે 'અચ્યુતેન્દ્રનો હુકમ સાંભળીને તુરતજ દેવતાઓ માગધ, વરદામ, પદ્મદ્રહ, ગંગા વગેરે તીર્થ-સ્થાનોમાં પહોંચી જાય છે.'

અહીં કોઈને પ્રશ્ન થાય કે 'દેવો એ બધા તીર્થોમાં ક્યારે પહોંચે અને ક્યારે તેનું જળ લઈને પાછા આવે? ત્યાં સુધી મેરુપર્વત પર શું થાય?' પણ દેવોની શક્તિ

અચિંત્ય હોય છે. તેઓ આંખના પલકારામાં એ તીર્થોમાં પહોંચી જાય છે અને કળશોમાં જળ ભરી, વળતી વખતે દિવ્ય ઔષધિઓ તથા પુષ્પ વગેરે સામગ્રીઓ લેતા આવે છે કે જેનું વર્ણન સિદ્ધાંતોમાં કરેલું છે. દેવતાઓ શીઘ્ર સુરગિરિ પર પાછા ફરી પ્રભુનો દિવ્ય દેદાર જોતાં આનંદ પામે છે અને ત્યાં કળશો મૂકીને પ્રભુના ગુણ ગાવામાં મગ્ન બને છે.

પછીનું વર્ણન ધનાશ્રી રાગની ઢાળથી ધન્ય બને છે. દેવોનો સમૂહ પ્રતિપળ વધતો જ જાય છે. કેટલાક પ્રભુ ઉપર ભક્તિ હોવાથી, કેટલાક મિત્રોનું અનુકરણ કરીને, કેટલાક સ્ત્રીના કહેવાથી, કેટલાક 'આપણો કુલાચાર છે' એમ માનીને, તો કેટલાક ધર્મમિત્રોની પ્રેરણાથી ત્યાં આવે છે. તેમાં ભવનપતિ દેવો હોય છે, વ્યંતર દેવો પણ હોય છે, જ્યોતિષી દેવો પણ હોય છે અને વૈમાનિક દેવો પણ હોય છે. અચ્યુતેન્દ્રનો હુકમ થતાં આ ચારે પ્રકારના દેવો જલપૂર્ણ કળશોવડે પ્રભુને સ્નાન કરાવે છે.

પ્રત્યેક અભિષેકમાં આઠ પ્રકારના કળશો હોય છે અને તે હરેકની સંખ્યા આઠ આઠ હજારની હોય છે, એટલે એક અભિષેકમાં ૬૪૦૦૦ કળશોનો ઉપયોગ થાય છે. હવે આવા અભિષેકો અઢીસો થાય છે, એટલે કળશોની કુલ સંખ્યા એક ક્રોડ ને સાઠ લાખની હોય છે. 'અઢીસો અભિષેક કઈ રીતે ?' તેની ગણના પણ અહીં કરવામાં આવે છે.

| | |
|---|---|
| બાસઠ ઈંદ્રોના | ૬૨ |
| ચાર લોકપાલના | ૪ |
| ચંદ્રની ૬૬ પંક્તિના | ૬૬ |
| સૂર્યની ૬૬ પંક્તિના | ૬૬ |
| ગુરુસ્થાનકે રહેલા દેવોનો | ૧ |
| સામાનિક દેવોનો | ૧ |
| સૌધર્મેન્દ્રની ઈંદ્રાણીના | ૮ |
| ઈશાનપતિની ઈંદ્રાણીના | ૮ |
| અસુરેન્દ્રની ઈંદ્રાણીના | ૧૦ |
| નાગેન્દ્રની ઈંદ્રાણીના | ૧૨ |
| જ્યોતિષની ઈંદ્રાણીના | ૪ |
| વ્યંતરની ઈન્દ્રાણીના | ૪ |
| પારિષદ્ય દેવોનો | ૧ |
| કટકપતિનો | ૧ |
| અંગરક્ષકોનો | ૧ |
| પ્રકીર્ણ દેવોનો | ૧ |
| | ૨૫૦ |

હવે ઈશાનેન્દ્ર સૌધર્મ ઈન્દ્રને કહે છે કે 'પ્રભુને (મારા) ખોળે બેસાડવા માટે મને થોડીવાર આપો.' આ પ્રમાણે તેની માગણીથી પ્રભુજીને તેના ખોળામાં બેસાડી, પોતે વૃષભનું રૂપ ધારણ કરી, શિંગડામાં જળ ભરી તે વડે પ્રભુજીને અભિષેક કરે છે અને કેસરથી પૂજા કરી, પુષ્પો ચડાવી, આરતી–મંગલદીવો ઉતારીને દેવતાઓ જય જય

શબ્દ બોલે છે. ત્યારપછી ભગવંતને હાથમાં ધારણ કરી ભેરી, ભુંગળ (શરણાઈ) વગેરે વાજિંત્રોના અવાજ સાથે વાજતે-ગાજતે માતા પાસે લઈ જાય છે અને તેમને તેમનો પુત્ર સોંપીને કહે છે: 'હે માતા! આ તમારો પુત્ર છે, પણ અમારો સ્વામી છે. અમને સેવકોને તેમનો જ આધાર છે.' પછી પ્રભુને રમાડવા માટે રંભા વગેરે પાંચ ધાવોની સ્થાપના કરે છે અને (પ્રભુના પુણ્યથી આકર્ષાઈને તિર્યગ્ જાંભક દેવો) બત્રીસ ક્રોડ સોનૈયા તથા મણિ, માણેક, વસ્ત્ર વગેરેની વૃષ્ટિ કરે છે. ત્યારબાદ તમામ દેવતાઓ પોતાનો હર્ષ પૂરો કરવા માટે નંદીશ્વર દ્વીપમાં જાય છે અને ત્યાં આઠ દિવસનો મંગલ મહોત્સવ કરે છે. પછી સર્વ દેવો પોતપોતાના કલ્પમાં-સ્થાનોમાં સીધાવે છે. દેવો તરફથી આવો જ ઉત્સવ પ્રભુની દીક્ષા અને કેવલજ્ઞાન સમયે પણ થાય છે.

ત્યાર પછી પૂજા રચનારની પ્રશસ્તિ ગવાય છે અને છેવટે શ્રી જિનેશ્વર દેવોનું સ્મરણ કરતાં કહેવાય છે કે એક કાળે ઉત્કૃષ્ટા જિનો એકસોને સિત્તેર હોય છે; પરંતુ વર્તમાન કાળે વીશ જિન વિચરી રહ્યા છે. જો અતીત અને અનાગત કાળનો વિચાર કરીએ તો શ્રી જિનેશ્વર દેવોની સંખ્યા અનંત છે. આ બધા પ્રત્યે અમારો સરખો ભક્તિભાવ હો. છેવટે કહેવાય છે કે 'જેઓ આ કળશ ગાય છે, તે આનંદ-મંગલવાળું ઘણું સુખ પામે છે અને સ્નાત્ર ભણાવનાર દરેકના ઘરે હર્ષનાં વધામણાં થાય છે.'

સ્નાત્ર પૂરું થતાં પંચામૃતથી ભરેલા કળશો વડે અભિષેક કરવામાં આવે છે. પછી જળથી અભિષેક કરી, અંગલૂંછણા કરી સંક્ષેપથી કે વિસ્તારથી અષ્ટપ્રકારી પૂજા કરવામાં આવે છે. ત્યારબાદ લુણ ઉતારી, આરતી અને મંગલદીવો કરી પૂજાની પૂર્ણાહુતિ કરવામાં આવે છે.

શ્રી જિનેશ્વર દેવના જન્મ-મહોત્સવરૂપ આ પૂજાનો જેટલો લાભ લઈએ તેટલો ઓછો જ છે. જિનભક્તિમાં આગળ વધવા ઇચ્છનારે તો આ પૂજાનો વારંવાર લાભ લેવો જ જોઈએ.

[૨૦]

# રથયાત્રાદિ

## ૧–રથયાત્રાનો ઉદ્ભવ

સૂર્યનો ઉદય થતાં પદ્મની પાંખડીઓ વિકસ્વર થવા માંડે છે અને તેમાંથી મધુર ગંધ ચારે બાજુ પ્રસરવા લાગે છે; તેમ જિનભક્તિ કે જિનોપાસનાનો ઉદય થતાં હૃદયની પાંખડીઓ વિકસ્વર થવા લાગે છે અને તેમાંથી વિવિધ પ્રકારની યાત્રાઓ, વિવિધ પ્રકારના ઉત્સવો આકાર ધારણ કરે છે. રથયાત્રા તેમાંની એક છે અને તે વિશેષ પ્રકારે જાણવા યોગ્ય છે, તેથી જ તે અંગે અહીં કેટલુંક વિવેચન કરવામાં આવે છે.

## ૨–રથયાત્રા અંગે કિંચિત્

રથવડે અથવા રથની મુખ્યતાથી જે યાત્રા–જે ઉત્સવ કરવામાં આવે, તે રથયાત્રા કહેવાય. આજે ચાલુ પ્રવાહમાં રથનો બહુ પ્રચાર નથી, પણ પ્રાચીન કાલમાં તેનો બહુ પ્રચાર હતો અને રાજાઓ, શ્રીમંતો તથા અન્ય ગૃહસ્થો બહાર જવા માટે તથા પ્રવાસ કરવા માટે તેનો ખાસ

ઉપયોગ કરતા. વળી યુદ્ધ માટે વિશિષ્ટ બનાવટના રથો તૈયાર થતા અને યોદ્ધાઓ તેના પર આરોહણ કરીને જીવસટોસટનો જંગ ખેલી લેતા. અર્જુને રથમાં બેસીને જ મહાભારતનું યુદ્ધ ખેલ્યું હતું અને શ્રીકૃષ્ણે તેનું સારથિપણું કર્યું હતું, એ વાત સુપ્રસિદ્ધ છે. આ જ રીતે ધાર્મિક ઉત્સવોમાં પણ રથનો વિશિષ્ટ રીતે ઉપયોગ થતો અને તેના નાના-મોટા અનેક પ્રકારોને ઉપયોગમાં લેવાતા. આ રથો બળદો વડે, ઘોડાઓ વડે, હાથીઓ વડે કે જનસમૂહ વડે ખેંચવામાં આવતા અને તે વખતે અનેક પ્રકારનાં મનોરમ દશ્યો ખડાં થતાં. ખાસ કરીને જ્યારે મહાન રથોને બહાર કાઢવામાં આવતા, ત્યારે વિવિધ પ્રકારનાં ગીત, અનેક પ્રકારના વાજિંત્રોનું વાદન તથા પૂતળીઓનો નાચ વગેરે જનસમૂહનું ભારે આકર્ષણ કરતા. પરિણામે લોકો ધર્મભાવનાથી રંગાતા અને એ રીતે ધર્મનો ઘણો પ્રચાર થતો.

જૈન પરંપરામાં રથયાત્રા ઘણા પ્રાચીન કાળથી પ્રચલિત હતી અને કેટલીક વાર તેની સામે હરિફાઈ થયાના દાખલાઓ પણ મળી આવે છે.

વીશમા તીર્થંકર શ્રી મુનિસુવ્રતસ્વામીના વખતની આ વાત છે. તે વખતે હસ્તિનાપુરમાં પદ્મોત્તર રાજા રાજ્ય કરતો હતો. એક વખત તેની રાણી જ્વાલાદેવીએ ભક્તિના અતિશયથી શ્રી જિનેશ્વરદેવનો મહાન રથ તૈયાર કરાવ્યો, ત્યારે તેમની બીજી રાણી લક્ષ્મીએ ઈર્ષ્યાથી બ્રહ્મરથ તૈયાર કરાવ્યો. હવે એક વખત રથયાત્રાનો પ્રસંગ આવ્યો,

ત્યારે લક્ષ્મીએ પદ્મોત્તર રાજા આગળ એવી માગણી કરી કે ' નગરમાં મારો બ્રહ્મરથ પહેલો ચાલે, નહિતર હું આપઘાત કરીને મરીશ. ' ત્યારે જ્વાલાદેવીએ કહ્યું કે ' જો મારો રથ પહેલો નહિ ચાલે તો મારે આજથી જ અન્નપાણી હરામ છે.' આ રીતે બંનેને ચડસ પર ચડેલા જોઈને રાજાએ એવો નિર્ણય જાહેર કર્યો કે ' એમાંથી કોઈએ પણ રથ કાઢવો નહિ.'

આ નિર્ણયથી જ્વાલાદેવીને ઘણો આઘાત થયો અને તેમના નાના પુત્ર મહાપદ્મને ઘણું જ માઠું લાગ્યું. આ વખતે રાજ્યની લગામ તેના હાથમાં હતી, પરંતુ પિતાનું વચન ટાળવાનું તેને માટે શક્ય ન હતું, એટલે તેને પરતંત્રતાનું ભાન થયું અને તેણે એવો નિર્ણય કર્યો કે ' જ્યારે મારી માતાનો રથ આ નગરમાં નિરંકુશપણે ચલાવું, ત્યારે જ હું ખરો.' અને તે જ રાત્રે તેણે નગરનો ત્યાગ કર્યો.

સવારે જ્યારે ખબર પડી કે મહાપદ્મકુમાર એકાએક ચાલ્યા ગયા છે, ત્યારે જ્વાલાદેવી રડવા લાગ્યા, પદ્મોત્તર રાજા શોકાતુર થયા અને મહાપદ્મના મોટાભાઈ વિષ્ણુકુમારની આંખમાં પણ ઝળઝળિયાં આવી ગયાં. ભાઈની શોધ કરવા વિષ્ણુકુમારે તરત જ ઘોડે પલાણ નાખ્યું અને થોડા અનુચરો સાથે નીકળી પડ્યા. તેઓ ઘણા સ્થળે ફરી વળ્યા, પણ મહાપદ્મનો પત્તો લાગ્યો નહિ, એટલે નિરાશ થઈને પાછા ફર્યા.

એ વાતને ઘણાં વર્ષ વીતી ગયાં અને મહાપદ્મકુમારે પોતાના બાહુબળથી છ ખંડ ધરતી જીતી લીધી. પછી તે ઘણી ઋદ્ધિ–સિદ્ધિ સાથે હસ્તિનાપુર આવ્યો. ત્યાં તેનું ભવ્ય સ્વાગત થયું અને તે માતાપિતાના ચરણમાં પડયો.

હવે રાજા પદ્મોત્તરને દીક્ષા લેવાની ભાવના થઈ હતી, એટલે તેણે મંત્રીઓને તથા મુખ્ય પ્રજાજનોને એકઠા કરીને કહ્યું કે 'આ સંસાર પરથી મને વૈરાગ્ય થયો છે, માટે વિષ્ણુકુમારને તમારો રાજા બનાવો.' પરંતુ વિષ્ણુકુમારે કહ્યું કે 'હું તો તમારા જેવું જ પવિત્ર જીવન ગાળવા માગું છું, માટે મહાપદ્મને જ રાજ્ય આપો.'

આથી રાજાએ મહાપદ્મને રાજ્ય સોંપી સુવ્રતાચાર્ય પાસે દીક્ષા અંગીકાર કરી. વિષ્ણુકુમારે પણ એ જ ગુરુનાં ચરણે સમર્પણ કર્યું.

હવે મહાપદ્મ રાજાએ સહુથી પહેલું કામ એ કર્યું કે કલા–કારીગરીથી સુશોભિત એક મહાન રથ તૈયાર કરાવ્યો અને તેમાં શ્રી જિનેશ્વરદેવની મૂર્તિ બેસાડી તે રથને આખા નગરમાં ખૂબ ધામધૂમથી ફેરવ્યો અને માતાની ઇચ્છા પૂર્ણ કરી.

આ મહાપદ્મ ભરતખંડના બાર ચક્રવર્તીઓ પૈકી નવમો ચક્રવર્તી થયો અને ઈતિહાસનાં પૃષ્ઠોમાં અમર બની ગયો.

રથયાત્રા માટે આપણા દિલમાં કેવી લગન હોવી જોઈએ, તેનો આ સુંદર દાખલો છે.

## ૩-રથયાત્રાનું સ્વરૂપ

'રથયાત્રા કેવી હોવી જોઈએ ?' તેનો ખ્યાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યે પરિશિષ્ટ-પર્વમાં શ્રી આર્યસુહસ્તિ સૂરિજીના પ્રબંધમાં આપ્યો છે. તેમાં તેમણે જણાવ્યું છે કે 'શ્રી આર્યસુહસ્તિસૂરિ જ્યારે અવંતી (ઉજ્જૈન) નગરીમાં હતા, ત્યારે શ્રી સંઘે ચૈત્યયાત્રા-મહોત્સવ કર્યો. આ મહોત્સવ પ્રસંગે શ્રી આર્યસુહસ્તિસૂરિજી શ્રી સંઘની સાથે હંમેશાં મંડપમાં પધારીને તેની શોભામાં અભિવૃદ્ધિ કરતા અને તેમના શિષ્ય અર્થાત્ તેમનાથી પ્રતિબોધ પામેલા શ્રી સંપ્રતિ રાજા બે હાથ જોડીને અતિ લઘુતા ધારણ કરીને તેમની સામે બેસતા.

આ ચૈત્યયાત્રા અંગે શ્રી સંઘે તીર્થયાત્રા કાઢી, કારણ કે ચૈત્યયાત્રાનો મહોત્સવ રથયાત્રા વડે જ પૂર્ણ થાય છે. તે રથયાત્રામાં સુવર્ણ અને માણેક વગેરે રત્નોની કાંતિથી ઝળહળતો અર્થાત્ સર્વ દિશાઓમાં પ્રકાશ કરતો સૂર્યના રથ જેવો ઉત્તમ રથ રથશાળામાંથી બહાર કાઢ્યો. ત્યાર પછી વિધિના જાણકાર શ્રાવકોએ તેમાં જિનમૂર્તિ પધરાવી અને તેની સ્નાત્રપૂજા વગેરે ભક્તિ શરૂ કરી.'

'એ સ્નાત્રપૂજા કેવી રીતે કરી ?' તેનું વર્ણન ખાસ જાણવા જેવું છે. 'દેવોએ મેરુપર્વત ઉપર પ્રભુનો અભિ-

ષેક કર્યો ત્યારે સ્નાત્રજળની જોરદાર ધારા વહી હતી, તે રીતે અહીં પણ જિનપ્રતિમાને સ્નાત્ર કરતાં સ્નાત્રજળની ધારા વહેવા લાગી. પછી મુખકોશ બાંધેલા શ્રાવકોએ જાણે પ્રભુને વિનંતિ કરવા ઇચ્છતા હોય એ રીતે સુગંધી દ્રવ્યોથી વિલેપન કર્યું અને માલતી, શતપત્ર વગેરે પુષ્પોની માળાથી પ્રભુપ્રતિમાને પૂજી, ત્યારે તે શરદઋતુના વાદળથી ઢંકાયેલી ચંદ્રકળાની જેમ દીપવા લાગી. તાત્પર્ય કે માળા વાદળ સમાન અને પ્રભુપ્રતિમા ચંદ્રકળા જેવી જણાવા લાગી. પછી અગર વગેરે સુગંધી પદાર્થોથી એવી ધૂપ-પૂજા કરી કે તેના ધૂમાડાથી આચ્છાદિત થયેલા તે પ્રતિમાજી જાણે નીલવર્ણનું વસ્ત્રધારણ કર્યું હોય તેવા શોભવા લાગ્યા. તે પછી શ્રાવકોએ તે જિનપ્રતિમાની દેદીપ્યમાન દીપકની શિખાવાળી આરાત્રિક કરી–આરતી ઉતારી. તે વખતે એવું દૃશ્ય ખડું થયું કે તેની સામે દેદીપ્યમાન ઔષધિઓથી દીપતું મેરુશિખરનું શિખર પણ લજ્જા પામે. તે પછી આર્હત્ ધર્મના ઉપાસક શ્રાવકોએ શ્રી અરિહંત ભગવંતની આગળ ચૈત્યવંદન કર્યું અને વૃષભોની જેમ આગળ થઈને સ્વયંમેવ રથને ખેંચ્યો.

આ રીતે પ્રતિદિન નગરમાં રથ ફરતો ત્યારે નગરની સ્ત્રીઓ આવીને રથની સામે હલ્લસિક (એક પ્રકારનું નૃત્ય) કરતી, રાસ ગાતી, ચારે પ્રકારના વાજિંત્રોના નાદ સાથે પ્રેક્ષણો (નૃત્ય–નાટક) થતાં અને રથની ચારે બાજુ શ્રાવિકાવર્ગ સુંદર માંગલિક ગીતો ગાતી. એમ

દરરોજ ઘરે ઘરે પૂજા-સત્કારને પામતો અને ઉત્તમ કેસર વગેરેની સુગંધવાળા પાણીના છંટકાવવાળી ભૂમિમાં ચાલતો તે રથ અનુક્રમે જ્યારે શ્રી સંપ્રતિ રાજાના મહેલના બારણે આવ્યો, ત્યારે ફનસફળના કાંટાની જેમ જેમના શરીર ઉપર રોમરોજી ખડી થઈ ગઈ છે, એવા શ્રી સંપ્રતિરાજા પણ રથપૂજા કરવા તૈયાર થયા અને અપૂર્વ આનંદરૂપી સરોવરમાં હંસની જેમ ઝીલતાં (સ્નાન કરતાં) તેઓએ રથમાં શોભતી શ્રી જિનપ્રતિમાની અષ્ટપ્રકારી પૂજા કરી.'

આમાંથી નીચેના મુદ્દાઓ તરી આવે છે.

(૧) રથ બને તેટલો સુંદર અને આકર્ષક હોવો જોઈએ.

(૨) તેમાં પ્રતિમાજીને પધરાવી સ્નાત્રાદિ ભક્તિ ભવ્ય સામગ્રીથી ચડતા પરિણામે કરવી જોઈએ.

(૩) તે વખતે બધા શ્રાવકોએ ઉમંગથી સાથે ચાલવું જોઈએ અને પ્રભુનો રથ ખેંચવામાં જીવનની કૃતાર્થતા માનવી જોઈએ.

(૪) તે વખતે વિવિધ પ્રકારનાં વાજિંત્રો વગાડવા જોઈએ અને ભક્તિભર્યાં ગીત વગેરે ગાવાં જોઈએ. વળી તે સમયે મર્યાદાવાળા ભક્તિરસપોષક નૃત્યની યોજના થાય તે પણ ઈષ્ટ છે, કારણ કે તેથી ઘણા લોકોનું આકર્ષણ થાય છે. આજે નૃત્ય તેની કક્ષાથી ઘણું નીચું ઉતરી ગયું છે, એટલે તેમાં સંકોચ કે

શરમ અનુભવાય છે, પણ જો શિષ્ટતા સાચવીને તેનો પ્રયોગ કરવામાં આવે તો એ અનુચિત નથી. હજી પણ કેટલાક શહેરોમાં વરઘોડા–પ્રસંગે મોટર ખટારા આદિ વાહનોમાં નૃત્ય કરતી ટોળીઓ રાખવામાં આવે છે. અલબત્ત, આ બધી વસ્તુ ખૂબ વિવેક અને સાવધાની માગે છે.

(૫) નગરના મુખ્ય મુખ્ય માણસો ઠાઠમાઠથી જિનપ્રતિમાનાં દર્શન–પૂજન કરે તેવી વ્યવસ્થા કરવી જોઈએ. શ્રી સંપ્રતિ રાજાએ ઠાઠથી જિનપ્રતિમાનાં દર્શન–પૂજન કર્યાં, તેનો પ્રભાવ સામાન્ય જનતા પર કેટલો મોટો પડયો હશે, તે વિચારવું ઘટે છે.

(૬) શ્રી જિનપ્રતિમાનાં દર્શન જેટલા વધારે મનુષ્યો કરી શકે તેટલું સારું, એમ માની તે માટે યોગ્ય વ્યવસ્થા કરવી ઘટે.

કુમારપાળ મહારાજાએ કરેલી રથયાત્રાનું વર્ણન પણ લગભગ ઉપર જેવું જ છે. તેમાં જણાવ્યું છે કે "ચૈત્ર મહિનાની (શુકલ) અષ્ટમીને દિવસે ચોથા પ્રહરે અતિ શોભાપૂર્વક શ્રી જિનેશ્વરદેવનો રથ જ્યારે રથશાળામાંથી નીકળ્યો, ત્યારે એકત્ર થયેલા નગરવાસી લોકોએ અતિ હર્ષથી 'જય જય' એવો શબ્દ ઉચ્ચાર્યો. શ્રી જિનેશ્વરદેવનો તે રથ સુવર્ણનો હતો અને ચાલતી વખતે

મેરુપર્વત જેવો દેખાતો હતો. તેની ઉપરના લાંબા સુવર્ણ-દંડ ઉપર મોટો ધ્વજ ફરકતો હતો તથા છત્ર અને ચામરો વગેરેથી તે અતિશય દીપતો હતો.

રથ જ્યારે રથશાળામાંથી નીકળીને કુમારવિહાર (નામના શ્રી જિનમંદિરના) આંગણે આવ્યો ત્યારે ત્યાં મહાજને અતિ ઠાઠથી સ્નાત્ર-વિલેપન કરીને, પુષ્પહાર-અલંકાર-આભરણ વગેરેથી શણગારેલી એવી મહાઋદ્ધિથી યુક્ત શ્રી પાર્શ્વનાથ પ્રભુની પ્રતિમાને તે રથમાં પધરાવી. પછી તેની આગળ વાજિંત્રોના નાદથી આકાશને પણ પૂરતો તથા જેની આગળ યુવતીઓનાં ટોળેટોળાં નાચ કરે છે, વળી સામંત રાજાઓ, મંત્રીઓ વગેરે (સાજન) જેની સાથે ચાલે છે, તેવો તે રથ ત્યાંથી રાજમંદિર તરફ ચાલ્યો. જ્યારે તે રથ ત્યાં પહોંચ્યો, ત્યારે મહારાજા શ્રી કુમારપાળે સ્વયમેવ રથમાં વિરાજતી તે જિનપ્રતિમાનું પટ્ટાંશુક (રેશમી વસ્ત્રો) તથા સુવર્ણનાં આભૂષણો વગેરેથી પૂજન કર્યું અને તેની સામે અનેક પ્રકારનાં નાટ્ય (નૃત્ય) કરાવ્યાં. એ રીતિએ મહોત્સવપૂર્વક આખી રાત્રિ પૂર્ણ કરીને, રથ જ્યાં સિંહદ્વારની બહાર નીકળ્યો, ત્યાં અનેક ફરતી ધ્વજાઓવાળા પટમંડપમાં (તંબૂમાં) પ્રાતઃકાળે રાજાએ સ્વયમેવ ચતુર્વિધ સંઘ સમક્ષ રથમાં રહેલી તે જિનપ્રતિમાજીની ઉત્તમ પૂજા કરીને આરતી ઉતારી. પછી જેને હાથી જોડેલા છે, એવો એ રથ ઠામ ઠામ બાંધેલા અનેક પટ્ટમંડપો (વસ્ત્રોના મંડપો)માં રોકાતો (પૂજાતો પૂજાતો) સઘળા નગરમાં ભમ્યો.'

## ૪–ત્રણ પ્રકારની યાત્રા

શ્રાદ્ધવિધિપ્રકરણ, ધર્મસંગ્રહ આદિ ગ્રંથોમાં કહ્યું છે કે–'पइवरिसं संघचण-साहम्मिअभत्तिजत्ततिगं । શ્રાવકે પ્રતિવર્ષ સંઘપૂજા, સાધર્મિકભક્તિ અને ત્રણ પ્રકારની યાત્રા અવશ્ય કરવી જોઈએ.'

ત્રણ પ્રકારની યાત્રા અંગે જૈન શાસ્ત્રોમાં આ પ્રમાણે સ્પષ્ટતા થયેલી છે:

**अष्टाह्निकाभिधामेकां, रथयात्रामथापराम् ।**
**तृतीयां तीर्थयात्रां चेप्याहुर्यात्रां त्रिधा बुधाः ॥**

'એક અષ્ટાહ્નિકા નામની, બીજી રથયાત્રા નામની અને ત્રીજી તીર્થયાત્રા નામની એમ ત્રણ પ્રકારની યાત્રાઓને જ્ઞાનીઓએ કહેલી છે.'

હવે પછી અમે તીર્થયાત્રાનું વર્ણન એક સ્વતંત્ર પ્રકરણ દ્વારા કરવાના છીએ, એટલે અહીં અષ્ટાહ્નિકાયાત્રા અંગે થોડું વિવેચન કરીશું.

અષ્ટાહ્નિકાયાત્રા આઠ દિવસના ઉત્સવરૂપ છે કે જેને સામાન્ય રીતે અઠ્ઠાઈ–મહોત્સવ કે અષ્ટાહ્નિકા–મહોત્સવ કહેવામાં આવે છે. આ મહોત્સવ પ્રસંગે ગામ કે નગરનાં મંદિરોમાં અંગરચના કરવાની હોય છે તથા વિવિધ પ્રકારની પૂજાઓ વિસ્તારપૂર્વક ભણાવવાની હોય છે. વળી પ્રભાવના–ભાવના વગેરે પણ યથાશક્તિ કરવાનાં હોય છે.

તેનાથી શ્રી જિનેશ્વરદેવ પ્રત્યેની આપણી ભક્તિમાં ભરતી આવે છે, સમ્યક્ત્વની શુદ્ધિ થાય છે અને ભવારણ્યમાં ભટકી રહેલા અનેક આત્માઓનું વીતરાગકથિત ધર્મ પ્રત્યે આકર્ષણ થાય છે.

જીવાભિગમસૂત્રમાં કહ્યું છે કે 'ઘણા ભવનપતિ, વાણવ્યંતર, જ્યોતિષ અને વૈમાનિક દેવો નંદીશ્વર દ્વીપને વિષે ત્રણ ચોમાસીએ તથા સંવત્સરીએ ઘણા મહિમાપૂર્વક અટ્ઠાઈ–મહોત્સવ કરે છે.' તાત્પર્ય કે દેવો પણ ભક્તિ વશાત્ અષ્ટાહ્નિકાયાત્રા કરી પોતાનું જીવન કૃતાર્થ કરે છે, તો માનવભક્તોએ અષ્ટાહ્નિકાયાત્રા કરી પોતાનું જીવન કૃતાર્થ કરવામાં શા માટે પ્રમાદ કરવો જોઈએ?

આજે જૈન સંઘમાં આ બંને યાત્રાનો સારો આદર છે, પરંતુ તે દિનપ્રતિદિન વૃદ્ધિ પામે તેવા પ્રયત્નો થવા જોઈએ. મનુષ્યોને જિનભક્તિનો જેટલો વધુ રંગ લાગે, તેટલું વધુ કલ્યાણ છે.

[૨૧]

## તીર્થયાત્રા

### ૧–તીર્થયાત્રા–એક વાર્ષિક કૃત્ય

જિનભક્તિને જ્વલંત બનાવવા માટે જેમ અષ્ટાહ્નિકાદિ ઉત્સવ–મહોત્સવો અને રથયાત્રાનું આલંબન લેવાની આવશ્યકતા છે, તેમ જિનભક્તિને વધારે વેગવંત, વધારે વિશદ બનાવવા માટે તીર્થયાત્રાનું આલંબન લેવાની આવશ્યકતા છે; તેથી જ જિનોપાસકે કરવા યોગ્ય વાર્ષિક કૃત્યોમાં તેનો સમાવેશ કરવામાં આવ્યો છે.

'મન્નહ જિણાણં'ની સજ્ઝાયમાં કહ્યું છે કે–

**जिणपूआ जिणथुणण, गुरुथुअ साहम्मिआण वच्छल्लं ।**
**ववहारस्स य सुद्धी, रहजत्ता तित्थजत्ता य ॥**

'જિનપૂજા, જિનસ્તવન, ગુરુસ્તુતિ, સાધર્મિક-વાત્સલ્ય, વ્યવહારશુદ્ધિ, રથયાત્રા અને તીર્થયાત્રા એ શ્રાવકનાં કર્તવ્યો છે.'

### ૨–તીર્થની ઓળખાણ

પ્રસ્તુત ગ્રંથના બીજા પ્રકરણમાં તીર્થંકરનો અર્થ કરતી વખતે તીર્થનો અર્થ જણાવ્યો છે, તે ભાવતીર્થને અનુલક્ષીને સમજવાનો છે. અહીં મુખ્યત્વે દ્રવ્યતીર્થની

વિચારણા છે. તેના અનુસંધાનમાં તીર્થનો અર્થ તીર્થંકરોની કલ્યાણકભૂમિઓ, તીર્થંકરોની વિહારભૂમિ, તેમજ શત્રુંજય, ગિરનાર, સમેતશિખર વગેરે તીર્થની પ્રસિદ્ધિ પામેલાં સ્થાનો સમજવાનાં છે.

## ૩–કેટલાક અટપટા પ્રશ્નોનું સમાધાન

કેટલાક કહે છે કે–'મન ચંગા તો કથરોટમાં ગંગા.' જો મન ચંગ એટલે પવિત્ર હોય તો બધા તીર્થોની યાત્રા થઈ ગઈ; અને મન પવિત્ર ન હોય તો ગમે તેવી તીર્થયાત્રાઓ કરવાથી પણ શું ? પરંતુ આમ કહેનારે સમજી લેવું જોઈએ કે મન એમને એમ પવિત્ર થતું નથી. તે માટે અનેકવિધ ઉપાયો કરવા પડે છે અને તેમાંનો એક ઉપાય તે તીર્થયાત્રા છે, એટલે તેને અવગણી શકાય નહિ. વળી સંસારવ્યવહારની ઘરેડ એવી છે કે તેમાં પાપનો પ્રવાહ જાણે–અજાણે વહ્યા જ કરે છે, તેમાં જોડાયેલું મન પવિત્ર ક્યાંથી રહે ? જો મનને એ ઘરેડમાંથી મુક્ત કરીએ, તો જ તે પવિત્રતાનો અમુક અંશે અનુભવ કરી શકે. તીર્થયાત્રા મનને એ ઘરેડમાંથી મુક્ત કરનારી છે, તેથી જ જૈન મહર્ષિઓએ તેનો ઉપદેશ આપ્યો છે અને તેનો આદેશ પણ કર્યો છે.

અહીં કોઈ એમ કહેતું હોય કે 'શું તીર્થયાત્રા કરવાથી બધાનાં મન પવિત્ર થાય છે ખરાં ?' તેનો ઉત્તર એ છે કે 'જેઓ સાચા દિલથી વિધિપૂર્વક તીર્થયાત્રા કરે છે, તેમનું મન અવશ્ય પવિત્ર થાય છે અને જેઓ

તીર્થયાત્રાએ નીકળવા છતાં તેમાં દિલ દેતા નથી કે વિધિનો ઉપયોગ રાખતા નથી, તેમની સ્થિતિ પેલા તુંબડા જેવી રહે છે કે જેણે અડસઠ તીર્થનું સ્નાન કર્યું, છતાં અંદરની કડવાશ ન ગઈ.

અહીં એટલું સ્પષ્ટ કરવું ઉચિત ગણાશે કે ચડવું–પડવું એ માણસના પોતાના હાથની વાત છે, બાકી સાધન મળ્યું તેનો સદુપયોગ કરી જાણવો જોઈએ. જો ભેટમાં ખોસવાની છરીને પેટમાં ખોસીએ તો પરિણામ શું આવે ?

અનેક પ્રકારના પાપોમાંથી મુક્ત થવા માટે તીર્થ-સ્નાનમાં જઈએ અને ત્યાં પણ પાપી પ્રવૃત્તિઓ છોડીએ નહિ તો પવિત્રતા ક્યાંથી અનુભવાય ? આ સ્થિતિનું નિવારણ કરવા માટે જ શાસ્ત્રકારોને બુલંદ અવાજે કહેવું પડ્યું કે–

**अन्यस्थाने कृतं पापं, तीर्थस्थाने विनश्यति ।**
**तीर्थस्थाने कृतं पापं, वज्रलेपो भविष्यति ॥**

'હે મનુષ્યો ! તમે જો અન્ય સ્થાને પાપ કર્યું હશે, તો પવિત્ર તીર્થસ્થાનમાં જવાથી તેનો નાશ થશે, પણ તમે તીર્થસ્થાનમાં આવીને પાપ કર્યું તો સમજજો કે એ પાપ વજ્રલેપ જેવું થઈ જશે, એટલે કે કેમે કર્યું નાશ પામશે નહિ અને તેનાં કટુ ફળો તમારે અવશ્ય ભોગવવા પડશે.'

## ૪-તીર્થયાત્રાનું મહત્ત્વ

તીર્થયાત્રાનું વાસ્તવિક મહત્ત્વ સમજાય, તે માટે જૈન મહર્ષિઓએ કહ્યું છે કે-

श्रीतीर्थपान्थरजसा विरजीभवन्ति;
तीर्थेषु बम्भ्रमवतो न भवे भ्रमन्ति ।
द्रव्यव्ययविह नराः स्थिरसम्पदः स्युः
पूज्या भवन्ति जगदीशमथार्चयन्तः ॥

"તીર્થયાત્રિકોના પગની રજવડે રજવાળા થનારા મનુષ્યો કર્મરજથી રહિત થાય છે. તીર્થમાં પરિભ્રમણ કરનારા મનુષ્યો સંસારમાં પરિભ્રમણ કરતા નથી. તીર્થયાત્રામાં દ્રવ્યવ્યય કરવાથી મનુષ્યો સ્થિર સંપત્તિવાળા થાય છે; અને તીર્થમાં જઈ જગદીશ એટલે શ્રી જિનેશ્વર દેવની પૂજા-ભક્તિ-આરાધના-ઉપાસના કરતાં સ્વયં પૂજ્ય બને છે."

કહો, કહો, તીર્થયાત્રાનો આ કેવો સુંદર મહિમા! શું આવી પરમ કલ્યાણકારી તીર્થયાત્રા પ્રત્યે કોઈ પણ જિનોપાસક ઉપેક્ષા કરી શકે ખરો?

## ૫-તીર્થયાત્રા ને પર્યટન સરખા નથી

કેટલાક તીર્થયાત્રાને પર્યટન સાથે સરખાવે છે, પણ તે ઉચિત નથી. ક્યાં આત્મશુદ્ધિના ઇરાદાથી પ્રેરાયેલી તીર્થયાત્રા અને ક્યાં મોજશોખ કે મનોરંજન અર્થે કરવામાં આવતું પર્યટન! આમાં પહેલાને ઉત્તર ધ્રુવ કહીએ તો બીજાને દક્ષિણ ધ્રુવ જ કહેવું પડે; અથવા તો સુવર્ણ

અને પિત્તળ પ્રાથમિક દૃષ્ટિએ સરખા દેખાવા છતાં તેમાં ભારે અંતર હોય છે, તેમ આ બંનેમાં પ્રવાસનું લક્ષણ સામાન્ય હોવા છતાં, તેમાં ભારે અંતર રહેલું છે.

તીર્થયાત્રાના જે પ્રાથમિક નિયમો છે, તેનું મનન કરવાથી આ વસ્તુ વધારે સ્પષ્ટ થશે.

## ૬–તીર્થયાત્રાના પ્રાથમિક નિયમો

તીર્થયાત્રાના પ્રાથમિક નિયમોને 'છ–રી' કહેવામાં આવે છે. અહીં 'છ–રી'થી છ એવી ક્રિયાઓ સમજવાની છે કે જેના નામના છેડે 'રી' અક્ષર રહેલો હોય. તે આ પ્રમાણે :–

(૧) **બ્રહ્મચારી**—તીર્થયાત્રા કરનારે બ્રહ્મચર્યનું મન–વચન–કાયાથી પાલન કરવું જોઈએ. મનથી બ્રહ્મચર્ય પાળવું; એટલે કોઈ પણ સ્ત્રીની સાથે મનથી વિષય-ભોગ કરવાની ઇચ્છા કરવી નહિ; વચનથી બ્રહ્મચર્ય પાળવું એટલે વિષયવિકાર ઉત્પન્ન કરે તેવી વાતો કે અપશબ્દ વગેરે બોલવા નહિ; અને કાયાથી બ્રહ્મચર્ય પાળવું, એટલે કોઈ પણ સ્ત્રીના દેહનો સંસર્ગ કરવો નહિ કે કામવર્ધક ચેષ્ટાઓ કરવી નહિ. આ નિયમ વાસ્તવમાં કઠિન છે, પણ તીર્થયાત્રાના પ્રસંગમાં તો તેના પાલનની અપેક્ષા પહેલેથી જ રાખવામાં આવે છે. જો અભ્યંતર શુદ્ધિ કરવી હોય, મનથી પવિત્ર થવું હોય, તો બ્રહ્મચર્યનું પાલન કર્યે જ છૂટકો. બ્રહ્મચર્યને ઉત્તમ પ્રકારનું તપ કહ્યું છે, તે એટલા જ માટે કે તે આત્માની અપૂર્વ શુદ્ધિ

કરે છે, અંતઃકરણની તમામ વૃત્તિઓને નિર્મળ-પવિત્ર બનાવે છે.

(૨) **એકાહારી**—તીર્થયાત્રા કરનારે ઓછામાં ઓછું એકાસણાનું તપ કરવું જોઈએ. વધારે સ્પષ્ટ કહીએ તો ત્રણ વખત ચા, બે વખત ભોજન, વળી જે આવ્યું તે મોઢામાં નાખવું, એ તીર્થયાત્રાનું લક્ષણ નથી. તેમાં તો આહારત્યાગની ભાવનાએ જ રહેવાનું છે અને દેહનો નિર્વાહ કરવા પૂરતો જ જરૂરી આહાર ગ્રહણ કરવાનો છે. જ્યાં એકાસણું કરવાનું હોય, ત્યાં રાત્રિભોજનનો ત્યાગ આપોઆપ થાય છે. પરંતુ જે ઉપાસકો એકાસણું કરી ન શકે તેમણે સૂર્યાસ્ત પહેલાં પ્રાતઃકાળ સુધી ચારે પ્રકારના આહારનું પચ્ચક્ખાણ જરૂર ઉચ્ચરી લેવું જોઈએ.

અહીં એ પણ સૂચના કરવી યોગ્ય છે કે ઉપાસકે સામાન્ય રીતે સર્વ અભક્ષ્યનો સર્વદા ત્યાગ કરવાનો છે, છતાં કોઈ કારણોસર તેમ બની શક્યું ન હોય તો તીર્થયાત્રામાં તો તેણે અવશ્ય અભક્ષ્યનો ત્યાગ કરવો જોઈએ.

(૩) **દર્શનધારી**—તીર્થયાત્રા કરનારે સુદેવ, સુગુરુ અને સુધર્મ પરની શ્રદ્ધારૂપ સમ્યક્ત્વને દૃઢતાથી ધારણ કરવું જોઈએ. જેને સુદેવ પર શ્રદ્ધા નથી, તે શ્રી જિનેશ્વરદેવની અનન્ય મને ભક્તિ, આરાધના કે ઉપાસના શી રીતે કરી શકવાનો? વળી સુગુરુ અને સુધર્મ પર શ્રદ્ધા

ન હોય તો સદ્દગુરુની નિશ્રા સ્વીકારીને ધર્માચરણ શી રીતે કરવાનો ?

અહીં 'આવશ્યકારી' એવો પણ વિકલ્પ છે, તેનો અર્થ એ છે કે તીર્થયાત્રા કરનારે પ્રાતઃ અને સાયં બન્ને કાળે ષડાવશ્યકની ક્રિયા કે જેને સામાન્ય રીતે પ્રતિક્રમણ કહેવામાં આવે છે, તે કરવી જોઈએ; કારણ કે પાપ-પ્રક્ષાલનની મૂળ ચાવી તેમાં રહેલી છે.

(૪) **ભૂશયનકારી**—તીર્થયાત્રા કરનારે ભૂમિ પર સાદડી, ચટાઈ કે ઊનનું સંથારિયું પાથરીને સૂઈ રહેવું જોઈએ. એથી સંયમપાલનમાં સારી સહાય મળે છે અને આત્મજાગૃતિ વધે છે. પલંગ, ગાદલાં, ગોદડાં, સુંવાળી રજાઈઓ કે મુલાયમ ગાદી વગેરે અનુકૂળ સાધનો વાપરતાં દબાઈ રહેલી વાસના ભભૂકે છે અને યાત્રિકને સંયમભ્રષ્ટ થવાનો પ્રસંગ આવી જાય છે.

તીર્થયાત્રાનાં ધામોમાં કેટલીક વાર યાત્રિકો ગાદલાં–ગોદડાં બરાબર નહિ હોવાની ફરિયાદ કરે છે અને વધારે ઊંચી જાતની માગણી કરે છે, તેઓ શું આ નિયમથી વાકેફ છે ખરા ? અને જો વાકેફ છે, તો સામાન્ય સગવડથી ચલાવી લેવાનું શા માટે ઉચિત સમજતા નથી ? 'તીર્થયાત્રામાં તો કાયાને જેટલી કસીએ તેટલું જ સારું' એ સંસ્કાર તેમના મનમાં દૃઢ થવાની જરૂર છે.

(૫) **સચિત્તપરિહારી**—તીર્થયાત્રા કરનારે સચિત્ત વસ્તુઓનો પરિહાર કરવો જોઈએ. અહીં સચિત્ત વસ્તુથી

મુખ્યત્વે લીલાં શાકભાજી વગેરે સમજવાનાં છે. તેનો પરિહાર એટલે ત્યાગ કરતાં અહિંસાનું પાલન થાય છે અને સંયમસાધના આગળ વધે છે. વળી સર્વ જીવો પ્રત્યે સમાનભાવ વર્તતો હોય તો જ આવી આચરણા થાય છે; એટલે તે વિશ્વમૈત્રીનો સુંદર સંકેત છે.

(૬) **પદચારી**—તીર્થયાત્રા કરનારે કોઈ પ્રકારના વાહનનો ઉપયોગ ન કરતાં પગે ચાલવું જોઈએ. કેટલાકને એમ લાગશે કે મોટર, આગગાડી અને એરોપ્લેનના આ જમાનામાં પગે ચાલવાની વાત કરવી, એ વધારે પડતી છે, પણ વિશેષ વિચાર કરતાં તેનું મહત્ત્વ સમજાઈ જશે.

જયણાપૂર્વક પગે ચાલીને યાત્રા કરતાં સમય વધારે જાય છે, પણ તેથી અહિંસાધર્મનું પાલન થાય છે, તિતિક્ષા અને નિર્ભયતાની તાલીમ મળે છે, ભાષાજ્ઞાનની વૃદ્ધિ થાય છે અને અનેક પ્રકારના લોકોને વીતરાગધર્મની વાતો તથા તેના સિદ્ધાંતો સાંભળવાની તક મળે છે. વિશેષમાં અનેકવિધ જિનમંદિરો તથા સાધુસંતોના દર્શન થાય છે અને તેથી ચક્ષુ-મન-આત્મા પવિત્ર બને છે.

## ૭–તીર્થયાત્રા-સમયનાં કેટલાંક કર્તવ્યો

તીર્થયાત્રા આહ્લાદક, અને ઉપકારી બને, તે માટે શ્રી હરિભદ્રસૂરિએ નવમા પંચાશકમાં કહ્યું છે કે—

**दाणं तवोवहाणं सरीरसक्कारमो जहासत्ति ।**
**उचिते च गीतवाइय—थुतिथोत्ता पेच्छणादि य ॥**

(તીર્થયાત્રા સમયનાં કેટલાંક કર્તવ્યો આ પ્રમાણે સમજવાં.) (૧) દાન. (૨) તપ, (૩) ઉચિત વેશભૂષા, (૪) વાજિંત્રવાદન, (૫) સ્તુતિ–સ્તોત્ર અને (૬) પ્રેક્ષણાદિ,

(૧) **દાન**–દાનનો મહિમા સુપ્રસિદ્ધ છે. ધર્મના ચતુર્વિધ પ્રકારોમાં તેને પ્રથમ સ્થાન અપાયેલું છે, એટલે તીર્થયાત્રાના મંગલ પ્રસંગે તેનો યથાશક્તિ લાભ અવશ્ય લેવો જોઈએ. એ વખતે અહંકાર કે ઉદ્ધતાઇ આવી ન જાય તે જોવાનું. 'લક્ષ્મી ચંચળ છે. તે કોઇની થઈ નથી અને થવાની નથી. તેનાથી જેટલું સુકૃત થઈ શકે તે કરી લેવામાં જ આત્માનું હિત છે.' આટલી સમજણ અંતરમાં ઉતરી જાય, તો અહંકાર કે ઉદ્ધતાઈ થવાનો સંભવ નથી. 'ભાગ્યશાળીઓએ તીર્થમાં આવીને દાનની સરિતાઓ વહાવી છે. તેની આગળ હું કોણ ?' એ વિચાર પણ માનનું મર્દન કરનારો છે.

સાધુ પુરુષોને અથવા સાતેય ક્ષેત્રોમાં જે દાન દેવામાં આવે તે સુપાત્રબુદ્ધિથી પરમ ભક્તિપૂર્વક દેવું જોઇએ; જ્યારે દીન, હીન, અનાથ, નિરાધાર, લૂલા, લંગડા વગેરેને જે દાન દેવાય, તે અનુકંપાબુદ્ધિથી મધુર શબ્દોપૂર્વક દેવું જોઈએ. આક્રોશ, કટુતા, વિલંબ વગેરે દાનને દુષિત કરનારા છે, એટલું હરદમ–હમેશાં લક્ષમાં રાખવું.

(૨) **તપ**–તપશ્ચર્યાથી ભાવની વિશુદ્ધિ થાય છે અને તેથી અધ્યવસાયો નિર્મળ બને છે, માટે તપનું

યથાશક્તિ આચરણ કરવું. અનશન, ઊનોદરિકા, વૃત્તિ-સંક્ષેપ, રસત્યાગ, કાયક્લેશ અને સંલીનતા એ બાહ્ય તપના છ પ્રકારો છે અને પ્રાયશ્ચિત્ત, વિનય, વૈયાવૃત્ય, સ્વાધ્યાય, ધ્યાન અને વ્યુત્સર્ગ એ અભ્યંતર તપના છ પ્રકારો છે. આ બારે પ્રકારોનું યથાશક્તિ આચરણ કરવાથી ભાવની વિશુદ્ધિ થાય છે.

(૩) **ઉચિતવેશભૂષા**—જાતિ, ધંધો, અવસ્થા, અધિકાર વગેરે લક્ષમાં રાખીને મર્યાદાવાળો વેશ ધારણ કરવો, પણ મર્યાદાનું ઉલ્લંઘન કરીને ગમે તેવો ઉદ્ભટવેશ ધારણ કરવો નહિ. પરંતુ આજે તો સમાજની હવા જ બદલાઇ ગઇ છે અને વેશભૂષામાં સીનેમાના નટ-નટીઓનું આંધળું અનુકરણ કરતાં જરાય સંકોચ અનુભવાતો નથી. વધારે ખેદની વાત તો એ છે કે તીર્થયાત્રાઓમાં પણ આવી મર્યાદાહીન નિર્લજ્જ વેશભૂષાનાં દર્શન થાય છે. આપણે ક્યાં આવ્યા છીએ અને શું કરવા આવ્યા છીએ, એનો વિચાર જ હૃદયને સ્પર્શતો નથી અને કદાચ સ્પર્શતો હોય તો પણ અધિક રુપાળા દેખાવાની લાલસા છૂટતી નથી. પૌદ્ગલિક રૂપ અસાર છે, તુચ્છ છે, ક્ષણિક છે, એ વાત મનમાં બરાબર ન ઠસવાનું આ પરિણામ છે, માટે તેનો ઉપયોગ રાખવો.

(૪) **ગીત-વાજિંત્ર**—ભક્તિભાવથી ગવાતાં ગીતો અને વગાડવામાં આવતાં વાજિંત્રોનો સમાવેશ અગ્રપૂજામાં થાય છે, એટલે યાત્રિકોએ તેનો યથાશક્તિ લાભ લેવા માટે

તત્પર રહેવું જોઇએ. ભક્તિરસનો ઉત્કર્ષ કરવા માટે સંગીતમાં જે શક્તિ રહેલી છે, તે અન્ય કોઇ સાધનમાં રહેલી નથી. જો આ વખતે હૃદયના તાર બરાબર ઝણઝણવા લાગે તો તીર્થંકરપદપ્રાપ્તિનાં મૂળ નંખાય છે અને તે આત્યંતિક કલ્યાણનું કારણ બને છે.

(૫) **સ્તુતિ-સ્તોત્ર**—યાત્રિકે તીર્થમાં આવીને સાર ગર્ભિત સુંદર સ્તુતિ-સ્તોત્રો વડે શ્રી જિનેશ્વર દેવની ભક્તિ કરવી જોઈએ અને તેમની છબી અંતરમાં ઉતરી જાય એવી તલ્લીનતા સેવવી જોઈએ.

(૬) **પ્રેક્ષણાદિ**—તીર્થયાત્રા પ્રસંગે ભક્તિરસની ભવ્ય જમાવટ કરવા માટે પ્રેક્ષણાદિ એટલે નૃત્ય, નાટક વગેરેની યોજના કરવી જોઈએ. ગરબા, દાંડિયારાસ વગેરેનો પણ તેમાં જ સમાવેશ થાય. એક કાળે મહા-કવિઓનાં રચેલાં ઉત્તમ નાટકો તીર્થયાત્રાના પ્રસંગે અપૂર્વ છટાથી ભજવાતાં અને તે લોકોને ધર્મની ભાવનાથી તરબોળ કરી નાખતાં. આજે એ પ્રચાર ઓછો છે, કારણ કે આપણા જીવનની રીતરસમ બદલાઈ છે અને વસ્તુનું મૂલ્યાંકન કરવાની દૃષ્ટિમાં પણ મોટો ફેરફાર થયેલો છે. આમ છતાં મન પર લઈએ તો આ પ્રાચીન પ્રથાનો પુનરુદ્ધાર થઈ શકે એમ છે અને તે અનેક આત્માઓને જિનોપાસના તરફ વળવાનું સુંદર નિમિત્ત પૂરું પાડી શકે એમ છે.

**૮—કુટુંબીજનો વગેરેને સાથે રાખવાં.**

તીર્થયાત્રા બને ત્યાં સુધી પોતાના કુટુંબીજનોને સાથે

લઈને કરવી અને શક્તિ હોય તો સાધર્મિક બંધુઓને પણ તે માટે નિમંત્રણ આપવું. શક્તિશાળી સમર્થ પુરુષોએ મોટા સંઘો કાઢીને હજારો ભવ્યાત્માઓને તીર્થયાત્રાઓ કરાવી છે અને એ રીતે શાસનની મહાન પ્રભાવના કરવાપૂર્વક પોતાના જીવનનું અભીષ્ટ સાધ્યું છે.

## ૯—સંઘ કાઢવાનો વિધિ

સંઘને સાથે લઈને યાત્ર કરવી, તેને ટુંકમાં સંઘ કાઢવો કહેવાય છે. તેનો વિધિ શાસ્ત્રકારોએ આ પ્રમાણે જણાવ્યો છે :

પ્રથમ રાજાની (કે રાજ્યનો જે મુખ્ય અધિકારી હોય તેની) સંમતિ મેળવવી. પછી સાથે રાખી શકાય તેવાં દેવાલયો—જિનમંદિરો પોતાની શક્તિ પ્રમાણે નિર્માણ કરવાં તથા તંબૂઓ, રાવટીઓ, રસોઈનાં સાધનો, પાણી રાખવાનાં ટાંકાં તથા ગાડાં વગેરે સામગ્રી તૈયાર કરવી. તે પછી ગુરુ મહારાજને, શ્રી સંઘને, તથા સ્વજન—વર્ગને બહુમાનપૂર્વક નિમંત્રણ કરવું.

વિશેષમાં અમારિ પ્રવર્તાવવી એટલે કે હિંસાનાં કાર્યો બંધ કરાવવાં, જિનમંદિરોમાં મોટી પૂજાઓ ભણાવી મહોત્સવ કરવો, દીન—રાંક વગેરેને દાન આપવું તથા તેઓને સાથે આવવામાં ધન—વાહન વગેરેની સગવડ ન હોય તેવાં નિરાધારને સાધન—સામગ્રી આપવાની ઉદ્‌ઘોષણા કરાવી તીર્થયાત્રા માટે ઉત્તેજિત કરવા.

વળી સંઘની રક્ષા માટે રખેવાળો તથા પોલીસ

વગેરેનો બંદોબસ્ત કરવો અને તેમને જોઈતા હથિયાર વગેરે સાધનો પૂરા પાડવાં તથા ગીત, વાદ્ય અને નૃત્યની સુંદર સામગ્રી મેળવવી. આ રીતે સર્વ તૈયારી કર્યા પછી શુભ દિવસે, મંગલ મુહૂર્તે પ્રસ્થાન કરવું. ત્યાં સમગ્ર સમુદાયને વિશિષ્ટ ભોજન, તાંબૂલ વગેરેથી જમાડીને તથા ઉત્તમ વસ્ત્રોની પહેરામણી કરીને સંઘના પ્રતિષ્ઠિત આગેવાન પાસે સંઘપતિપણાનું તિલક કરાવવું. ત્યારપછી શ્રીસંઘની પૂજાનો મહોત્સવ કરવો.

શ્રી સંઘપૂજા–મહોત્સવ અંગે શ્રાદ્ધવિધિ–પ્રકરણમાં કહ્યું છે કે 'પોતાના કુળને તથા ધન વગેરેને અનુસરીને ઘણા આદરથી અને બહુમાનથી સાધુ–સાધ્વીના ખપમાં આવે એવી વસ્તુઓ જે આધાકર્મકૃત આદિ દોષોથી રહિત હોય તે ગુરુ મહારાજને આપવી. આ વસ્તુઓ તે વસ્ત્ર, કંબલ, પ્રોંછનક, સૂત્ર, ઊન, પાત્રાં, પાણીનાં તુંબડા વગેરે પાત્ર, દાંડો, દાંડી, સોય, કાંટાને ખેંચી કાઢનાર ચીપિયો, કાગળ, ખડિયા, લેખિનીનો સંપુટ, પુસ્તક વગેરે જાણવી. વળી પ્રાતિહારિક, પીઠ, ફલક, પાટો વગેરે સંયમોપયોગી સર્વ વસ્તુઓ સાધુ મુનિરાજને શ્રદ્ધાથી આપવી.

વળી શ્રાવક–શ્રાવિકારૂપ સંઘનો પણ શક્તિ માફક પહેરામણી વગેરે આપીને સત્કાર કરવો. દેવ–ગુરુના ગુણ ગાનારા યાચકો વગેરેને પણ ઉચિત લાગે તે રીતે તૃપ્ત કરવા.'

પ્રયાણ કર્યા પછી માર્ગમાં શ્રીસંઘની સારી રીતિએ

સંભાળ કરવાપૂર્વક ગામે ગામે અને નગરેનગરે શ્રી જિન મંદિરોમાં સ્નાત્રપૂજા, ધ્વજનું દાન, ચૈત્ય પરિપાટી વગેરે કરવા, તેમજ શક્તિ મુજબ જીર્ણોદ્ધાર કરાવવા.

જ્યારે પહોંચવા ધારેલ તીર્થનાં દૂરથી દર્શન થાય ત્યારે રત્ન, મોતી વગેરેથી તે તીર્થનાં વધામણાં કરવાં, તેની સ્તુતિ કરવી અને ઉત્તમ લાડુ વગેરેની પ્રભાવના કરવી.

તીર્થભૂમિએ પહોંચ્યા પછી ત્યાં અષ્ટપ્રકારી વગેરે મહાપૂજા ભણાવવી, વિધિપૂર્વક સ્નાત્ર-મહોત્સવ કરવો, તીર્થમાળ પહેરવી, ઘીની ધારા દેવી, નવ અંગે શ્રી જિન-પૂજન કરવું, કિંમતી મોટો ધ્વજ ચડાવવો, રાત્રિજાગરણ કરવું, ગીત-નૃત્ય વગેરે ઉત્સવ કરવા, તીર્થની આરાધનાને ઉદ્દેશીને ઉપવાસ-છઠ્ઠ-અઠ્ઠમ વગેરે યથાશક્તિ તપ કરવો, ભિન્ન ભિન્ન જાતિનાં ફળ-નૈવેદ્ય વગેરે વસ્તુઓની ભેટ કરવી, પહેરામણી મૂકવી, જોનારને આશ્ચર્ય ઉપજે તેવો સુંદર-દર્શનીય ચંદરવો (ભગવંતની ઉપર) બાંધવો, દીવા માટે તેલ (કોપરેલ), ઘી, પૂજા માટે ધોતિયાં-કેસર-ચંદન-અગુરુ-પુષ્પની ચંગેરી વગેરે સમસ્ત પૂજાની સામગ્રી ભેટ કરવી, નૂતન દહેરી વગેરે બનાવવી, સુતાર વગેરે કારીગરોને સત્કારવા, ત્યાં થતી હોય તે આશાતનાઓ દૂર કરવી, તે તીર્થની રક્ષા કરનારાઓનું સન્માન કરવું, તીર્થના નિર્વાહ માટે અમુક લાગો શરૂ કરવો, સાધર્મિકોનું વાત્સલ્ય કરવું, ગુરુમહારાજની તથા શ્રીસંઘની પહેરામણી વગેરેથી ભક્તિ કરવી અને યાચકો તથા દીન-દુઃખીઆં વગેરેને ઉચિત દાન દેવું.

આ પ્રમાણે યાત્રા કરીને પાછા ફરતાં સુંદર મહોત્સવપૂર્વક નગર પ્રવેશ કરવો. ઘરે પહોંચ્યા પછી શાસન-દેવના આહ્વાન વગેરે અંગે ઉત્સવ કરવો, શ્રી સંઘનો ભોજન વગેરેથી સત્કાર કરવો અને તેને વિદાય આપવી.

ત્યારબાદ અમુક વર્ષ સુધી તે તીર્થયાત્રાની તિથિએ ઉપવાસ વગેરે તપ કરીને તે દિવસને આરાધવો.

સંઘ કાઢવાના આ વિધિ પરથી પાઠકો જાણી શકશે કે સંઘ કાઢનારામાં કેવા ગુણો જોઈએ, તેણે કેવી તૈયારી કરવી જોઈએ અને તેણે યાત્રા નિમિત્તે કેવાં કેવાં કાર્યો કરવા જોઈએ.

તીર્થયાત્રા માનવજીવનમાં કેવું સત્ત્વ રેડે છે, કેવી ભવ્ય ભાવનાઓ ભરે છે, કેવાં ઉમદા તત્ત્વો રેડે છે, તેની પ્રતીતિ નીચેની ઐતિહાસિક ઘટના પરથી થશે.

## (૧૦)—સૌરાષ્ટ્રનો દંડનાયક*

સૌરાષ્ટ્રનો દંડનાયક યાત્રાર્થે ગિરનારનાં શિખર પર આવી ઊભો છે. ભગવાન નેમનાથને નિરખી તેનાં નયનો નાચી ઉઠયાં છે, પણ જિનપ્રાસાદની જીર્ણતા જોઈ તે ઝણઝણી ઉઠે છે. કાળની કઠોર થપ્પડો ખાઈને ખંડિયેર પ્રાયઃ અવસ્થામાં આવી ઊભેલાં મંદિરોની મૂક વાણી તેનાં હૃદયને ચીરવા માંડે છે.

* આ કથા અમારા તરફથી પ્રસિદ્ધ થયેલ જૈન શિક્ષાવલીની બીજી શ્રેણી પુસ્તક નંગ ૧૧ માં પ્રકટ થયેલી છે. એના લેખક છે— શ્રી પ્રિયદર્શન. અમે પોતે આ ઘટનાને અનુલક્ષીને 'સંકલ્પસિદ્ધિ યાને ગિરનારતીર્થનો ઉદ્ધાર' નામનું નાટક ત્રિઅંકી રચેલું છે.

"સાજણ ! સિદ્ધરાજના મંત્રીપદામાં તું જિનરાજના આદેશો ચૂકી રહ્યો છે. તારા હૃદયના સૂરો ઉવેખી રહ્યો છે. તું કંઈક ભૂલે છે."

"હું ભૂલ્યો છું, જરૂર ભૂલો ભમું છું. સૌરાષ્ટ્રનો હું દંડનાયક અને મહાકલ્યાણી ગિરનાર-ટોચ પરનાં પાવનકારી જિનમંદિરોની આ અવદશા ?"

સુરજ માથે આવ્યો.

સાજણદે દંડનાયક ઉતારામાં પાછો વળ્યો. જિન-મંદિરોના જીર્ણોદ્ધાર માટે તે નિર્ણય લેવા મથ્યો. પોતાની સ્વસંપત્તિથી આ કાર્ય તેને શકય ન લાગ્યું. એટલી સંપત્તિ તેની પાસે ન હતી. મુંઝાયો. પવિત્ર હૃદય કહે છે : 'સૌરાષ્ટ્રની મહેસુલના ૧૨॥ કરોડ સોનૈયા લગાવી દે ને ! સૌરાષ્ટ્રનું ધન સૌરાષ્ટ્રના શણગાર માટે બની જવા દે ને ?"

ભયસંજ્ઞા ચેતવે છે-સંભાળજે. તારે માથે સિદ્ધરાજ બેઠો છે. જવાબ માંગશે. ખેદાન-મેદાન થઈ જઈશ.

સાત્ત્વિક હૃદય પડકારે છે-માટીના મોહમાં મહાન કર્તવ્યોને ચૂકીશ મા. સિદ્ધરાજ તો શું, વિશ્વની કોઈ પણ જુલ્મી સત્તા નેમીશ્વરનાં શરણે આવેલાને છંછેડી શકતી નથી. તારા હૃદયમાં જાગેલી મંદિર-જીર્ણોદ્ધારની ભાવનાને મૂર્તરૂપ આપ.

તેણે નિર્ણય કર્યો-"સાડાબાર કરોડ સોનૈયા ગિરનાર પરનાં જીર્ણમંદિરોના ઉદ્ધાર કાજે ખર્ચી નાંખવા." અને

જીર્ણોદ્ધારનું કાર્ય કુશળ કારીગરો–શિલ્પીઓના હાથે તડામાર શરૂ થઈ ગયું.

વાતને તો પાંખો આવી !

સારાય સૌરાષ્ટ્રમાં ગિરનાર પરનો આ જીર્ણોદ્ધાર લોકજિહ્વાએ ચઢ્યો.

સાજણદે દંડનાયકની તે કાળે બોલબાલા હતી. તેનાં શૌર્ય, ઔદાર્ય અને ગાંભીર્યે તેનાં નામને કીર્તિના શિખરે આરૂઢ કરી દીધું હતું. પણ કીર્તિ, પ્રતિષ્ઠા, લોકપ્રિયતા વગેરેથી ગૌરવવંતા પુરુષની પાછળ દુર્જનો લાગેલા જ રહે છે.

કેટલાક તેજોદ્વેષી રાજપુરુષો પહોંચ્યા પાટણ.

ઝુકી ઝુકીને, નમી નમીને, સિદ્ધરાજની સામે ઊભા.

"મહારાજા ! આપની આજ્ઞા હોય તો...."

"શું કહેવું છે તમારે ?" સૌરાષ્ટ્રમાંથી આવેલા આ રાજદ્વારી પુરુષોના મંડળને આશ્ચર્યથી જોતાં સિદ્ધરાજે પૂછ્યું.

"દેવ! પહેલે તબક્કે તો આપને અમારી વાત પર વિશ્વાસ નહિ આવે, આપ અમને જ દૂષિત માનશો. ગમે તેમ, પણ આપનું અહિત થતું અમારાથી સહેવાય જ નહિ."

"અરે ! પણ એવું તે શું મારું અહિત થઈ ગયું છે?" સિદ્ધરાજે આછું સ્મિત કરીને પૂછ્યું.

"અમારું જે થવું હોય તે થઈ જાઓ, પણ આજે અમે સત્ય વાત કહી દેવાના." તેજોદ્વેષી મંડળે ફેરવીને પાસો નાંખ્યો !

"કહો જરૂર કહો ! મારા તરફથી તમે નિર્ભય છો." સિદ્ધરાજનું ભોળું હૃદય વાતના મર્મને ક્યાંથી જાણી શકે ?

"મહારાજા ? સૌરાષ્ટ્રનું મહેસુલ રાજ્યની તિજારીમાં આવી ગયું ?"

"ના." અને સિદ્ધરાજની સામે સાજણની સૌજન્યતા-ભરી મુખમુદ્રા તરવરવા માંડી.

"મહારાજ ! આપ તો અહીં બેઠા. ક્યાંથી જાણો કે સાજણદે મંત્રીએ આપના ૧૨॥ ક્રોડ સોનૈયાનું શું કર્યું છે ?"

"એટલે તમે શું કહેવા માગો છો ?"

"એ જ કે મહામંત્રીએ પોતાની કીર્તિની લાલસા પાછળ એ દ્રવ્યને હોમી દીધું છે!"

"બિલકુલ ખોટું." સિદ્ધરાજ સાજણપરના આક્ષેપથી ધ્રૂજી ઉઠ્યો, કારણ કે સાજણદેની નિમકહલાલી, સત્યનિષ્ઠા અને સદાચારિતા માટે તેને પૂર્ણ વિશ્વાસ હતો.

"આપને અમારી વાત પર વિશ્વાસ નહિ જ આવે, એ અમે પહેલાં જ કહ્યું હતું, પરંતુ દયાળુ ! જો આપને વિશ્વાસ નથી, તો અત્યારે જ સાંઢણી પર માણસ મોકલી મહેસૂલ સાથે સાજણદે મહામંત્રીને બોલાવો."

"હમણાં જ મોકલું છું." પોતાના ખાસ પ્રિય મંત્રી પરનું કલંક ટાળવા સિદ્ધરાજનાં મન, વચન અને ક્રિયા પ્રવૃત્તિશીલ બની ગયાં.

અહીં જીર્ણોદ્ધારનું કાર્ય ખૂબ જ ઝડપથી ચાલી રહ્યું છે. સાજણદેનું હૈયું તીર્થભક્તિથી ખુશી ખુશી થઈ રહ્યું છે. પરંતુ બીજી બાજુએ ચતુર શ્રાવકમંત્રી સિદ્ધરાજ સામેના બચાવની સુયોગ્ય વિચારણા કરી રહ્યો છે.

"સિદ્ધરાજ ૧૨॥ ક્રોડ સોનૈયા માગે તો એની આગળ ધરી દેવા. પણ એટલી મોટી રકમ ક્યાંથી મળે ?" તેની આંખ સમક્ષ સૌરાષ્ટ્રનાં ધનાઢ્ય નગરો એક પછી એક સરકવાં લાગ્યાં. જ્યાં 'વંથળી' (વણથળી) આવ્યું, ત્યાં મંત્રીશ્વરની આંખો ચમકી ઊઠી. છાતી ફૂલી ગઈ.

મહામંત્રીનું આ અણધાર્યું આગમન, વંથળીના કોટ્યાધિપતિ મહાજનને વિચારમાં નાખનારું બન્યું. મહામંત્રીનું મહાજને સુંદર સ્વાગત કર્યું. સ્નાન, પૂજા, ભોજન વગેરે માટે મહાજનના અગ્રણીઓનો આગ્રહ થવા લાગ્યો.

મંત્રીશ્વરે કહ્યું–'અહીં હું એક અગત્યનાં કામે આવ્યો છું, એ કાર્ય થયા પછી જ બીજાં દિનકૃત્યો થશે.' મંત્રીશ્વરનાં આ વચનોએ મહાજનને અધિક આશ્ચર્યમાં નાંખી દીધું.

"મંત્રીશ્વર ! જરૂર ફરમાવો, અમારાથી શક્ય અમે બધું જ કરી છૂટીશું." શ્રાવકસંઘને ભેગો કરવામાં આવ્યો.

સાજણદેએ ગિરનારપર પોતાનું યાત્રાર્થે જવું, મંદિરોની ભગ્નપ્રાયઃ અવસ્થા જોવી, જીર્ણોદ્ધારની ભાવના જાગવી, સિદ્ધરાજના ૧૨ાા ક્રોડ સોનૈયાનું ખર્ચાઈ જવું વગેરે હકીકત જણાવી અને ૧૨ાા ક્રોડ સોનૈયાની આવશ્યકતા દર્શાવી.

એ સાંભળી બધા એકબીજાનાં મુખ સામું જોવા લાગ્યા. કોઈ કંઈ બોલ્યું નહિ, ત્યારે સાકરિયા શેઠ ઊભા થયા અને હાથ જોડીને કહેવા લાગ્યા: 'તમે આવા તો ઘણાં સત્કાર્યો કરો છો. આ કાર્યનો મને એકલાને જ લાભ આપો. સંઘ મારા પર કૃપા કરે.'

મહાજન તો સાકરિયાના આ સાકરથી ય અધિક મધુર વચનો સાંભળી ઠરી જ ગયું! સાકરિયાની વિનંતિ મહાજને માની. સાકરિયે મહામંત્રીને પોતાને ઘરે તેડ્યા. મહામંત્રી નિત્યકર્મોથી પરવાર્યા, એટલે મંત્રીશ્વરની મનગમતાં ભોજનથી સાકરિયા શેઠે સાધર્મિક-ભક્તિ કરી.

બંને ગાદીએ બેઠા.

સાકરિયો બોલ્યો-" મંત્રીશ્વર! કહો તો ૧૨ાા ક્રોડનાં મૂલ્યના હીરા હાજર કરું, કહો તો મોતી રજૂ કરું, કહો તો સુવર્ણ સેવામાં ધરું, કહો તો રોકડા સોનૈયા તમારાં ચરણોમાં સમર્પણ કરું."

સાજણદે તો આ સૌજન્યમૂર્તિ સમી સાકરિયાની આ શ્રીમંતાઈ પર દિંગ થઈ ગયો!

સાકરિયે મંત્રીની આગળ રત્નોનો ઢગ કર્યો. હાથ જોડીને વિનંતિ કરી: "કૃપા કરો! આ વિનશ્વર લક્ષ્મીને શાશ્વત તીર્થની સેવામાં સ્વીકારો." "શેઠ! હવે હું નિર્ભય છું. જ્યારે મારે જરૂર પડશે ત્યારે લઈ જઈશ, હમણાં નહિ."

સાજણદે ઘોડે બેઠા.

ગિરનારની તળેટીમાં આવી પહોંચ્યા.

બે....ચાર દિ'વીત્યા હશે, ત્યાં સમી સાંજને ટાણે પાટણથી એક સાંઢણી સ્વાર ગિરનારની તળેટીમાં આવી ઊભો.

તે સીધો જ સાજણ દંડનાયકના ઉતારે આવી પહોંચ્યો. દંડનાયકને પ્રણામ કરી, તેણે પાટણપતિનો પત્ર હાથમાં મૂક્યો. પત્ર વાંચતાં જ સાજણદે સર્વ વાતને કળી ગયા! આગન્તુક સ્વારને કહ્યું: "હું સૌરાષ્ટ્રને રેઢું મૂકીને હમણાં પાટણ આવી શકું એમ નથી. મહારાજાને મહેસુલ તુરતમાં જોઈતું હોય તો જાતે અહીં આવીને લઈ જાય." આગન્તુક રાજપુરુષ તો સાજણદેનો પ્રત્યુત્તર સાંભળી અવાક્ થઈ ગયો. દંડનાયકના આ પ્રત્યુત્તરના સિદ્ધરાજ પર કેવા ભયાનક પડઘા પડશે, એ કલ્પનાએ તેને ધ્રૂજાવી દીધો.

સિદ્ધરાજને મહામંત્રીનો સંદેશો મળ્યો. તેનો જીદ્દી સ્વભાવ આગથી ભડભડી ઉઠ્યો.

તેજોદ્વેષી રાજપુરુષોનું મંડળ પાસો સફળ પડવાથી

નાચી ઉઠ્યું ! સિદ્ધરાજે સાજણને શિક્ષા કરવાનો નિર્ધાર કર્યો. સેના સાથે સૌરાષ્ટ્ર તરફ પ્રયાણ કર્યું.

સાજણદે પાસે સિદ્ધરાજનાં આગમનની વાત પહોંચી ગઈ હતી.

સિદ્ધરાજનું સ્વાગત કરવા તે સામે આવ્યા. ગિરનારની તળેટીમાં સિદ્ધરાજ આવી પહોંચતાં સાજણદેએ સિદ્ધરાજનાં સન્માન કર્યાં, પરંતુ સિદ્ધરાજને સાજણદેનાં સન્માનની કંઈ જ પડી ન હતી. તેને તો ૧૨॥ ક્રોડ સોનૈયા જોઈતા હતા !

" સાજણ ! સૌરાષ્ટ્રની મહેસુલ લેવા હું આવ્યો છું, માટે તે હાજર કર." રોષભરી મુદ્રાએ સિદ્ધરાજ બોલ્યો.

" મહારાજા ! તે તૈયાર જ છે. આપ નિશ્ચિંત રહો, પરંતુ આપ અહીં સુધી પધાર્યા છો, તો ગિરનારનાં શિખરે ઊભેલાં શ્રી નેમનાથ ભગવાનનાં ગગનચૂંબી પ્રાસાદોનાં દર્શન તો કરો."

સાજણનાં સૌજન્યતાભર્યાં અને સાત્ત્વિક વચનોને ખાળવાની તાકાત જડની જડતાથી ગ્લાન સિદ્ધરાજમાં ક્યાંથી જ હોય ?

સાજણે સિદ્ધરાજનો હાથ પકડ્યો. બંને ગિરનારની પાવન પાગ પર ચઢવા લાગ્યા. દૂરથી ગિરનારનાં શિખરે આકાશને આંબતાં ધોળાં ધોળાં સંગેમરમરના આરસથી સર્જેલાં દેવવિમાનશાં જિનમંદિરો સિદ્ધરાજની આંખે દીઠાં ! આંખો ઠરી.

ઉપર આવી પહોંચ્યા. ભગવાન નેમનાથને પૂજી–સ્તવી, તીર્થયાત્રાનો અપૂર્વ આનંદ સિદ્ધરાજે અનુભવ્યો. મંદિરોનું અભિનવ અદ્ભુત સર્જન, એની અનોખી કલા, એની પાછળ થયેલો કરોડો સોનૈયાનો વ્યય, વગેરેએ સિદ્ધરાજના માનસને ક્ષણવારમાં આંજી દીધું. પોતાના રાષ્ટ્રની આ મહાન તીર્થસમૃદ્ધિ પર તે ઓવારી ગયો.

"સાજણુ! ધન્ય છે, આ મંદિરો બંધાવનારને અને એની જનેતાને!" સિદ્ધરાજનું હૈયું હર્ષના હેલે ચઢયું હતું.

"મહારાજા! ધન્ય છે રાજાધિરાજને અને એમની જનેતાને કે જેમણે આ મંદિરો બધાવ્યાં છે...."

"મેં? કઈ રીતે? ના રે ના...."

"હાજી! આપના ૧૨ાા કરોડ સોનૈયા, સૌરાષ્ટ્રનું મહેસૂલ, એમાંથી આ સર્જન થયેલું છે. હવે, આપને આ મંદિર–નિર્માણના અનલ્પ સુકૃતનું અમાપ પુણ્ય જોઈતું હોય તો તે લ્યો અને ૧૨ાા કરોડ સોનૈયા જોઈએ તો તે પણ તૈયાર જ છે!" સાજણે ટાણું જોઈને ટકોર લગાવી!

ગિરનારની પાવનતમ તીર્થભૂમિએ,

નેમનાથ ભગવાનની શીતળ છાયાએ,

સિદ્ધરાજમાં સૂતેલી સદ્ભાવનાને ઢંઢોળીને જગાડી; અડીખમ બની બેઠેલી દુષ્ટ વાસનાઓને ધરાશાયી કરી દીધી! ગળગળા સાદે, હર્ષનાં આંસુ સાથે, સાજણના હાથ પકડી લઈ સિદ્ધરાજ બોલ્યોઃ

"સાજણ ! તું તો મારો ખરેખરો કલ્યાણમિત્ર. ભવે ભવે તું જ મને કલ્યાણમિત્ર મળજો. મારે સોનૈયાની માટીનો હવે ખપ નથી. મારે તો આ અક્ષય કલ્યાણ જ જોઈ એ."

તીર્થયાત્રાનો આથી વધીને કયો પ્રભાવ આપણે જોઈએ છે ? મનુષ્યજિંદગીનું ધ્યેય જુગજુની વાસનાઓને નિર્મૂળ કરી નાંખવાનુ અને ભવનાશક ભાવનાઓને અંકુરિત કરવાનું છે. તીર્થયાત્રા એ ધ્યેયને સિદ્ધ કરી આપે છે.

સિદ્ધરાજ પાટણ પહોંચ્યો.

અહીં પેલી વંથલીનો દાનવીર સાકરિયો ગિરનારની ભૂમિ પર આવી પહોંચ્યો અને તેણે સાજણદેની સમક્ષ સાડાબાર ક્રોડની કિંમતનાં રત્નોનો ઢગ કરી દીધો !

"શેઠ ! હવે મારે આ ધનની જરૂર નથી. આ તીર્થના પ્રભાવે સહુ સારાં વાનાં થઈ ગયાં છે !"

"મંત્રીશ્વર ! આ શું બોલ્યા ? મેં તો આ ધન ધર્મના નામે જુદું જ કાઢી નાખ્યું છે. હવે મારાથી તેનો ઉપભોગ થાય જ નહિ...."

સાજણદે ધન સ્વીકારતા નથી !

સાકરિયા શેઠ ધન પાછું લેતા નથી !

આખરે મહામંત્રીએ વચલો માર્ગ કાઢયો. રત્નોનો હાર બનાવી ભગવાન નેમનાથના કંઠે આરોપી દીધો !

આમ તીર્થયાત્રાએ સાજણ, સિદ્ધરાજ અને સાકરિયા શેઠ એ ત્રણેને નવું સત્ત્વ, ભવ્ય ભાવનાઓ અને ઉન્નત જીવન બક્ષીસ કર્યાં !

[૨૨]

# અર્હં મંત્રનો જપ

## ૧–મંત્રજપનો મહિમા

ભજન–કીર્તન, સ્તુતિ–સ્તવન, પૂજા–પાઠ, ઉત્સવ–મહોત્સવ, તેમજ તીર્થયાત્રાદિ જેમ ઉપાસનાનાં મહત્ત્વનાં અંગો છે, તેમ મંત્રજપ પણ ઉપાસનાનું એક મહત્ત્વનું અંગ છે. વધારે સ્પષ્ટ કહીએ તો ઇષ્ટદેવના મંત્રનો જપ કરવાથી ઉપાસના ઉત્કૃષ્ટ કોટિની બને છે અને સિદ્ધિ ઘણી સમીપ આવી જાય છે. અહીં સિદ્ધિ શબ્દથી ઇષ્ટદેવનાં દર્શન કે ધ્યેયનો સાક્ષાત્કાર સમજવો.

યોગવિશારદોએ પણ મંત્રજપનું મહત્ત્વ સ્વીકાર્યું છે. શ્રી પતંજલિ મુનિએ યોગદર્શનના સમાધિપાદમાં કહ્યું છે કે 'ईश्वरप्रणिधानाद् वा ॥ અથવા ઈશ્વરનું પ્રણિધાન કરવાથી સમાધિનો લાભ થાય છે.' વિશેષમાં તેમણે કહ્યું છે કે 'तस्य वाचकः प्रणवः–તે ઈશ્વરનો–પરમતત્ત્વનો વાચક પ્રણવ (ૐકાર નામનો મંત્ર) છે.' 'तज्जपस्तदर्थभावनम्–તેનો જપ કરવો અને તેની અર્થભાવના કરવી એ પ્રણિધાન કે ભક્તિવિશેષ છે.' 'ततः प्रत्यक्चेतनाधिगमोऽप्यन्तरायाभावश्च ॥ તેનાથી ચૈતન્યસ્વરૂપ પરમાત્માનો સાક્ષાત્કાર થાય છે; અને

અંતરાયોનો અભાવ પણ થાય છે; અર્થાત્ સિદ્ધિની આડે જે આવરણો રહેલાં હોય તે ખસી જાય છે.'

વળી તાંત્રિકોએ તો તાર (ઉચ્ચ) સ્વરે જાહેરાત કરી છે કે 'जपात् सिद्धिर्जपात् सिद्धिर्जपात् सिद्धिर्न संशयः-આ ઘોર કલિકાલમાં સિદ્ધિ જોઈતી હોય તો તે મંત્રજપથી થાય છે, મંત્રજપથી જ થાય છે, રે! મંત્રજપથી જ થાય છે.'

તાત્પર્ય કે ભક્તિ, યોગ અને તંત્રક્રિયા એ ત્રણેયમાં મંત્રજપનો મહિમા ગવાયેલો છે અને તેથી તેના સ્વરૂપ-વિધિ વગેરેથી પરિચિત થવાની જરૂર છે.

## ૨-મંત્ર અંગે કિંચિત્

અક્ષર કે પદોની વિશિષ્ટ રચનાને મંત્ર કહેવાય છે. શાસ્ત્રકારોએ તેની વ્યાખ્યા કરતાં કહ્યું છે કે—

(૧) मननात् त्रायते इति मन्त्रः-જેના મનનથી-રટણથી -જપથી (ભવસાગર) તરાય તે મંત્ર; અથવા 'गुप्तं भाष्यन्ते मन्त्रविद्भिरिति मन्त्रः-જે મંત્રવિદો વડે ગુપ્તપણે કહેવાય તે મંત્ર.' વ્યવહારમાં પણ ગુપ્ત વાતને મંત્ર કહેવામાં આવે છે.

બધા મંત્રોનું સ્વરૂપ એક સરખું હોતું નથી. કેટલાક મંત્રો માત્ર બીજરૂપ હોય છે, કેટલાક મંત્રો માત્ર પદરૂપ હોય છે, તો કેટલાક મંત્રો બીજ અને પદ બંનેથી યુક્ત હોય છે. મંત્રમાં અમુક જ અક્ષરો હોવા જોઈએ, એવો

નિયમ નથી. એકથી માંડીને સો કે તે ઉપરાંત પણ અક્ષરો હોય છે.

મંત્રોના મુખ્ય બે પ્રકારો છે : એક બીજમંત્ર અને બીજો નામમંત્ર. જેમાં ઇષ્ટદેવના બીજાક્ષર હોય, તે બીજમંત્ર અને જેમાં ઇષ્ટદેવનું નામ હોય તે નામમંત્ર.

યંત્રમાં જેમ જુદી જુદી કળો લગાડવાથી તેના કાર્યોમાં ફેર પડે છે, તેમ મંત્રના છેડે ગુદાં ગુદાં પલ્લવો લગાડવાથી તેના કાર્યમાં ફેર પડે છે. દાખલા તરીકે જે મંત્રને છેડે हुँ કે फट् લાગે છે; તે ઉગ્ર બને છે; ठः ठः પલ્લવ લાગે છે, તે કોમળ બને છે; અને नमः પલ્લવ લાગે છે, તે શાંતિકારક બને છે.

મંત્રનો વિધિસર જપ કરવાથી એક પ્રકારની અદ્‌ભુત–અચિંત્ય શક્તિ ઉત્પન્ન થાય છે અને તેનાથી અનેકવિધ કાર્યો અજબ રીતે સિદ્ધ થાય છે.

### ૩–અર્હં મંત્ર

'ॐ ह्रीँ अर्हं नमः' આ ચાર પદોની અક્ષરરચનાને અર્હંમંત્ર કહેવામાં આવે છે.

આ મંત્રમાં ઇષ્ટદેવનું બીજ છે, પણ નામ નથી, એટલે તે એક પ્રકારનો બીજમંત્ર છે.

આ બીજમંત્રમાં ॐ એ સેતુ છે, ह्रीँ અને अर्हं એ બીજ છે અને नमः એ પલ્લવ છે. તાત્પર્ય કે ॐ એ મંત્રબીજ હોવા છતાં અહીં સેતુ તરીકે વપરાયેલું છે, પણ મુખ્ય

બીજ નથી. મુખ્ય બીજ તો અર્હં જ છે અને હ્રીં બીજ તેનું સહાયક છે. છેડે નમઃ પલ્લવ લાગેલું છે, એટલે તે શાંતિ–તુષ્ટિ–પુષ્ટિ કરનારો મંત્ર છે.

મંત્રશક્તિ જાગ્રત કરવા માટે જેનો પ્રથમ પ્રયોગ થાય, એ સેતુ કહેવાય. અહીં મંત્રશક્તિ જાગ્રત કરવા માટે જ ૐને પહેલો મૂકવામાં આવ્યો છે, માટે તે સેતુ છે.

આ સ્થાને ૐનો પણ થોડો પરિચય આપવો ઇષ્ટ લેખાશે. મંત્રવિશારદો ૐને ધ્રુવબીજ, વિનયબીજ કે તેજો-બીજ લેખે છે. શાસ્ત્રોમાં તેને માટે અનેક પ્રકારનાં સાંકેતિક નામોનો પ્રયોગ થયેલો છે. જેમ કે–વર્તુલ, તાર, વામ, હંસકારણ, મન્ત્રાદ્ય, પ્રણવ, સત્ય, બિંદુશક્તિ, ત્રિદૈવત, ત્રિશિખ વગેરે.

ૐકારની રચના પંચપરમેષ્ઠિસૂચક अ+अ+आ+उ+म् એ પાંચ અક્ષરો વડે થયેલી છે. અરિહંતનો પ્રથમ અક્ષર अ છે, સિદ્ધ અથવા અશરીરીનો પ્રથમ અક્ષર પણ अ છે, આચાર્યનો પ્રથમ અક્ષર आ છે, ઉપાધ્યાયનો પ્રથમ અક્ષર उ છે અને સાધુ કે મુનિનો પ્રથમ અક્ષર म–म् છે. તેનું સંયોજન કરતાં अ+अ=आ થાય, आ+आ=आ થાય आ+उ=ओ થાય અને તેમાં म् ઉમેરાતાં ओम् થાય.

ૐકારની શકિત વિષે કહેવાયું છે કે–

ॐकारं बिन्दुसंयुक्तं, नित्यं ध्यायन्ति योगिनः
कामदं मोक्षदं चैव, ॐकाराय नमो नमः ॥

'યોગીઓ–યોગસાધકો બિંદુથી સંયુક્ત એવા ઈચ્છિત કામસુખને આપનારા તથા મોક્ષને આપનારા ૐકારનું ધ્યાન કરે છે. આવા ૐકારને–ૐ નામના મંત્રને વારંવાર નમસ્કાર હો.'

મુનિ–મહાત્માઓના વ્યાખ્યાન–પ્રસંગે પ્રારંભમાં આ શ્લોક પ્રાયઃ બોલાય છે, તે પરથી પણ તેનું મહત્ત્વ સમજી શકાશે. વિશેષ જાણવા માટે અમારો 'ૐકાર ઉપાસના' નામનો ગ્રંથ જુઓ.

હ્રીઁ કારનો મહિમા પણ ઘણો છે. તે માટે અમે 'હ્રીઁકાર–ઉપાસના નામનો એક સ્વતંત્ર ગ્રંથ લખેલો છે, તે પાઠકોએ જોઈ જવો જરૂરી છે.

अर्हं બીજનો મહિમા અનેરો છે. કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યે સિદ્ધહેમશબ્દાનુશાસનની સ્વોપજ્ઞ બૃહદ્ વૃત્તિમાં જણાવ્યું છે કે—

अर्हमित्येतदक्षरं परमेश्वरस्य परमेष्ठिनो वाचकं सिद्धचक्रस्यादिबीजं सकलागमोपनिषद्भूतमशेषविघ्नविघातनिघ्नमखिलदृष्टादृष्टसंकल्पकल्पद्रुमोपमं शास्त्राध्ययनाध्यापनावधि प्रणिधेयम् ॥

થોડા વિવેચનથી આનો અર્થ–ભાવ સ્પષ્ટ થશે.

'अर्हमित्येतदक्षरं'–અહીં अर्हं એવો જે અક્ષર છે, તે परमेश्वरस्य परमेष्ठिनो वाचकं પરમેશ્વર એવા પરમેષ્ઠિનો વાચક છે.' જે પોતાના સ્વરૂપથી ચલિત ન થાય તે અક્ષર કહેવાય. તે અહીં બીજરૂપે પ્રયુક્ત છે. કદાચ પાઠકને પ્રશ્ન થશે કે 'અર્હં' માં દેખીતી રીતે જ વધારે અક્ષરો છે,

છતાં અક્ષરો ન કહેતાં અહીં અક્ષર એવો પ્રયોગ કેમ કર્યો?” તેનું સમાધાન એ છે કે ‘જે બીજ ઘણા અક્ષરોથી સંયુક્ત હોય-કૂટ હોય, તેને એક જ અક્ષર ગણવામાં આવે છે; જેમ-કેॐ, क्ष, ह्म्ल्व्र्यूं આદિ. વળી મંત્રવિદોનું કહેવું છે કે કૂટ મંત્રોમાં ઘણા અક્ષરો દેખાવા છતાં તેમાં વસ્તુતઃ એક જ અક્ષર મંત્રસ્વરૂપ હોય છે અને બાકીના તો તેના પરિકર કે પરિવારરૂપ હોય છે, તેથી પણ તેને એક અક્ષર કહેવામાં આવે છે. अर्हं બીજ અનેકાક્ષરી હોવા છતાં તેમાં ह અક્ષર જ મંત્રસ્વરૂપ છે, તેથી અહીં અક્ષર એવો શબ્દપ્રયોગ ઉચિત છે.’

કદાચ અહીં બીજો પ્રશ્ન એમ પૂછાય કે ‘પરમેશ્વર એવા પરમેષ્ઠિ એમ કહેવામાં શો હેતુ રહેલો છે?’ તો તેનો ઉત્તર એ છે કે ‘દેવતાઓ અને ગુરુઓનું નામ ઉપપદ વિના-વિશેષણ વિના બોલવું ન જોઈએ એવો શાસ્ત્રનો આદેશ છે,* અને અહીં પરમેષ્ઠી એ દેવતાનું નામ છે, માટે તેને પરમેશ્વર એવું ઉપપદ-વિશેષણ લગાડેલું છે. વળી પરમેષ્ઠી એ શબ્દ એવી મહાન વસ્તુનો

---

* देवतानां गुरूणां च, नाम नोपपदं विना ।
उच्चरेन्नैव जायायाः कथञ्चिन्नात्मनस्तथा ॥

‘દેવતાઓ અને ગુરુઓનું નામ ઉપપદ-વિશેષણ વિના બોલવું નહિ. તેમ જ સ્ત્રીનું નામ કે બનતાં સુધી પોતાનું નામ પણ સ્વયં બોલવું નહિ.’

સૂચક છે કે તેને શ્રી જેવું સામાન્ય કોટિનું વિશેષણ શોભે નહિ; તેથી અહીં પરમેશ્વર એવું યથાર્થ વિશેષણ લગાડેલું છે. પરમેશ્વર એટલે પરમ ઐશ્વર્યવાન્. પરમ ઐશ્વર્ય એટલે અષ્ટમહાપ્રાતિહાર્ય અને સમવસરણાદિ અનન્ય પ્રકારની સમૃદ્ધિ તથા યોગની સર્વ પ્રકારની સિદ્ધિ. પરમેષ્ઠી એટલે પરમપૂજ્ય સ્થાને રહેલા. એ પાંચ છે. એમાં અહીં પરમેશ્વર પરમેષ્ઠિનો અર્થ સકલ રાગાદિરૂપ મલરહિત, સર્વ જીવોના યોગ અને ક્ષેમનું વહન કરનારા, શસ્ત્રાદિ ઉપાધિથી રહિત હોવાને લીધે પ્રસન્નતાના પાત્ર, જ્યોતિરૂપ, દેવાધિદેવ, સર્વજ્ઞ પુરુષવિશેષ સમજવાના છે.

આટલાં વિવેચનથી સ્વરૂપ અને અભિધેય કહેવાયું. હવે તેનું તાત્પર્ય કહે છે.

જે વાચ્યાર્થને કહે તે વાચક કહેવાય.

‘सिद्धचक्रस्यादिबीजं सकलोपनिषद्भूतम्—આ अर्हं એવો જે અક્ષર છે, તે સિદ્ધચક્રનું આદિબીજ છે અને સકલ આગમોનું રહસ્ય છે.’ જેમ જૈનેતર શાસ્ત્રોમાં ત્રૈલોક્યવિજય, ઘંટાર્ગલ, સ્વાધિષ્ઠાન, પ્રત્યંગિરા વગેરે ચક્રો પ્રસિદ્ધ છે, તેમ જૈનશાસ્ત્રોમાં સિદ્ધચક્ર પ્રસિદ્ધ છે. તેમાં સિદ્ધ એવા પરમ તત્ત્વો ચક્રાકારે મંડળરૂપે ગોઠવાયેલા હોય તે સિદ્ધચક્ર. એ પરમ તત્ત્વ નવ છે,—અર્હત્ સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ, દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપ. આ સિદ્ધચક્રમાં બીજા [illegible]ણ પાંચ બીજો છે, જેવાં કે ह्राँ ह्रीँ ह्रूँ ह्रौँ ह्रः તેમાં ‘अर्हं’ એ પ્રથમ બીજ છે, તેથી તેને આદિબીજ કહેવામાં આવ્યું છે.

જે પરમગુરુ એવા અરિહંતના મુખમાંથી નીકળ્યું હોય અને શ્રદ્ધાસંપન્ન વિનયવંત શિષ્યો પ્રત્યે ગયું હોય તે આગમ કહેવાય. આવાં આગમો મુખ્યત્વે બાર અને સમુદાયરૂપે ઘણાં છે. તે બધાંનો સાર 'अरिहंत–सिद्ध–आयरिय–उवज्झाय–साहू' એ ષોડાક્ષરી વિદ્યામાં આવી જાય છે અને ષોડાક્ષરી વિદ્યાનો સાર 'अर्हं' બીજમાં નિહિત છે, એટલે તેને સકલ આગમોનુ રહસ્ય કહેવામાં આવ્યું છે.

આ अर्हं બીજ 'अशेषविघ्नविघातनिघ्नं' એટલે સર્વ વિઘ્નોનો નાશ કરવામાં સમર્થ છે અને–'अखिलदृष्टादृष्ट-संकल्पकल्पद्रुमोपमं' એટલે સર્વ પ્રકારના દૃષ્ટ અને અદૃષ્ટ એવા જે સંકલ્પો તેને પૂરવા માટે કલ્પવૃક્ષ સમાન છે. અહીં દૃષ્ટ સંકલ્પથી રાજ્યઋદ્ધિ વગેરે અને અદૃષ્ટ સંકલ્પથી સ્વર્ગાદિ સુખો અભિપ્રેત છે.

છેવટે કહ્યું છે કે 'शास्त्राध्ययनाध्यापनावधि प्रणिधेयम्' આ બીજનું શાસ્ત્રના અધ્યયન અને અધ્યાપન સમયે અવશ્ય પ્રણિધાન કરવું જોઈએ.'

અહીં શબ્દશાસ્ત્રની રચનાનો પ્રસંગ છે, એટલે અધ્યયન–અધ્યાપનનો નિર્દેશ કર્યો છે, પણ સર્વ મુમુક્ષુઓએ જિનભક્તિ–જિનોપાસનામાં આગળ વધવા માટે તેનું પ્રણિધાન કરવાનું છે, તેનો જપ તથા અર્થભાવના કરવાની છે.'

શ્રી જયસિંહસૂરિએ ધર્મોપદેશમાલામાં अर्हं રૂપ અક્ષરતત્ત્વનું વર્ણન કરતાં કહ્યું છે કે–

अकारादि–हकारान्ता, प्रसिद्धा सिद्धमातृका ।
युगादौ या स्वयं प्रोक्ता, ऋषभेण महात्मना ॥३॥

'અ'થી શરૂ થતી અને 'હ'માં અંત પામતી એવી સિદ્ધ–માતૃકા પ્રસિદ્ધ છે કે જેને યુગના પ્રારંભમાં પરમાત્મા શ્રી ઋષભદેવ ભગવંતે સ્વયં કહી હતી.'

एकैकमक्षरं तस्यां, तत्त्वरूपं समाश्रितम् ।
तत्रापि त्रीणि तत्त्वानि, येषु तिष्ठति सर्ववित् ॥४॥

'તે સિદ્ધ માતૃકાનો એક એક અક્ષર તત્ત્વરૂપને સમાશ્રિત(પ્રાપ્ત) છે, અર્થાત્ પ્રત્યેક અક્ષર તત્ત્વરૂપ છે. તેમાં પણ 'अ', 'र' અને 'ह्' એ ત્રણ તત્ત્વો એવાં (વિશિષ્ટ) છે કે જેમાં સર્વજ્ઞ પરમાત્મા રહેલા છે.'

'अ' તત્ત્વનું વર્ણન :

अकारः प्रथमं तत्त्वं, सर्वभूताभयप्रदम् ।
कण्ठदेशं समाश्रित्य, वर्तते सर्वदेहिनाम् ॥५॥

'તેમાં અકાર પ્રથમ તત્ત્વ છે, સર્વ પ્રાણીઓને અભય આપનારું છે અને સર્વ દેહધારીઓના કંઠસ્થાનને આશ્રીને રહેલું છે.'

सर्वात्मकं सर्वगतं, सर्वव्यापि सनातनम् ।
सर्वसत्त्वाश्रितं दिव्यं, चिन्तितं पापनाशनम् ।

'તે તત્ત્વ સર્વસ્વરૂપ, સર્વગત, સર્વવ્યાપી, સનાતન અને સર્વ પ્રાણીઓને આશ્રીને રહેલું છે. તેનું દિવ્ય ચિંતન (સર્વ) પાપનો નાશ કરે છે.'

इदमाद्यं भवेद् यस्य, कलाऽतीतं कलाश्रितम् ।
नाम्ना परमदेवस्य, ध्येयोऽसौ मोक्षकाङ्क्षिभिः ॥१२॥

'કલારહિત અથવા કલાસહિત એવું આ (પરમ) તત્ત્વ નામવડે જે પરમદેવની આદિમાં છે, તે (પરમદેવ) નું મોક્ષની આકાંક્ષાવાળા પુરુષોએ ધ્યાન કરવું જોઈએ.'

'ર્' તત્ત્વનું વર્ણન :

दीप्तपावकसङ्काशं, सर्वेषां शिरसि स्थितम् ।
विधिना मन्त्रिणा ध्यातं, त्रिवर्गफलदं स्मृतम् ॥१३॥

'સર્વ પ્રાણીઓના મસ્તકમાં રહેલ પ્રદીપ્ત અગ્નિ-સમાન આ તત્ત્વનું મંત્રધારકવડે જો વિધિપૂર્વક ધ્યાન કરાય તો તે ધર્મ, અર્થ અને કામ એ ત્રિવર્ગની પ્રાપ્તિ રૂપ ફળને આપનારું છે, એમ (જ્ઞાની પુરુષોએ) કહ્યું છે.'

यस्य देवाभिधानस्य, मध्ये ह्येतद् व्यवस्थितम् ।
पुण्यं पवित्रं माङ्गल्यं, पूज्योऽसौ तत्त्वदर्शिभिः ॥१४॥

'પુણ્ય, પવિત્ર અને મંગલ એવું આ તત્ત્વ જે પરમાત્મા (अर्हं)ના નામની મધ્યમાં રહેલું છે, તે પરમાત્મા તત્ત્વદર્શીઓને પૂજ્ય છે.'

'ह्' તત્ત્વનું વર્ણન :

सर्वेषामपि भूतानां, नित्यं यो हृदि संस्थितः ।
पर्यन्ते सर्ववर्णानां सकलो निष्कलस्तथा ॥१५॥
हकारो हि महाप्राणः, लोकशास्त्रेषु पूजितः ।
विधिना मन्त्रिणा ध्यातः, सर्वकार्यप्रसाधकः ॥१६॥

'સર્વ પ્રાણીઓના હૃદયમાં સદા રહેલ, સર્વ વર્ણોની અંતે રહેલ, કલા સહિત, કલા રહિત અને લૌકિક શાસ્ત્રોમાં 'મહાપ્રાણ' તરીકે પૂજિત (બહુમત) એવા 'હ'કારનું મંત્રધારકવડે જો વિધિપૂર્વક ધ્યાન કરાય, તો તે સર્વ કાર્યોનો સાધક છે.'

यस्य देवाभिधानस्य, पर्यन्त एष वर्तते ।
मुमुक्षुभिः सदा ध्येयः, स देवो मुनिपुङ्गवैः ॥१७॥

'જે દેવના નામના અંતમાં આ ('હ'કાર) રહે છે, તે (अर्हं) દેવનું મુમુક્ષુ-મુનિવરોએ સદા ધ્યાન કરવું જોઈએ.'

બિંદુનું વર્ણન :

सर्वेषामपि सत्वानां नासाग्रे परिसंस्थितम् ।
बिन्दुकं सर्ववर्णानां, शिरसि सुव्यवस्थितम् ॥१८॥

हकारोपरि यो बिन्दुर्वर्तुलो जलबिन्दुवत् ।
योगिभिश्चिन्तितस्तस्थौ, मोक्षदः सर्वदेहिनाम् ॥१९॥

'જે સર્વ પ્રાણીઓની નાસિકાના અગ્ર ભાગને વિષે રહેલ છે, જે સર્વ વર્ણોના મસ્તકે સુવ્યવસ્થિત છે, જે 'હ'કાર ઉપર જલબિંદુની જેમ વર્તુલાકારે રહેલ છે અને જે યોગીઓ વડે સદા ચિન્તિત છે, તે બિંદુ સર્વ જીવોને મોક્ષ આપનાર છે.'

त्रीण्यक्षराणि बिन्दुश्च, यस्य देवस्य नाम वै ।
स सर्वज्ञः समाख्यातः, 'अर्हं' तदिति पण्डितैः ॥२०॥

'ત્રણ અક્ષરો અને બિંદુ મળીને જે દેવનું નામ થાય છે, તે દેવ પંડિતો વડે સર્વજ્ઞ પરમાત્મા 'अर्हं' (અરિહંત) કહેવાયા છે.'

અન્યત્ર કહેવાયું છે કે—

अकारेणोच्यते विष्णू, रेफे ब्रह्मा व्यवस्थितः ।
हकारेण ईशः प्रोक्तस्तदन्ते परमं पदम् ॥

'અકારથી વિષ્ણુ કહેવાય છે. રેફમાં બ્રહ્મા રહેલા છે, હકારથી શિવનું કથન છે, અને તેના છેડે ˙ ˙ આવું જે અનુસ્વાર છે, એ પરમ પદનું વાચક છે.'

તાત્પર્ય કે આ રીતે अर्हं પદ સર્વવ્યાપી અને સર્વ શક્તિમાન હોવાથી તેનું પ્રણિધાન કરવું ઇષ્ટ છે.

અહીં એટલી સ્પષ્ટતા કરી દઈએ કે બીજનું જપરૂપ પ્રણિધાન કરતી વખતે મંત્રસ્વરૂપે જ કરાય છે, એટલે કે ત્યાં માત્ર બીજ નહિ, પણ તેને લગતો જે મંત્ર હોય તેનો જ જપ કરવો જોઈએ.

## ૪-જપ કોને કહેવાય ?

મંત્રાક્ષરની વારંવાર આવૃત્તિ કરવી તેને જપ કહેવાય છે. જપવું એટલે બોલવું-રટવું. જેમાં બોલવાની-રટવાની ક્રિયા વારંવાર થાય, તે જપ.

## ૫-કેવો મંત્રજપ ફલદાયી થાય ?

જે મંત્ર ગુરુદત્ત હોય છે, એટલે કે ગુરુએ વિધિપૂર્વક આપેલો હોય છે, તે જ ઈષ્ટ ફલને આપનારો થાય છે, તેથી મુમુક્ષુએ સારી તિથિ, સારો વાર, સારું મુહૂર્ત જોઈને ગુરુ પાસેથી વિનયપૂર્વક મંત્ર ગ્રહણ કરવો જોઈએ. ક્યાંકથી સાંભળેલો, કોઈની પાસેથી તફડાવેલો કે પુસ્તકમાંથી વાંચેલો મંત્ર ગમે તેટલો જપવામાં આવે તો પણ ઈષ્ટ ફલને આપી શકતો નથી.

## ૬-મંત્રજપ ક્યાં કરવો ?

કોઈ એકાંત ઓરડામાં સિંહાસન કે બાજોઠ પર શ્રી જિનેશ્વરદેવની છબી પધરાવીને તેની સન્મુખ આ મંત્રનો જપ કરવો ઉચિત છે. શ્રી હરિભદ્રસૂરિએ યોગબિંદુમાં કહ્યું છે કે 'જપ દેવતાની સન્મુખ અથવા સ્વચ્છ

જળાશયોની આગળ અથવા પત્રો, પુષ્પો, અને ફળોથી લચેલાં વૃક્ષોવાળા-વનપ્રદેશની અંદર કરવા માટે સત્પુરુષોની આજ્ઞા છે.' એટલે જ્યાં જેવો સંયોગ હોય, તે પ્રમાણે વર્તવું ઇષ્ટ છે.

જે સ્થાનમાં મંત્રજપ કરવો હોય ત્યાં સુગંધી ધૂપ કરવો જોઈએ, ઘીનો દીવો પ્રકટાવવો જોઈએ, આસોપાલવનું તોરણ બાંધવું જોઈએ અને પુષ્પમાળા લટકાવવી જોઈએ. ટૂંકમાં તેને બને તેટલું પવિત્ર તથા આકર્ષક કરવાથી મંત્રજપમાં ઘણી અનુકૂલતા રહે છે.

## ૭—પૂર્વવિધિ

પ્રથમ ઇષ્ટદેવનું પંચોપચારથી કે અષ્ટોપચારથી પૂજન કરવું જોઈએ, પછી સારગર્ભિત સુંદર સ્તુતિ-સ્તોત્રોથી તેમની સ્તવના કરવી જોઈએ અને ત્યારબાદ મંત્રજપમાં પ્રવૃત્ત થવું જોઈએ.

પ્રભુપૂજન કરતાં પહેલાં સાત પ્રકારની શુદ્ધિ સાચવવી જોઈએ, એ વસ્તુ આગળ અમે એક સ્વતંત્ર પ્રકરણ દ્વારા કહી ગયા છીએ, એટલે અહીં તેની પુનરુક્તિ કરતા નથી, પણ એટલું જણાવીએ કે આ પૂજન ઘણું જ શુદ્ધિપૂર્વક થવું જોઇએ. શુદ્ધિ જેટલી વધારે તેટલી સિદ્ધિ સમીપ સમજવી.*

* આ શુદ્ધિનું કેટલુંક વર્ણન અમોએ જૈન શિક્ષાવલી-પ્રથમ શ્રેણીના 'મંત્રસાધન' નામના પુસ્તકમાં કરેલું છે.

અર્હં મંત્ર સાત્ત્વિક છે અને તેનો જપ શાંતિ અર્થે કરવામાં આવે છે, એટલે તે વખતે શ્વેત વસ્ત્રો પરિધાન કરવાં જોઈએ અને જપમાળા કે જેને સામાન્ય રીતે નવકારવાળી કે નોકારવાળી કહેવામાં આવે છે, તે સ્ફટીક, રૌપ્ય કે શ્વેત પારાની હોવી જોઈએ. વળી આસન પણ શ્વેત ઊનનું હોય તે ઈચ્છવા યોગ્ય છે.

## ૮–સંખ્યાનો નિર્ણય

મંત્રજપ કેટલો કરવો છે? તેનો નિર્ણય અગાઉથી કરી લેવો જોઈએ અને તેને ગમે તે ભોગે પાર પાડવાનો દૃઢ સંકલ્પ સેવવો જોઈએ, અન્યથા નાનું-મોટું કોઈપણ વિઘ્ન ઉપસ્થિત થતાં અટકી જવાનો સંભવ છે. વળી પ્રતિદિન કેટલો જપ કરવો, તેનો નિર્ણય પણ તે જ વખતે કરી લેવો જોઈએ અને તે પ્રમાણે પ્રતિદિન જપસંખ્યા પૂરી કરવી જોઈએ.

अर्हं મંત્રનો જપ જેટલો થાય, તેટલો ઉત્તમ છે, પણ જો તે સંકલ્પપૂર્વક સવા લાખનો કરવામાં આવે તો ઘણો ફલદાયી થાય છે. અમે પૂર્વપુરુષોના કથનથી જાણ્યું છે, તથા અમારા પોતાના અનુભવથી એમ જોયું છે કે સવા લક્ષ જપાયેલો આ મંત્ર મહામૃત્યુંજયનું કામ કરે છે અને ટુંક સમયમાં જ ઈષ્ટ મનોરથની પૂર્તિ કરે છે; વળી જપસંખ્યા અર્ધા ઉપર પહોંચ્યા પછી સુંદર સ્વપ્નો આવવાની શરૂઆત થાય છે અને પૂર્ણાહુતિના સમયે તો

જીવનભર યાદ રહી જાય તેવા અપૂર્વ શુભસૂચક સ્વપ્નની પ્રાપ્તિ થાય છે. જેઓ પોતાના જીવનમાં અર્હં મંત્રનો સવાક્રોડ જપ કરે છે, તેમનું જીવન ધન્ય ધન્ય બને છે.

## ૯–જપના પ્રકારો

જપના પ્રકારો અનેક છે, પણ તેમાં ત્રણ પ્રકારની વિશેષ પ્રસિદ્ધિ છેઃ (૧) ભાષ્ય, (૨) ઉપાંશુ અને (૩) માનસ. બીજો સાંભળી શકે તે પ્રમાણે મંત્રનો ઉચ્ચાર કરવો, તે **ભાષ્ય** જપ કહેવાય છે; બીજો સાંભળી ન શકે એ રીતે એટલે હોઠ બીડીને મંત્રનું રટણ કરવું, તે **ઉપાંશુ** જપ કહેવાય છે અને જે મંત્ર માત્ર મનની વૃત્તિઓથી જ સ્વસંવેદનરૂપે જપાય તે **માનસ** કહેવાય છે. આ ત્રણ પ્રકારો ઉત્તરોત્તર ઉત્તમ છે, એટલે ભાષ્ય જપ કરતાં ઉપાંશુ જપનું અને ઉપાંશુ જપ કરતાં માનસ જપનું ફલ ઘણું વધારે છે; તેથી મુખ્યતાએ તો માનસ જપનું અવલંબન લેવું શ્રેષ્ઠ છે, પણ તેમ ન બની શકે તો ઉપાંશુ જપનું પણ અવલંબન લઈ શકાય. ભાષ્ય જપ કનિષ્ઠ હોઈ બને ત્યાં સુધી આ પ્રસંગે તેનું અવલંબન લેવું નહિ. અન્ય સમયે જપના અભ્યાસ માટે ભાષ્યનું અવલંબન લેવામાં આવે, તે ઇષ્ટ છે.

## ૧૦–જપ કેવી રીતે કરવો ?

હાથની આંગળીઓ પર, માળા ઉપર કે નાસિકાના અગ્ર ભાગ ઉપર દૃષ્ટિ સ્થિર કરીને તથા અંતરાત્માથી

શાંત થઈને મંત્રોના અક્ષરમાં ચિત્તની વૃત્તિને પરોવી દેવી જોઈએ. જેમ સૂત્ર (દોરો) પરોવ્યા પછી માળાના મણકા જ્યાં ત્યાં વિખરાઈ જતા નથી, તેમ મનને મંત્રના અક્ષરોમાં પરોવ્યું કે તેની વૃત્તિ જ્યાં ત્યાં જતી નથી. જ્યારે મન વ્યાકુળ થાય, ત્યારે થોડીવાર માટે જપ છોડી દેવો જોઈએ. શ્રી હરિભદ્રસૂરિએ યોગબિંદુમાં કહ્યું છે કે 'વ્યાકુલ ચિત્ત વખતે જપનો ત્યાગ કરવાથી (અંદરથી અશાંત છતાં બહારથી શાંત આકાર ધારણ કરવારૂપ) માયાચારનો ત્યાગ થાય છે તથા વિશ્રાંતિ લેવાથી જપમાં સારી રીતે પ્રવૃત્તિ થાય છે.'

**ભૂતશુદ્ધિતંત્ર**માં કહ્યું છે કે–

**मनः संहृत्य विषयान् मन्त्रार्थगत-मानसः ।**
**न द्रुतं न विलम्बं च, जपेन् मौक्तिकहारवत् ॥**

'જપ કરતી વખતે બાહ્ય વિષયોને મનથી દૂર કરવા અર્થાત્ ઉખેડી નાખીને મંત્રના અર્થની ભાવનાપૂર્વક અતિ ઉતાવળે નહિ અને અતિ મંદ ગતિએ પણ નહિ, એટલે કે સરખી રીતે જેમ મોતીના હારમાં ધીમે ધીમે મોતી પરોવીએ છીએ, તે જ પ્રમાણે જપ કરવો.'

તાત્પર્ય કે જપ કરતી વખતે મનને સમગતિએ ચલાવવું, પણ તેનો વેગ વધી જાય કે ઢીલો પડી જાય, એમ કરવું નહિ.

મનને સમગતિએ ચલાવવા માટે કેટલાક અભ્યાસની

જરૂર છે. તે માટે અમે ધ્યાનના વર્ગોમાં* તથા અવધાન પ્રયોગોના શિક્ષણમાં નીચેની પ્રક્રિયા અમલમાં મૂકી હતી :-

૧ થી ૫૦ સુધીના અંકો ધીમે ધીમે એક સરખા અંતરે બોલી જવા. તેમાં ઝડપ વધી જાય તો દ્રુત દોષ સમજવો અને ઝડપ ઘટી જાય તો વિલંબિત દોષ સમજવો. ગણના વખતે એક પણ વિકલ્પ ઊઠવો ન જોઈએ. વિકલ્પ ઊઠે ત્યાં સુધી પ્રક્રિયા સિદ્ધ થઈ નથી એમ સમજવું. જ્યારે ૧ થી ૫૦ સુધીની સંખ્યા સમગતિએ બોલાય ત્યારે સંખ્યાનો ક્રમ આગળ લંબાવી ૧૦૦ સુધીનો કરવો. આ રીતે ૧ થી ૧૦૦ સુધીની સંખ્યા બરાબર સરખા અંતરે બોલાય અને કોઈ જાતનો દોષ આવે નહિ, ત્યારે મન સમગતિએ ચાલે છે, એમ સમજવું અને તેનો યથાર્થ ઉપયોગ કરવો.

જપ અંગે બીજાં સૂચનો નીચે મુજબ છે:—

(૧) જપ દરમિયાન સદાચારનું પાલન કરવું

(૨) જપ અનિદ્રિત થઈને કરવો, એટલે કે જપ કરતાં ઊંઘનાં ઝોકાં ન આવી જાય, તેનો ખ્યાલ રાખવો. આહારનું પ્રમાણ વધારે થયું હોય, થાક ખૂબ લાગ્યો હોય કે જપમાં મન બરાબર ચોંટતું ન હોય, ત્યારે ઊંઘનાં

---

* ધ્યાનના વર્ગો ઘણાં વર્ષ પહેલાં મુંબઈમાં ચલાવતા હતા, હાલમાં ચલાવતા નથી; અવધાન-પ્રયોગોનું શિક્ષણ પણ હાલ બંધ જ છે.

ઝોકાં આવવા સંભવ છે, એટલે ઉપાસકે આ બાબતનો ખાસ ઉપયોગ રાખવો.

(૩) જપ સ્વસ્થ ચિત્તે કરવો, એટલે કે તે સમયે બીજા કોઈ વિકલ્પો ઊઠવા દેવા નહિ.

(૪) તોષ ધારણ કરવો, એટલે કે જપનું ફળ મળશે કે નહિ? એવા વિચારને સ્થાન ન આપતાં યોગ્યતા અને સમય પરિપક્વ થયે તેનું ફળ અવશ્ય મળશે, એવી આંતરિક શ્રદ્ધા રાખીને જપમાં પ્રવૃત્ત થવું.

(૫) સીવેલાં વસ્ત્ર ધારણ કરીને, નગ્ન થઈને, મુક્ત કેશ રાખીને કે અપવિત્ર હાથવડે જપ કરવો નહિ. તેમજ ચિંતાતુર ચિત્તે, ક્રોધાવેશમાં કે ભ્રમિત ચિત્તથી પણ મંત્ર-જપ કરવો નહિ.

## ૧૧–અજપાજાપ

જપ જ્યારે ચરમ સીમાએ પહોંચે છે, ત્યારે વગર જપ્યે પણ જપાય છે, જેને અનુભવીઓએ અજપાજાપની સ્થિતિ કહી છે. આ સ્થિતિ પ્રાપ્ત થયે મનની તમામ વૃત્તિઓ એક સૂક્ષ્મ કેન્દ્રમાં આવી જાય છે, એટલે તેનું યથેચ્છ પરિભ્રમણ અટકી જાય છે. યોગીઓ અથવા મહાત્માઓનું મન આ જાતનો અજપાજપ જપતું હોય છે, તેથી જ તેમને અનેક પ્રકારની સિદ્ધિઓ સાંપડે છે.

## ૧૨–મંત્રજપના લાભો

જપનું અનુષ્ઠાન સદાચારપૂર્વક કરવાનું હોય છે,

તેથી તેમાં યમ-નિયમ સિદ્ધ થાય છે. વળી નિયત જપ પૂરો કરવા માટે લાંબા સમય સુધી એક આસને સ્થિર બેસવું પડે છે, તેથી આસનસિદ્ધિ પણ થાય છે, અને જપ પૂરક, કુંભક તથા રેચકનાં ધોરણે કરવામાં આવે તો પ્રાણાયામમાં પણ સારી પ્રગતિ થાય છે. * તે જ રીતે જપ કરતી વખતે ઇન્દ્રિયો અને મન વિષયમાંથી સારી રીતે ખેંચાઈ જાય છે, તેથી પ્રત્યાહારનો પણ અભ્યાસ થાય છે અને જપ વખતે મનની વૃત્તિઓનો પ્રવાહ એક તરફ વહે છે, એટલે ધારણા પણ વિકાસ પામે છે. આ રીતે જપના અનુષ્ઠાનથી યમનિયમાદિપૂર્વક યોગનાં છ અંગો સિદ્ધ થાય છે, તેથી ધ્યાનની યોગ્યતા આવે છે કે જેનું વર્ણન હવે પછીના પ્રકરણમાં કરવામાં આવ્યું છે.

---

* જપના તેર પ્રકારોમાં પુરક, કુંભક તથા રેચકનાં ધોરણો કરવાનું વિધાન છે. શ્રી સિંહતિલકસૂરિએ આ તેર પ્રકારો મન્ત્રાધિરાજ રહસ્યમાં જણાવેલા છે.

[૨૩]

## ધ્યાન

### ૧–ધ્યાનની મહત્તા

એક મહાપુરુષે કહ્યું છે કે–

**पूजाकोटिसमं स्तोत्रं, स्तोत्रकोटिसमो जपः ।**
**जपकोटिसमं ध्यानं, ध्यानकोटिसमो लयः ॥**

પૂજા એટલે બાહ્ય ઉપચારોથી થતી પૂજા. સ્તોત્ર એટલે સારગર્ભિત સ્તુતિ–સ્તવન. જપ એટલે ઇષ્ટદેવનો મંત્રજપ. ધ્યાન એટલે ઇષ્ટદેવનું ધ્યાન અને લય એટલે સાધ્ય, સાધન અને સાધકની ભેદબુદ્ધિનો નાશ. આ બધી ઉપાસનાની ઉત્તરોત્તર શ્રેષ્ઠ ભૂમિકાઓ છે. અહીં કોટિ શબ્દનો પ્રયોગ મહાન અંતર દર્શાવવા માટે થયેલો છે.

આ કથનનું તાત્પર્ય એ છે કે ઉપાસકે ઇષ્ટદેવનો નિયત પૂજા–પાઠ કરી લીધો એટલે બધું પતી ગયું, એમ સમજવાનું નથી. તેણે ઇષ્ટદેવના ગુણોનું પણ સ્મરણ કરવું જોઈએ અને તે માટે સારગર્ભિત સુંદર સ્તુતિ, સ્તવન કે સ્તોત્રો બોલવાં જોઈએ. તેનો પ્રભાવ આપણા આત્મા પર ઘણો પડે છે, એટલે કે ઇષ્ટદેવના જેવા જ ગુણો મેળવવાની વૃત્તિ આપણા અંતરનાં જાગ્રત થાય છે

અને તે ધીમે ધીમે તીવ્ર થતાં ગુણ-સંપાદનનું કાર્ય શરૂ થઈ જાય છે. પરંતુ આ લાભ ત્યારે જ મળે છે કે જ્યારે સ્તુતિ-સ્તવન-સ્તોત્રના અર્થ બરાબર સમજીએ અને તેના પર ચિંતન-મનન કરતા રહીએ. જો ફોનોગ્રાફની ચૂડીની માફક માત્ર શબ્દોચ્ચારણ કરી જઈએ, તો તેથી આવો લાભ થવા સંભવ નથી. આ વસ્તુને બીજી રીતે કહેવી હોય તો એમ કહી શકાય કે પ્રભુનાં સારગર્ભિત સ્તુતિ-સ્તવન-સ્તોત્રો પર ચિંતન-મનન કરવું, એ પણ ઉપાસનાનો એક મહત્ત્વનો ભાગ છે, તેથી ઉપાસકે તેમાં પ્રવૃત્ત થવું જોઈએ.

પ્રભુની અંગપૂજા તથા અગ્રપૂજા કર્યા પછી ચૈતન્યવંદન કરવાનું જે વિધાન છે, તથા વિવિધ પ્રકારની વિસ્તારવાળી પૂજાઓ ભણાવવાની જે યોજનાઓ છે, તેમ જ સાયંકાળ પછી ગાનતાન સાથેની ભાવના બેસાડવા માટેનો જે પ્રચાર છે, તેમાં એ જ હેતુ રહેલો છે કે આપણે શ્રી જિનેશ્વર દેવના અદ્ભૂત-યથાર્થ ગુણો જાણી શકીએ અને તેનો આદર્શ સામે રાખીને આપણો જીવનપથ ઉજાળી શકીએ.

પૂજાપાઠ અને સ્તુતિ-સ્તોત્ર પછીની ભૂમિકા ઇષ્ટ-દેવના મંત્રજપની છે અને તે ઘણી ઊંચી છે. તેનાથી ઇષ્ટદેવનો સંપર્ક ઘણો વધી જાય છે અને તેનું સતત સ્મરણ રહ્યા કરે છે, પરંતુ આ જપ જપના ધોરણે એટલે કે જપના સ્થાપિત નિયમોપૂર્વક થાય તો.

હાથમાં જપમાળા હોય અને સંસાર-વ્યવહારની વાતો થતી હોય કે લાગતાવળગતાને ધંધા-ધાપા અંગે સૂચનાઓ અપાતી હોય ત્યાં ઇષ્ટદેવનો સંપર્ક શી રીતે સધાય ? અથવા તો અમુક જપ પૂરા કરવા છે, માટે માળાના મણકા અતિ ઝડપથી ફેરવાયે જતા હોય ત્યાં મંત્રાક્ષરો વ્યવસ્થિત-શુદ્ધ ક્યાંથી બોલાય ? જો મંત્રના અક્ષરો આઘાપાછા થઈ જાય કે બોલવાના રહી જાય તો એ મંત્ર ખંડિત થયો ગણાય છે. આવો ખંડિત મંત્ર વિશિષ્ટ કોટિનું કે ઉત્તમ ફળ ક્યાંથી આપી શકે ?

જેમ મૂર્તિનું ખંડન આપણા દિલને ખટકે છે, તેમ મંત્રનું ખંડન પણ આપણા દિલને ખટકવું જોઈએ. વધારે સ્પષ્ટ કહીએ તો મંત્ર એ ઇષ્ટદેવતાનો અક્ષરદેહ છે, એટલે તેનો પૂરેપૂરો આદર કરવો જોઈએ અને તેની કોઈ પણ પ્રકારે આશાતના ન થાય, એનો ખ્યાલ રાખીને જપ કરવો જોઈએ.

જપ કરતાં પણ ધ્યાનની ભૂમિકા ઘણી ચડિયાતી છે, પરંતુ તે એમને એમ પ્રાપ્ત થતી નથી. તે માટે સારા પ્રમાણમાં યોગ્યતા પ્રાપ્ત કરવી પડે છે. ખાસ કરીને યમ-નિયમ એટલે સંયમનું પાલન, આસનસિદ્ધિ એટલે એક જ આસને લાંબા સમય સુધી સ્થિર બેસવાનો અભ્યાસ, પ્રાણાયામ એટલે શરીરમાં રહેલા પાંચ પ્રકારના વાયુ ઉપર યથાર્થ કાબૂ, પ્રત્યાહાર એટલે મનને ઇન્દ્રિયોના અર્થમાંથી પાછી ખેંચી લેવાની તાલીમ અને ધારણા એટલે ચિત્ત

વૃત્તિનો પ્રવાહ એક જ વસ્તુ તરફ વાળવાનું સામર્થ્ય. આટલી વસ્તુ તો ધ્યાનમાં પ્રવૃત્ત થનારમાં અવશ્ય જોઈએ. આ બધી વસ્તુ અભ્યાસથી સિદ્ધ થાય છે, એટલે મુખ્ય વાત અભ્યાસની છે.

ધ્યાન ધરવું કઠિન છે, માટે તેને છોડી દેવું કે તેનાથી આઘા રહેવું, એ વિચાર બરાબર નથી. કેટલાંક કાર્યો કઠિન હોય તો પણ સિદ્ધિ, સફળતા કે વિજયપ્રાપ્તિ માટે અવશ્ય કરવાં પડે છે. ત્યાં જો કઠિનાઈથી ડરીને તેને છોડી દેવામાં આવે તો સિદ્ધિ, સફળતા કે વિજય દૂર ચાલ્યા જાય છે અને નિષ્ફળતા, નામોશી કે અપયશનો ચાંદલો કપાળે ચોટે છે.

શ્રી જિનેશ્વરદેવના જીવન સામું જ જુઓ! તેમણે કેવી કઠિન સાધના કરી! જો વિઘ્નોથી ડરી જઈને કે ઉપસર્ગોથી હતાશ થઈને તેમણે સાધના છોડી દીધી હોત, તો કદી પણ અર્હંતપદની પ્રાપ્તિ કરી શકયા હોત ખરા? શ્રી મહાવીર સ્વામી કે જે ચરમ જિનપતિ અને વર્તમાન શાસનના નાયક છે, તેમણે તો સાધકોને એક જ ઉપદેશ આપ્યો છે કે 'કઠિનાઈઓથી ડરો નહિ, હિમ્મતથી આગળ વધો અને તેનો સામનો કરો. છેવટે વિજય તમારો છે.'

આપણે એમના જ અનુયાયીઓ-ભક્તો-સેવકો અને કઠિનાઈથી ડરી જઈએ તો ભગવાનના ઉપદેશનો અનાદર

કર્યો ગણાય, એટલે ધ્યાનની યોગ્યતા પ્રાપ્ત કરીને ધ્યાનમાં પ્રવૃત્ત થવું અને કોઈ પણ ભોગે તેમાં સફળ થવું, એ જ આપણો એક માત્ર સંકલ્પ હોઈ શકે.

જૈનશાસ્ત્રો કહે છે કે 'ઉચ્ચકોટિના ધ્યાનનો આશ્રય લીધા વિના જ્ઞાનાવરણીય આદિ કર્મોનો નાશ થતો નથી; જ્ઞાનાવરણીય આદિ કર્મોનો નાશ થયા વિના કેવલ-જ્ઞાનની પ્રાપ્તિ થતી નથી; અને કેવલજ્ઞાનની પ્રાપ્તિ થયા વિના સિદ્ધાવસ્થા સાંપડતી નથી,' એટલે સિદ્ધિ, મુક્તિ કે મોક્ષના અભિલાષીઓએ ધ્યાનનો આશ્રય અવશ્ય લેવો જ જોઈએ.

લયની સ્થિતિ કે જેનો સહુથી છેલ્લો નિર્દેશ કરવામાં આવ્યો છે, તે ધ્યાન ધરતાં ધરતાં જ પ્રાપ્ત થાય છે, એટલે ઉપાસના-માર્ગમાં ધ્યાન એ અતિ મહત્ત્વની વસ્તુ છે અને તેથી દરેક ઉપાસકે તેના સ્વરૂપ-વિધિ વગેરેથી વહેલી તકે પરિચિત થઈ ધ્યાન માટે તત્પર થવું ઇષ્ટ છે.

## ૨-શ્રી જિનેશ્વરદેવનું ધ્યાન

કાયાને મંદિર બનાવી, હૃદયને આસન કરી તેના પર શ્રી જિનેશ્વરદેવની મંગલમૂર્તિ સ્થાપિત કરવી અને તેના પર મનને એકાગ્ર કરવું, એ શ્રી જિનેશ્વરદેવનું ધ્યાન છે. પાઠકો અમારા આ કથનનો મર્મ બરાબર સમજે. કાયાને મંદિર બનાવવું એટલે કાયાને પવિત્ર બનાવવી. અહીં કોઈ એમ કહેતા હોય કે 'કાયા તો મળમૂત્રથી ભરેલી

છે, તે શી રીતે પવિત્ર બને ?' તો તે અમારા કથનનો મર્મ સમજ્યા નથી. અહીં પવિત્રતાથી સદાચાર-સદુપયોગનું સૂચન છે. કાયા જ્યારે દુરાચારનો ત્યાગ કરી સદાચારમાં પ્રવર્તતી રહે અને તેનાં અંગોનો ઉપયોગ વિષયભોગ માટે નહિ, પણ સારાં સારાં કાર્યો કરવામાં થાય, ત્યારે તે પવિત્ર થઈ કહેવાય.

દુરાચાર કોને કહેવાય ? તેની સ્પષ્ટતા કરવાની જરૂર છે ખરી ? જરૂર હોય તો અમે જણાવીએ છીએ કે કાયાથી અભક્ષ્ય ભક્ષણ કરવું, હિંસા કરવી, દારૂ પીવો, ચોરી કરવી, જૂઠું બોલવું, જુગાર રમવો, પરસ્ત્રી-ગમન કરવું, વેશ્યા સાથે વિષયભોગ કરવો, પ્રાણીઓનો શિકાર કરવો કે કોઈને કોઈ પ્રકારનું દુઃખ ઉપજાવવું, એ દુરાચાર છે અને કાયાને ધાર્મિક-આધ્યાત્મિક ક્રિયાઓમાં પ્રવર્તાવવી તથા કોઈ પરોપકારી પ્રવૃત્તિઓમાં જોડવી, એ સદાચાર છે.

હાથ, પગ, આંખ, કાન વગેરે અંગોનો દુરુપયોગ પણ થઈ શકે છે અને સદુપયોગ પણ થઈ શકે છે. દાખલા તરીકે હાથથી કોઈનો કાન પકડીએ, કોઈને ચૂંટી ખણીએ, કોઈને થપ્પડ મારીએ કે લાકડી યા અન્ય હથિયાર ઉઠાવી બીજાના પર પ્રહાર કરીએ અથવા તો તેનાથી ખોટાં, ખરાબ કે બિભત્સ લખાણો લખીએ, એ હાથનો દુરુપયોગ છે; અને હાથથી દેવ-ગુરુને પ્રણામ કરીએ; દાન દઈએ, કોઈ પણ પરોપકારી કામો કરીએ કે તેનાથી કોઈનું ભલું થાય એવા લેખ વગેરે લખીએ, તો એ હાથનો સદુપયોગ છે.

પગથી કોઈને લાત મારીએ, કોઈને કચડી નાખીએ, ન જવાના સ્થાને જઈએ તથા વિષયનો ઉન્માદ શાંત કરવા માટે તેનો આધાર લઈએ તો એ પગનો દુરુપયોગ છે અને પગથી ચાલીને દેવમંદિરે, ઉપાશ્રયે કે ધર્મના સ્થાનકે જઈએ, કોઈ દીનદુઃખીનું કામ કરી આપીએ કે તીર્થભૂમિનો સ્પર્શ કરીએ, તે પગનો સદુપયોગ છે.

આંખથી કોઈ સ્ત્રીની સામે ખરાબ દૃષ્ટિ કરીએ, કોઈ પુરુષ કે પશુ વગેરેનાં ગુપ્ત અંગો નિહાળીએ, કોઈને ડારીએ–ભય ઉપજાવીએ, કોઈનાં છિદ્રો નિહાળીએ, બિભત્સ સાહિત્ય વાંચીએ કે બિભત્સ નાચ, નાટક, નૃત્ય વગેરે જોઈએ એ આંખનો દુરુપયોગ છે અને આંખથી દેવમૂર્તિનાં દર્શન કરીએ, સંત પુરુષોનું મુખારવિંદ નિહાળીએ કે દીન–દુઃખી પર કરુણાભરી નજર નાખીએ, સારાં સારાં પુસ્તકો વાંચીએ, ધાર્મિક ઉત્સવ–મહોત્સવો નિહાળીએ કે તીર્થ, મંદિર વગેરે ધર્મસ્થાનોની ભવ્યતા નિહાળીએ, એ આંખનો સદુપયોગ છે.

તે જ રીતે કાનથી કોઈની નિંદા કે કુથલી સાંભળીએ, શૃંગારિક બિભત્સ ગીતો કે વાર્તાઓ સાંભળીએ, કોઈની ખાનગી વાત જાણી લેવાનો પ્રયાસ કરીએ, એ કાનનો દુરુપયોગ છે અને કાનથી શાસ્ત્રવચનો સાંભળીએ, મહાપુરુષોની વાણી સાંભળીએ, પ્રભુભક્તિનાં ગીતો–ભજનો–સ્તવનો સાંભળીએ, ધાર્મિક વાર્તાલાપ કે સંવાદ સાંભળીએ,

કોઈ દીન-દુઃખીની હકીકત સાંભળીએ, એ કાનનો સદુપયોગ છે.

કેટલાક એમ સમજે છે કે કાયાને પુષ્કળ પાણીથી સ્નાન કરાવીએ અને ઉવટ્ટણ, સાબુ વગેરેથી તેનો મેલ કાઢીએ એટલે પવિત્ર થાય છે, પણ એ બાહ્ય પવિત્રતા છે. તેની સાથે અભ્યંતર પવિત્રતા પણ જોઈએ અને તે ઉપર કહ્યું તેમ કાયાને સદાચારમાં પ્રવર્તાવવાથી તથા હાથ-પગ વગેરે અંગોનો સારાં કામમાં ઉપયોગ કરવાથી પ્રાપ્ત કરી શકાય છે.

કાયાને કુટિલતાનો અખાડો બનાવવો કે દેવને વિરાજવાનું મંદિર બનાવવું, એ આપણા હાથની વાત છે. જો આપણે અતિ દુર્લભ એવો માનવદેહ પામીને પણ મોક્ષ-પ્રાપ્તિમાં અનન્ય કારણભૂત એવી શ્રી જિનેશ્વરદેવની ભક્તિ, આરાધના કે ઉપાસના ન કરીએ તો આપણા જેવા મૂઢ, મૂર્ખ કે ગમાર કોણ ?

મોક્ષની પ્રાપ્તિ માત્ર માનવભવમાં જ શક્ય છે, એવી જાહેરાત કરવા પાછળ મહાપુરુષોનો ઉદ્દેશ એ છે કે મનુષ્યો આ કાયાનું સાચું મૂલ્ય સમજે અને તેનો મોક્ષપ્રાપ્તિ માટે બનતો ઉપયોગ કરે; પરંતુ આપણે કાયાનું સાચું મૂલ્યાંકન કર્યું નથી, તેને વિષયભોગનું સાધન માની લીધું છે અને તેનો મનફાવતો દુરુપયોગ કરી રહ્યા છીએ. આમ છતાં જાગ્યા ત્યાંથી સવાર સમજીને હજી પણ તેનું સાચું

મૂલ્યાંકન કરીએ અને તેના દ્વારા બની શકે તેટલું મોક્ષ-પ્રાપ્તિનું કાર્ય સાધી લઈએ, એમાં જ આપણું હિત છે. સુજ્ઞોને-શાણાઓને આથી અધિક શું કહેવું ?

દેવમૂર્તિને ગમે ત્યાં પધરાવી શકાય નહિ, તે માટે ખાસ બેઠક-ખાસ આસન જોઈએ. દેવો પણ તે માટે પ્રાતિહાર્યની સામગ્રીમાં સ્ફટિકનું સુંદર પવિત્ર આસન સાથે રાખે છે; અને મંદિરોમાં પણ તે જ જાતની વ્યવસ્થા હોય છે.

આપણા કાયારૂપી મંદિરમાં દેવનું આસન બનાવવા માટે સર્વથી શ્રેષ્ઠ સ્થાન આપણું હૃદય છે. અહીં હૃદયથી લોહીને શરીરમાં ધકેલનારું અવયવ નહિ પણ હૈયું, દિલ કે અંતઃકરણ સમજવાનું છે. તે માનવદેહની અંદર આવેલાં ત્રણ મર્મસ્થાનો પૈકીનું એક છે અને લાગણીઓ (Feelings, sentiments)નો પ્રાદુર્ભાવ થવાનું મુખ્ય સ્થાન છે. આનાથી વધારે સારું બીજું સ્થાન કયું હોઈ શકે ?

દેવનું આસન પવિત્ર હોવું જોઈએ, એટલે કે તેમાં કોઈ જાતની અપવિત્રતા, અશુદ્ધિ કે મલિનતા ન હોવી જોઈએ. જો આસનમાં અપવિત્રતા, અશુદ્ધિ કે મલિનતા હોય તો દેવ ત્યાં બિરાજે નહિ, એટલે આપણે હૃદયની અપવિત્રતા-અશુદ્ધિ-મલિનતા દૂર કરવી જ રહી.

આપણા હૃદયમાં આજે કેવી કેવી લાગણીઓ ઊઠી રહી છે, તેનું નિરીક્ષણ કરો. ઘડીકમાં ક્રોધ-ગુસ્સો-રૌદ્ર-

ભાવ ભભૂકે છે, તો ઘડીકમાં માન-મદ-મિથ્યાભિમાનનો આવિર્ભાવ થાય છે; વળી ઘડીકમાં માયા-કપટ-દગાની વૃત્તિ સળવળતી જણાય છે, તો ઘડીકમાં લોભ-તૃષ્ણા-પરિગ્રહની સંજ્ઞા જોર પર આવતી જણાય છે; અને ભૂંડી ભૂતાવળ જેવી અનેક પ્રકારની લાલસાઓ-વાસનાઓનો ત્યાં હરદમ આવિર્ભાવ થાય છે. વળી ઘડીકમાં માયા-કપટ-દગાની વૃત્તિ સળવળતી જણાય છે, તો ઘડીકમાં લોભ-તૃષ્ણા-પરિગ્રહની સંજ્ઞા જોર પર આવતી જણાય છે! આ રીતે કષાય અને વિષય બંનેને ત્યાં મોકળું મેદાન મળેલું હોવાથી આપણું સમસ્ત હૃદય ભ્રષ્ટ-અપવિત્ર-અશુદ્ધ થયેલું છે. તેમાં થોડી જગા પણ પવિત્ર-શુદ્ધ-સ્વચ્છ શોધવી હોય તો ઘણી મુશ્કેલી પડે તેમ છે, એટલે તેનું સાંગોપાંગ શુદ્ધીકરણ થાય, એ જ ઈષ્ટ છે.

જો લોઢાના ખીલા, કોલસા કે હાડકાવાળી જગાપર શ્રી જિનેશ્વરદેવનું આસન બિછાવી શકાય નહિ, તો જ્યાં ક્રોધ, માન, માયા, લોભ અને વિવિધ પ્રકારની વાસનાઓ-રૂપી ગંદકી પડેલી હોય ત્યાં શું શ્રી જિનેશ્વરદેવને પધરાવી શકાય ખરા?

અમે તો એમ કહીએ છીએ કે જો આપણા હૃદયમાં શ્રી જિનેશ્વરદેવનું સમવસરણ રચવું હોય તો પણ રચી શકાય, પરંતુ તે માટે શુભ મનોયોગ, શુભ વચનયોગ અને શુભ કાયયોગરૂપી ત્રણ કોટ રચવા જોઈએ, ઉલ્લાસરૂપી અશોકનું વૃક્ષ નિર્માણ કરવું જોઈએ, સદ્ભાવનારૂપી

પુષ્પની વૃષ્ટિ કરવી જોઈએ, પરાવાણીથી અર્હં મંત્રનો દિવ્ય ધ્વનિ કરવો જોઈએ, શાંતિ–સમતારૂપ ચામરો ઢાળવા જોઈએ, શુદ્ધિરૂપી સ્ફટિકનું આસન બિછાવવું જોઈએ, ભદ્રતારૂપી ભામંડલની રચના કરવી જોઈએ, દયારૂપ દુંદુભિનો જોરશોરથી નાદ કરવો જોઈએ અને તૃષ્ણાત્યાગ, તિતિક્ષા તથા તપનું ત્રિવિધ છત્ર તૈયાર રાખવું જોઈએ. બસ, આવી–આટલી તૈયારી હોય તો આપણા હૃદયમાં શ્રી જિનેશ્વરદેવનું સમવસરણ જરૂર રચાય અને તેમનાં દિવ્ય દેદારનાં દર્શનનો લાભ આપણને જરૂર મળે.

શ્રી જિનેશ્વરદેવને હૃદયમાં બિરાજમાન કર્યા પછી મનની સઘળી વૃત્તિઓને તેમના પ્રત્યે જ કેન્દ્રિત કરવી જોઈએ. જો આપણે શ્રી જિનેશ્વરદેવને કલ્પવૃક્ષ, કામધેનુ કે ચિંતામણિરત્નથી અધિક માનતા હોઈએ તો એમનાથી જ આપણી બધી ઈષ્ટસિદ્ધિ થઈ જવાની છે એવી દૃઢ શ્રદ્ધા હોય, પછી અન્ય કોઈ વસ્તુનો વિચાર જ શા માટે કરવો ? એમનાં અંગ પર–મુખપર મનની વૃત્તિઓને એકાગ્ર–સ્થિર કરીને બેસી જઈએ, એ જ ઈષ્ટ છે.

જેમ આપણાં શરીરમાં બે દ્રવ્યચક્ષુઓ છે અને તેનાથી બહારના અનેકવિધ પદાર્થોને નિહાળી શકીએ છીએ, તેમ આપણા અંતરમાં પ્રતિભારુપ એક ચક્ષુ છે અને તેના આધારે સંસ્કારરૂપે સંગ્રહાયેલી કોઈપણ વસ્તુનાં આપણે દર્શન કરી શકીએ છીએ. કદાચ તથાપ્રકારની ઉદ્બોધક સામગ્રી ન હોય તો તત્કાલ એ દર્શન ન થાય,

પણ વિશેષ ચિંતન-મનન કરતાં કોઈ ને કોઈ ઉદ્‌બોધક સામગ્રી જરૂર મળી જાય છે અને તે વસ્તુનાં દર્શન કરી શકીએ છીએ.

અવધાન-પ્રયોગોમાં મુખ્યત્વે આ આંતરચક્ષુનો જ ઉપયોગ હોય છે અને તેથી સંસ્કારરૂપે ગ્રહણ કરેલી સેંકડો વસ્તુઓને અંતરથી જોઈ ને તેનું યથાર્થ કથન કરી શકાય છે.

જો આ શક્તિ બરાબર ખીલી હોય તો આપણે અંતરમાં બિરાજમાન કરેલી શ્રી જિનેશ્વરદેવની મૂર્તિનાં મંગલ દર્શન બરાબર કરી શકીએ અને આનંદના ઉદધિમાં મગ્ન બની કૃતાર્થ થઈ શકીએ.

## ૩-ધ્યાનની ઓળખાણ

શ્રી જિનભદ્રગણિક્ષમાશ્રમણે ધ્યાનશતકમાં મનની ત્રણ અવસ્થાઓ વર્ણવી છે : (૧) ચિત્તરૂપ, (૨) ભાવના કે અનુપ્રેક્ષારૂપ અને (૩) ધ્યાનરૂપ. તેનો પરિચય આપતાં તેમણે જણાવ્યું છે કે મન જ્યારે અન્યાન્ય વિષયો ગ્રહણ કરી રહ્યું હોય, એટલે કે ક્ષણમાં એક વિષય, પછી બીજો વિષય, પછી ત્રીજો વિષય, એમ એક પછી એક અનેક વિષયો ગ્રહણ કરતું હોય ત્યારે તેને ચિત્તરૂપ સમજવું. જ્યારે મનની વૃત્તિઓનો પ્રવાહ એક વિષય પરત્વે વહી રહ્યો હોય, ત્યારે તેને ભાવના કે અનુપ્રેક્ષારૂપ સમજવું, અને જ્યારે મનની વૃત્તિઓ કોઈ એક વિષય પર એકાગ્ર થઈ જાય, સ્થિર થઈ જાય, ત્યારે તેને

ધ્યાનરૂપ સમજવું. આ પરિચય પરથી સમજી શકાશે કે ધ્યાન એ મનની એકાગ્રતાનું જ બીજું નામ છે. અન્ય મહર્ષિઓએ પણ ધ્યાનની વ્યાખ્યા આવી જ કરી છે, એટલે મનની એકાગ્રતાને જ ધ્યાન સમજવાનું છે.

## ૪-ધ્યાનના પ્રકારો

જ્યારે મનની એકાગ્રતા કોઈ અશુભ વિષય પરત્વે થતી હોય, ત્યારે તે અશુભ ધ્યાન કહેવાય છે અને જ્યારે શુભ વિષય પરત્વે થતી હોય, ત્યારે તે શુભ ધ્યાન કહેવાય છે. આ બે પ્રકારનાં ધ્યાનમાંથી અશુભ ધ્યાન ત્યજવા યોગ્ય છે, કારણ કે તેથી પાપકર્મનો બંધ થાય છે અને તેનાં અતિ કટુ ફળો ભોગવવા માટે ચોરાશીલક્ષ યોનિમાં પરિભ્રમણ કરવું પડે છે. જ્યારે શુભ ધ્યાન આદરવા યોગ્ય છે, કારણ કે તેથી આત્મપ્રદેશને વળગી પડેલા-આત્મપ્રદેશ સાથે તાદાત્મ્યપણાને પામેલાં કર્મોની નિર્જરા થાય છે અને છેવટે સર્વ કર્મોનો ક્ષય થતાં અક્ષય-અવિચલ સુખના ધામરૂપ સિદ્ધાવસ્થાની પ્રાપ્તિ થાય છે.

હવે આ ધ્યાનના ઉત્તર પ્રકારો જોઈએ. અશુભ ધ્યાનના આર્ત્ત અને રૌદ્ર એવા બે પ્રકારો છે. જેમાં આર્ત્ત એટલે દુઃખ કે પીડાનું ચિંતન મુખ્ય હોય, પછી તે બાહ્ય ઈષ્ટસંયોગ બન્યો રહેવા અંગે હોય કે અનિષ્ટ વિયોગ થવા અંગે હોય, પણ તે આર્ત્તધ્યાન અને જેમાં

રુદ્રતા એટલે હિંસા, ક્રોધ કે વૈર વગેરેનું ચિંતન મુખ્ય હોય તે રૌદ્રધ્યાન. એજ રીતે શુભ ધ્યાનના પણ ધર્મ અને શુક્લ એવા બે પ્રકારો છે. જેમાં ધર્મનું ચિંતન મુખ્ય હોય તે ધર્મધ્યાન અને જેમાં વ્યાક્ષેપ તથા સંમોહાદિથી રહિત ઉજ્જવલ ધ્યાન હોય તે શુક્લધ્યાન.

પૌદ્ગલિક સુખની તીવ્ર આકાંક્ષા રાખનારા સર્વ પ્રાણીઓને આર્તધ્યાન અને રૌદ્રધ્યાન થવું સહજ છે. તેમાં કોઈ વિશેષ પ્રયત્ન કરવો પડતો નથી; પરંતુ ધર્મધ્યાન વિશિષ્ટ પ્રયત્નની અપેક્ષા રાખે છે, કારણ કે જ્યારે આર્તધ્યાન અને રૌદ્રધ્યાનનો ત્યાગ કરવામાં આવે છે, ત્યારે જ ધર્મધ્યાનમાં પ્રવેશ થાય છે અને વૈરાગ્ય તથા સત્સંગ વગેરેનો સહાય હોય તો જ તે ટકે છે. શુક્લધ્યાન તો તેથી પણ વિશિષ્ટ પ્રયત્નની અપેક્ષા રાખે છે, કારણ કે તેમાં વ્યાક્ષેપ એટલે ચિત્તની ચંચળતા અને સંમોહ એટલે મોહનો અંશ ચાલી શકતો નથી, પરંતુ મહાપુરુષો પુરુષાર્થના યોગે આ ધ્યાન પ્રાપ્ત કરે છે અને તેથી અભીષ્ટની સિદ્ધિ થાય છે.

ધ્યાનના આ વિવરણ પરથી સમજી શકાશે કે શ્રી જિનેશ્વરદેવનું ધ્યાન એ શુભ ધ્યાન છે અને ધર્માચરણ પરત્વે થતું હોઇને ધર્મધ્યાનની ગણનામાં આવે છે. વળી તે શ્રી જિનેશ્વરદેવે ફરમાવેલી આજ્ઞાના પાલનરૂપ હોઈ આજ્ઞાવિચયના પ્રકારમાં અંતર્ભાવ પામે છે.

**૫–ધ્યેય અનુસાર–ધ્યાનના ચાર વિભાગોઃ—**

શ્રી હેમચંદ્રાચાર્યે યોગશાસ્ત્રના સાતમા પ્રકાશમાં કહ્યું છે કે—

**पिंडस्थं च पदस्थं च, रूपस्थं रूपवर्जितम् ।**
**चतुर्धा ध्येयमाम्नातं, ध्यानावस्थालम्बनं बुधैः ॥**

'જ્ઞાની પુરુષોએ ધ્યાન અવસ્થાના આલંબનરૂપ ધ્યેયને પિંડસ્થ, પદસ્થ, રૂપસ્થ અને રૂપાતીત એમ ચાર પ્રકારનું માનેલું છે.'

આ ધ્યેય પરથી ધ્યાનના પણ ચાર પ્રકારો માનવામાં આવે છે. પિંડસ્થ ધ્યેયનું આલંબન લેવાય તે પિંડસ્થ ધ્યાન, પદસ્થ ધ્યેયનું આલંબન લેવાય તે પદસ્થ ધ્યાન, રૂપનું આલંબન લેવાય તે રૂપસ્થ ધ્યાન અને રૂપાતીત ધ્યેયનું આલંબન લેવાય તે રૂપાતીત ધ્યાન.

પાર્થિવી, આગ્નેયી, મારુતી, વારુણી અને તત્ત્વભૂ એ પાંચ પ્રકારની ધારણાને પિંડસ્થ ધ્યાન કહેવાય છે, જેમાં કોઈપણ મંત્રનાં પદોનું આલંબન લેવાય, તે પદસ્થ ધ્યાન કહેવાય છે; જેમાં સમવસરણસ્થ કે ધ્યાનસ્થ જિનેશ્વરદેવનું આલંબન લેવાય, તે રૂપસ્થ ધ્યાન કહેવાય છે; અને જેમાં આકૃતિરહિત, જ્ઞાનાનંદસ્વરૂપ, નિરંજન, સિદ્ધ પરમાત્માનું આલંબન લેવાય તે રૂપાતીત ધ્યાન કહેવાય છે.

આ રીતે અર્હંમંત્રની અર્થભાવના કરવી, એ પદસ્થ

ધ્યાન છે અને કાયારૂપી મંદિરમાં હૃદયના સિંહાસન પર શ્રી જિનેશ્વર દેવને પધરાવી તેમનાં દર્શન કરવાં, એ રૂપસ્થ ધ્યાન છે.

## ૬-ધ્યાનમાં સ્થિરતા

નિયમિત અભ્યાસ, સત્સંગ અને વૈરાગ્યથી ધર્મ-ધ્યાનમાં સ્થિરતા આવે છે અને તે બહિર્ભાવમાં રમી રહેલા આત્માને અંતરાત્મા બનાવી દે છે. તાત્પર્ય કે આ અવસ્થા પ્રાપ્ત થયા પછી આત્માનું પૌદ્ગલિક પદાર્થો પ્રત્યેનું આકર્ષણ ઘટી જાય છે, એટલે સુખપ્રાપ્તિનાં સાધનો માટે બાહ્ય પરિભ્રમણ કરવાને બદલે પોતાનાં અંતરમાં જ તેની શોધ કરવા લાગે છે અને ત્યાં તેને શાંતિ-સમતા-સમભાવરૂપી સુખનું મહાન સાધન સાંપડી જાય છે.

'ધ્યાનાવસ્થામાં કેવો આનંદ હોય છે ?' એ તો અનુભવથી જ સમજી શકાય એવું છે, એટલે તેને માટે અનિર્વચનીય શબ્દનો પ્રયોગ કરવામાં આવે છે.

## ૭-પરમાત્માની સમીપે

શ્રી જિનેશ્વરદેવ અર્થાત્ વીતરાગ પરમાત્માનું ધ્યાન જેમ જેમ આગળ વધતું જાય છે, તેમ તેમ ઉપાસકનો આત્મા વીતરાગતાની સમીપે-પરમાત્મપદની સમીપે જતો જાય છે અને છેવટે તે પોતે જ વીતરાગ-પરમાત્મા બની જાય છે. યોગસારમાં કહ્યું છે કે-वीतरागमतो ध्यायन् वीतरागो

विमुच्यते–વીતરાગદેવનું ધ્યાન કરતો આત્મા વીતરાગ થઈ સંસારથી મુક્ત થાય છે.' વળી ત્યાં એમ પણ કહ્યું છે કે–

**य एव वीतरागः स, देवो निश्चीयतां ततः ।**
**भविनां भवदम्भोलिः, स्वतुल्यपदवीप्रदः ॥१॥**

'તેથી આ વાત નિશ્ચયથી માનવી જોઈએ કે જે વીતરાગ હોય તે જ દેવ છે (પરમાત્મા છે) અને તે જ સંસારી જીવોના સંસારરૂપી પર્વતનો નાશ કરવા માટે વજ્ર સમાન હોઈ ધ્યાતાઓને પોતાના જેવી પદવી(પરમાત્મપદ) આપનાર છે.'

જૈન મહર્ષિઓએ કહ્યું છે કે જીવોથી ભિન્ન એવો કોઈ પરમાત્મા આ લોક, વિશ્વ કે બ્રહ્માંડમાં અસ્તિત્વ ધરાવતો નથી. જે જીવ છે–આત્મા છે, તે જ પુરુષાર્થના યોગે પરમાત્મપદ સુધી પહોંચે છે અને જ્યાં અનંત સિદ્ધો વિરાજી રહ્યા છે ત્યાં, પ્રકાશમાં પ્રકાશ ભળે તેમ, ભળી જાય છે. અલબત્ત અહીં પણ તેનું વ્યક્તિત્વ તો રહે છે જ, પણ તેને પૃથક્ થવાનો પ્રસંગ આવતો નથી.

'આત્મા પરમાત્મા કેમ બની શકે?' એ માટે યોગસારના પ્રથમ પ્રસ્તાવમાં જે વિવેચન કરાયું છે, તે ઘણું વિચારણીય છે.

**यदा ध्यायति यद् योगी, याति तन्मयतां तदा ।**
**ध्यातव्यो वीतरागस्तद्, नित्यमात्मविशुद्धये ॥२॥**

'યોગી જે વખતે જેનું ધ્યાન કરે છે, તે વખતે તન્મય–ધ્યેયરૂપ થઈ જાય છે; તેથી આત્માની શુદ્ધિ માટે હમેશાં વીતરાગનું ધ્યાન કરવું જોઈએ (જેથી વીતરાગ થવાય).'

शुद्धस्फटिकसंकाशो, निष्कलश्चात्मनाऽऽत्मनि ।
परमात्मेति स ज्ञातः, प्रदत्ते परमं पदम् ॥३॥

'જ્યારે આત્મા પોતે જ પોતાને શુદ્ધ સ્ફટિક સમાન અખંડ પરમાત્મરૂપે જાણે, ત્યારે જ પરમપદ–મોક્ષ મેળવી શકે.'

किन्तु न ज्ञायते तावद्, यावद् मालिन्यमात्मनः ।
जाते साम्येन नैर्मल्ये, स स्फुटः प्रतिभासते ॥४॥

'પરંતુ જ્યાં સુધી આત્મામાં મલિનપણું હોય છે, ત્યાં સુધી તેવું જ્ઞાન (આત્મામાં પરમાત્માનું જ્ઞાન) થતું નથી. જ્યારે સમભાવથી–રાગ અને દ્વેષના અભાવથી–આત્મા નિર્મળ થાય છે, ત્યારે જ તે પરમાત્મરૂપે જણાય છે.'

तत् त्वनन्तानुबन्ध्यादिकषायविगमक्रमात् ।
आत्मनः शुद्धिकृतसाम्यं, शुद्धं शुद्धतरं भवेत् ॥५॥

'જેમ જેમ અનંતાનુબંધિ આદિ કષાયોનો નાશ થતો જાય છે, તેમ તેમ આત્માની શુદ્ધિ કરનાર સમભાવ વધુ અને વધુ શુદ્ધ થતો જાય છે.'

साम्यशुद्धिक्रमेणैव, स विशुद्धयत आत्मनः ।
सम्यक्त्वादिगुणेषु स्यात्, स्फुटः स्फुटतरः प्रभुः ॥६॥

'જેમ જેમ સમભાવ શુદ્ધ થતો જાય છે, તેમ તેમ સમ્યક્ત્વાદિ ગુણમાં વિશુદ્ધિ પામતા આત્માને પોતામાં પરમાત્મા વધુ સ્ફુટ ભાસે છે.'

सर्वमोहक्षयात् साम्ये सर्वशुद्धे सयोगिनि ।
सर्वशुद्धात्मनस्त्वेष, प्रभुः सर्वस्फुटीभवेत् ॥७॥

'સર્વપ્રકારે મોહનો નાશ થવાથી સમભાવ પણ સર્વપ્રકારે શુદ્ધ થાય છે અને તેમ થવાથી એકદમ શુદ્ધ થયેલા આત્મામાં પરમાત્મા પણ તદ્દન સ્પષ્ટ ભાસે છે.'

कषाया अपसर्पन्ति, यावत् क्षान्त्यादिताडिताः ।
तावदात्मैव शुद्धोऽयं, भजते परमात्मताम् ॥८॥

'જ્યારે ક્રોધ વગેરે કષાયોનો ક્ષમા વગેરેથી નાશ કરવામાં આવે છે, ત્યારે શુદ્ધ થયેલો આ આત્મા જ પરમાત્મપણાને પ્રાપ્ત કરે છે.'

उपसर्पन्ति ते यावत्, प्रबलीभूय देहिषु ।
स तावद् मलिनीभूतो, जहाति परमात्मताम् ॥९॥

'જ્યારે તે કષાયો જીવોમાં પ્રબળપણે વર્તે છે, ત્યારે આત્મા મલિન થાય છે અને પરમાત્મપણાનો ત્યાગ કરે છે.'

कषायास्तद् निहन्तव्यास्तथा तत्सहचारिणः ।
नोकषायाः शिवद्वारार्गलीभूता मुमुक्षुभिः ॥१०॥

'તેથી મુમુક્ષુ જીવોએ કષાયોનો નાશ કરવો જોઈએ, તથા કષાયોના જ સહચારી (હાસ્યાદિ) નોકષાયોનો પણ ત્યાગ કરવો જોઈએ, કારણ કે તે પણ મોક્ષના દરવાજામાં ભોગલ-આગળીયા સમાન છે.'

रागद्वेषमयेष्वेषु, हतेष्वान्तरवैरिषु ।
साम्ये सुनिश्चले यायादात्मैव परमात्मताम् ॥१३॥

'એ કષાયો અને નોકષાયોરૂપ આંતરશત્રુઓનો, જેઓનો રાગ અને દ્વેષમાં અંતર્ભાવ થાય છે, તેનો નાશ કરવાથી સમભાવ અત્યન્ત નિશ્ચલ થાય છે અને ત્યારે આત્મા જ પરમાત્મપણાને પ્રાપ્ત કરે છે.'

स तावत् देहिनां भिन्नः, सम्यग् यावद् न लक्ष्यते ।
लक्षितस्तु भजत्यैक्यं, रागाद्यञ्जनमार्जनात् ॥१४॥

'જ્યાં સુધી આત્માની ઠીકઠીક ઓળખાણ થતી નથી, ત્યાં સુધી જ તે પરમાત્માથી જુદો માલૂમ પડે છે; પણ જ્યારે રાગ વગેરે અંજનનું માર્જન કરવાથી બરાબર ઓળખવામાં આવે છે, ત્યારે આત્મા અને પરમાત્માનું ઐક્ય જણાય છે.'

यादृशोऽनन्तवीर्यादिगुणोऽतिविमलः प्रभुः ।
तादृशोस्तेऽपि जायन्ते, कर्ममालिन्यशोधनात् ॥१५॥

'જેમ પરમાત્મા અત્યંત નિર્મળ તથા અનંતવીર્ય,

અનંતજ્ઞાન, અનંતદર્શન અને અનંતસુખ એ ગુણોથી યુક્ત છે, તેમ સંસારી જીવો પણ કર્મરૂપ મલનો નાશ કરવાથી તેવા જ ગુણોવાળા બને છે.'

आत्मानो देहिनो भिन्नाः, कर्मपङ्कलङ्किताः ।
अदेहः कर्मनिर्मुक्तः, परमात्मा न भिद्यते ॥१६॥

'જ્યાં સુધી જીવો કર્મરૂપ કીચડથી ખરડાયેલા છે, ત્યાં સુધી તેઓ અને પરમાત્મામાં જુદાઈ છે, કર્મ રહિત અશરીરી જીવ અને પરમાત્મામાં કાંઈ પણ જુદાઈ નથી.'

सख्ययाऽनेकरूपोऽपि गुणतस्त्वेक एव सः ।
अनन्तदर्शनज्ञानवीर्यानन्दगुणात्मकः ॥१७॥
जातरूपं यथा जात्यं, बहुरूपमपि स्थितम् ।
सर्वत्रापि तदेवैकं, परमात्मा तथा प्रभुः ॥१८॥

'અનંતદર્શન, અનંતજ્ઞાન, અનંતવીર્ય અને અનંત સુખરૂપ ગુણોવાળા પરમાત્માઓ સંખ્યાથી જુદા હોવા છતાં પણ ગુણોથી સમાન હોઈને એક જ છે. જેમ ઉત્તમ સુવર્ણ જુદા જુદા આકારે રહેલું હોવા છતાં પણ તે દરેક ઠેકાણે એક જ સમાન છે.'

आकाशवदरूपोऽसौ, चिद्रूपो नीरुजः शिवः ।
सिद्धिक्षेत्रगतोऽनन्तो, नित्यः शं परमश्नुते ॥१९॥

'પરમાત્મા આકાશની માફક રૂપરહિત છે તથા ચિદ્રૂપ, નીરોગી, સુખી, સિદ્ધિક્ષેત્રના નિવાસી, અનન્ત તેમજ નિત્ય છે અને ઉત્કૃષ્ટ સુખને ભોગવે છે.'

येनैवाराधितो भावात्, तस्यासौ कुरुते शिवम् ।
सर्वजन्तुसमस्यास्य, न परमात्मविभागिता ॥२०॥

'જે કોઈ જીવ તે પરમાત્માનું ભાવથી આરાધન કરે છે, તેનું તે કલ્યાણ કરે છે. તેઓને દરેક પ્રાણીઓ ઉપર સમભાવ હોવાથી "આ મારો અને આ પારકો" એવો પક્ષપાત હોતો નથી.'

कृतकृत्योऽयमाराद्धः, स्यादाज्ञापालनात् पुनः ।
आज्ञा तु निर्मलं चित्तं, कर्तव्यं स्फटिकोपमम् ॥२१॥
ज्ञानदर्शनशीलानि, पोषणीयानि सर्वदा ।
रागद्वेषादयो दोषा, हन्तव्याश्च क्षणे क्षणे ॥२२॥
एतावत्येव तस्याज्ञा, कर्मद्रुमकुठारिका ।
समस्तद्वादशांगार्थसारभूताऽतिदुर्लभा ॥२३॥

'પરમાત્મા પોતે કૃત્યકૃત્ય-કૃતાર્થ છે, તેથી તેમની આજ્ઞાનું પાલન કરવું, એ જ તેમનું આરાધન છે અને ચિત્તને સ્ફટિકની માફક નિર્મળ કરવું; જ્ઞાન, દર્શન તથા બ્રહ્મચર્યને હમેશાં પુષ્ટ બનાવવાં; રાગ, દ્વેષ વગેરે દોષોનો પ્રત્યેક ક્ષણે નાશ કરતા રહેવું; એ જ તેઓની આજ્ઞા છે, કે જે કર્મરૂપ વૃક્ષને ઉખેડવા માટે કુહાડી તુલ્ય, સમસ્ત દ્વાદશાંગીના સારભૂત અને મહા પ્રયત્નથી સાધ્ય હોવાથી અતિદુર્લભ છે.'

## ૮-સાધનભેદથી મુંઝાવું નહિ

આ પ્રકરણ સમાપ્ત કરતાં પહેલાં એટલું જણાવવું

ઇચ્છીએ છીએ કે મહાપુરુષોએ મનુષ્યની વિવિધ પ્રકારની ભૂમિકાઓ જોઈને વિવિધ પ્રકારનાં સાધનો બતાવ્યાં છે, તેનો રુચિ–યોગ્યતા–સંયોગ અનુસાર આત્માર્થીપણે ઉપયોગ કરવાથી આગળ વધી શકાય છે અને ઉત્તરોત્તર સારી–સુંદર–ચડિયાતી ભૂમિકાઓ પ્રાપ્ત કરી શકાય છે.

સાધનોની વિવિધતા કે વિપુલતા જોઈ ઉપાસકે જરા પણ મુંઝાવું નહિ. એક મનુષ્યને પોતાની યોગ્યતા અનુસાર અમુક સાધન વધારે પ્રિય હોય અને બીજાને પોતાની યોગ્યતા અનુસાર બીજું સાધન પસંદ હોય, એટલે સાધન અંગે કદી વાદવિવાદ કરવો નહિ. મૂળ વાત એટલી છે કે સાધન શુદ્ધ જોઈએ અને તે આત્મવિકાસના માર્ગે આગળ વધારનારું હોવું જોઈએ. એક મનુષ્ય અમુક સાધનથી આગળ વધતો હોય તો કદી તેનો નિષેધ કરવો નહિ કે તેમાંથી તેની શ્રદ્ધા ઉઠાડી મૂકવાનું પાપ સેવવું નહિ.

જિનભક્તિ–જિનોપાસનાનો આદર્શ ઘણો ભવ્ય છે અને સ્વપર બંનેનું કલ્યાણ કરનારો છે. તે વિશ્વમૈત્રીનો બોધક છે, પ્રમોદ ભાવનાનો પોષક છે, કારુણ્ય ભાવનાનો સમર્થક છે અને માધ્યસ્થ્ય ભાવનાનો અનુરોધક છે. તેને સત્કારવામાં, સન્માનવામાં વ્યક્તિ, સમાજ, રાષ્ટ્ર તથા વિશ્વનું કલ્યાણ છે.

[૨૪]

## બોધક પ્રશ્નોત્તરી

પ્રશ્ન—જિનને ભગવાન કેમ કહેવાય છે?

ઉત્તર—તેઓ પરમ પૂજ્ય છે, એટલે તેમને ભગવાન કહેવાય છે.

પ્રશ્ન—કેટલાક જિનને ભગવાન નહિ, પણ ભગવંત કહે છે, તેનું કારણ શું?

ઉત્તર—સંસ્કૃત ભાષાના भगवत् શબ્દનું એકવચનનું રૂપ भगवान् છે અને બહુવચનનું રૂપ भगवन्तः છે. હવે મહાપુરુષોને આપણે બહુવચનથી બોલાવવા એવો શિષ્ટાચાર છે, તેથી જિનને ભગવાન કરતાં ભગવંત કહેવા, એ વધારે ઠીક છે.

પ્રશ્ન—આપણે તો સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુઓને પણ ભગવંત કહીએ છીએ, તો શું એ બધા પરમ પૂજ્ય છે?

ઉત્તર—હા. પરમેષ્ઠી તરીકે એ બધા પરમ પૂજ્ય છે.

પ્રશ્ન—ભગવાન શબ્દનો અર્થ શો છે?

ઉત્તર—જે ભગવાળા હોય, ભગથી યુક્ત હોય, તે ભગવાન કહેવાય. હવે ભગ શબ્દ અનેકાર્થવાચી છે, તેમાંથી અહીં તેજ, ઐશ્વર્ય અને યશ ગ્રહણ કરતાં ભગવાનનો અર્થ પરમ તેજસ્વી, પરમ ઐશ્વર્યવાન તથા પરમ યશસ્વી થાય છે.

પ્રશ્ન—શું જિનભગવંત પરમ તેજસ્વી હોય છે?

ઉત્તર—હા. તેઓ જન્મથી જ તેજસ્વી–રૂપવંત હોય છે અને પૂર્ણ આત્મવિકાસ સાધ્યા પછી પરમ તેજસ્વી બને છે. આત્માનું તેજ એ અનેરું તેજ છે.

પ્રશ્ન—જિનભગવંતો તો વીતરાગ હોય છે, તેમને ઐશ્વર્ય કેવું?

ઉત્તર—જિનભગવંત ત્યાગી–વૈરાગી–વીતરાગ હોવાથી તેમને દુન્વયી ઐશ્વર્ય હોતું નથી, પણ તેઓ ઉચ્ચ કોટિના આધ્યાત્મિક ઐશ્વર્યથી યુક્ત હોય છે.

પ્રશ્ન—શું જિનભગવંત પરમ યશસ્વી હોય છે?

ઉત્તર—હા. તેમના યશનો ડંકો સારી યે દુનિયામાં વાગે છે.

પ્રશ્ન—શું તેમને કોઈ કામમાં અપયશ મળે ખરો?

ઉત્તર—પ્રથમ તો એ જાણી લો કે જિનભગવંતને ધર્મોપદેશ સિવાય અન્ય કામ કરવાનું હોતું નથી અને ધર્મોપદેશની બાબતમાં તો તેમનો સર્વત્ર જયજયકાર જ થાય છે.

પ્રશ્ન—જિનેશ્વર શબ્દનો અર્થ શો?

ઉત્તર—જે જિનોમાં ઈશ્વર-શ્રેષ્ઠ, તે જિનેશ્વર. અહીં જે જિન શબ્દનો પ્રયોગ થાય છે, તે અભિન્નદશપૂર્વી, ચતુર્દશપૂર્વધર, અવધિજ્ઞાની, મનઃપર્યવજ્ઞાની તથા સામાન્ય કેવલીનો સૂચક છે. પ્રાચીન કાલમાં આ બધાને જિન શબ્દથી સંબોધવામાં આવતા. જિનેશ, જિનપતિ, જિનોત્તમ, જિનચંદ્ર આદિ શબ્દોમાં પણ એમ જ સમજવું

પ્રશ્ન—જિનભગવંતને દેવાધિદેવ કહેવાનું કારણ શું ?

ઉત્તર—જે દેવના અધિદેવ હોય, અર્થાત્ દેવના પણ દેવ હોય, તે દેવાધિદેવ કહેવાય. હવે જિનભગવંતને સર્વ દેવદેવીઓ વંદે છે, પૂજે છે અને તેમને પોતાના સ્વામી એટલે કે દેવ માને છે, તેથી દેવાધિદેવ કહેવામાં આવે છે.

પ્રશ્ન—શું જિનભગવંતો લોકોના ઉદ્ધારક હોય છે ?

ઉત્તર—હા. તેમનો ધર્મોપદેશ સાંભળવા હજારો-લાખો લોકો આવે છે, તેથી તેમને લોકોનો સંપર્ક હોય છે. તેઓ લોકોને જીવન જીવવાની-ધર્મ આચરવાની બાબતમાં સુયોગ્ય દોરવણી આપે છે, તેથી તેમને લોકનાયક તરીકે ઓળખવામાં આવે છે. વિશેષમાં તેઓ લોકભાષામાં જ ધર્મોપદેશ કરે છે. આ બધાં કારણોને લીધે તેઓ લોકોના ઉદ્ધારક ગણાય છે.

પ્રશ્ન—ગુણ-દોષની બાબતમાં જિનભગવંતની સ્થિતિ કેવી હોય છે?

ઉત્તર—જિન ભગવંતમાં બધા ગુણો હોય છે, એક પણ દોષ હોતો નથી.

પ્રશ્ન—શું આમ બનવું શક્ય છે? માણસ માત્ર ભૂલને પાત્ર, એ ઉક્તિ પ્રમાણે તો તેઓ પણ ક્યાંક ભૂલ કરતા હશે!

ઉત્તર—આ ઉક્તિ સામાન્ય મનુષ્યો માટે બરાબર છે, પણ તે જિનભગવંત જેવા લોકોત્તર પુરુષને લાગુ પડી શકે નહિ. તેઓ જે કંઇ કરે છે તે જ્ઞાનપૂર્વક કરે છે, સમજણપૂર્વક કરે છે, એટલે ક્યાંઇ ભૂલ કરતા નથી.

પ્રશ્ન—કેટલાક સાહિત્યકારો-વિદ્વાનો-વિવેચકો કહે છે કે ભગવાન મહાવીરે ગોશાલકને પોતાનો શિષ્ય બનાવ્યો, એ તેમની ભૂલ હતી, તેનું કેમ?

ઉત્તર—ભગવાન મહાવીરે ગોશાલકને પોતાનો શિષ્ય બનાવ્યો ન હતો. તે એમને શિષ્ય તરીકે ચોટી પડયો હતો. ભારે વિલક્ષણ માણસ હતો!

પ્રશ્ન—જિનોની ભક્તિ કરવાની પ્રથા ક્યારથી ચાલુ થઈ હશે?

ઉત્તર—જિનો અનાદિ કાલથી થતા રહ્યા છે, એટલે તેમની ભક્તિ કરવાની પ્રથા પણ અનાદિ કાલથી ચાલુ છે.

પ્રશ્ન—કોઈ જિનોની ભક્તિ ન થઈ હોય એવું બન્યું છે ખરું ?

ઉત્તર—ના. દરેક જિનને પૂજાતિશય અવશ્ય હોય છે, એટલે તેઓ અર્હત્પદની પ્રાપ્તિ કરે, ત્યારથી દેવ-દેવીઓ તથા લોકો દ્વારા તેમની ભક્તિ થવા લાગે છે.

પ્રશ્ન—બધા જિનભગવંતોમાં શ્રીપાર્શ્વનાથ ભગવંતની ભક્તિ વિશેષ થાય છે, તેનું કારણ શું ?

ઉત્તર—બધા જિનભગવંતોમાં શ્રીપાર્શ્વનાથ ભગવાનનું આદેય કર્મ ઘણું બલવાન હતું, તેથી આજે બધા જિન-ભગવંતોમાં તેમની ભક્તિ વિશેષ થાય છે.

પ્રશ્ન—જિનભક્તિ કરવાનું મુખ્ય પ્રયોજન શું ?

ઉત્તર—જિનભક્તિ કરવાનું મુખ્ય પ્રયોજન એ છે કે આપણે પણ તેમના જેવા થઈએ, એટલે કે પરમ પવિત્ર બનીને ભવસાગરનો પાર કરી શકીએ.

પ્રશ્ન—શું આપણે જિન જેવા થઈ શકીએ ખરા ?

ઉત્તર—હા. જીવમાંથી શિવ થવાય છે, નરમાંથી નારાયણ થવાય છે, પુરુષમાંથી પુરુષોતમ થવાય છે, તેમ જનમાંથી જિન થવાય છે. તે માટે યોગ્ય પુરુષાર્થ જરૂરી છે.

પ્રશ્ન—શું બધા જિનભગવંતો એક વાર આપણા જેવા સામાન્ય આત્માઓ હતા ?

ઉત્તર—હા, પણ તેઓ આરાધનાબલે આગળ વધેલા છે.

પ્રશ્ન—જિનભક્તિનું આલંબન કોણ લઈ શકે?

ઉત્તર—નાના-મોટા સહુ કોઈ.

પ્રશ્ન—તેમાં જાતિ, વય કે લિંગનો ભેદ ખરો?

ઉત્તર—ના. જાતિ, વય કે લિંગના ભેદ વિના સહુ કોઈ જિનભક્તિનું આલંબન લઈ શકે છે

પ્રશ્ન—ભક્તિ કરતાં અન્ય દેવો પ્રસન્ન થઈને વરદાન આપે છે, એવું કંઈ જિનભગવંતની બાબતમાં ખરું?

ઉત્તર—જિનભગવંતની ભક્તિ તેમને પ્રસન્ન કરીને વરદાન માગવા માટે થતી નથી. એ તો તેમનું આલંબન લઈને આત્મવિકાસના માર્ગે આગળ વધવા માટે જ થાય છે.

પ્રશ્ન—આનો અર્થ એમ સમજવાનો ખરો કે જિનભક્તિથી વિશેષ લાભ થતો નથી!

ઉત્તર—એમ સમજવું બરાબર નથી. જિનભક્તિનું આલંબન લેતાં અનેક પ્રકારના લાભો થાય છે, જે અમે પ્રસ્તુત ગ્રંથના બીજા, ત્રીજા અને ચોથા પ્રકરણમાં વર્ણવેલા છે.

પ્રશ્ન—જો જિનભગવંત પ્રસન્ન ન થતા હોય તો એ લાભો થાય કેવી રીતે?

ઉત્તર—જિનભક્તિનું આલંબન લેવાથી એ લાભો આપો-આપ થાય છે અને કેટલીક વાર જિનભગવંતની સેવામાં રહેલા દેવો તેમાં અગત્યનો ભાગ ભજવતા હોય છે. આ અમારો જાતિ અનુભવ છે.

પ્રશ્ન—શ્રી જિનભગવંત આગળ કોઈ વસ્તુ માગી શકાય ખરી?

ઉત્તર—હા, પણ તે મોક્ષપ્રાપ્તિ કે તેના સાધનરૂપ હોવી જોઈએ.

પ્રશ્ન—આપણા માટે મોક્ષપ્રાપ્તિની વાત ઘણી મોટી ને ઘણી દૂરની ગણાય. જ્યાં અનેક પ્રકારની આધિ, વ્યાધિ અને ઉપાધિઓ રોજ ભરડા લેતી હોય, ત્યાં મોક્ષ-પ્રાપ્તિની વાત સૂઝે ક્યાંથી? અમે તો અમારી આધિ-વ્યાધિ-ઉપાધિઓ દૂર કરે એવી વસ્તુની વાત કરીએ છીએ.

ઉત્તર—એમ તો જિનભગવંત આગળ કોઈપણ વસ્તુ માગી શકાય અને તે મળે પણ ખરી, પરંતુ તે બાબતમાં પૂરતો વિવેક રાખવાની જરૂર છે. પરમ વીતરાગ એવા જિનભગવંત આગળ કોઈ પણ સાંસારિક સુખની માગણી કરવી ઇષ્ટ નથી.

પ્રશ્ન—જિનભગવંત આપણાં દુઃખનો વિસામો બને, એમાં ખોટું શું છે?

ઉત્તર—જિનભગવંત આપણા દુઃખનો વિસામો છે જ. તેમનું નામસ્મરણ કરતાં જ દુઃખો દૂર થવા લાગે છે અને આપણને એક જાતનું શાંત્વન પ્રાપ્ત થાય છે. નિત્ય-નિયમિત જિનભક્તિ કરનારને બનતાં

સુધી દુઃખો આવતાં જ નથી અને કદાચ ભારે કર્મોદયના કારણે આવી પડે તો તેનું શીઘ્ર નિવારણ થઈ જાય છે.

પ્રશ્ન—ભક્તિ કરતાં શક્તિ મળે છે, એ વાત સાચી ?

ઉત્તર—એ વાત સાચી છે, પણ શક્તિ કરતાં યે સમત્વનું મૂલ્ય અનેકગણું વધારે છે, એટલે દૃષ્ટિ એ તરફ રાખવી જોઈએ.

પ્રશ્ન—પ્રથમ શક્તિ મેળવીએ અને પછી સમત્વ તરફ દૃષ્ટિ રાખીએ તો ?

ઉત્તર—શક્તિ મેળવ્યા પછી એને જીરવવી ઘણી મુશ્કેલ છે, અર્થાત્ તેમાં ભયસ્થાનો ઘણાં છે. પછી તો તેની અજમાયશનો જ ઉત્સાહ જાગે છે અને સમત્વની વાત દૂર ઠેલાઈ જાય છે, એટલે વધારે સારું એ છે કે પ્રથમથી જ સમત્વ તરફ દૃષ્ટિ રાખવી. બધા જિનભગવંતો સમત્વને જ પોતાની સાધનાનું કેન્દ્ર બનાવે છે, એટલે તેઓ આખરે સમત્વની સિદ્ધિ કરી વીતરાગદશાની પ્રાપ્તિ કરી શકે છે.

પ્રશ્ન—જિનભક્તિના અનેક પ્રકારો બતાવવામાં આવ્યા છે, તેમાં કયો પ્રકાર સહુથી સારો ?

ઉત્તર—જિનભક્તિનો દરેક પ્રકાર સારો છે અને તેનું અનુસરણ કરતાં આગળ વધી શકાય છે

પ્રશ્ન—જિનભક્તિમાં આગળ વધવાનો ક્રમ શો ?

ઉત્તર—નામસ્મરણ, વંદન–પૂજન, સ્તુતિ–સ્તવન, જપ અને ધ્યાન, એ એનો સુવિહિત ક્રમ છે. તે દરેકનું પ્રસ્તુત ગ્રંથમાં વિસ્તારથી વર્ણન કરાયેલું છે.

પ્રશ્ન—અમે જિનભક્તિનું આલંબન લઈએ તો લાભ થશે ખરો ?

ઉત્તર—તમે શ્રદ્ધા, શુદ્ધિ અને વિધિપૂર્વક જિનભક્તિનું આલંબન લેશો તો જરૂર લાભ થશે.

પ્રશ્ન—આ તો વિષમ કાલ છે, પાંચમો આરો છે, તેમાં જિનભક્તિ પોતાનું ફળ બરાબર આપી શકે ખરી ?

ઉત્તર—તમે આડાઅવળા વિચારો કર્યા વિના જિનભક્તિમાં ઝુકાવી દો. તે એનું ફળ આપશે જ આપશે. તેની ફલદાયકતામાં કાલ કશી બાધા કરી શકતો નથી.

# પરિશિષ્ટ

## પડધરીમાં
## અપૂર્વ પ્રતિષ્ઠા–મહોત્સવ

સમયે સમયે જિનમંદિરો નિર્માણ થતાં રહ્યાં છે અને તેમાં જિનપ્રતિમાની પ્રતિષ્ઠા કરતી વખતે ભવ્ય ઉત્સવ–મહોત્સવો ઉજવાતા રહ્યા છે; પરંતુ આ બધામાં ભાત પાડે એવો એક મહોત્સવ ચાલુ વર્ષે સૌરાષ્ટ્રના પડધરી ગામે ઉજવાઈ ગયો અને તે જિનશાસનની ઘણી સુંદર પ્રભાવના કરનારો બની ગયો. જિનભક્તિ તથા જૈન ધર્મના પ્રચારમાં રસ લેનારે તેની વિગતો જાણવા જેવી છે, તેથી તે અહીં સાદર રજૂ કરવામાં આવે છે.

પડધરી ગામ રાજકોટથી આશરે ૧૫ માઈલ દૂર જામનગરના માર્ગમાં આવેલું છે અને તે ૭ થી ૮ હજાર મનુષ્યોની વસ્તી ધરાવે છે. તેમાં જૈનોના ઘર થોડાં છે, પણ તે જૈન ધર્મ પ્રત્યે ભારે શ્રદ્ધા–આદર–પ્રેમ ધરાવનારાં છે.

વિક્રમની ઓગણીસમી સદીના ત્રીજા ચરણમાં અહીં જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક સંપ્રદાયના શ્રીમાન્ સવરાજ જીવરાજ ગાડીં નામના એક ધર્મપરાયણ ગૃહસ્થ વસતા હતા. તેમને કપૂર બહેન નામના પત્નીથી શ્રી દીપચંદભાઈ અને શ્રી ચીમનભાઈ નામનાં બે પુત્રરત્નો ઉત્પન્ન થયાં. તેમાં શ્રી દીપચંદભાઈ અનેકવિધ મુશ્કેલીઓમાં અભ્યાસ કરી આગળ વધ્યા, બી. એસસી. થયા અને લંડન જઈ બાર-

એટ-લૉ થઈ આવ્યા. ત્યારબાદ મુંબઈ આવી અનેક કંપનીઓના સલાહકાર બન્યા, પરંતુ તેમનું અંતર જમીનના ક્રય-વિક્રય તરફ ઢળ્યું અને છેવટે એમાં જ પૂરેપૂરો રસ લેતા થયા.

પ્રારંભિક કેટલીક મુશ્કેલીઓ વેઠયા પછી તેમને આ ધંધાએ યારી આપી અને છેવટે તેમને માટે ધનના ભંડારો ખુલ્લા મૂકી દીધા.

શ્રી દીપચંદભાઈ ભાવનાશીલ પુરુષ હતા અને પ્રારંભથી જ દાન-દયા-પરોપકારની પ્રવૃત્તિઓમાં રસ લેતા હતા. તેમાં સાધન-સંપત્તિ વધવા પામી, એટલે તેમની આ પ્રવૃત્તિઓ ખૂબ વિકાસ પામી અને જીવનની સુધારણા કરનાર દરેક ક્ષેત્રને તેમનો દાનપ્રવાહ પલ્લવિત કરવા લાગ્યો.

આપણે ત્યાં પરોપકારી પુરુષો તરીકે શ્રીજગડૂશાહ તથા ખેમા દેદરાણી વગેરેનાં નામો પ્રસિદ્ધ છે, પરંતુ શ્રી દીપ-ચંદભાઈની પરોપકારી પ્રવૃત્તિઓ તેમનાથી પણ ઘણી આગળ વધી ગઈ છે અને આજે તેઓ એક પ્રાતઃસ્મરણીય પુરુષ બની ગયા છે. જૈન ઉપરાંત જૈનેતર સમાજ પણ તેમના દાનથી પ્રભાવિત છે અને ભારત ઉપરાંત દરિયા પારના લોકો પણ તેમને ખૂબ માનભેર યાદ કરે છે.

શ્રી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સના તેઓ પ્રમુખ છે અને સમાજ-કલ્યાણની અનેક પ્રવૃત્તિઓમાં એક યા બીજી રીતે જોડાયેલા છે. તેઓ વિપુલ ધન ઉપરાંત તન અને મનથી પણ સમસ્ત માનવસમાજની ખૂબ ઉમદા સેવા કરે છે.

શ્રી દીપચંદભાઈને થોડા વખત પહેલાં એમ લાગ્યું કે

મારા ગામમાં જિનમંદિર નથી, એ મોટી ખોટ છે. જો ગામની વચ્ચે જિનમંદિર ઝળહળતું હોય તો લોકોને ધર્મ અને અધ્યાત્મનો સંદેશ મળી શકે તથા પોતાના જીવનવ્યાપી સર્વ કર્તવ્યોનો સ્પષ્ટ બોધ પણ થઈ શકે, એટલે મારે કંઈ પણ સમય ગુમાવ્યા વિના એક સુંદર જિનમંદિર નિર્માણ કરવું. જ્યાં હામ, દામ અને ઠામ હોય ત્યાં કાર્યસિદ્ધિ થતાં વાર લાગતી નથી, એટલે જોતજોતામાં જિનમંદિર ખડું થઈ ગયું અને તેની મનહર આકૃતિ પડધરીના લોકોનું આકર્ષણ કરવા લાગી.

શ્રી દીપચંદભાઈ પોતાના કુટુંબીજનો સાથે લંડનમાં આરામ લેતા હતા, ત્યારે તેમના સ્મૃતિપટ પર પડધરીનું જિનમંદિર તરવા લાગ્યું અને તેની પ્રતિષ્ઠા સંબંધમાં વિચારો આવવા લાગ્યા. 'આ પ્રતિષ્ઠા અતિ ભવ્ય થવો જોઈએ. તે માટે દ્રવ્યના આંકડા માંડવાની જરૂર નથી' અને તેમને તે જ વખતે કેટલાક વિચારો સ્ફુરી આવ્યા. તેમણે આ વિચારોની પોતાના ધર્મપત્ની શ્રીમતી રુક્મિણી બહેન તથા પુત્રરત્ન શ્રી રશ્મિકાંતભાઈ તથા શ્રી હસમુખભાઈ સાથે ચર્ચા-વિચારણા કરી અને તે બધાએ તેમાં પૂરેપૂરી સંમતિ આપી.

જિનમૂર્તિની પ્રતિષ્ઠા કરવા માટે સુયોગ્ય આચાર્ય જોઈએ, એટલે શ્રી ભક્તિસૂરિ સંપ્રદાયના પ. પૂ. આચાર્ય શ્રી વિજયવિનયસૂરિજીને વિનંતિ કરવામાં આવી અને તેમણે કૃપાવંત થઈને એ વિનંતિનો સ્વીકાર કર્યો.

આ પ્રતિષ્ઠા શુભ દિને અને શુભ મુહૂર્તે થવી જોઈએ, એટલે તે માટે વિ. સં. ૨૦૩૮ના માહ સુદિ ૧૦, બુધવાર

તા. ૩-૨-૮૨નો દિવસ પસંદ કરવામાં આવ્યો અને તેને લગતો મહોત્સવ માહ સુદિ ૩ ગુરુવાર તા. ૨૮-૨-૮૨થી ઉજવવાનો નિર્ણય લેવામાં આવ્યો.

પ્રસંગ ઘણો મોટો હતો, એટલે તૈયારીઓ સારા પ્રમાણમાં કરવાની હતી. તે માટે શ્રી ગાડીંજી, તેમના કુટુંબીજનો તથા તેમના ખાસ મિત્રો કામે લાગી ગયા અને રાત્રિ-દિવસ જોયા વિના દરેકે દરેક વિગતોનો બારીક અભ્યાસ કરી એક પછી એક ગોઠવણ કરવા લાગ્યા.

અત્યારની સામાન્ય પ્રથા એ છે અષ્ટાહ્નિકા-મહોત્સવ સાથેનો પ્રતિષ્ઠા-મહોત્સવ હોય તો તે માટે મોટા કદની આર્ટ પેપરની સુંદર આમંત્રણ પત્રિકાઓ કાઢવામાં આવે અને તે મંદિરો તથા ઉપાશ્રયોમાં ચોડવામાં આવે તથા જુદા જુદા સંઘો પર મોકલવામાં આવે. પરંતુ ગાડીંજીએ તે સંબંધી ઊંડો વિચાર કર્યા બાદ આમંત્રણપત્રિકા છાપવાનો વિચાર માંડી વાળ્યો અને મંદિરમાં બેઠક યોજી શ્રીસંઘને રૂબરૂ આમંત્રણ આપ્યું તથા રાજકોટ, જામનગર જીલ્લા, મોરબી, વાંકાનેર, મૂળી, વગેરે સ્થળોએ ફરીને રૂબરૂ આમંત્રણો આપ્યાં. મુંબઈમાંના પોતાના વિશાલ ચાહકવર્ગને પણ આ જ રીતે આમંત્રવામાં આવ્યા. કાગળના ઘોડા કરતાં અંતરના અશ્વો વધારે ઝડપથી દોડે છે અને તે વધારે સારું પરિણામ લાવે છે, એ કહેવાની જરૂર છે ખરી?

'પોતાના હાર્દિક આમંત્રણને માન આપી હજારો લોકો આ મહોત્સવમાં ભાગ લેશે.' એની ગાડીંજીને ખાતરી હતી, એટલે તેમને માટે જમવા તથા ઉતારા વગેરેની પૂરી



સૌરાષ્ટ્ર-પડધરી જિનાલયના

મૂલનાયક

**શ્રી વિમલનાથ ભગવાન**



**સૌરાષ્ટ્ર–પડધરી–પ્રતિષ્ઠામહોત્સવ**

માનવમહેરામણથી ઉભરાતા વરઘોડાનું ભવ્ય દૃશ્ય

સગવડો કરવાની હતી. પ્રથમ દૃષ્ટિએ તો પડધરી જેવા નાના ગામમાં આ બધું શક્ય જ ન હતું, પરંતુ ગાડીજી ધીર-ગંભીર હતા અને ગમે તેવી વિકટ સમસ્યાનો ઉકેલ તેઓ આંખના પલકારમાં લાવી શકે તેવી કુશાગ્ર બુદ્ધિ ધરાવતા હતા, એટલે આ બધું શક્ય બન્યું.

તેઓ લોકોને જમાડવાનું દિલેરી દિલ ધરાવે છે, એ વાત તો હવે ખૂબ જાણીતી થઈ ચૂકી છે, એટલે સહુ પ્રથમ તેમણે જમણવાર માટે કેવી વ્યવસ્થા કરી, તે તરફ નજર નાખી લઈએ.

પડધરીમાં દરબારગઢ નામે એક વિશાલ જગા છે, પણ તે ૧૦૦ વર્ષથી પડતર હોઇ ઝાડી-ઝાંખરાવાળી તથા ઊંચી-નીચી બની ગયેલી છે. ગાડીજીએ તેને ભારે ખર્ચે સાફસુફ કરાવી વિશાલ મેદાનરૂપ બનાવી અને તેના ૧ લાખ વારમાં ભોજન માટેના મંડપો બાંધી દીધા. તેમની ઈચ્છા સહુ કોઈને ટેબલ-ખુરશી પર બેસાડી સ્ટેનલેસ સ્ટીલનાં વાસણોમાં જમાડવાની હતી, એટલે ૧૫૦૦૦ માણસો માટે તે જાતની સગવડ ઊભી કરવામાં આવી. આટલા માણસોને પાણી પૂરું કેમ પાડવું? એ પણ પ્રશ્ન જ હતો, એટલે બાજુમાં વહેતી ડોડી નદીમાંથી ખાસ પાઇપ લાઇન લેવામાં આવી.

પંદર હજાર માણસો સવાર-સાંજ મિષ્ટ ભોજન જમી શકે ને બે વખત ચાહપાણી વાપરી શકે તે માટે ૪૦૦ રસોઈયાની તથા ૬૦૦ પીરસનાર સ્વયંસેવકોની વ્યવસ્થા કરવામાં આવી. તે માટે કેવડો કોઠાર રાખવો પડયો હશે અને

તેમાંની વસ્તુઓ બરાબર જળવાઈ રહે તે માટે કેટલા માણસની કયા પ્રકારની વ્યવસ્થા કરવામાં આવી હશે, તેની કલ્પના વાચકોએ પોતે જ કરી લેવી.

ઉત્સવના પ્રારંભથી અંત સુધી એટલે આઠ દિવસ સુધી ગમે તે મનુષ્ય ત્યાં પધારીને જમી શકે એવી વ્યવસ્થા હતી. વળી નજીકમાંથી મોટર રસ્તે પસાર થનારને પણ ભાતું આપવાનો પ્રબંધ હતો. રોજની ત્રણથી ચાર ગુણી ખાંડ ચાહ-પાણીમાં વપરાતી હતી, તે પરથી તેનો લાભ લેનારની સંખ્યાનો અંદાજ આવી શકશે.

પ્રતિષ્ઠા-મહોત્સવ વખતે સામાન્ય રીતે જુદા જુદા ગૃહસ્થો તરફથી નોકારશીઓ કરવામાં આવે છે, પણ આ તો આઠેય દિવસ એક જ ગૃહસ્થ તરફથી જમણનો પ્રબંધ હતો અને તે જમવાની ઉત્તમ ગોઠવણ સાથે. આ સમૂહ-જમણોમાં પડધરીના ઘણા લોકો ભાગ લેતા હતા અને આજુબાજુના ગામોમાંથી પણ લોકો સારી સંખ્યામાં આવતા હતા, તેથી તો તેમની સંખ્યા ૧૫૦૦૦ સુધી પહોંચી હતી. છેલ્લા દિવસે એ સંખ્યા ૩૦ થી ૩૫ હજારની હોવાનો અંદાજ છે. મહોત્સવના દિવસો દરમિયાન પડધરીનાં નાનાં મોટાં તમામ હિંદુમંદિરો તથા મસ્જીદ પર પણ વીજળીની રોશની કરવામાં આવી હતી, જેથી ગામલોકો સમજી શકે કે આ ગામમાં શ્રીજિનભગવંતની પ્રતિષ્ઠા થઇ રહી છે.

પરંતુ આ વાત આટલેથી પૂરી થતી નથી. ગાર્ડીજીએ મુંગા પશુ-પ્રાણી પ્રત્યેનું પોતાનું કર્તવ્ય વિચારીને ૫૦ માણસોને નીચેનાં પાંચ કાર્યો માટે રોકી દીધા :

(૧) ગાયો, ભેંસો, ઘેટાં, બકરાં, આદિ તમામ પશુઓને ઘાસ ખવરાવવું.
(૨) કૂતરાઓને રોટલા નાખવા.
(૩) કીડીઓ માટે કીડિયારાં પૂરવાં
(૪) માછલાંઓને લોટની ગોળીઓ ખવરાવવી.
(૫) પક્ષીઓને ચણ નાખવી.

જીવો પ્રત્યે આ પ્રકારનો આટલો પ્રેમ વ્યક્ત કર્યાનો બીજો દાખલો મળવો મુશ્કેલ છે.

આ સત્કૃત્ય પર સોનેરી કલગી તો ત્યારે ચડી કે જ્યારે પ્રતિષ્ઠાના ત્રણ દિવસો સુધી કૂતરા વગેરેને પણ લાડવા અને ગાંઠિયા ખવડાવવામાં આવ્યા.

અહીં એ વાત પણ જણાવી દઈએ કે આ પ્રતિષ્ઠા-મહોત્સવનો પ્રબંધ કરવા માટે એક ખાસ સમિતિ નીમવામાં આવી હતી. તેમાં જૈનો ઉપરાંત જુદા જુદા દરેક વર્ગના, તેમજ મુસલમાનોના પ્રતિનિધિઓ પણ લેવામાં આવ્યા હતા! સૈદ્ધાંતિક દૃષ્ટિએ તો કોઈ મુસલમાન આમાં સંમત ન થાય, પણ ગાડીજીએ અત્યાર સુધીમાં પડધરીના તમામ લોકોને પ્રેમથી સત્કાર્યા હતા અને તેમના માટે તેઓ કંઈ ને કંઈ કરી છૂટયા હતા, એટલે આ શકય બન્યું હતું.

ઉતારા માટે પડધરીમાં ૬૫ જેટલાં સ્થાનો નક્કી કરવામાં આવ્યાં હતાં અને તે દરેકને ટેલીફોન આપવામાં આવ્યો હતો. વળી ત્યાં ૩ થી ૪ સ્વયંસેવકો કાયમ રહે એવી વ્યવસ્થા કરવામાં આવી હતી, એટલે કોઈ પણ મહેમાનને કશી તકલીફ પડે નહિ. ધોબી-હજામની પણ ત્યાં પૂરતી વ્યવસ્થા હતી.

રાત્રે વિશાલ મંડપમાં ભાવનાનો કાર્યક્રમ થતો, તેમાં જાણીતા સંગીતકારો ભાગ લેતા; એટલે શ્રોતાઓનો સમુહ ઉછળતો. આજુબાજુના ઘણા ગામોના લોકો આ ભાવનામાં ઉત્સાહથી ભાગ લેતા અને ભાવનામય ભક્તિ ગીતો સાંભળીને પોતાના જીવનને કૃતકૃત્ય લેખતા. સહુના મનમાં એક જ છાપ હતી કે ગાડીજી સામાન્ય મનુષ્ય નહિ, પણ દૈવી પુરુષ છે, એટલે પડધરીમાં આ બધું શકય બન્યું છે.

નૂતન જિનમંદિરમાં તેરમા શ્રી વિમલનાથ ભગવાનની મૂલનાયક તરીકે પ્રતિષ્ઠા કરવામાં આવી અને તેની સાથે બીજી બે ભવ્ય મૂર્તિઓ પણ બેસાડવામાં આવી. ત્યાંથી થોડે દૂર નવી દહેરીમાં ઘંટાકર્ણવીરની પ્રતિષ્ઠા પણ કરવામાં આવી. આ વખતે માનવમહેરામણ હેલે ચડયો હતો અને તેના મુખમાંથી જૈન ધર્મની વાહ વાહના ઉદ્‌ગારો નીકળી રહ્યા હતા. જ્યારે તેમણે સાંભળ્યું-નજરે જોયું કે પ્રતિષ્ઠિત મૂર્તિમાંથી અમી ઝરી રહ્યાં છે, ત્યારે તેમના હર્ષનો પાર રહ્યો નહિ. એ જ રાત્રે આખા પડધરી ગામમાં કેશરનાં છાંટણાં થયાં, તેણે એ વાત જડબેસલાક બનાવી દીધી કે નક્કી આ અપૂર્વ મહોત્સવમાં દેવોની સહાય છે.

છેલ્લા દિવસે શ્રી ગાડીજીને સત્કારવા સરઘસ નીકળ્યું, તેમાં ૨૫૦૦૦ માણસોએ ખૂબ જ ઉત્સાહથી ભાગ લીધો હતો. એ વખતે સહુના મુખમાંથી એક જ ઉદ્‌ગાર નીકળતા હતા કે ધન્ય સવરાજ ગાડી ! ધન્ય કપૂર બહેન ! ધન્ય દીપચંદભાઈ ! તમે યુગયુગ જીવો ને માનવજાતિનું કલ્યાણ કરો.

## શતાવધાની પંડિત

# શ્રી ધીરજલાલ ટોકરશી શાહ

## અમૃત-મહોત્સવ ગ્રંથમાલા-પ્રકાશિત

| | | |
|---|---|---|
| ૧ | મહાપ્રાભાવિક ઉવસગ્ગહરં સ્તોત્ર યાને જૈનમંત્રવાદની જયગાથા (આવૃત્તિ ત્રીજી) | રૂપિયા ૨૦-૦૦ |
| ૨ | મંત્રદિવાકર ( ,, ) | ૨૫-૦૦ |
| ૩ | ૐકાર-ઉપાસના ( ,, ) | ૧૨-૫૦ |
| ૪ | હ્રીંકાર-ઉપાસના ( ,, ) | ૧૨-૫૦ |
| ૫ | જૈન ચરિત્રકથામાલા (પહેલી શ્રેણી) | ૧૨-૫૦ |
| ૬ | શ્રીજિનભક્તિ-કલ્પતરુ | ૧૫-૦૦ |

## પંડિતશ્રીનાં હાલ મળી શકતાં પુસ્તકો

| | | |
|---|---|---|
| ૧ | નમસ્કારમંત્રસિદ્ધિ (આવૃત્તિ ચોથી) | ૧૨-૫૦ |
| ૨ | શ્રી ઋષિમંડલ-આરાધના (આવૃત્તિ બીજી) | ૧૨-૫૦ |
| ૩ | સામાયિક-વિજ્ઞાન | ૧૨-૫૦ |
| ૪ | શ્રીપાર્શ્વ-પદ્માવતી આરાધના (આવૃત્તિ ત્રીજી) | ૧૨-૫૦ |
| ૫ | અર્હંમંત્રોપાસના | ૧૫-૦૦ |
| ૬ | મંત્રવિજ્ઞાન (આવૃત્તિ ત્રીજી) | ૧૨-૫૦ |
| ૭ | આત્મદર્શનની અમોઘ વિદ્યા | ૧૦-૦૦ |
| ૮ | ભારતની એક વિરલ વિભૂતિ શ્રી ધીરજલાલ શાહ | ૧૫-૦૦ |


# નરેન્દ્ર પ્રકાશન

લધાભાઇ ગણપત બીલ્ડીંગ, ૧૧૩ કેશવજી નાયક રોડ,

(ચીંચબંદર) મુંબઈ-૪૦૦ ૦૦૯

આવરણ • દીપક પ્રિન્ટરી • અમદાવાદ-380 001